Mission Love (Gujarati)

B. R. Prajapati

VISIT...

LANZAROTE Caliente.COM

મિશન Love

રોમાંચ – રોમાન્સ – ટેરર – ટાર્ગેટ

બી. આર. પ્રજાપતિ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

મિશન Love

રોમાંચ – રોમાન્સ – ટૅરર – ટાર્ગેટ

બી. આર. પ્રજાપતિ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩
Visit us at : www.rrsheth.com
Email : sales@rrsheth.com

MISSION LOVE
Novel
Written by B. R. Prajapati
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad

પ્રથમ આવૃત્તિ : જુલાઈ, ૨૦૧૬

પ્રકાશક
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ .
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Cataloging-in-Publication (CIP)

Prajapati, B. R.
Mission Love /B. R. Prajapati
Ahmedabad : **R. R. Sheth & Co. Pvt. Ltd.**, 2016
160 p., 22 cm.
ISBN : 978-93-5122-436-5
(1) Novel I. B. R. Prajapati II. Title

અર્પણ

અખબારી આલમના મસીહા
સ્વ. નિરંજન પરીખને જેમણે
કર્તવ્યના પથ પર ખુદ્દારીથી
જીવવાની સતત પ્રેરણા આપી.

ખુશીને ઠુકરાયા તો રંજોગમને પાલા હૈ,
ફૂલોને બેરુખી કી હૈ તો કાંટોને સમ્હાલા હૈ .
કિનારોં સે અબ હમે દૂર હી રખના એ નાખૂદા,
લે ચલો હમેં વહાઁ, તુફાં જહાં સે ઊઠને વાલા હૈ...

પ્રસ્તાવના

એક વાર્તા લાંબા સમયથી મારા દિલમાં રમતી હતી.

૧૯૭૨ની સાલમાં કાશ્મીરની મુલાકાત લેવાનો મોકો મળ્યો અને દિમાગે તેને પ્રાકૃતિક સૌંદર્યથી હર્યાભર્યા મોહક વાતાવરણને નવલકથારૂપે ઢાળવા માટે જાણે કે રીતસરની બગાવત કરી. જોગ-સંજોગ રૂપે ત્યારે પંજાબ અને કાશ્મીરમાં આતંકવાદની જ્વાળાઓ પ્રસરવાનું શરૂ થયું હતું. પ્રયણના પ્રસંગોને વાર્તાના જે તે વાતાવરણમાં વણી લેતાં રોમાન્સ, રોમાંચ અને પ્રણયનું જે કોકટેઇલ કથાનક રચાયું તે ''મિશન લવ !''

યુવાહૈયાંઓને જરૂરથી ગમશે એટલું જ નહીં, વાર્તાના પ્રવાહમાં પ્રણયરસમાં જકડી રાખશે..! ધન્યવાદ.'

બી. આર. પ્રજાપતિ

સમાવિષ્ટો

૨૧

૨૨

૨૩

૨૪

૨૫

૨૬

૨૭

૧

કાશ્મીર...

પ્રાચીન મોગલ શહેનશાહોથી માંડીને દેશવિદેશના ગરીબ-અમીર સહેલાણીઓને મુગ્ધ કરતું ધરતીનું સ્વર્ગ. પ્રકૃતિએ કાશ્મીરને જેટલું કુદરતી સૌંદર્ય બક્ષ્યું છે તેટલું ભાગ્યે જ અન્ય કોઈ પ્રદેશને ન્યોછાવર કર્યું હશે. કાશ્મીરની મનમોહક ધરતી પર પથરાયેલી ફૂલોની રંગબેરંગી મખમલી ચાદરો, સૂર્યનાં કિરણોમાં સ્નાન કરીને ચાંદીના રસ જેવી ચળકતી, બર્ફિલાં શિખરો પરથી ઊંડી ખીણોમાં પ્રપાત થતી હિમ-નદીઓ, શંકુ આકારનાં ગગનચૂંબી ચિનાર અને દેવદારનાં વૃક્ષો, હરિયાળી ખીણો અને રઢિયાળા પર્વતોના માદક પ્રકૃતિસૌંદર્યના સાંનિધ્યમાં જ વિજયને પ્રિયતમા સાંપડી હતી. પ્રિયતમાએ પ્રણયનો એકરાર કર્યો હતો. પ્રકૃતિની મખમલી ગોદમાં મદહોશ બન્યાં હતાં બે પ્રેમીપંખીડાં; સુમન અને વિજય - જાણે રતિ અને કામદેવ... એ પ્રણય આજે ભૂતકાળ બની ગયો હતો. બે વર્ષ બાદ આજે વિજયે પુનઃ એકવાર કાશ્મીરની મોહક ધરતી પર પદાર્પણ કર્યું હતું... બળબળતા હૈયે અને મુરઝાયેલા મન સાથે...

આસમાનને ચૂમવા મથતાં ચિનારનાં વૃક્ષોથી ઘેરાયેલા ઢોળાવવાળા માર્ગને પાર કરી એક સપાટ લીલાછમ મેદાન પર આવેલી હોટલ નીલમના કમ્પાઉન્ડમાં વિજયે તેની સીલ્વર કલરની સ્કોર્પિયો ઊભી રાખી. સાંજના છ વાગ્યાનો સુમાર હતો. દૂરસુદૂર ચારેકોર હિમાચ્છાદિત શિખરો આથમતી સંધ્યાના સૂર્ય પ્રકાશમાં ચમકતાં હતાં. ઊંચી ટેકરી પરથી કલકલનાદે એક ઝરણું વહે જતું હતું. સુસવાટા મારતો ઠંડો પવન બદનમાં ધ્રુજારી પેદા કરતો હતો. કૉફી કલરની ગરમ જરકીનના કોલર ઊંચા કરી વિજયે ગરદન ઢાંકવા પ્રયત્ન કર્યો. હોર્ન મારી ઍન્જિન બંધ કર્યું અને કૂદીને ગાડીમાંથી નીચે ઊતર્યો. હોટલના કાઉન્ટર પર બેઠેલા મેનેજરે નોકરને જીપ તરફ દોડાવ્યો. જીપમાંથી સૂટકેસ લાવવાનો નોકરને હાથથી ઇશારો કરી વિજયે કાઉન્ટર પર પહોંચી એક કાર્ડ ધર્યું. મૅનેજર કુર્નિશ બજાવી ઊભો થયો. ‘વેલકમ ટુ હોટલ નીલમ, વિજયબાબુ ! મૈં આપકો અચ્છી તરહ પહચાનતા હું. બોસને મુઝે આપકી ખિદમત કે લીયે મેસેજ ભેજ દીયા હૈ. વેલકમ ટુ કશ્મીર. ગુલમર્ગકી યે બેહતરીન હોટલકી ઓરસે મૈં આપકા સ્વાગત કરતા હું.’

વિજયે સિગારેટ સળગાવતાં અભિવાદન સ્વીકારતું સ્મિત આપ્યું. નોકર જીપકારમાંથી સૂટકેસ લઈ આવ્યો.

‘સા’બકા સામાન નૌ નંબરમેં લે જાઓ.’ કહેતાં મેનેજરે વિજયને તેની રૂમ તરફ દોર્યો. ‘આઇએ વિજયબાબુ, આપકે વોહી મનચાહે કમરેમેં...’ સિગારેટના કશ ખેંચતો વિજય ચાર બેડરૂમના એ આલીશાન કમરાના બેઠકખંડમાં મૅનેજરની પાછળ આવીને ઊભો રહ્યો.

‘દેખીએ સા’બ પહલી બાર જબ આપ આયે થે તબ યહી કમરેમેં ઠહરે થે, ઠીક હૈના ? યે સાલ તો કમરા ઓર ભી રિનોવેટ કર દીયા હૈ. આપકો કોઈ કમી મહસૂસ નહીં હોગી.’ વાચાળ

મૅનેજરનો કોઈ વાર્તાલાપ વિજયના કાને જાણે સંભળાતો જ નથી. આસપાસ નજરો ફેરવતો તે ભૂતકાળનાં દૃશ્યો જાણે માનસપટ પર સજીવ થતાં જોઈ રહ્યો.

'સા'બ આપ અકેલે પહેલે આ ગયે ક્યા ? મેમસાબ પીછે આ રહી હૈ ના ? બોસને ઇસબાર આપકા બહોત ખ્યાલ રખનેકા બોલા હૈ. આપ સબ ઇંતેજામ દેખ લીજીયે હાં...'

'સ્ટોપ ઇટ પ્લીઝ, અબ આપ જા સકતે હૈ...' વિજયે વચ્ચે જ કહ્યું.

મૅનેજર થોડોક ક્ષોભ પામી ગયો. 'અચ્છા સા'બ, ડીનર કબ પેશ કિયા જાય ?'

'વો હમ બાદમેં મંગવા લેંગે...' બારીમાંથી સિગારેટ બહાર ફેંકતાં વિજય બોલ્યો. 'ફર્સ્ટ સર્વ મી વન બોટલ સ્કોચ વ્હીસ્કી.'

'એઝ યુ પ્લીઝ સર.' મૅનેજર આશ્ચર્યમાં ગરકાવ થતો પોતાની જગા ઉપર જઈને બેઠો અને રૂમનું ઑર્ડર કાર્ડ ભરીને નોકરને આપ્યું.

'યે નૌ નંબર કે સા'બકા જરા ધ્યાન રખના બોસકે ખાસ દોસ્ત હૈ !'

વ્હીસ્કીની બૉટલ, ગ્લાસ અને ફ્રાઇડ કાજુની પ્લેટ લઈ નોકર વિજયના રૂમમાં ગયો.

બે વર્ષ પહેલાં આવેલા આ સાહેબ શરાબ તો નહોતા પીતા. દિલોદિમાગ પણ બેચેન લાગે છે. જરૂર મામલો કંઈક ગરબડવાળો છે. વોટ ઇઝ રોંગ વિથ ધેટ યંગમેન - ગોડ નોઝ - મૅનેજર વિચારમાં વધુ ડૂબે એ પહેલાં અન્ય ટુરીસ્ટો આવતાં તેણે સતર્ક થઈ ધંધામાં ધ્યાન પરોવ્યું...

વિજયના કમરામાં પ્રવેશી નોકરે બોટલ ટેબલ પર મૂકી. જગમાં ઠંડું પાણી ભરી લાવી કાચનો ગ્લાસ ગોઠવી આપ્યો. કાજુની પ્લેટ બાજુમાં મૂકી. ગ્લાસના રણકારે સોફામાં પડેલા વિજયે અર્ધમીંચી આંખો ખોલી. તે ઊભો થયો.

'બાહર બડી જોરસે હવા ચલને લગી હૈ સા'બ ! લગતા હૈ બરફકા તુફાન આયેગા...' કહેતાં નોકરે રૂમની બારીઓ બંધ કરવા માંડી. તેને અટકાવતાં વિજયે કહ્યું,

'અબ ક્યા તુફાન આયેગા દોસ્ત ! તુફાન તો કબકા આ ચુકા...' બબડતો વિજય ટેબલ પાસે ગયો અને સ્કોચની બોટલ ખોલીને ડ્રીંકથી આખો ગ્લાસ ભરી એકીશ્વાસે ગટગટાવી ગયો. નીટ શરાબની ચચરાટીથી ગળું અને મગજ ભરાઈ ગયું.



૨

ખુલ્લા બારણામાંથી બર્ફિલા પવનની માદક લહેરો રૂમમાં ધસી આવતી હતી. આ ઠંડી કાતીલ હવા કરતાં વધારે વેગથી વિજયના હૈયામાં ધસી આવતી હતી સુમનની યાદ... વિજયના વિરહી હૈયાને વલોવી જતી હતી સુમનની સ્મરણકથા... સુમન... સુમન... તું ક્યાં છે ? જિંદગીભર સાથે રહેવાના કોલ તેં કાશ્મીરની આ મોહક ધરતીના માદક વાતાવરણમાં પળે પળે આપ્યા હતા. પ્રેમસાગરનાં અગાધ જળમાંથી એક ચાંગળું પાણી પાઈને તેં જિંદગીની તરસ જગાડી દીધી. તરસ જગાડીને તું દુનિયાના કયા ખૂણામાં છુપાઈને મારી સાથે સંતાકુકડીની રમત રમ્યા કરે છે ?

સુમનની યાદમાં વિજયની આંખોમાંથી અશ્રુસરિતા વહી નીકળી હતી. વ્હીસ્કીનો બીજો... અને ત્રીજો ગ્લાસ પેટમાં પધરાવ્યા પછી તો વિજયના નશામાં ધૂંધળા થતા મનોજગત પર સુમનનું ફુલગુલાબી મુખાર્વિંદ ડોકાઈ ડોકાઈને છુપાઈ જવા લાગ્યું હતું. તેની સ્મૃતિ બે વર્ષ પાછળ દોડીને સુમનની પ્રથમ મુલાકાતનો નજારો શોધવા લાગી ગઈ હતી...!

*

બે વર્ષ પૂર્વે વિજય કાશ્મીર આવવા નીકળ્યો ત્યારે અકસ્માતે જ સુમનની ઓળખાણ થઈ હતી. પ્રથમ પરિચયે જ ગાઢ પ્રણય સંબંધે બંધાઈ ચૂક્યાં હતાં બંને...! કાશ્મીરનો પ્રવાસ વિજય માટે ખુશકીસ્મતીની લોટરી સાબિત થયો હતો...! દોસ્ત શેખ બશીરઅહેમદના આમંત્રણથી તે શ્રીનગર આવવા નીકળ્યો હતો. જમ્મુ- તાવી એક્ષપ્રેસમાં વિજય જમ્મુ સ્ટેશને ઊતર્યો હતો. બશીરઅહેમદનો ડ્રાઇવર કાર લઈને તેને રિસીવ કરવા આવ્યો હતો. કારના ફ્રંટગ્લાસ પર સ્ટીકરોથી લખાણ ચોંટાડેલું, ‘વિજય, વેલકમ ટુ કશ્મીર બશીર. બશીરે તેની કારનો નંબર પણ આપી રાખ્યો હતો...

વિજય રેલવે સ્ટેશનનું પ્લેટફોર્મ છોડી બહાર નીકળ્યો. સામે ખુલ્લા મેદાનમાં જ બસ-અડ્ડો હતો. જમ્મુ-કાશ્મીર રાજ્યની ટુરીસ્ટ બસો ઊભી હતી. ખાનગી લકઝરી કંપનીઓની બસો પણ ઊભેલી હતી. બસસ્ટેન્ડ ટુરીસ્ટોથી ઊભરાતું હતું... ઇન્કવાયરી ઑફિસની લગોલગ ઊભેલી બશીરની કાર તરત જ વિજયના ધ્યાનમાં આવી અને વિજયે પોતાની બેગને કારની બાજુમાં મૂકીને ઊભા રહી સિગારેટ સળગાવી...

અચાનક જ વિજયનું ધ્યાન સ્ટેશનના બહાર નીકળવાના દરવાજેથી હાંફતી- ગભરાતી બહાર નીકળી રહેલી ચારેક યુવતીઓ તરફ દોરાયું. તેમાંની નેવી બ્લ્યુ જીન્સ પેન્ટ પહેરેલી અને ડાર્કબ્લેક ટોપવાળી યુવતી બેહદ સુંદર હતી અને બીજી યુવતી મીડીફ્રોકવાળી જરા સ્થૂળ બદનવાળી હતી અને બાકીની બે સાડી પહેરેલી હતી.

તેમની પાછળ ધક્કા-ધક્કી કરતા ત્રણેક હટ્ટાકટ્ટા આવારા ટાઇપ યુવાનો બહાર નીકળી રહ્યા હતા. યુવતીઓના ગભરાટનું કારણ પેલા લોફર લાગતા યુવાનોનું વર્તન જ હતું તે

સમજતાં વિજયને વાર ન લાગી.

'સોણીયે કશ્મીરમેં અકેલી કહાં ઘુમોગી ! હમારે સાથ ચલ દો પૂરા કશ્મીર ઘુમાયેંગે ! ઐશ કરાયેંગે !' કહેતાં પાછળથી આવીને એક યુવકે જીન્સી યુવતીનું કાંડું પકડી લીધું.

'યુ રાસ્કલ, તારી મા-બહેનને તારી સાથે લઈને ઘુમાવને...' કહીને એ યુવતીએ સટાક કરતો જોરદાર તમાચો એ જાડિયા યુવકને લગાવી દીધો.

વાહ ભાઈ આ તો ગુજરાતનું જ પાણી છે કે ? વિજયે જરા સતર્ક થઈને આંખો પરના ગોગલ્સ કપાળે ચઢાવ્યા.

'સાલ્લી ગાલી બકતી હૈ અૌર મરદોં પે હાથ ચલાતી હૈ ?' કહેતાં બાકીના બે બદમાસોએ પેલી યુવતીને બંને બાજુથી બાવડેથી પકડી લીધી. આ જોતાં જ અન્ય ત્રણ યુવતીઓ ગભરાઈને રડારોળ કરવા લાગી. ટૂરીસ્ટોનું ટોળું ભેગું થયું. વધુ ન વિચારતાં વિજય કાર પાસેથી દોડીને ટોળામાં ઘુસ્યો.

'અચ્છે લડકે લડકિયોં કે સાથ ઝઘડા નહીં કરતે...'

કહેતાં વિજયે યુવતીનાં બાવડાં પકડીને ઊભેલા બે જણાના ખભા પર બે હાથ ઠોકી પોતાની તરફ તેઓનું ધ્યાન દોર્યું. 'પોલીસ-પોલીસ' બોલતા બે-ચાર ટુરીસ્ટો આજુ-બાજુ દોડ્યા.

'અબે તુ કૌન હૈ બીચમેં આનેવાલા ? હટ જા વર્ના મારા જાયેગા !' પેલો મવાલી યુવતીનો હાથ છોડી દઈ વિજયની સામે આવી ગયો.

'દેખતે હૈ કૌન કિસે મારતા હૈ ?' કહીને વિજયે લાગલો જ પોતાનો અખાડીયન મુક્કો મવાલીના મોં પર ઝીંકી દીધો ! અચાનક પ્રહાર થવાથી મવાલી લથડ્યો. તેની આંખો સામે લાલપીળાં કુંડાળાં નાચવા માંડ્યા. મારામારી શરૂ થવાથી લોકો માલસામાન સાથે અથડાતાં-કૂટાતાં ભાગાભાગી કરવા લાગ્યા. પોતાના સાથીદારને મુક્કો પડતાં પેલા બે બદમાસો યુવતીનાં બાવડાં છોડી દઈ વિજય તરફ ધસ્યા.

વિજય સ્પ્રિંગની જેમ ઊછળ્યો અને બે પગ ભેગા કરી એક બદમાસના પેઢુ પર કસીને પ્રહાર કર્યો. તે ચીસ પાડી ભોંય પટકાયો. બીજાને હુમલો કરવાની તક આપ્યા વિના જ વિજયે બે હાથે તેની ગરદન પકડીને ઝાટકા સાથે ખેંચી બાજુની દિવાલ ભણી ફેંક્યો. દિવાલે માથું ટકરાતાં તેની ખોપરીમાં વાગતાં લોહી નીકળવા લાગ્યું. ચક્કર ખાઈ તે પણ જમીન પર પટકાયો.

આ દરમ્યાન પેલા મવાલીએ એક હાથેથી કપડામાં છૂપાવેલી પીસ્તોલ ખેંચી કાઢી. નિશાન લઈ વિજય પર ફાયર કર્યો કે તરત જ વિજય નીચે નમી ગયો. પણ છાતીનું નિશાન લઈને છૂટેલી ગોળી વિજયના ખભાને છરકો કરતી ગઈ. ફાયરીંગ થતાં જ લોકોએ ગભરાઈને ચીસાચીસ કરી મૂકી.

વિજયે એક હાથે ખભો દબાવી ધસી જઈને મવાલીના પિસ્તોલવાળા હાથ પર કસીને લાત મારી દીધી. પિસ્તોલ છટકીને અધ્ધર ઊડી. ત્યાં જ ધડાકાનો અવાજ સાંભળી ફરજ પરની પોલીસ દોડી આવી. બે પોલીસોએ મવાલીને પકડવા કોશીશ કરી. હથિયાર છૂટી જતાં તે ગભરાઈને છટકવા માટે ભાગ્યો, પરંતુ –

'ડોન્ટ મુવ, વર્ના શૂટ કર દૂંગા.' કહેતાં એક મજબૂત બાંધાના ઇન્સ્પેક્ટરે દોડતા આવીને મવાલી સામે રીવોલ્વર ધરી, 'એરેસ્ટ હીમ' અને બીજા પોલીસોએ તરત પેલા મવાલીને બે બાજુએથી ઝકડી લીધો. બાકીના બે બદમાશો રફુચક્કર થઈ ગયા.

વિજય પોતાનો ખભો દબાવતો કારને ટેકે ઊભો રહી ગયો હતો. જીન્સવાળી યુવતી તેની પાસે દોડી ગઈ હતી... વિજયના ખભેથી લોહી વહેવા લાગ્યું હતું. 'આઈ એમ સૉરી, યંગમેન,

મારી ખાતર આપને વાગી ગયું. આપણે જલદીથી કોઈ હૉસ્પિટલે પહોંચી જવું જોઈએ.' યુવતીએ વિજયને બે હાથેથી પકડી લીધો હતો.

'યસ યંગમેન હમ તુમકો હૉસ્પિટલ લે જાયેંગે, યે કમ્પલેઇન સાઇન કરો. અયસે લોગોં સે ઝઘડે મત કિયા કરો... આખીર પુલીસ કિસ લિયે હૈ...'

'કમ્પલેઇન મુઝે કરની હૈ ઇન્સ્પેક્ટર, ઉન ગુન્ડોને મુઝે છેડા થા. ટ્રેનમેં ભી હમકો હેરાન કિયા થા ઓર મુઝે યહાં સે ઉઠા જાના ચાહતે થે. અચ્છા હુઆ યે આ ગયે વર્ના હમારા ક્યા હોતા...'

'અચ્છા તો આપ યે કાગઝ સાઇન કર દો. હરીઅપ હમેં ઉન ગુન્ડોંસે ભી નિપટના હૈ. ભારી બદમાશ દિખ રહા હૈ યે પઠ્ઠા. શાયદ ટેરરીસ્ટમેં સે હો. આપકા એડ્રેસ દે દો. જરૂરત પડી તો બુલાયેંગે, ફિલહાલ પહલે ઇસ યંગમેન કો હૉસ્પિટલ પહુંચાના હોગા.'

વિજયે કોટના ગજવામાંથી એક હાથે કાર્ડ કાઢીને ઇન્સ્પેક્ટરના હાથમાંથી કાગળ લઈ સહી કરી આપી.

'મિ. વિજય...' કાર્ડ પરનું નામ વાંચતા ઇન્સ્પેકટર બોલ્યો - 'અૌર મિસ આપકા નામ ?'

'સુમન, સુમન શાહ...'

'તો આપ પતિ-પત્ની નહીં હૈ ક્યા...?'

પોલીસની પિષ્ટપિંજણથી વિજયના મોં પર હવે વેદના અને કંટાળો સ્પષ્ટ તરી આવતો હતો.

'ઓહ નો ઇન્સ્પેક્ટર, યે મેરી બીવી નહીં હય. મૈંને ઇન્સાનિયતકે નાતે ઉનકી મદદ કરની ચાહી થી.'

'ધેટ્સ ગુડ યંગમેન, મુઝે તુમસે કોઈ શિકાયત નહીં હય. તુમ્હારે જૈસે દુસરોંકે ઝઘડોમેં જાનપે ખેલનેવાલે આદમી કમ મિલતે હય.' આફ્ટર ઓલ મિ. વિજય, યુ આર એ બ્રેવયંગ...'

'અરે ગુસ્તાખી માફ સાબ, આપ હી વિજયબાબુ હૈ ? યે ક્યા હો ગયા...! મૈં આપકો રેલવે પ્લૅટફૉર્મ પર ઢુંઢતા રહા અૌર યે ક્યા ગઝબ હો ગયા...? શેખસા'બ મેરી કયામત કર દેંગે...!' એક પઠાણી ડ્રાઇવર ટોળાની વચ્ચેથી આગળ આવી બોલી ઊઠ્યો. ઇન્સ્પેક્ટરે તેને ઓળખ્યો.

'અરે, અબ્દુલ, યે તુમ્હારે ગેસ્ટ હૈ ?'

'હાં સા'બ, યે વિજયસા'બ હમારે બશીરઅહેમદ શેખસા'બ કે નીજી દોસ્ત હૈ. મૈં ઉનકો લેને તો ગાડી લેકે આયા હું.'

'થૅન્ક્યુ ઇન્સ્પેક્ટર સા'બ અબ મૈં ચલુંગા. મુઝે દર્દ હો રહા હૈ.'

'ઓફકોર્સ, મૈં આપકે સાથ ચલકે આપકો ટ્રીટમેન્ટ કરવાતા હું ચલીયે...'

'વો હમ કર લેંગે સા'બ, આપ ચિંતા મત કિજીયે... હમેં જલદી જાને દીજીયે... સા'બકે ઘાવ મેં સે ખૂન બહ રહા હૈ....' અબ્દુલ બોલ્યો.

'અૌર આપકો અભી ઉન બદમાસો કો ભી દેખના હૈ.' વિજયે કહ્યું. તેને પોલીસની પળોજળમાં પડવાની લેશમાત્ર ઇચ્છા નહોતી.

'વો ભી ઠીક હૈ. ક્યા કરે, સાલી ડ્યૂટી હી ઐસી હૈ વર્ના આપ જૈસે બહાદુર અૌર શેખસા'બ જૈસે શરીફ ઇન્સાનકી સેવાકા મૌકા મિલતા... ઠીક હૈ આપ જાઇએ, જરૂરત પડી તો યાદ કર લેના.'

'ચલીયે વિજયસા'બ ! ગાડીમેં બૈઠીયે...' કહેતાં અબ્દુલે કારનો દરવાજો ખોલ્યો. વિજય કારમાં ગોઠવાયો.

‘અમે પણ તમારી સાથે આવીશું. તમારી સારવાર કરાવ્યા વિના હું તમને નહિ છોડું…’ જાણે કે હક કરીને બોલી હતી, ‘કમઓન ફ્રેન્ડ્ઝ !’ કહીને સુમન પણ વિજયની બગલમાં દબાઈને બેસી ગઈ.

‘ડ્રાઇવરને કહોને અમારો સામાન પણ અંદર મૂકી દે પ્લીઝ… સુમને વિજયની આંખોમાં એવી રીતે જોયું હતું કે એ નજર વિજયના હૈયાસોંસરવી ઊતરી ગઈ હતી.

‘ઠીક હૈ. અબ્દુલભાઈ, યે મેમસા’બ કહતી હૈ ઐસા કરો.’ વિજયે કહ્યું. ત્રણે યુવતીઓ કારમાં આગળપાછળ ગોઠવાઈ ગઈ.

‘અચ્છા સા’બ’ કહીને અબ્દુલે ત્રણ સૂટકેસો અને બે બીસ્તરા કારની ડિકીમાં મૂકીને એક ખાનગી હૉસ્પિટલ તરફ કાર મારી મૂકી હતી…

ત્યારે જમ્મુની ધરતી પર સૂરજ તપવા માંડ્યો હતો અને વિજયની જિંદગીમાં નવી જ દિશાનાં દ્વાર ખૂલ્યાં હતાં.



૩

વ્હીસ્કીના ત્રણ લાર્જ પેગ પેટમાં પધરાવ્યા બાદ વિજયના મનની હાલત વધુ ઉન્મત બની ચૂકી હતી. બે વર્ષ પહેલાંનો સમય રીવર્સ થઈને સરકતો સરકતો સ્મૃતિશંખલાનાં દૃશ્યોની સિલસિલાબંધ રજૂઆત કરી રહ્યો હતો. સુમનની જુદાઈના દુઃખનો સંતાપ જાણે સુમન મિલનના આનંદનો અહેસાસ યાદગીરીથી કરાવી રહ્યો....

ગુંડાઓ સાથેની ઝપાઝપીમાં ઘાયલ થયેલા વિજયને લઈને અબ્દુલની કાર હૉસ્પિટલ તરફ દોડી રહી હતી. ખભે હાથ દબાવીને પાછલી સીટમાં બેઠેલા વિજયની આંખો વેદનાની વ્યથાથી સહેજ મીંચાઈ હતી. વાહનવ્યવહારના ટ્રાફિકમાં બ્રેકના હળવાભારે આંચકાથી રક્ષણ આપવા સુમને પોતાનો હાથ વિજયના ખભે વીંટાળીને તેનું માથું પોતાના ખભાના અગ્ર ભાગના સહારે ટેકવ્યું હતું. જમ્મુના વાતાવરણમાં ગરમીનો બફારો વર્તાતો હતો. વિજયના કપાળે પરસેવાનાં ટીપાં બાઝી ગયાં હતાં. સુમને બીજા હાથે પોતાના રૂમાલથી હળવે રહીને વિજયનો ચહેરો લૂછ્યો. વિજયે આંખો ખોલી.

'બહુ દર્દ થાય છે ?' સુમને પૂછ્યું.

'ના રે. જરાક ઝોકું આવી ગયું.' વિજયે મંદ હસતાં જવાબ આપ્યો હતો.

'ઘામાંથી લોહી કેટલું બધું નીકળતું હતું. તમારો હાથ પણ લોહીથી લાલ થઈ ગયો છે. હવે લોહી બંધ થઈ ગયું છે ને ?' સુમનના ચહેરા પર ચિંતા છવાયેલી હતી.

'ઝખમ દબાવી રાખ્યો છે ત્યાં સુધી તો એવું લાગે છે.' વિજયે હાથનો પંજો ખભેથી હઠાવી, અવાજમાં જરા હળવાશ લાવતાં કહ્યું. 'માનવીનું લોહી અગર કોઈ સારું કામ કરતાં થોડુંક વહી જાય તો તેની ચિંતા કરવાની ન હોય...' કારને બ્રેકનો આંચકો લાગતાં વિજયના ખભામાં સણકો ઊઠ્યો. લોહી સળવળીને ઉપર આવતું લાગતાં વિજયે ફરી ખભો દબાવી દીધો.

'પ્લીઝ તમે ઘા ઉપરથી હાથ હટાવશો નહિ... અરે અબ્દુલભૈયા અબ હૉસ્પિટલ કિતની દૂર હૈ ?' સુમન અકળાઈ ઊઠી હતી.

'યે પહુંચ ગયે મેમસાબ....' કહેતાં અબ્દુલે કાર એક મોટા દરવાજાવાળી બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં વાળીને ઊભી રાખી અને ઝડપથી નીચે ઊતરીને વિજય તરફનું કારનું બારણું ખોલીને ઊભો રહ્યો.

'આહિસ્તેસે બહાર આ જાઈએ સા'બ મૈં આપકો સહારા દેતા હું....'

'કોઈ ફિકર નહિ હૈ તુમ ચલો અબ્દુલ...!' કહેતાં વિજય કારમાંથી ઉતર્યો. સુમન પણ તેની સાથે જ ઉતરીને તેને સહારો આપતી સાથમાં ચાલવા માંડી હતી. દવાખાનામાં દાખલ થતાં જ અબ્દુલે ડૉ. શર્માના ચૅકઅપ રૂમનું બારણું ખોલીને વિજયને અંદર આવવા કહ્યું.

'ડૉક્ટર સાબ, યે શેખ સા'બકે ગેહરે દોસ્ત મિ. વિજયબાબુ હૈ, વો જખ્મી હો ગયે હૈ,

ઉનકો જરા જલ્દ સે દેખિયે.' ડૉક્ટરે તત્કાલ ખુરશીમાંથી ઊભા થઈ પ્રાથમિક પૃચ્છા કરી વિજયને ટેબલ ઉપર સુવડાવ્યો. ગોળી વાગ્યાનું સાંભળતાં જ બશીર અહેમદને ફોન કરીને ક્લિનિક ઉપર રૂબરૂ આવવા જણાવી ડૉક્ટર પોતાના કામમાં ગૂંથાઈ ગયા. કોટ-શર્ટ ઉતરાવીને વિજયના ખભા પરના ઘાની તપાસ કરી હતી. ખભામાંથી કોણી સુધી લોહી વહીને સૂકાઈ ગયું હતું. વિજયનો હાથ લાલકાળા લોહીથી ખરડાઈ ગયો હતો. હાથ ઉપર સુકાઈને જામી ગયેલું લોહી સાફ કરવાની સૂચના નર્સને આપી ડૉક્ટરે સીરીંજ તૈયાર કરી વિજયને ઇંજેક્શન આપ્યું. સુમનની આંખમાંથી આંસુ વહેવા માંડ્યાં હતાં.

'ડૉક્ટરસાબ, યે જલ્દસે ઠીક હો જાયેંગે ને ?'

'અરે મેડમ ગભરાનેકી કોઈ બાત નહિ. આપ બહાર બૈઠકે આરામ કિજિયે. થોડીહી દેરમેં ઝખમ કો ઠીક કરકે બૈન્ડેજ કર દેતા હું. ફિર આપ અંદર આઇયેગા.' ડૉક્ટરે સુમનને બહાર જવાની સૂચના આપતાં સુમન આંસુ લૂછીને અબ્દુલ સાથે બહાર ગઈ. વેઇટિંગ લોન્જમાં તેની બહેનપણીઓ સોફા પર બેઠી હતી ત્યાં સુમને પણ આસન લીધું હતું.

અબ્દુલના જણાવ્યા મુજબ તેના બોસ બશીર અહમદ શેખ જમ્મુ-કાશ્મીરની એક ખ્યાતનામ હસ્તી હતા. વિજયના કુટુંબ સાથે તેને બે પેઢીથી સંબંધ હતો. શેખ બશીર વિજયને દિલોજાનથી ચાહતો હતો. જમ્મુથી શ્રીનગરનો રસ્તો પહાડી અને ઢોળાવવાળો હતો ત્યાંથી મોટરમાર્ગે આવવામાં અગિયાર કલાક નીકળી જાય તેમ હોવાથી વિજયના ઘાયલ થયાના સમાચાર મળતા જ બશીર શેખ હવાઈમાર્ગે આવી પહોંચશે તેમ અબ્દુલે ધાર્યું હતું. લશ્કરી અફસરો અને રાજકારણીઓ સાથે બશીર શેખના કુટુંબને નિકટના સંબંધો હતા.

સુમને પોતાની સહેલીઓ માટે ઉતારાની વ્યવસ્થા કરવાનું કહેતાં અબ્દુલે એક-બે ટેલિફોન કરીને વ્યવસ્થા કરી આપી હતી. તેઓ એકલી જવા તૈયાર નહોતી. પરંતુ સુમને તેમને હોટલમાં આરામ કરવા સૂચવ્યું હતું અને વિજય ઠીક થતાં જ પોતે તેમની પાસે આવી જઈ પ્રવાસ આગળ ધપાવવા ખાતરી આપી હતી. પ્રવાસથી થાકેલી સહેલીઓ આખરે માની ગઈ, અને અબ્દુલની કારમાં રવાના થઈ હતી.

ત્યાં જ શ્રીનગરથી કોલ આવ્યો કે બશીર શેખ શ્રીનગરથી હેલિકોપ્ટરમાં જમ્મુ પહોંચી રહ્યા છે, કાર લઈને અબ્દુલ એરપોર્ટ પહોંચે.

સુમનની સહેલીઓને હોટલ ચિનારમાં ઉતારો અપાવી, ક્લિનિકમાં પાછો ફરેલો અબ્દુલ વળી પાછો કાર લઈને એરપોર્ટ તરફ દોડ્યો હતો.

થોડીવારમાં ડૉક્ટર શર્માએ નર્સ દ્વારા સુમનને અંદર બોલાવી જણાવ્યું કે થોડીક હળવી સર્જરી કરીને વિજયને ખભે ડ્રેસીંગ કરી દેવામાં આવ્યું છે. એકાદ દિવસના આરામ પછી વિજયને હરવા-ફરવાની છૂટ છે. પરંતુ ઘા સંપૂર્ણ રૂઝાય નહીં ત્યાં સુધી હાથ કે ખભાને શ્રમ પડે તેવું કોઈ કાર્ય કરવાનું નથી. નર્સને જરૂરી સૂચનાઓ આપીને ડૉક્ટરે વિજયને સ્પેશ્યલ રૂમમાં આરામ માટે ખસેડાવ્યો હતો. અને પોતે બીજા દર્દીઓની તપાસ માટે વોર્ડમાં ચાલ્યા ગયા.

અડધા કલાક પછી વિજય હોશમાં આવશે તેમ ડૉક્ટરે જણાવ્યું હતું. સુમન વિજયના મુખ સામે જોઈ રહી – ગૌર પાણીદાર ચહેરો, વિશાળ કપાળ પર વિખરાયેલા વાંકડીયા વાળ, પહોળી છાતી, ઉપર ગળામાં પહેરેલી ગોલ્ડન ચેનનું અવળું થઈ પડેલું સ્વસ્તિક ચીતર્યું સુવર્ણ પેન્ડલ, મજબૂત હાથ, સફેદ પાટાઓથી ડ્રેસીંગ કરાયેલો જમણો ખભો...

વિજય ઘેનમાં જ કણસ્યો. સુમન ઝડપથી જઈને તેની પાસે બેસી ગઈ અને કપાળે હાથ ફેરવવા લાગી. વિજયના ચહેરા પર સ્મિતની રેખાઓ અંકાઈ જાણે કે સુમનનો સ્પર્શ પામીને તેને ખુશી થઈ હોય ! આજ સુધી પરિચયમાં આવેલા ઘણા યુવાનો કરતાં વિજય સુમનને

વિરલ લાગતો હતો. સ્ત્રીસૌંદર્ય પાછળ લટ્ટુ થતા યુવાનો સુમનને સદા વામણા લાગતા હતા. જરૂર પૂરતા ઔપચારિક વહેવારોથી આગળ સુમન કોઈને ઢૂંકવા દેતી નહિ. જ્યારે આ અજાણ્યા યુવાને તો પ્રથમ મુલાકાતમાં જ હૈયું હરી લીધું હતું. પારકી જણી માટે પોતાનો જાન જોખમમાં મૂકનાર આ યુવાન પ્રત્યે સુમનને અનહદ ખેંચાણ જાગતું હતું, કોઈ અદમ્ય લોહીચુંબકીય ખેંચાણ... સુમને વિજયની છાતી ઉપર હાથ મૂક્યો. વીજળીના ખુલ્લા વાયરના છેડાને સ્પર્શ થાય અને ઝાટકો લાગે તેમ સુમનના બદને ધ્રુજારી અનુભવી ! એક હાથ પોતાના સીના ઉપર રાખીને બીજા હાથે સુમન વિજયની છાતી સહેલાવતી રહી. તેનું દિલ જાણે પોકારતું હતું – વિજય... વિજય... બીજા હાથ નીચેનું વિજયનું હૈયું પ્રતિકાર પાડતું હતું – સુમન... સુમન... સુમન.

નર્સ એકાદવાર આવીને તેની સંભાળ લઈ ગઈ. સુમનને ચા-કૉફી કે નાસ્તા અંગે પૂછ્યું, પરંતુ સુમને વિવેકથી ના પાડી. લગભગ એકાદ કલાક સુધી સુમન એમ ને એમ જ બેઠી રહી. થોડીવાર પછી વિજય સળવળ્યો અને ધીરેથી આંખો ખોલી. સુમને ઝૂકીને તેના કપાળે હાથ ફેરવતાં પૂછ્યું હતું :

‘કેમ છે હવે તમને ?’

વિજયે સ્મિત કરતાં હાથના ઇશારાથી પાણી માંગ્યું. સુમને ટીપોય પરના જગમાંથી ગ્લાસમાં થોડું પાણી રેડીને વિજયને હાથથી બેઠા થવામાં મદદ કરી. પાણી પાયું અને પોતાના રૂમાલથી તેના ભીના હોઠ લૂછ્યાં ! તેની સૂશ્રુશા કરવાની આત્મીય વર્તણૂકથી વિજય આભો બની રહ્યો હતો. તેણે સુમનની હરણીશી વિશાળ કાજલકાળી આંખોમાં પોતાની નજર રોપી દીધી.

‘શું જોઈ રહ્યા છો આ રીતે ?’

‘તમે મારાં શું થાઓ છો કે આટલી કાળજીથી મારી સારવાર કરી રહ્યાં છો ?’

‘તમે મારા શું થતા હતા કે મારા ખાતર ગોળી ખાવા સુધી જીવલેણ ઝઘડામાં કૂદી પડ્યા ?’

વિજય કંઈ ઉત્તર વાળે એ પહેલાં તો નર્સ અંદર આવી, પણ વિજયને જાગેલો જોતાં ડૉક્ટરને જાણ કરવા એ પાછી ફરી ગઈ.

‘સાચી વાત કહી દઉં ?’ વિજયે મુસ્કુરાતાં કહ્યું હતું.

‘હા, કહી દો મારે એ જ સાંભળવું છે.’

‘ખોટું તો નહીં લાગેને ?’

‘ખોટું લાગશે તો કિટ્ટા...’

‘અને સાચું લાગે તો ? બુચ્ચા...’

‘હા...’

‘પ્રોમિસ ?’

‘જેવું તમારું નસીબ...’

‘મને લાગે છે કે વર્ષો સુધી સૂઈ રહેલું મારું નસીબ જાગી ઊઠ્યું છે...’

‘એટલે ?’

‘રહેવા દે સુમન મારે નથી કહેવું... ઘાયલકી ગત ઘાયલ જાને... ઔર ન જાને કોઈ...!’

‘અચ્છે આદમી પ્રોમિસ કરકે મુકર નહીં જાતે... કહોને... મારે જાણવી છે આ ઘાયલની ગત...!’

‘મને તારા પ્રત્યે પ્રેમ જાગ્યો છે. સુમન આઈ લવ યુ. રીયલી આઈ લવ યુ...’ હૈયાની વાત આખરે વિજયે હોઠ પર લાવી જ દીધી હતી.

'ઓહ નો !...' વિસ્ફારિત નેત્રે વિજયને તાકી રહીને સુમન બોલી ઊઠી.

'ડૉન્ટ સે નૉ ડાર્લિંગ... પરભવની કોઈ લેણદેણથી આપણે આ રીતે ભેગાં થયાં.... કોઈ અગમ્ય લાગણીથી મારું મન તારા ભણી ખેંચાય છે સુમન... આવું તો કોઈ વાર નથી થયું. સુંદર યુવતીઓ અસંખ્ય જોઈ છે પણ દિલથી આવું ખેંચાણ કોઈ માટે ઉદ્ભવ્યું નથી. તારા હૈયામાં કોઈ હેવી લોહચુંબક છે ? તને એક નજરે જોતાં જ તારી પાછળ મરી ફીટવાનું મન કેમ થાય છે તે હું નથી જાણતો...'

'બસ, વિજય બસ...કરો.' કહેતી સુમન વિજયની વિશાળ છાતીમાં મોં છુપાવી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી...

'અરે સુમન આ શું ? અરે છાની રહી જા પગલી, જો હું નહોતો કહેતો તને ખોટું લાગી જશે... પણ ખોટું લાગે તો આમ રડવાનું નહિ. કિટ્ટા કરવાની નહિ. તેરા પ્યાર ના મિલે તો ના સહિ, લેકિન મેરી યાર... તેરી દોસ્તી ભી મેરે લીયે કૂછ કમ નહિ...'

'ના... વિજય ના, મને કોઈ વાતનું ખોટું નથી લાગ્યું... આ રુદન તો મારા અકલ્પિત આનંદના અહેસાસનું છે. આ આંસુ મને અકાળે લાધેલા પારાવાર હર્ષનાં છે...'

'તો પછી બુચ્ચા...?' વિજયના ચહેરે લુચ્ચું તોફાની સ્મિત ફેલાયું હતું અને પ્રણયના અહેસાસના પ્રતીકરૂપે સુમનના ગુલાબની પાંખડીઓ જેવા ઓષ્ઠ વિજયના ઓષ્ઠ પર આવેશથી ચંપાયા હતા. અને પ્રણયનો પારાવાર વિધુતપ્રવાહ જાણે આખા રૂમમાં રેલાયો હતો.

'એક્સક્યુઝમી પ્લીઝ...!' કહેતાં બારણું ખોલીને અંદર આવતા ડૉ. શર્મા સહેજ ખંચકાઈને ઊભા રહી ગયા અને સાથે આવેલા પઠાણી યુવક સામે સૂચક સ્મિત કરી રૂમમાં ભજવાયેલા પ્રણયઆશ્લેષી દૃશ્યનો અણસાર આપી રહ્યા હતા.

સુમન શરમાઈને પલંગ પરથી ઊભી થઈ ગઈ. વિજય ભોંઠો પડીને ડૉક્ટર સામે જોઈ રહ્યો હતો. ડૉક્ટરની પાછળ બીજું કોઈક આવીને ઊભું હતું... કોણ હતું એ ?



૪

ભોંઠા પડી ગયેલા વિજયના ચહેરા સામે જોઈને અટ્ટહાસ્ય કરતા ડૉ. શર્મા કમરામાં આગળ વધતાં બોલ્યા,

'દેખિયે શેખ સાહબ, આપકે દોસ્ત બિલકુલ અચ્છે હો ગયે હૈ, બેફિઝુલ પરેશાન થે આપ...' ડૉક્ટર આગળ બોલે તે પહેલાં જ તેમની સાથેનો દમામદાર પઠાણી યુવક ઝડપથી વિજયના પલંગ પાસે પહોંચી ગયો. પોતાના જીગરી દોસ્ત શેખ બશીર અહેમદને આટલો ઝડપથી આવી પહોંચેલો જોઈને વિજય ખુશખુશાલ થઈ ગયો હતો. દોસ્તના દિદારનો આનંદ તેના ચહેરા ઉપર છલકાયો હતો. તેણે ઊભા થવા કોશીશ કરી પણ બશીરે તેને ઊભો થતાં અટકાવ્યો અને તેની લગોલગ બેસી તેને હૈયાસરસો ચોંપ્યો પરંતુ દોસ્તની ઘાયલ અવસ્થા જોતાં તે આગબબુલા થઈ ઊઠ્યો હતો.

'વિજય, યે સબ કૈસે હો ગયા ? અબ તું ઠીક હૈના ? તુઝ પે વાર કરનેવાલા ધરતી કે કિસીભી કોને મેં જિન્દા નહીં રહ સકતા...અૌર યહ તો જમ્મુકશ્મીર હૈ જહાં હમારા રાજ હૈ ! હમને સુના વો પુલીસકી હિરાસત મેં હૈ લેકિન હમ પહેલે તુમકો દેખના ચાહતે થે વર્ના ઉસે શુટ કરકે હી યહાં આતે.'

'ટેઇક ઇટ ઇઝી બશીર મૈં બિલકુલ ઠીક હું, ઉન લોગોં કો પુલિસ લે ગઈ હૈ. કાનૂન ઉન્કા ઇન્સાફ કરેગા... શુક્ર હૈ ડૉક્ટર વર્મા સા'બકા, જીસને મુઝે ઇમરજન્સી ટ્રીટમેન્ટ દેકર અચ્છા કર દિયા હૈ.' વિજયે બશીરને શાંત પાડતાં કહ્યું.

'ડૉન્ટ કરેક્ટ' ડૉ. શર્માએ હળવાશથી કહ્યું. 'મુઝસે જ્યાદા થેન્કસ યહ મેડમ કો દેના ચાહિએ. ઉન્હોને દિલોદિમાગસે આપકા હરપલ ખ્યાલ રખ્ખા, હરપલ પરેશાન રહી આપકે લીયે.' ડૉક્ટરે સુમન તરફ બશીરનું ધ્યાન દોરતાં કહ્યું. સુમનને જોઈને બશીર શેખ તાજ્જૂબ રહી ગયો.

'અબે ઉલ્લુકે પઠ્ઠે તૂને યે તો બતાયા નહીં થા કી તુમ ઇનકો સાથ લેકર આ રહે હો. યે સબ મામલા ક્યા હૈ ? જો ભી હો તુમ્હારી પસંદગી કો દાદ દેતા હું...હુશ્ન તો કશ્મીરી લડકિયોંકા બેમિસાલ હોતા હૈ... લેકિન યે મિસાલ કહીં બઢકર હૈ. ભાભીજાન, શુક્રગુઝાર હૈ હમ આપકે... યે પઠ્ઠા કબસે ઇધરઊધર ભટકતા રહેતા થા, અબ આયા હૈ આપકી જાલ મેં. કભી છોડના મત ઇસે.'

બશીર શેખની જુબાન પઠાણી લિહાઝ માં ચાલતી રહી અને સુમન શરમની મારી પાણી પાણી થતી ગઈ. ડૉ. શર્મા આ મિત્ર ત્રિપુટીને વાતો કરતી મૂકી પોતાની રૂમમાં ચાલ્યા ગયા. વિજયના કેસ પેપરની એક નકલ તૈયાર કરી પોલીસસ્ટેશને મોકલીને પોતાની કાર્યવાહી પૂરી કરી. તેઓ સરકારી રજિસ્ટર્ડ ડૉક્ટર પણ હતા. તેઓ વિજયનું પ્રિસ્ક્રીપ્શન તૈયાર કરતા હતા. ત્યાં જ બશીર શેખ અંદર આવ્યો.

'આઇયે શેખસાબ, બૈઠિયે, અબ્દુલ કે સાથ દવાઈયાં મંગવા લિજીયે અૌર હરવક્ત પે દેતે રહિયેગા. ખતરેકી કોઈ બાત નહીં હૈ લેકિન ડ્રેસિંગ હરરોઝ કરના પડેગા ક્યોંકિ જખ્મ ગોલીકા હૈ. છે દિનકે બાદ સ્ટીચિઝ ખોલેંગે. આઠ- દસ દિનકા પૂરા આરામ ઝરૂરી હૈ. મૈં યહાઁ સ્પેશ્યલ ઍરકન્ડીશન્ડ રૂમમેં ઇન્તેજામ કર દેતા હું ડૉ. શર્માએ કહ્યું.

'થેન્ક્યું ડૉક્ટર, મગર આપ ઇજાઝત દે, તો મૈં વિજયકો શ્રીનગર લે જાના ચાહુંગા વહાં ઘરકે સભી લોગ ભી હૈરાન હૈ. મૈ હેલિકોપ્ટર લેકે આયા હું. આપ વિજય કી ટ્રીટમેન્ટ કે બારે મેં સબ બાત કેસ પેપર મેં લિખ દીજીયે. ઇન દિનો મૈં જરા બિઝનેસ મેં ઉલઝા હુઆ હું. યહાં આને-જાનેકી, વક્ત કી તકલીફ હૈ... અૌર મૈં વિજય કો અકેલા છોડના નહીં ચાહતા...'

'નેવર માઇન્ડ. મૈં શ્રીનગર મેં ડૉ. રાહી રઝા પર ચિઠ્ઠી લિખ દેતા હું. ફોન પે ભી બાત કરતા રહૂંગા. આપ ચાહે તો મેરે પેશન્ટ કો, સૉરી, આપકે દોસ્તકો લે જા સકતે હૈ... વો અબ બિલકુલ ઠીક હૈ. વેરી બ્રેવ મેન હી ઇઝ ! અૌર ઉનકે સાથ જો હુશ્ન-ઈશ્ક હૈ વોહી અબ દૂવા કરેંગી, ઉનકી પ્યારકી લગન હી તેજ રફતારસે મર્ઝકી દવા હૈ... વેરી સ્માર્ટ ઍન્ડ સેન્ટિમેન્ટલ ગર્લ શી ઇઝ..!'

'સ્માર્ટ ઍન્ડ સેન્ટિમેન્ટલ મત કહિયે ડૉક્ટર ! જાદુઈ પરી કહીયે ઊસે... કિસી ભી લડકી કે ચક્કર મેં ન આને વાલા મેરા દોસ્ત એક હી મુલાકાતમેં ઊનકા દિવાના હો ગયા હૈ. ઐસા તો સિર્ફ ફિલ્મોં મેં હી દેખા થા, ખૈર જો ભી હુઆ અચ્છા હુઆ. ઐસા નહિ હોતા તો મેરા દોસ્ત ન જાને કબ તક કંવારા હી રહ જાતા....!'

ત્યાંજ અબ્દુલ અંદર દાખલ થયો અને તે બશીર શેખના હુકમથી સુમનની સહેલીઓને સામાન સાથે હૉસ્પિટલે પાછી લઈ આવ્યો હતો. તેઓ સુમનની પાસે ગઈ હતી. સુમને હાથ-મોં ધોઈ ફ્રેશ થઈને કપડાં બદલી લીધાં હતાં. મોટી ડિઝાઇનવાળું ટોપ અને મીડીસ્કર્ટ તેણે પહેર્યું હતું.

'શેખસા'બ મૈં સબકો લેકે આયા હું. આપકા હુકમ હો તો મૈં સબ કો કારમે બૈઠનેકા બોલ દું.' અબ્દુલે બશીર શેખની શ્રીનગર જવા અનુમતિ માગી હતી.

'હાઁ સબકો ગાડી મેં બિઠા દો. વિજય કો જરા સમ્હાલકે બિઠાના.' બશીરે કહ્યું.

'અચ્છા સાબ,' કહીને અબ્દુલ વિજયની રૂમ ભણી ચાલ્યો ગયો. બશીર શેખે પાંચ હજારની નોટોનું બંડલ ડૉક્ટર શર્માના ટેબલ પર મૂક્યું પણ, ઘણી આનાકાની કરવા છતાં તેણે રૂપિયા લેવા ડૉક્ટરને મજબૂર કર્યા. તે બહાર આવ્યો ત્યારે બધા કારમાં ગોઠવાઈ ગયા હતા. સુમને સહેલીઓને શ્રીનગર જવાનો પ્રોગ્રામ કહી સંભળાવ્યો હતો. ટ્રેનની મુસાફરીથી કંટાળેલી યુવતીઓ હેલિકોપ્ટરમાં બેસવાનું સાંભળીને આનંદથી નાચી ઊઠી. વિજય સ્વસ્થ જણાતો હતો. મંદિરોની નગરી જમ્મુનું બજાર વીંધતી કાર એરપોર્ટ ભણી સરકી રહી હતી. સુમન તેની ત્રણે સહેલીઓ રીટા, મોનિકા અને જાસ્મીના સાથે સંકડાઈને મર્સિડિઝની પાછલી સીટમાં બેઠી હતી. જાસ્મીનના બદનની જાડાઈથી જાણે કે ચારને સમાવતી સીટ નાની પડતી હતી. સુમન વિચારોના વંટોળમાં ઊડતી હોય તેમ દૂર ખોવાયેલી નજરે પડતી હતી. રીટા અને મોનિકા સામે જોઈને જાસ્મીના શરારતી ઇશારા કરતી હતી. વિજય અને બશીર શેખ ડ્રાઇવરની આગલી સીટમાં બેઠા હતા. વિજય અરીસામાં પાછલી સીટનું પ્રતિબિંબ જોઈ રહ્યો હતો. સુમનનું ધ્યાનભંગ કરવા તેણે વાતચીત શરૂ કરી હતી.

'જમ્મુમાં જોવાલાયક ઘણાં મંદિરો છે. અત્યારે આપણને સંજોગોવશાત્ જમ્મુ જોવાનું નથી મળ્યું પણ વળતી ટ્રીપમાં જોતા જઈશું... કેમ સુમન, ખરુંને ?'

વિજયનો અવાજ કાને પડતાં સુમન તંદ્રામાંથી ઝબકીને જાગી હતી. જાસ્મીના સુમનની કમરે ચૂંટી ખણી ધીમેથી બોલી ઊઠી.

'અલી, આટલા થોડા સમયમાં તો તમે લોકોએ આવવા-જવાનો બધો પ્રોગ્રામ ગોઠવી નાખ્યો છે કે શું ?'

'નહિ તો...' સુમને ચૂંટીથી સહેજ ઊંચી થઈ જતાં કહ્યું.

'નહિ ? અરે જમ્મુ તો ઐતિહાસિક મંદિરોનું નગર છે. રઘુનાથ મંદિર, ભગવાન શિવનું રણમુક્તેશ્વર મંદિર, ડોગરા આર્ટગેલેરી, રણવીર નહેર, બાકુનો કિલ્લો, પ્રાચીન કાલી માતાનું મંદિર અને તાજેતરમાં બનેલો હરણ, સસલાં વગેરે કુદરતી પ્રાણીઓથી ભરપૂર ઉદ્યાન જોવાલાયક છે.'

વિજયે જમ્મુની માહિતી આપતાં કહ્યું હતું.

'અમારી સુમન પણ એક બેનમૂન જોવાલાયક નમુનો છે કેમ ખરુંને રીટા ? આપણી ટૂરનો ડબ્બો ક્યાંનો ક્યાં જોડી દીધો !' જાસ્મીના આંખો નચાવતાં રીટા સામે જોઈ ધીમેથી બોલી હતી.

'ચૂપ કર ચાંપલી, તારો ઘોઘરો અવાજ આગળની સીટમાં સંભળાઈ જશે.'

સંભળાઈ જશે તો શું છે ? કોઈના બાપની ચોરી છે ? એકબીજાનાં દિલની ચોરી કરનાર બે પંખીડાંને કોઈની પડી નથી તો આપણને ભલા શું વાંધો...'સુમન રાની આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ...' કહેતી બટકબોલી જાસ્મીનાએ સુમન સામે એવી રીતે જોયું હતું કે રીટા અને મોનિકા ખડખડાટ હસી પડી. સુમને તેમની સામે આંખો કાઢી.

જાસ્મીનાએ કૃત્રિમ ગંભીરતા ધારણ કરી. બશીર શેખ અને વિજયે પાછળની સીટમાં થતી સહેલીઓ વચ્ચેની ગુસપુસથી એકબીજાની સામે જોઈ જાસ્મીનાની શરારત પર સ્મિત કર્યું હતું.

કાર એરપોર્ટમાં આવી પહોંચી. અબ્દુલે પાર્કિંગમાં કાર ઊભી રાખતાં બધાં નીચે ઊતર્યા. બાજુમાં ઊભેલા ટ્રાફિક પોલીસે બશીર શેખને સેલ્યુટ મારી. સર્વે એરપોર્ટની સાઇડ પર સ્પેશ્યલ લેન્ડિંગ પ્લેસ પર ઊભેલા હેલિકોપ્ટર પાસે પહોંચ્યાં. હેલિકોપ્ટર ચાલકે આગળ આવી બેઠકનાં દ્વાર ખોલ્યાં. બશીર શેખે વિજયને ચાલકની સીટ પાસે બેસાડ્યો અને સુમનને તેની બાજુમાં બેસવા જણાવ્યું. રીટા અને મોનિકા એક પછી એક પાછળની બેઠકમાં ચઢી ગઈ હતી. પરંતુ જાસ્મીના પોતાના વજનના હિસાબે ચઢવામાં મુશ્કેલી અનુભવતાં મૂંઝાઈ ગઈ હતી.

'શાયદ અબ હેલિકોપ્ટરમેં બોઝ બઢ ગયા હૈ...' બશીર શેખે મજાકની ઢબમાં ઉચ્ચાર્યું હતું. 'અબ આપ વિજયકી બાજુમેં ચઢ જાઈયે સુમનજી.'

સુમન ચપળતાથી બારણાનું હેન્ડલ પકડી ઉપર ચઢીને વિજયની બાજુમાં બેસી ગઈ.

'આપકો એતરાઝ ન હો તો કૃપયા થોડીસી જગહ મુઝે ભી દેગી ?' બશીર શેખ જાસ્મીના સામે જોઈને મજાકિયા સ્વરે બોલ્યો. સર્વે સહેલીઓ થોડીક સંકોડાઈ હતી અને બશીર શેખ જાસ્મીનાની પાસે બેઠો. હેલિકોપ્ટર ચાલકે બેઉ દરવાજા લોક કરીને પોતાની ડ્રાઇવિંગ સીટ સંભાળી લીધી અને ઉપડવાની રજા માગતી નજરે બશીર સામે પાછળ જોયું.

'હાં ચલિયે ડોગરાજી, હમ સબ અચ્છી તરાહસે બૈઠ ગયે હૈ !' બશીરે એવું કહેતાં જ હેલિકોપ્ટર ચાલક ડોગરાએ મશીન સ્ટાર્ટ કર્યું. વાતાવરણમાં ભારે ફડફડાટભર્યો અવાજ છવાઈ ગયો અને હેલિકોપ્ટર ધીરે ધીરે હવામાં ઊંચકાવા લાગ્યું. જાસ્મીના ગભરાટથી મોનિકાને બાઝી પડી હતી. સુમને પણ રોમાંચિત થઈ વિજયનો ડાબો ખભો પકડી લીધો હતો. વિજયે તેનો હાથ પકડી પોતાની તરફ ખેંચી હતી. બંને મુક્તમને હસી પડ્યાં. થોડીક મિનિટોમાં તો હેલિકોપ્ટરે વધુ ઊંચાઈ પર જઈ ગતિ પકડી હતી. જમ્મુનું એરપોર્ટ ધીરે ધીરે નાનું લાગતું દેખાયું. તેમાં ઊભેલાં બે-ત્રણ વિમાનો નાનકડાં રમકડાં જેવાં લાગી રહ્યાં હતાં અને હરતા-ફરતા માણસો ઢીંગલા જેવા. જમ્મુના મંદિરોનાં ચળકતાં શિખરો અદ્‌ભુત લાગતાં સૂર્યના

તડકામાં ચમકતાં હતાં.

'જાસ્મી...જરા નીચે તો જો...કેટલું સુંદર લાગે છે.' મોનિકાએ નીચે નજર કરતાં કહ્યું.

'ના બાપ ! મને તો ચક્કર આવે છે.' કહી જાસ્મીનાએ આંખો મિંચી લીધી.'

'હટ્ટ બિકણ જાડી બિલ્લી...!' રીટાએ તેની મશ્કરી કરી.

'શટ અપ !' જાસ્મીના ફુંગરાઈ ઊઠી.

'દેખો બેબીજી, ઝબાની ઝઘડેસે મુઝે કોઈ એતરાઝ નહીં હૈ મગર આપ હાથાપાઈપે ઉતર આઓગી તો યે હેલિકોપ્ટર કા સંતુલન નહિ રહેગા.' બશીર શેખે હસતાં હસતાં કહ્યું બંને બહેનપણીઓ શરમાઈ ગઈ.

'જો સુમન, નીચે જો પેલી ઊંચી લાગતી નાનકડી ટેકરી ઉપર લાલ ધજા ફરકે છે તે વૈષ્ણોદૈવીનું મંદિર છે.' આંગળી ચીંધી વિજયે બતાવ્યું. સુમને એ તરફ જોઈને આંખો બંધ કરી હતી. પણ વિજયે કહેવાનું ચાલું રાખ્યું.

'વૈષ્ણોદૈવીનું ખૂબ જ મહાત્મય છે. દેશને ખૂણે ખૂણેથી લોકો તેનાં દર્શને આવે છે. તેમનાં દર્શનની બાધા-આખડીઓ રાખે છે.'

'હે શેરોવાલીમાં...વૈષ્ણોદેવી અમારા મનની ઇચ્છા પૂરી કરજો...' સુમને મનોમન બબડી, આંખો ખોલી વિજયની આંખોમાં જોયું.

'તમે મને ધરતી ઉપરથી આમ પ્રેમના આકાશમાં ઊંચે ઊડાડી છે. જો ક્યારેય પણ નીચે ફેંકી દેશો તો હું જીવતી નહીં રહું.'

'ક્યારેય નહીં... સુમન ક્યારેય નહીં. જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે, હું તને નહિ ભૂલું.' વિજયનો અવાજ લાગણીભર્યો બન્યો.

'થેન્ક ગોડ ! કુદરતે સાવ અચાનક-સાવ અણધાર્યો મેળવી આપેલો સંગાથ જનમોજન્મ સુધી ના છૂટે એવી મા શેરોવાલીને હું પ્રાર્થના કરું છું...' સુમન જાણે કે અંતરના ઊંડાણમાંથી બોલતી હતી. તેની આંખો ભીની થઈ હતી. તેની અણિયાળી આંખોના ખૂણેથી થોડાંક અશ્રુબિંદુઓ સુમને પોતાના ખોળામાં રાખેલા વિજયના હાથ ઉપર પડ્યાં.

'આંસુ લૂછી નાખ સુમન, તારી આંખોમાં આંસુ મને દુઃખ પહોંચાડે છે. તારી આંખો હું સદા હસતી જોવા માંગું છું. તારો ગુલાબ જેવો ચહેરો ખીલેલો જોવા માંગું છું. જરા કુદરતના આ વિશાળ ખજાના તરફ નજર નાંખ. કેટલાં સુંદર દૃશ્યો સર્જાયાં છે આપણી ચોપાસ...'

સુમને આંખો લૂછીને ચારે બાજુ નજર ફેરવી. લીલીછમ વનરાજીભર્યા પહાડો ઉપરથી હેલિકોપ્ટર ઊડી રહ્યું હતું. વાતાવરણમાં જાણે ધીરે ધીરે ઠંડક વધી રહી હતી. શ્રીનગર નજીક આવતું જતું હતું. શંકુ આકારનાં ચીડ, ચિનાર અને દેવદાર વૃક્ષોના ટેકે ઉભેલું ધૂંધળું આકાશ, ઊંચી ઊંચી દૂરની નાનકડી હિમટેકરીઓ ચમક ચમક થતી પહાડોની ટોચોને રળિયામણી બનાવતી હતી. ડુંગરાઓમાંથી વહેતાં ઝરણાંઓ કોઈ કુદરતી કલાકારે ચિતર્યાં હોય તેવાં શ્વેત અને સોહામણાં ભાસતાં હતાં. ઊંચા પહાડો વચ્ચેની ખીણો ફુલોથી ભરપૂર હતી. સમગ્ર વિસ્તાર વૃક્ષો, ફળ, ફુલોથી સમૃદ્ધ હતો. પહાડો વચ્ચેનાં સપાટ મેદાનોમાં વાવેતર કરેલાં ખેતરોમાં સમુહમાં કામ કરતાં કરતાં ગીતો ગાતી કશ્મીરી ખેડૂત કન્યાઓના આછા સ્વરો સંભળાઈને હેલિકોપ્ટરના અવાજમાં દબાઈ જતા હતાં. દૂર દૂર નીચે શ્રીનગર શહેર દેખાવા લાગ્યું હતું, ડોગરાએ હેલિકોપ્ટરની ગતિ ધીમી કરીને ઊંચાઈ ઓછી કરવા માંડી હતી.

ટેકરીઓનાં ખેતરોમાં કામ કરતી માથે રંગીન રૂમાલો બાંધેલી સ્ત્રીઓના નાનકડા આકારો વરતાવા માંડ્યા હતા. હેલિકોપ્ટર માથેથી પસાર થતાં હાથ ઊંચા કરી હર્ષથી ચિચિયારીઓ પાડતાં પહાડી લોકો દેખાતાં હતા. થોડીક મિનિટોમાં હેલિકોપ્ટર શ્રીનગર શહેરના માથે આવી ગયું હતું અને એરપોર્ટની દિશા ભણી ફંટાઈ ગયું.

'વી એરાઈવ્ડ એટ માય ઓન સીટી...વેલકમ ટુ શ્રીનગર...ઓલ ઓફ યુ.' બશીર શેખે સૌને આવકારતાં કહ્યું.

'બશીર ભૈયા એરપોર્ટ પહુંચ કર હમે કોઇ અચ્છી હોટલ કે લિયે ટેક્સી કરા દેના' મોનિકાએ બશીર તરફ જોઈ કહ્યું.

'નો હોટલ, નો ટેક્સી ! આપ સબ મેરે ગેસ્ટ હૈ. વિજય મેરા દોસ્ત નહિ ભાઈ હૈ. ઊનકી દોસ્ત સુમન મેરી ભાભીસે ભી બઢકર હૈ. આપ સબ ભી મેરે લીયે કોઈ ગૈર નહિ હૈ... મેરા ખુદકા હોટલ્સકા કારોબાર હૈ, લેકિન આપ સબ કોઈ હોટલમેં નહિ ઠહેરેગેં. આપ સબ હમારે ઘરપે ઠહેરેગેં અૌર ઇસે અપના હી ઘર સમજોગી તો મુઝે ઝ્યાદા અચ્છા લગેગા... મૈં આપકે લિયે હર બંદોબસ્ત કર દુંગા...આપકો કોઈ તકલીફ નહિ હોગી...અૌર વિજય સુમનકો લેકર મેરે ઘર આયેગા તો મેરી બીબી અૌર પરિવાર કે સબકી ખુશીકા આપ અંદાજા નહિ લગા સકતી.' બશીર શેખ આગ્રહપૂર્વક બોલ્યો હતો. તેનો લાગણીભર્યો આગ્રહ સૌના દિલને વશ કરી ગયો હતો. સૌએ બશીર શેખની મહેમાનનવાઝી સ્વીકારવાની સંમતિ આપી...અને હેલિકોપ્ટરે શ્રીનગરના એરપોર્ટ પર ઊતરાણ કર્યું હતું.



૫

અબ્દુલે જમ્મુથી કરેલા ટ્રંકકોલ મુજબ શેખ બશીરના ઘેરથી એક કાર સૌને લેવા માટે શ્રીનગર એરપોર્ટ પર આવી પહોંચી હતી. હેલીકોપ્ટર નીચે ઉતરીને પોતાના પાર્કિંગપ્લોટમાં ઊભું રહેતાં કાર ડ્રાઈવર દોડીને સામે આવ્યો. વિજય, સુમન, તેની સહેલીઓ અને શેખ બશીર નીચે ઊતર્યાં. ડ્રાઇવરે સહુને કાર તરફ દોર્યાં. શેખ બશીરે હેલિકોપ્ટર ચાલક ડોગરાનો આભાર માનતાં બક્ષીસ આપી અને મેજરને તથા હેલિકોપ્ટરની તાત્કાલિક વ્યવસ્થા કરી આપવા બદલ જમ્મુ અને કશ્મીરના ચીફ મિનિસ્ટરનો આભાર સંદેશો પાઠવ્યો. આ વિધિ પતાવીને બશીર કાર પાસે પહોંચ્યો ત્યારે સૌ ૪ X૪ની ફોરચ્યુન કારમાં ગોઠવાઈને તેની જ રાહ જોતાં હતાં. બશીર કારની ફ્રન્ટ સીટમાં ગોઠવાયો અને કાર શ્રીનગરનાં બજારો વીંધતી શેખ બશીરના બંગલા ભણી આગળ વધી.

સમગ્ર શ્રીનગર ઉપર સંધ્યાનું આગમન છવાવા માંડ્યું હતું. લાલચોકનો ટ્રાફિક વિસ્તાર પસાર કરી દાલસરોવરના કિનારે થઈને કાર ચશ્મેશાહી રોડ ઉપર દોડતી હતી. દાલસરોવરની હાઉસ બોટોમાં રોશની ઝબૂકવા લાગી હતી. રોડની બંને બાજુ રંગબેરંગી ફૂલોના બગીચાઓ છવાયેલા હતા. દસેક કિ.મી.નું અંતર કાપીને કાર ઊંચા રળિયામણા ઢોળાવવાળા રસ્તે ચઢીને એક મોહક બંગલા આગળ આવીને ઊભી રહી ગઈ. "જન્નત પાર્ક" લીલા અક્ષરોમાં બંગલાનું નામ દરવાજાની કમાન ઉપર અંકાયેલું હતું. બંગલાનું સમગ્ર ચોગાન મોહક મખમલી લીલા ઘાસથી છવાયેલું હતું. વાતાવરણમાં શીતળતા છવાયેલી હતી. કાર ઊભી રહેતાં જ દરવાને દોડી આવીને કારના દરવાજા ખોલ્યા હતા. બંગલા આગળના બગીચાના ફુવારા નજીક રમી રહેલી બે બાળકીઓ ઊભી થઈને તાળીઓ પાડતી કુદી ઉઠી.

'ચાચા આ ગયે ! ચાચા આ ગયે !' કહેતી સાતેક વર્ષની આ મુગ્ધ બાલિકાઓ શેખ બશીરને ચોંટી પડી.

'દેખો તો અનાર-કલી, મૈં કિસે લે આયા હું ?' શેખ બશીર બંને બાલિકાઓને વારાફરતી ઉંચકીને તેમનાં મુખ ચૂમતાં બોલ્યો.

'વિજય ચાચા ! વિજય ચાચા...' કહેતી બંને બાલિકાઓ બશીરને છોડી વિજયને વળગી ગઈ. બંને જોડીયા બાળકીઓ હતી. બશીરના મોટાભાઈની પુત્રીઓ. જેમનાં નામ અનાર અને કલી હતાં.'

'દેખો બેટી, ઇનકો ચોટ લગી હુઈ હૈ કહીં દર્દ ન પહુંચાના...'

'ચાચા કો કૈસે ચોટ લગ ગઈ ?' અનારે આશ્ચર્યથી આંખો પહોળી કરી.

'ચાચાને ગુંડો સે ફાઇટીંગ કી ? યાનિ કી ઢિશૂમ ઢિશૂમ !' કલિએ મુક્કાબાજીનો અભિનય કરતાં કહ્યું હતું.

'ઢિશૂમ ઢિશૂમ નહિ...ધાંય ! ધાંય !' વિજયે એક હાથેથી ફાયરિંગ કરવાનો અભિનય

કર્યો હતો. પરંતુ એક ખભે પાટો બંધાયેલો હોવાથી તેના મુખ પર પીડા વરતાઈ હતી અને તે જોતાં બાળકીઓ ગંભીર થઈ ગઈ હતી.

'હમ અમ્મીજાન કો બતાતે હૈ...ચાચા આ ગયે...વિજય ચાચાકો ચોટ લગી હૈ...' બંને દોડીને મુગલાઈ ઢાંચામાં કંડારેલા મહેલસમા આવાસમાં દાખલ થઈ. બંને બાળકીઓના નિખાલસ અને ગંભીર વર્તનથી હરખાતાં સૌને શેખ બશીરે બંગલામાં આવકાર્યાં. ઐતિહાસિક બાંધકામનો એ બંગલો ખૂબ જ ઠાઠથી શણગારેલો હતો. મોટા દિવાનખંડમાં છત ઉપર કિંમતી કાચનાં ઝૂમ્મર, હાંડીઓ અને નકશીદાર લાકડાના મખમલી ગાલીચા બિછાવેલા તોતીંગ સોફાઓ મૂકેલા હતા. દિવાલોના મધ્ય ભાગો ઉપર ચોરસ અને ગોળ અરીસાના નાનામોટા ટુકડાઓથી વિવિધ ફૂલો અને ચિત્રોની પેઇન્ટીંગો બનાવેલી હતી. માર્બલ અને લાકડાનાં વૈવિધ્યભર્યાં શિલ્પો બંગલાની દિવાલોને અઢેલીને કલાત્મક રીતે ગોઠવેલાં હતાં.

શેખ બશીરે બધાંને દિવાનખંડમાં બેસાડ્યાં. નોકર આવીને પાણીના ગ્લાસ ભરીને મૂકી ગયો. બધાં પાણી પીને ગ્લાસ હેઠે મૂકે તે પહેલાં જ અંદરના ખંડમાંથી એક ખૂબસૂરત યુવતી દિવાનખંડમાં આવી પહોંચી. તેને જોઈને વિજય ઊભો થઈ ગયો. તે શેખ બશીરની પત્ની શબનમ હતી.

'આદાબ ભાભીજાન...'

'આદાબ વિજયભૈયા યે સબ કૈસે હો ગયા ? તબિયત કૈસી હૈ અબ આપકી ?'

'ચિંતા કી કોઈ બાત નહિ હૈ, મૈં બિલકુલ ઠીક હું. અનાર કલી કે જનમદિન કી પાર્ટીકા ખત મિલા અૌર મેં ચલ પડા આને કો. જમ્મુ સ્ટેશન પર જરા ગરબડ હોઈ ગઈ તો થોડી સી ચોટ આ ગઈ...!' વિજયે હસતાં હસતાં જ ટૂંકમાં વાત કરી દીધી.

'અૌર વો ગરબડમેંસે મિલા તોહફા મોહબતકા !' શેખ બશીરે સુમન સામે ધ્યાન દોરતાં પત્નીને ઇશારો કર્યો.

'ઇન્શાલ્લાહ તો યે હૂસ્ન કે લિયે વિજયજીને લડાઈ ખેલી ?'

'નહિ ભાભીજાન, આપ તો બાતકા બતંગડ બના રહી હૈ...ક્યા કોઈ લફંગે કિસી લડકિયાઁ કો છેડ રહે હો તો ભલા કોઈ આદમી દેખતા રહે સકતા હૈ ? ઉનકો બચાયેગા નહિ ?'

'હાં હાં, જરૂર બચાયેગા, બચાને કે બાદ હોસ્પિટલ તક લે જાયેગા, હોસ્પિટલમેં પટ્ટિયાં બાંધે હુએ ભી બચાને કે બદલેમેં કિસીકા મુંહ ચુમેગા...?' બશીરે મજાક કરી.

'અબે શેખ કે બચ્ચે ! મારુંગા હાં...સબ કે આગે પોલ ખોલતા હૈ ?' વિજય એક હાથનો મૂક્કો ઉગામતો ઊભો થઈ ગયો. સુમને શરમાઈને બે હથેળીઓ વચ્ચે ચહેરો છુપાવી દીધો હતો. બશીર ખડખડાટ હસી પડ્યો.

'ચલો બહોત હૂઆ. સબ થકે હૂએ હૈ. નહાધોકર થોડાસા આરામ કરો. થોડી દેરમેં ખાના તૈયાર હો જાયેગા. લડકિયાં સબ મેરે સાથ અંદર ચલો. મૈં સબકો કમરે અૌર ગુસલખાના દિખા દેતી હૂં...' સલમાએ હેતથી સુમનનો હાથ પકડીને અંદર ખેંચી.

'લેકિન હમારે કપડે તો સામાન કે સાથ હૈ... અૌર સામાન વો દુસરી ગાડીમેં જમ્મુમેં રહ ગયા...' મોનિકાએ મુંઝવણ વ્યક્ત કરી.

'વો સબ ઇન્તેજામ હો જાયેગા. મેરે ખયાલસે મેરે કપડે હમારી સુમન અૌર તુમ દોનો કો તો લગ જાયેંગે.' સુમન, રીટા અને મોનિકા સામે જોઈને સલમાએ કહ્યું.

'શાયદ જાસ્મીના કે લિયે કુછ પ્રૉબ્લેમ હોગા...' મોનિકાએ રીટા સામે જોઈને કહ્યું.

'મારે કોઈ પ્રોબ્લેમ નથી. તમે તમારી ચિંતા કરો. હું મારાં કપડાં આવશે ત્યારે બદલીશ.' જાસ્મીના ખિજવાઈ ગઈ.

‘કોઈએ મુંઝાવાની જરૂર નથી. સૌ પહેલાં ફ્રેશ થઈને સાંજનું ખાણું લઈ આરામથી પથારીમાં પડો. બધાં કંટાળ્યાં છો, થાક્યાં છો. તરત જ ઊંઘ આવી જશે અને સવારે સૂરજ ઊગશે અને કોઈ ઉઠ્યાંયે નહિ હો ત્યાં સૌ સૌના રૂમમાં પોતપોતાનો સામાન મુકાઈ ગયેલો જોશો.’ વિજયે મોનિકાને ધરપત આપી.

‘હાં, હાં, કોઈ બાતકી ફિકર મત કરો. અબ્દુલ ગાડીમેં સામાન કે સાથ રાતકો હી આ જાયેગા...’ સુમને અંદર જતાં જતાં વિજયની નજરથી નજર મિલાવી. વિજયે તેને આંખોથી જ આશ્વાસન આપતાં ચિંતા ન કરવાનું કહ્યું હોય તેમ હૈયાધારણ આપી પુનઃ સોફામાં બેસી પડ્યો અને એક હાથેથી સિગારેટ કાઢી મોઢામાં મૂકી. શેખ બશીરે લાઇટર કાઢી તેની સિગારેટ સળગાવી આપી. વિજયે તેને પણ પાકીટ ધરતાં બશીરે પણ સિગારેટ સળગાવી. અને બંને મિત્રો વાતોએ વળગ્યા.



૬

શ્રી નગર શહેર ઉપર રાતનું અંધારું ઉતરી ચૂક્યું હતું. લગભગ આઠ વાગ્યાનો સુમાર થયો હતો. જન્નત પાર્કનો પિંક પેલેસ રોશનીથી ઝગમગી ઊઠ્યો હતો. કેટલાક ચાકરો દિવાનખંડની બાજુના ડાઈનિંગ હોલના ડાઈનિંગ ટેબલ ઉપર જાતજાતની વાનગીઓ ગોઠવ્યે જતા હતા. નાનકડાં રંગીન ઝુમ્મરોમાંથી અવનવો પ્રકાશ હોલમાં રેલાતો હતો. વિજયની સૂચનાથી વેજીટેરિયન ખાણું પકાવવામાં આવ્યું હતું. કાશ્મીરી પુલાવ અને મટરપનીરની સબ્જીની સાથે પાલક પનીર, ટિક્કા મસાલા જેવી પંજાબી કાશ્મીરી મસાલાની ચટપટી સુગંધ સાથે અન્ય મીઠાઈની સુગંધ હોલમાં ફેલાઈ. શબનમે સહુને ડાઇનિંગ ટેબલ ઉપર નિમંત્ર્યા. સુમન શબનમની બાજુમાં હતી. રીટા, મોનિકા અને જાશ્મીના એક જ લાઇનમાં બેઠાં શેખ બશીરના મોટાભાઈ શેખ યાસીન અહેમદ સહકુટુંબ બહારગામ ગયા હોવાથી તેમની બેઠક ખાલી હતી - અને વૃદ્ધ અમ્મીજાનની તબિયત સારી ન હોવાથી તેમનું ખાણું તેમની રૂમમાં મોકલી દેવાયું હતું. એટલે સૌ જુવાનિયાંને મોકળું મેદાન મળ્યું હતું.

વિજયની નજર વારેવાર સુમન તરફ જતી હતી. શબનમે તેને કાશ્મીરી પોશાક પહેરાવ્યો હતો. કાશ્મીરી ગૂંથણીની રેશમી જાળીવાળા ઘેરા લાલ ડ્રેસમાં સુમન બેહદ રૂપાળી લાગતી હતી. વિજયની અવિરત નજરોથી ઘવાતી હોય તેમ સુમનનો ચહેરો શરમથી વધુ ને વધુ લાલ થતો જતો હતો. કારણ કે તેમની નજરોના શરસંધાનને શબનમ આડકતરી નજરે જોતી હતી અને મુસ્કરાતી હતી. મોનિકા અને રીટાએ પણ કાશ્મીરી પોષાકો જ પહેર્યા હતા.

પણ સુમનના રૂપ સાથે વસ્ત્રો એવાં તો મેચ થતાં હતાં કે સુમન અદ્દલ કાશ્મીરી યુવતી હોય તેવી લાગતી હતી. જાસ્મીનાએ વસ્ત્રો બદલ્યાં નહોતાં પરંતુ ચટાકેદાર રસોઈના સ્વાદ પછી કપડાં ન બદલવાનો તેનો રંજ ગાયબ થઈ ગયો હતો. તીખા તમતમતા ચણા મસાલા, રાજમા અને આખા ભરેલા બટાટા અને બેંગનના શાક ચટાકેદાર પંજાબી સબ્જીઓ, પરોઠા, અચાર, ચોખ્ખું ઘી નાંખીને રાંધેલા મીઠા ભાત તથા વેજીટેબલ પુલાવ, મસાલેદાર દાળ, પકોડા અને ફાલુદા આઇસ્ક્રીમ વગેરે વાનગીઓ પર જાસ્મીનાએ સારો એવો હાથ જમાવ્યો હતો. શેખ બશીર મીઠાં રસભર્યા, તાજાં લાલચોળ સફરજન કાપીને પ્લેટમાં મૂકી સૌ તરફ સરકાવતો હતો. બધા હસીમજાક કરતાં કરતાં સારી રીતે ભરપેટ જમ્યાં. પરંતુ સુમન અને વિજય તો એકબીજાની નજરોથી જ જાણે કે ધરાઈ ગયાં હતાં. અનાર અને કલી સૌને ચાંદીના નકસીદાર પ્યાલાઓમાં ઠંડું પાણી પીરસતી હતી.

'દેખો અમ્મીજાન વિજયચાચાને અૌર નઈ ચાચીજાનને કૂછ નહીં ખાયા...કિતના જૂઠા છોડા હૈ ?' અનારે શબનમ પાસે જઈને કહ્યું.

'બેટા, વિજયચાચા કો ડૉક્ટર અંકલને જ્યાદા ખાને કો મના કિયા હૈ...ક્યોંકી ઉનકો ઝખમ લગા હૈ...'

'લેકિન નઈ ચાચી કો તો કોઈ ઝખમ નહીં લગા હૈ...ઉસને ભી બહોત કમ ખાયા હૈ...દેખો, ઉનકી પ્લેટ ભી ભરી પડી હૈ...' કલી સુમનની પ્લેટ તરફ આંગળી કરતાં બોલી.

'બેટી ઉનકો ભી કોઈ અંદરકા રોગ લગ ગયા માલૂમ પડતા હૈ...' શબનમે સુમન સામે જોઈને મુસ્કુરાતાં કહ્યું.

'ના ભાભીજાન, હું તો ધરાઈને જમી છું...' સુમન બોલી.

'શું જમી છો ? મારી રસોઈ કરેલું આધું પડી રહ્યું છે તે હવે કૌન ખાવશે ?' શબનમે સુમન સાથે ભાંગીતૂટી ગુજરાતી ભાષામાં વાત કરતાં એની કાશ્મીરી પઠાણી ભાષાના લહેજા સાથે કહ્યું. જે સાંભળીને બધાં ખડખડાટ હસવા લાગ્યાં.

ભોજન પત્યા બાદ સૌ દિવાનખંડમાં આવ્યાં. શબનમે પોતાના હાથે પાનનાં બીડાં તૈયાર કરીને સહુને વહેંચ્યાં. વિજય પાન મોઢામાં મુકવા જતો હતો તેને શબનમે અટકાવ્યો અને સુમનને ખેંચીને તેની પાસે લાવી પાનનું બીજું બીડું તેણે સુમનના હાથમાં આપ્યું હતું અને પરસ્પરને હાથે બંનેના મુખમાં પાનબીડાં મુકાવ્યાં. બધાંએ તાળીઓ પાડીને શબનમના આ નુસખાને વધાવી લીધો. ત્યાં જ જાસ્મીનાએ ઊભી થઈને જાહેરાત કરી.

'સુમન બહોત અચ્છા ગાતી હૈ...વો હમારી કૉલેજ કી ટૉપ સિંગર થી. ઈસ અચ્છે મૌકે પે વો એક ગાના ગાયેગી... ગિવ હર એ બિગ હેન્ડ...' કહીને તેણે તાળીઓ પાડી જેમાં સૌએ સાથ આપ્યો.

'ના હું અત્યારે નહિ ગાઈ શકું.' સુમને શરમાતાં કહ્યું.

'ગાના આયે યા ન આયે...કોઈ ફરમાયિશ કરે તો ગાના ચાહિએ અૌર આપકો તો ગાના આતા હૈ, ઐસા જાસ્મીનાજી કહેતી હૈ તો ઉનકા માન રખને કે લિયે આપ જરૂર ગાયેંગી સુમનજી. અૌર યે મૌકે કે મુનાસિબ ગાયેગી.' બશીર શેખ રંગમાં આવી બોલી ઉઠ્યો હતો. સુમને ચાવેલું પાન ગળા નીચે ઉતારી પાણી પીને મોં ચોખ્ખું કર્યું. તેના ગુલાબની પાંખડીઓ સમા ઓષ્ઠ પાનના લાલ રંગથી માદક લાગતા હતા.

'ઠીક હૈ બડે ભૈયા, આપ કહેતે હૈ તો મૈં કોશિશ કરતી હું. કોઈ ફિલ્મી ગાના ચલેગા ? પુરાનેવાલા ?'

'હાં, હાં, કુછ ભી ચલેગા આપ - શુરુ કિજીયે....ઈર્શાદ...'

અને સૌએ તાળીઓથી સુમનને વધાવતાં શરૂઆત કરવા પ્રેરી હતી. સુમનના શરમાયેલા હોઠ સ્મિત સાથે ખૂલ્યા હતા અને એક મીઠું મજાનું ગીત તેમાંથી સર્યું.

'પાન ખાયે સૈયા હમારે, સાંવલી સુરતિયા હોંઠ લાલ લાલ, હાય હાય મલમલકા કુરતા, મલમલકે કુરતે પે છીંટ લાલ લાલ...હાય હાય...મલમલકા કુરતા...'

ખંડમાં નીરવ સ્તબ્ધતા પ્રસરી ગઈ. સુંદર સુમનનો કંઠ આટલો મીઠો અને લયબદ્ધ હશે તેવું તો બશીર, શબનમ અને ખુદ વિજયે પણ કલ્પ્યું નહોતું. શ્રીનગરની સોહામણી સાંજની ઘેરી ઠંડકમાં સુમનનો સૂર દિવાનખંડમાં રેલાઈને બહાર સરતાં બંગલાના નોકર-ચાકરો પણ ગીત સાંભળવા દિવાનખંડની દિવાલે આવી ઊભા રહી ગયાં. બે મિનિટમાં સુમને ગીત પૂરું કરી કુર્નિશ બજાવી...અને સૌએ તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધી. શબનમે સુમનની પીઠ થાબડી, આશ્લેષમાં લઈ તેનું કપાળ ચૂમી બિરદાવી અને અનાર કલીની બર્થડે પાર્ટીમાં એક મજાનું ગીત પેશ કરવાનું આગ્રહથી કહી દીધું હતું. વિજયે તેમાં સૂર પુરાવતાં ખાતરી આપી. સૌ આનંદથી છૂટાં પડ્યાં. બે રૂમમાંથી એકમાં સુમન અને મોનિકા અને એકમાં રીટા અને જાસ્મીનાની સુવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિજયને અલાયદો ખંડ ફાળવાયો હતો - જેનું બારણું સુમનના રૂમની સામે જ હતું. વચ્ચે લાંબી ગૅલેરી હતી.

શેખ બશીર વિજયના ખંડમાં બેઠો હતો. બંનેએ વાતો કરતાં રોયલ ગોલ્ડન બિયરની

બોટલ ખાલી કરી. વિજયને આરામથી સૂવાનું કહીને શેખ બશીર પોતાના બેડરૂમમાં ચાલ્યો ગયો. વિજયને ઊંઘ આવતી નહોતી. તે આંખો મીંચીને પથારીમાં પડ્યો હતો. થાક, દર્દ અને વિચારોનું દબાણ ધીરે ધીરે હળવું થતાં તેની આંખ મીંચાઇ ગઈ. સામેના ખંડમાં સુમન પણ સૂઈ શકી નહોતી. થોડીવાર વાતો કરીને મોનિકા ઊંઘી જતાં તે વિજયના ખંડમાં આવી. નાઈટ લૅમ્પના આછા અજવાસમાં તેણે વિજયને પડખાભેર સૂતેલો જોતાં હળવેથી સીધો સુવાડ્યો અને કપાળે હેતથી હાથ ફેરવ્યો. પલંગના ખૂણા ઉપર વિજયના માથા પાસે દીવાલને અઢેલીને તે બેઠી. વિજયના સુતેલા દેહને તેણે અહોભાવથી નિહાળ્યો હતો. અણધાર્યો સાંપડેલો આ મનગમતો સાથી શું જિંદગીભર માટે પોતાને મળી ચૂક્યો હતો ? તેનાં માતાપિતા મને તેની પત્ની તરીકે સ્વીકારવા સંમત થશે ખરાં ? શેખ બશીરની શ્રીમંતાઈ અને વૈભવ જોતાં તેનો દોસ્ત એવો વિજય પણ તેની બરાબરીનો જ હશે. તે શું સાચ્ચે જ મને પત્ની તરીકે સ્વીકારવામાં પોતાના કુટુંબ સામે સફળ થઈ શકશે ? તેનું મન હા કહેતું હતું પરંતુ ઊંડે ઊંડે કંઈક ડર અને ગભરાટની ભાવના ઘૂમરીઓ લેતી હોય તેવું લાગતું હતું.

વિજયે તો જન્મોજન્મ સુધી સુમનને ન વીસારવાનું વચન આપ્યું હતું. આગલો જન્મ તો કોણે જોયો છે, પરંતુ આ જન્મમાં આ સથવારો સફળ થાય તો યે કેટલું સુખદ ! સુમને એવા વિચારોમાં વિજયનો સીનો સહેલાવે રાખ્યો હતો. વિજયના હૃદયમાંથી જાણે કે અસ્ફુટ સ્વરો ઉદ્ભવતા હતા આઈ લવ યુ...હું પણ આ જન્મ...જન્મોજન્મ સુધી તને પ્રેમ કરતી રહીશ વિજય...તારા સિવાયની મારી જિંદગી રણમાં તરસી હરણી જેવી બની રહેશે. મને તું રણમાં રઝળાવીશ તો નહિ ને ?

સુમન વિજયના ચહેરા ઉપર ઝૂકી હતી. તેના રેશમી કોરા કાળા વાળનું વાદળ વિજયના મુખ ઉપર છવાઈ ગયું. આટલી રાતની ઠંડકમાં પણ વિજયના કપાળ અને હોઠ ઉપર પ્રસ્વેદનાં ઝીણાં બિંદુઓ પ્રસરેલાં હતાં. ફૂલની પાંખડીઓ પરથી ઝાકળનાં બિંદુઓ ચૂસતા પતંગિયા જેમ સુમને હળવા હોઠે એ પ્રસ્વેદ બિંદુઓ ચૂમ્યાં, ત્યાં જ બહાર કોઈ કારના આવવાનો અવાજ સંભળાયો. દરવાને દરવાજો ઉઘાડ્યો. સુમને ઊભા થઈ કાચની બારીમાંથી બહાર જોયું તો અબ્દુલ જમ્મુથી કાર લઈ આવી પહોંચ્યો હતો. તે કાર બંગલાના અંદરના દરવાજે લાવ્યો હતો અને એન્જીન બંધ કરી અબ્દુલ નીચે ઉતરે તે પહેલાં પાછળની ડીકીમાંથી કોઈ માનવ આકાર ચપળતાથી બહાર કૂદી પડ્યો અને કારના પાછલા વ્હીલ પાસે સંતાઈને લપાઈ ગયો. અબ્દુલે સામાન બહાર કાઢી ઉપરના ઓટલા ઉપર મૂક્યો અને નોકરને જગાડવા સર્વન્ટ ક્વાર્ટર તરફ ચાલવા માંડ્યો, ત્યાં જ સામાનમાંથી એક પ્લાસ્ટીકની એરબેગ ઉપાડી પેલો છુપાયેલો આકાર ભાગ્યો. દરવાને તેને પડકારતાં તેણે રિવોલ્વર કાઢી ફાયર કર્યો પણ સતર્ક દરવાને નીચે બેસી જઈ પોતાની જાતને બચાવી લીધી અને પોતાની રાઇફલમાંથી નિશાન લઈ ગોળી છોડી. ફક્ત ખટાક કરતો અવાજ થયો અને આગનો એક લીસોટો અંધકારમાં ઝબકી ગયો હતો ! સાઈલેન્સરયુક્ત ઓટોમેટિક રાઈફલે તેનું કામ બજાવ્યું હતું અને ગોળી પેલા ભાગતા આકારના પગને વીંધી ગઈ હતી. તેની ચીસ વાતાવરણમાં ફેલાઈ ગઈ. હાથમાંની એરબેગ છટકીને ભોંય પડી...પરંતુ તે ગોઠમડાં ખાઈને ઝડપથી ઢોળાવ ઉપરથી ગબડ્યો. સુમનથી હળવી ચીસ નંખાઈ જતાં વિજય ઝબકીને જાગી ગયો. ગભરાયેલી સુમન તેને બાઝી પડી. અબ્દુલે પાછા વળી દોડીને દરવાન પાસે જઈ ઝડપથી પૂછતાછ કરી. બંનેએ ઢોળાવ નીચે જઈ તપાસ કરતાં પેલી વ્યક્તિ અંધકારમાં અલોપ થઈ ગઈ હતી. પ્રવેશદ્વાર વચ્ચે પડેલો થેલો લઈ બંને પાછા આવ્યા. ત્યાં આ ઝપાઝપીના અને ગોળીબારના અવાજથી અમુક નોકરો અને ઉપરના મજલે શેખ બશીર પણ જાગી ગયો. તે ઝડપથી દાદર કૂદતો નીચે આવ્યો. સુમન વિજયના બાહુપાશમાં ગભરાયેલી લપેટાયેલી પારેવડીની જેમ ફફડતી હતી.



૭

શેખ બશીર અહેમદના હાથમાં પિસ્તોલ હતી. તેણે વિજયના કમરા આગળ આવીને હાક મારી. સુમનને અળગી કરી વિજયે બારણું ઊઘાડ્યું. વિજયને હેમખેમ જોઈ તેને શાંતિ થઈ કેમ કે તેને એવો ડર હતો કે હુમલાખોરો કદાચ અહીં સુધી આવી ચડ્યા ન હોય. પરંતુ તે તો પોલીસ કસ્ટડીમાં હતા તો પછી બશીરના બંગલામાં ઘૂસણખોરીની હિંમત કોણે કરી ? અબ્દુલ અને ચોકીદાર પેલી બેગ સાથે અંદર આવ્યા.

'ક્યા હુઆ ખાન ?' બશીરે ચોકીદારને ઉદ્દેશીને પૂછ્યું.

'સા'બ કોઈ આદમી યે એરબેગ ઉઠાકે ભાગ રહા થા.'

'લેકિન વો આદમી આયા કહાંસે ? તુમ કૈસી ચોકીદારી કરતે હો ?'

'સા'બ યેહી સમજમે નહીં આતા હૈ, મૈં પૂરી રાત જાગતા હી રહતા હું. મેરી નજર કે સામને સે કોઈ અંદર આ નહિ સકતા.'

'એ માણસ કારની ડીકીમાંથી બહાર આવ્યો અને અબ્દુલભાઈની નજર ચૂકવી આ એરબેગ લઈને ભાગ્યો તે મેં રૂમની અંદરથી બારીમાંથી જોયું.' સુમને જણાવ્યું. તેણે ગભરાટમાંથી સ્વસ્થતા ધારણ કરી લીધી હતી, છતાં વિજયનો હાથ પકડેલો રાખ્યો હતો.

'કારની ડીકીમાંથી ? મતલબ કે પેલા હુમલાખોરોની ટુકડીએ જ કારનો પીછો કરાવ્યો હશે. પરંતુ કોઈ માણસને ખોળવાને બદલે તે ફક્ત આ એરબેગ લઈને કેમ ભાગ્યો ?' વિજયે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'યે બેગ કિસકી હૈ ?' બશીરે પૂછ્યું 'અૌર ઈસમેં કોઈ કિંમતી ચીજ હૈ ક્યા ?'

'ના, આ બેગમાં મારાં પરચૂરણ કપડાં અને મેકઅપના સામાન સિવાય કંઈ જ નથી. પરંતુ પ્રવાસ દરમ્યાન તે ગુંડાઓ અમારી બેઠકો આગળથી અવરજવર કરીને હરકતો કરતા રહ્યા હતા. ટ્રેનમાં બે-એકવાર પોલીસ ચેકીંગ આવ્યું હતું. ત્યારે તેઓ શાંત થઈને બેસી ગયા હતા. એમની પાસે બે-ત્રણ બગલથેલાઓ સિવાય કોઈ સામાન નહોતો.'

'પોલીસે તેમના દેખાવ ઉપરથી જ તેમના થેલા ફેંદ્યા હતા, પણ કાંઈ મળી આવ્યું નહોતું. અમને ફક્ત સામાન્ય પૂછપરછ કરી પોલીસ ચાલી ગઈ હતી.

'તુમને ઉસી વક્ત પુલીસ કો ઉન લોગો કે બારેમેં શિકાયત ક્યું નહિ કી ?'

'દુસરી બાર જબ પુલીસ આઈ તબ હમને શિકાયત કી થી અૌર પુલીસને ઉન લોગોકો ધમકી દેકર ડબ્બા ચેઈન્જ કરવાયા થા. ડબ્બા બદલને કે બાદ ભી ઉનમેંસે કોઈ ન કોઈ હમારી જગહકે આગેસે સ્ટેશન આને પર આકર નિગરાની રખતા હુઆ ચલા જાતા થા'

'મતલબ કિ ઉન લોગોકી નિગાહ તુમ પર થી.' બશીર બોલ્યો.

'ગલત ! ઉન લોગો કી નિગાહ અગર સિર્ફ સુમન પે હોતી તો યહાં આકર વો આદમી છીપકર બંગલેકી હર એક જગહકી તલાશી લેતા અગર તો સુબ્હા તક સુમનકે બહાર

નિકલનેકા ઇંતેઝાર કરતા.'

'હમેં યહ એરબેગ દેખની ચાહિયે શાયદ ઉન લોગોને ઈસમેં કોઈ ચીજ છિપા દી હો, પુલીસસે બચને કે લીયે. અૌર મૌકા ન પાકર વાપીસ નિકાલ ન સકે હો...' અબ્દુલે તર્કભર્યો સુઝાવ કહ્યો હતો.

'હાં અબ્દુલભૈયા, જમ્મુ સ્ટેશન પર ઉતરને કે બાદ મેરા યે બેગવાલા હાથ પકડ કર વો મવાલીને ખિંચને કી કોશિશ કી થી.'

'એટલે તેઓ તારી છેડતી કરવા નહોતા માગતા પણ એવા તરીકાથી આ એરબેગ ઝૂંટવીને ભાગવા માંગતા હતા. મારી ગેરસમજ થઈ અને મેં ફાઈટીંગ જમ્પ માર્યો. પરંતુ જે કંઈ રહસ્ય છે તે આ બેગમાં છે...' વિજયે કહ્યું.

'અૌર સામાન ભી અંદર લે આઓ-અૌર સબકો દે દો... સબ અચ્છી તરાહસે અપની ચીજે સાવધાનીસે દેખલો.' બશીરે હુકમ આપતાં નોકરો અન્ય સામાન અંદર લાવ્યા. વિજયના ખંડમાં બધાં ભેગાં થઈ ગયાં હતાં. તે સૌને સૌના સામાન સાથે બશીરે પોતપોતાના રૂમમાં જવા કહ્યું. નોકરોને પણ જાગતા રહી સતર્ક રહેવા જણાવ્યું હતું. બશીરે પોલીસને ફોન કરી હકીકત જણાવી હતી અને પોતાના બંગલાની આસપાસના વિસ્તારમાં ભાગીને છુપાયેલા હુમલાખોરની તલાશી કરવા કહ્યું. સુમને રૂમની વચ્ચેના રાઉન્ડ ટેબલ ઉપર એરબેગમાંથી બધી ચીજો બહાર કાઢીને મૂકી અને થેલો ખાલી કરી ખંખેર્યો. વિજયે તેના હાથમાંથી થેલો લઈ તેના ઉપરના પોકીટની ચેઈન ખોલીને ખાનું ફંફોસતાં એક મેલા કપડાની નાનકડી પોટલી હાથમાં આવી. તેણે કપડાની ગાંઠો છોડતાં અંદરથી મજબૂત પ્લાસ્ટીકની કોથળી નીકળી. તે કાળા રંગની કોથળી આંગળાથી દબાવતાં નાનકડા કાચના ટુકડાઓ જેવી વસ્તુ અંદરથી પેક કરેલી લાગતી હતી. બશીર શેખે ગજવામાંથી ચાવીઓનો ઝૂડો કાઢી, વિજયના હાથમાંથી પ્લાસ્ટીકની કોથળી લઈ ઝૂડામાં ભરાવેલા નાનકડા ચપ્પાની તીક્ષ્ણ ધારથી ચીરો મૂક્યો. કોથળીનું મોં ખૂલતાં અંદરથી ઝગારા મારતા નાનકડા હીરાઓ ચમકતા હતા. બશીરે બીજા હાથમાં થોડાક હીરા ઠાલવ્યા. બશીરની હથેળી હીરાનાં તેજકિરણોથી જાણે કે ઝગમગી ઊઠી હતી ! ત્રણેય જણાંના મોઢાં આશ્ચર્યથી પહોળાં થઈ ગયાં હતાં.

'યે તો અસલી હીરે હૈ...તુમ્હારા પાલા કોઈ સ્મગલિંગ ગેંગકે સાથ પડા થા, સુમન શુક્ર હૈ ખુદા કા તુમ અબતક સલામત હો...તુમ્હારે સાથ ઝઘડા હોને કે બાદ પુલીસ આને સે જો ગુન્ડે ભાગ નીકલે ઉનમેંસે કિસીને છીપકર તુમ્હારી નિગરાની રખ્ખી અૌર તુમ્હારી કારકા હર વક્ત પીછા કરતા રહા હોગા. જો મૌકા મિલને સે યે હીરે નિકાલ લેના ચાહતા થા. લેકીન અબ્દુલને ડીકીમેં ઉનકો લૉક કર દીયા...'

'અબ ક્યા કિયા જાય ?' વિજયે પ્રશ્નાર્થ ચહેરે બશીર સામે જોયું.

'અબ યે જિન્દા મૌત કો સરકારમેં જમા કરા દેના હોગા. યે સ્મગલિંગ ગેંગવાલે ખતરનાક હોતે હૈ. અપના માલ વાપીસ પાને કે લિયે યે લોગ કુછ ભી કર સકતે હૈ. માલ સરકારમેં જમા હો જાયેગા તો આધા ખતરા ટલ જાયેગા અૌર આધા ખતરા હમારી દુશ્મની કા ઉનકે સાથ બાકી રહેગા...વો હમ દેખ લેંગે...' કહીને શેખ બશીરે ટેલીફોનના કેટલાક નંબરો ઘુમાવ્યા. અડધા કલાકમાં તો બે સરકારી પોલીસ જીપકારો આવીને બશીરના બંગલાના ઝાંપે ઉભી રહી ગઈ. જીપના અવાજથી બશીર બહાર આવ્યો. જીપમાંથી ડી.વાય.એસ.પી. શ્રીવાસ્તવ અને કસ્ટમના ચારેક આદમીઓ ઉતર્યા. બીજી જીપ જમ્મુ એન્ડ કાશ્મીર પોલીસ ડિપાર્ટમેન્ટની હતી. જેમાંથી અડધો ડઝન સશસ્ત્ર માણસો ઉતર્યા. બશીરના કહેવાથી ચોકીદારે ગેટ ખોલ્યો. હથિયારધારીઓએ ફરતે પોઝિશન સંભાળી. શ્રીવાસ્તવ અને કસ્ટમ્સના માણસોને શેખ બશીરે અંદર આવકાર્યા.

'વેલકમ સર ! હમારી આધી રાત કે બાદકી મહેમાનનવાઝી કુબુલ કિજીયે...'

શ્રીવાસ્તવના કઠોર ચહેરા પર સ્મિત ફરક્યું.

'આપકે ટેલિફોન સે હમ પરેશાન હો ગયે થે. ચારોં ઔર પુલીસ વો આદમીકી તલાશમેં લગ ગઈ હૈ. વો બચ કે નિકલ નહિ સકતા હૈ. અબ પૂરી બાત બતાઈએ.'

બશીર સૌને વિજયના ખંડમાં લઈ ગયો. જ્યાં બધા રાઉન્ડ ટેબલની આસપાસ ખુરશીઓ ખેંચીને બેઠા. વાતાવરણમાં પાછલી રાતની ઠંડીનો ચમકારો વર્તાતો હતો. શ્રીવાસ્તવ મજબૂત બાંધાનો બંગાળી પોલીસ ઓફિસર હતો. તેણે ગરમ ઓવરકોટ પહેર્યો હતો અને યુનિફોર્મમાં હતો. બાકીના માણસો સાદા વેશમાં હતા.

'પહેલે આપ યે તો ફરમાયેં કી આપ ક્યા લેંગે ચાય કોફી યા ઔર કુછ...' બશીરે પૂછ્યું.

'સ્ટ્રોંગ કોફી ઠીક રહેગી ક્યોં ભલ્લા ?' શ્રીવાસ્તવે સાથેના બેઠીદડીના કસ્ટમ ઓફિસર સામે જોઈને પૂછ્યું હતું.

'હાં, સા'બ ઠીક રહેગી. ઔર કુછ કા યે વક્ત નહિ હૈ' કહેતાં ભલ્લા મોકળું હસ્યો. બશીરે નોકરને કડક કોફી અને કબાબના નાસ્તાનો ઓર્ડર આપ્યો.

'હાં શેખ સાહબ અબ સ્ટોરી શરૂ કીજીયે...' શ્રીવાસ્તવે મુદ્દા ઉપર આવતાં બશીરને કહ્યું. એક પોલીસ રાઈટરે કોટના ગજવામાંથી રાઈટીંગપેડ અને પેન કાઢીને કેસ નોંધ કરવાની તૈયારી કરી.

'સ્ટોરી કાફી લમ્બી ઔર રોમાંચક હૈ. પહેલે મૈં આપકો યે સ્ટોરીકે હીરો ઔર હીરોઈનસે તો પહેચાન કરાદૂં....યે હૈ હમારે દોસ્ત મિસ્ટર વિજય...ઔર ઉનકી મહેબુબા-કમ હોનેવાલી બીવી મિસ સુમન શાહ...'

વિજયે ઉભા થઈને શ્રીવાસ્તવ સાથે હાથ મિલાવ્યો. સુમને પણ નમસ્કાર કર્યા. શેખ બશીરે આખો કિસ્સો એની જુબાનમાં શ્રીવાસ્તવને વર્ણવ્યો. પોલીસ કોન્સ્ટેબલે તે પોતાની ડાયરીમાં ઉતારી લીધો. છેલ્લે બશીરે સુમનના હાથમાં રહેલી પ્લાસ્ટીકની કોથળી શ્રીવાસ્તવના હાથમાં ઠલવતાં એકદમ બોલી ઉઠ્યો. 'ઓહ માય ગોડ ! ઈતને સારે ડાયમન્ડઝ !'

શ્રીવાસ્તવ આશ્ચર્યચકિત થઈ હીરા જોઈ રહ્યા. થોડી વાર પછી તેણે ભલ્લાને કોથળી સોંપી. મિ. ભલ્લા અને કસ્ટમ્સના માણસોએ તેની ચકાસણી કરી. લગભગ બે કરોડની કિંમતના હીરા હોવાનો અંદાજ આપ્યો હતો. સુમન તો તે સાંભળીને હબકી ગઈ હતી. બે કરોડના માલ માટે દાણચોરીની ટુકડી ગમે તેને ખતમ કરતાં અચકાય નહિ.

'હમ આપકે બહાદુર દોસ્ત મિસ્ટર વિજય કો ધન્યવાદ દેતે હૈ અગર જમ્મુમેં ઉન્હોને ઉનસે ટકરાને કી હિંમત ન કિ હોતી તો સ્મગલર્સ શાયદ યે માલ લેકર પાકિસ્તાનકી સરહદમેં ઉતર ગયે હોતે...'

'એક્સક્યુઝમી સર !' વિજયે પૂછ્યું, 'લેકિન યે કરોડોકે હીરે લે જાકર વહાંસે યે લોગ ક્યા લાતે હૈ જો હીરોંસે ભી કિંમતી હો...'

'બ્રેવમેન ! યે સ્મગલિંગ બહોત બડા રેકેટ હોતા હૈ. ડાયમન્ડઝ ઔર ગોલ્ડ કે ચેઈન્જમેં યે સ્મગલર્સ વહાંસે અફીન, ગાંજા, કોકેઈન, બ્રાઉન સ્યુગર આદિ કઈ કિસમકી નશીલી ચીઝોં કી હેરાફેરી કરતે હૈ...' દો કરોડકે બદલેમેં દસ કરોડકી સ્મગલરી કર સકતે હૈ યે લોગ...બટ નાઉ યુ મસ્ટ હેવ બી એલર્ટ એન્ડ ઓલવેઈઝ ટેઈક એ રીવોલ્વર વીથ યુ ફોર યોર પ્રોટેક્શન. શાયદ કિસીભી વક્ત ઉસ ગેંગકે કિસી આદમીસે મુઠભેડ હો જાયે...હમ આપકો લાઈસન્સ દેનેકે લિયે ગવર્નમેન્ટકો રેકમન્ડ કરેંગે. શૂટિંગ ન જાનતે હો તો ટ્રેનિંગ લે લો.'

'ફોર યોર ઈન્ફરમેશન સર, હી ઈઝ ચેમ્પીયન ઈન શુટીંગ' બશીરે જણાવ્યું.

'ક્યા બાત હૈ...યંગમેન, તુમ્હે તો પુલીસમેં ભરતી હોના ચાહિયે. તુમ્હારે જૈસે ક્વોલિફાઇડ અૌર બ્રેવ યંગમેનકી સેવાકી દેશકો જરૂરત હૈ...'

'માફ કરના સા'બ, ઈનકો નૌકરીકી જરૂરત નહીં હૈ ઉનકા દિલ્હીમેં બહોત બડા કારોબાર હૈ...'

'ડોન્ટ માઈન્ડ શેખસાબ મૈં તો મજાક કર રહા થા. આપકે દોસ્તને જો કિયા હૈ વો ભી કમ નહિ હૈ... એક બહોત બડી સ્મગલિંગ ગેંગ યે કિસ્સેકે ઝરીયે પકડી જાયેંગી ઐસા લગતા હૈ... મિ. વિજયકો સરકારી ઈનામ મિલેગા...'

'ઓર વો લોગકા રિશ્તા આતંકવાદીયો સે ભી હો સકતા હૈ.' ભલ્લાએ શ્રીવાસ્તવના શબ્દોમાં સૂર પૂરાવ્યો.

નોકરો કોફીના કપ અને સુગંધીસભર કબાબની ડીશો લઈને આવ્યા. ગરમ ગરમ કબાબનો નાસ્તો કરીને, કોફીની ચુસ્કીઓ લીધી. કસ્ટમના માણસોએ નોંધણીની વિગતોની ખૂટતી માહિતી મેળવીને ડાયરી બંધ કરી અને શ્રીવાસ્તવે બશીર શેખનો આભાર માની રજા લીધી. તેના બંગલામાં રક્ષણ માટે સશસ્ત્ર બંદોબસ્ત મુકાયો હતો. સૌને વળાવી બશીર અને વિજય બંગલાના અંદરના ખંડમાં પાછા આવ્યા. સુમન બગાસાં ખાતી બેઠી હતી. પરોઢનો સમય થયો હતો. વૃક્ષો પર પક્ષીઓની મોહક ચહલપહલ શરૂ થઈ ચૂકી હતી. રાતના બનાવનો ઓથાર થોડોક હળવો થયો હતો.

'સ્મગલિંગકે હીરે તો સરકારમેં જમા કરવા દિયે અૌર યે રહા તુમ્હારા મહોબતકા હીરો, ઈનકે સાથ થોડા આરામ કરો...અગર ચાહો તો હમારે કમરેમેં આ જાઓ...'

'નહીં, વૈસી કોઈ ગભરાહટકી બાત નહિ હૈ...બશીર દોસ્ત, હમારી વજહસે તુમ્કો કાફી પરેશાની...' વિજયને આગળ બોલતો અટકાવી બશીર વચ્ચે જ બોલી ઉઠ્યો.... 'એઈ બદતમીઝ. અગર ઐસી બાત ફિરસે નિકાલી તો માર બૈઠુંગા. તેરી વજહસે મુઝે કોઈ તકલીફ નહિ હો સકતી. તું સલામત રહે. તેરી મહોબત સલામત રહે ઐસી ખુદા કો દુઆ કરતા હું મૈં...અબ તુમ આરામ કરો' કહીને વિજયનો ખભો થપથપાવી સુમન તરફ આશ્વાસનભરી નજર નાંખી બશીર શેખ બહાર ચાલ્યો ગયો, પરંતુ તરત જ પાછા આવી પોતાની નાનકડી પિસ્તોલ વિજયના હાથમાં આપતાં બોલ્યો.

'ઈસે તેરે પાસ રખ્ખા કર. કોઈ ભી વક્તપે કામ આ સકતી હૈ...' વિજયે પિસ્તોલ હાથમાં લીધી હતી, બશીર ચાલ્યો જતાં વિજયે પોતાના ખંડનું બારણું અંદરથી બંધ કર્યું એટલે સુમને વિજયના હાથમાંથી પિસ્તોલ લઈ લેતાં કહ્યું.

'ભગવાન કરે આ ભયંકર વસ્તુની કોઈ માટે જરૂર ના ઊભી થાય...ન જાણે કેવાં કિસ્મતની જન્મી છું હું કે જ્યાં જાઉં છું ત્યાં કોઈ ને કોઈ મુસીબતો ના જાણે ક્યાંથી મારી સાથે થઈ જાય છે. ઘરે કાકીની જંજાળમાંથી છૂટીને પરાણે કાશ્મીરની ટૂરમાં નીકળી તો અહીં પણ મુસીબત આવીને પડી.'

'જો મુસીબતો ન આવી હોત તો આપણી મુલાકાત ક્યાંથી થાત ? આપણા મિલન માટે પણ મુસીબતોનો આભાર માનવો જોઈએ. હવે આપણે સાથે થયાં છીએ. તું તારા ઘરની વાતો કહે... હું તારી બધી જંજાળો દૂર કરવા શક્ય પ્રયત્નો કરીશ. મારા જીવતાં મારી સુમનને કોઈ મુસીબત ન રહે તે જોવાની મારી ફરજ છે...'

'હું બધું જ કહીશ વિજય, તમે થાકેલા અને દરદી છો. રાત ઘણી વીતી ગઈ છે. હવે થોડો આરામ કરો. આપણી પાસે હજી ઘણા દિવસો પડ્યા છે. પછી વિગતે વાત કરીશ. મને એટલું વચન આપો કે મને છોડી તો નહિ દો ને ?'

'તું કહે તેના સોગંદ ખાઈને હું કહું છું હું તને પ્રેમ કરું છું. મારી જિંદગીનો પહેલો અને

આપણે જીવીએ ત્યાં સુધીનો છેલ્લો પ્રેમ તને કરતો રહીશ. દુનિયાની કોઈપણ વ્યક્તિ કરતાં તું મને વધુ વહાલી છે અને હું તારા સોગંદ ખાઈને કહું છું કે આઈ લવ યુ સુમન...રીયલી આઈ લવ યુ. હું તને કોઈ કાળે નહિ છોડી શકું...'

વિજયના શબ્દોએ સુમનના દિલની દિવાલોને સ્પર્શ કર્યો. હેતનાં નીર સુમનની આંખોમાં ઝળઝળિયાં બનીને ઝળકી ગયાં અને મોતીની માફક આંખોના ખૂણેથી ટપકી ગયાં.

'ઓહ સુમન કેટલીવાર કહ્યું તને...તારી આંખોમાં આંસુ મને દુઃખ પહોંચાડે છે તારા કોમળ દિલને દુઃખાવ નહિ. જિંદગીની રાહમાં આપણે સુખદુઃખ સાથે જ પાર કરીશું. ચાહે લાખો તુફાન આવે...જીવ ચાલ્યા જાય છતાં આત્માથી આપણે જુદા નહિ પડીએ, ચાલ આપણે સાથે જ એવી કસમ ખાઈએ...'

'ઓહ વિજય યુ આર ગ્રેટ...' કહેતી સુમન વિજયને ભેટી પડી. વિજયે ઝૂકીને સુમનની ગરદન પાછળ હાથ રાખી આવેશથી સુમનના તરફડતા હોઠને પોતાના હોઠથી કેદ કરી લીધા. વહેલી વાતાવરણમાં બહાર ફેલાયેલાં પંખીઓના પ્રભાતના કલરવની જેમ અંદરના ખંડમાં આ પ્રણયપંખીઓનો ચહચહાટ ફેલાઈ રહ્યો. સુમનના આંસુની ખારાશ વિજયના હોઠમાં ભળી હતી બંને જણાં પલંગમાં સુઈને વાતોમાં ગુંથાયાં હતાં-સુમનના ઘરની અને તેની આજ સુધીની જિંદગીની વાતોમાં.



૮

બશીર શેખના શ્રીનગરસ્થિત બંગલામાં વિશ્રામ કરી રહેલા વિજયને હવે આરામ થઈ ગયો હતો. ખભા ઉપરના જખમના સ્ટિચીઝ પણ ખોલી નાંખવામાં આવ્યા હતા. આ દિવસો દરમ્યાન સુમન સતત વિજયની તહેનાતમાં રહી હતી. બશીર શેખની પત્ની સલમાએ સુમનની સહેલીઓને સમગ્ર કાશ્મીરની સહેલગાહની સંપૂર્ણ વ્યવસ્થા કરી આપી હતી. અબ્દુલ સાથેની મર્સીડીઝ કારમાં બધાંએ આઠેક દિવસો સુધી જોવાલાયક સ્થળોની મનભરીને મઝા માણી હતી. આ સમયગાળામાં સુમન અને વિજય પરસ્પર ખૂબ જ નિકટ આવી ગયાં હતાં. કાશ્મીરનો પ્રવાસ પૂરો થતાં સુમનની બહેનપણીઓએ પાછા ફરવાની રજા માંગી. બશીર શેખ અને શબનમે કિંમતી ભેટ સોગાદો સાથે તેમને વિદાય આપી અને સુમન તથા વિજયને એકાદ અઠવાડિયું વધારે રોકાઈ જવા આગ્રહ કર્યો કારણકે વિજયની સારવારમાં રોકવાને લીધે સુમન કોઈ જોવાલાયક સ્થળોએ જઈ શકી નહોતી જેથી પોતે અઠવાડિયા પછી આવી જશે તે મતલબનો પત્ર સુમને પોતાના કાકા ઉપર, બહેનપણીઓ સાથે, લખી મોકલ્યો હતો. અબ્દુલ કારમાં ત્રણેય યુવતીઓને જમ્મુ સ્ટેશને જઈ બરોડાની ટ્રેનમાં બેસાડી આવ્યો. બરોડા પહોંચીને સુમનની ફ્રેન્ડ જાસ્મીનાએ સુમનની ચિઠ્ઠી તેની કાકીને પહોંચાડી. આટલા દિવસોના પ્રવાસ પછી પણ સુમનને તેઓની સાથે પાછી ફરેલી ન જોતાં કાકી ઉશ્કેરાઈ ગઈ, અને સુમનને ભાંડવા લાગી. સુમન માટે તેણે આ અઠવાડિયામાં ગોઠવી રાખેલો પ્લાન પૂરો કરવામાં થઈ રહેલો વિલંબ તેને અકળાવતો હતો. જ્યારે સુમન તો વિજયના સાંનિધ્યમાં ધરતીના સ્વર્ગ કાશ્મીરના શ્રીનગરના સોહામણા આસમાન નીચે પ્રેમના ઉત્તુંગ શિખરનો સ્પર્શ માણી રહી હતી.

*

વિજયની લાખ આનાકાની છતાં શેખ બશીરે બે સશસ્ત્ર ગાર્ડોને વિજયની સુરક્ષા માટે ગોઠવ્યા હતા. વિજય જ્યાં જાય ત્યાં તેમના માટે કોઈ ખતરો ન ઉભો થાય તેની સતત તકેદારી બશીરે રાખી હતી. કારણ કે, દાણચોરોની ગેંગના માણસે જમ્મુથી શ્રીનગર છેક તેના બંગલા સુધી પહોંચીને માલ મેળવવા પ્રયત્ન કર્યો હતો. ત્યાંથી ઘવાઈને તેને છટકવું પડ્યું હતું. માલ તો સરકારમાં જમા થઈ ગયો હતો. બંગલે પોલીસ જાપ્તો હતો પરંતુ રસ્તામાં ક્યાંક વિજય ઉપર હુમલો થઈ જવાની બીક બશીરને સતત રહ્યા કરતી હતી. તે ખુદ સાથે રહેવા માંગતો હતો પણ તેના ધંધા આડે તે શક્ય નહોતું. અને વિજય તથા સુમનને બશીર વધારે નીકટતા પૂરી પાડવા માગતો હતો. વિજયે તેને નચિંત રહેવા જણાવ્યું હતું. તે સુમનના રૂપ સૌંદર્યની સાથે કાશ્મીરનું પ્રકૃતિ સૌંદર્ય પીવા ચાહતો હતો. આટલા દિવસે બંગલામાં પુરાઈ રહીને બંને પંખીડાં જાણે અકળાઈ ગયાં હતાં. બશીર શેખની શ્વેત મર્સીડીઝ કારમાં બંને જણાં કાશ્મીરનો ખોળો ખુંદવા નીકળી પડ્યાં હતાં. પાછળ એક જીપકારમાં ચાર સુરક્ષા ગાર્ડો તેમની સિક્યુરિટી માટે

સાથે જ રહેવાના હતા.

વહેલી સવારની ગુલાબી ઠંડીમાં શ્વેત કાર સડસડાટ કરતી ચશ્મેશાહીથી દાલ સરોવરના કિનારે કિનારે સરકતી હતી. સૌથી પહેલાં તેઓ નહેરુપાર્ક આગળ રોકાયાં. કાર તેઓએ કિનારાના પાર્કીંગથી દૂર ઉભી રાખી હતી. ત્યાંથી શિકારામાં બેસીને નેહરુપાર્ક જવાનું હતું. કારણ કે પાર્ક દાલ સરોવરના પાણીની વચ્ચે આવેલા ટાપુ ઉપર વિકસાવવામાં આવ્યો હતો.

વિજયે એક શિકારાવાળા સાથે સવારી નક્કી કરીને સુમનને શિકારામાં ચઢાવી. શિકારાની અંદર બે બાજુ ગોળ તકીયા મુકેલી એક મજાની બેઠક હતી. એક યુગલને જ બેસવાની વ્યવસ્થાવાળી બેઠકમાં પગ લાંબા થાય ત્યાંસુધી મખમલી ગાલીચો બીછાવેલો હતો. આસમાનમાંથી પ્રગટ થતાં બાલ સૂર્યના રતાશ પડતાં કિરણો સરોવરના પાણી ઉપર પડીને અદ્ભુત ચળકાટ રચતાં હતાં.

સુમને બ્લ્યુ જીન્સનું પેન્ટ પહેર્યું હતું. પિંક ટીશર્ટ પર સવારની ઠંડીથી બચવા બ્લેક કલરનું ગરમ સ્વેટર ચઢાવ્યું હતું અને માથે લાલ રંગનો રેશમી સ્કાર્ફ બાંધ્યો હતો. સ્કાર્ફ નીચેથી ઘેરા કાળા સુંવાળા કેશ સવારના મંદ સમીરના લહેરાવાથી ઉડીને વિજયના ચહેરાને સ્પર્શી રહ્યા હતા. સવારની ઉષાની લાલાશ જાણે કે એકસામટી ઉભરાઈને સુમનના ચહેરા ઉપર આવી વસી હતી. શિકારાચાલક સવારના આ શીતળ વાતાવરણમાં એની મસ્તીમાં કોઈ કાશ્મીરી પ્રેમગીત લલકારી રહ્યો હતો. તકીયાને અઢેલીને બેઠેલી સુમનના સૌંદર્યનું વિજય એકીટશે રસપાન કરી રહ્યો હતો. શબ્દોને જાણે કે અવકાશ નહોતો. થોડીકવારમાં શિકારો નહેરુપાર્ક આવતાં અટક્યો. બંને નીચે ઉતરીને હાથમાં હાથ પકડીને અર્ધોએક કલાક ગાર્ડનમાં ઘૂમ્યાં. પછી આ આકર્ષક પાર્કમાં આવેલી હોટલમાં ચા-નાસ્તો કરીને બહાર નીકળી ફરી પાછાં એ જ શિકારા મારફત કિનારે આવી ભાડું ચૂકવી પોતાની કારમાં ગોઠવાયાં. શિકારામાલિક કાશ્મીરી યુવક કારના દરવાજા સુધી આ બેનમૂન કપલને વળાવવા આવ્યો હતો. ત્યાંથી દસેક કિલોમીટરના રસ્તે આવેલો નિશાત બાગ પણ તેમણે જોયો. નિશાત બાગમાંથી દૂર દૂર દાલ સરોવર અને હિમાચ્છાદિત પર્વતો દેખાતા હતા. ત્યાંથી તેઓ મંસાબલ, નગીનાબાગ, અને વૂલર ઝીલ જોવા ગયાં હતાં. પહેલગામ પહોંચતાં તેમને બપોર થઈ ગઈ. એક સારી હોટલમાં બંનેએ બપોરનું જમવાનું પતાવી. ગોલ્ફના મેદાન પર આંટા માર્યા વિજયે સુમન માટે એક કિંમતી શાલ ત્યાંથી ખરીદી હતી. બંનેનું રાત્રિ રોકાણ ગુલમર્ગમાં નક્કી કરેલું હતું પહેલગામના પ્રકૃતિ સૌંદર્યને નીરખીને બંનેની ગાડી ગુલમર્ગ તરફ દોડવા લાગી. બપોરના વાતાવરણમાંથી સવારની ઠંડક ઉડી ગઈ હતી. સુમને તેનું સ્વેટર કાઢી નાખ્યું હતું. સ્વેટર નીચે તેણે આડી લાઈનીંગવાળું લો-કટ પિંક સ્લીવલેસ ટોપ પહેર્યું હતું. સુમનની ગઠીલી છાતીનો ગૌર ઉભાર ટોપના કટમાંથી સ્પષ્ટ વરતાતો હતો. વિજયની નજર અવારનવાર તેના તરફ જતી હતી. સુમન તેને આંખોથી જ ઠપકો આપતી ડ્રાઈવિંગ કરતા વિજયની લગોલગ સરકી હતી.

'આંખો સીધી રસ્તા ઉપર રાખીને ગાડી ચલાવો મહેરબાન, નહિતર એક્સિડેન્ટ કરી બેસશો.' સુમન ઠપકાભર્યા અવાજથી બોલી.

'આપણી મુલાકાત એજ સૌથી મોટો હસીન એક્સિડેન્ટ છે. સ્વીટી...તું જ્યારે સાથમાં હોય છે ત્યારે હું મારી નજર બીજે ક્યાંયે સ્થિર રાખી શકતો નથી. મૈં ભલા હોશમેં કૈસે રહું જબ તું મેરે સામને હૈ...' વિજયે શરારતી અંદાજમાં કહ્યું, પરંતુ રસ્તો સાચે જ ઢોળાવવાળો સાંકડો હતો અને આવતાં જતાં ટુરીસ્ટ વાહનોનો ટ્રાફિક હોવાથી વિજયે ધ્યાનથી ડ્રાઈવિંગ કરવા માંડ્યું અને સાંજ ઢળતાં પહેલાં ગુલમર્ગના ફુલોભર્યા વાતવરણમાં આવેલી હોટલ ગુલમર્ગમાં બંને આવી પહોંચ્યાં.

હોટેલના પ્રવેશદ્વારનો ઢાળ ચઢીને કાર કંપાઉન્ડમાં ઊભી રહેતાં વિજયે હોર્ન માર્યું. નોકરે

આવીને દરવાજો ખોલ્યો. કારની પાછલી બેઠકમાંથી બંનેની એક સુટકેસ લઈ તે કાઉન્ટર પર આવ્યો હતો. વિજયે કાઉન્ટર ઉપર કાર્ડ આપતાં તેનો પઠાણી મૅનેજર તેમને અદબથી આવકારીને તેમના માટે બુક કરાયેલા નવ નંબરના રૂમમાં તેમને લઈ ગયો. રૂમ સાચે જ સુંદર અને સંપૂર્ણ સગવડોવાળો હતો. નોકર રૂમમાં સુટકેસ મુકીને વિદાય થયો. મૅનેજર પોતાની હોટલની તારીફ અને સેવા કરવાની અપેક્ષાનું વર્ણન કરીને ચાલ્યો ગયો. બશીર શેખે મોકલેલા સુરક્ષા ગાર્ડો પણ તેમની બાજુના રૂમમાં જ ઉતરેલા હતા. તેમણે આવીને વિજયને કંઈ કામકાજ માટે પૂછ્યું ત્યારે વિજયે તેમને પોતાની કોઈ ફિકરચિંતા ન રાખવાનું જણાવી એશઆરામથી રહેવા જણાવ્યું અને ગજવામાંથી પાંચસો રૂપિયાની નોટ કાઢી તેમને આપી પોતાની તરફથી ડ્રીંક લેવાની ઓફર કરી હતી. તેમના રવાના થયા પછી વિજયે રૂમનું બારણું બંધ કર્યું. સંધ્યાના રંગો ગુલમર્ગનાં ગુલો ઉપરથી ગુલ થઈ ચુક્યા હતાં. રાત્રિના આગમનની છડી પોકારતી રોશની વાતાવરણમાં ઝબકી ઊઠી હતી. શીતળતાનો દોર અહીં તીવ્ર માત્રામાં હતો. વિજયે રૂમની બે બારીઓ પણ બંધ કરી હતી. સુમન બે હાથ માથા પાછળ ટેકવીને સોફામાં લાંબી થઈને પડી હતી. વિજય તેની પાસે આવ્યો અને હોટલના મૅનેજરની નકલ કરતાં બોલ્યો.

‘કાશ્મીરકી બહેતરીન હોટેલ ગુલમર્ગમેં હમ આપકા સ્વાગત કરતે હૈ. મેમસાબ, કહિયે...આપકી ક્યા ખાતીર કી જાયે...’ વિજયના નીચા નમવાના અભિનયથી સુમન ખડખડાટ હસી હતી. તેના હાસ્યના આવેશથી હચમચતી કાયાનું અજબ આલ્હાદક હલનચલન તેના સીના ઉપર રચાતું હતું.

‘આપ ઝરા કરીબ આઈએ...’ સુમને ગંભીર થતાં કહ્યું એટલે વિજય સુમનની નજીક ગયો.

‘નીચે ઝૂકીયે-અૌર નીચે...હાં આપકા મુંહ મેરે કરીબ લાઈએ-હમ આપકો આપકી સેવા સે ખુશ હોકર આપકો બક્ષીસ દેના ચાહતે હૈ...’

‘થૅંક્યુ થૅંક્યુ....મેમસાબ’ કહેતો વિજય તેનું મોં સુમનના ચહેરાની લગોલગ લઈ ગયો. અચાનક સુમને તેના મસ્તકને એક હાથે નજીક ખેંચીને તેના ડાબા ગાલ ઉપર જોરથી બચકું ભરી લીધું હતું.

‘ઓહ યુ કેટ !’ વિજય આછો ચિત્કાર કરીને તેના ઉપર સોફામાં દબાયો હતો. તેના ગુલાબી ગાલ પર સુમનની દંત પંક્તિઓનું રતાશ પડતું કુંડાળું રચાયું હતું.

‘કેમ બહુ ભૂખ લાગી છે કે શું ? બક્ષીસ આપવાનું કહીને બચકાં ભરવા લાગી છે ?’ કહીને તેણે સુમનને બાહુપાશમાં ભીંસી નાખી હતી.

‘અરે...અરે હું કચડાઈ ગઈ મિસ્ટર ટારઝન, આઈ એમ સોરી ફોર ઈટ... અને હાં આ મસ્ત ઠંડકમાં હવે ભૂખ પણ ખૂબ લાગી છે હોં. હવે શરારત છોડીને કંઈક ખાવાપીવાની વ્યવસ્થા કરાવો...’

‘ખાવાપીવાનું પછી-પહેલાં મારી બક્ષીસ’ કહીને તેણે સુમનના શરારતી હોઠને આવેગથી ચુમ્યા હતા. ત્યાં બારણે ટકોરા થતાં તે ઉભો થયો અને બારણું ખોલ્યું.

‘સા’બ ડીનરકે લીયે આપ ડાઈનીંગ હોલમેં તશરીફ લાયેંગે યા યહાં રૂમમેં પેશ કિયા જાયે...?’

‘ડિનરમેં ક્યા હૈ ?’

વેઈટરે મેનુકાર્ડ ટેબલ ઉપરથી લઈને આપ્યું હતું. વિજયે કેટલીક આઈટમો સજેસ્ટ કરીને વેઈટરને વિદાય કર્યો.

થોડી વારમાં જ ચાર વેઈટરોએ આવીને રૂમમાં ડાઈનીંગ ટેબલ ગોઠવી ડીનર સર્વ કર્યું.

ઠંડા વાતાવરણમાં ગરમાગરમ ભોજન લઈને બંને તૃપ્ત થયાં.

વેઈટરો ખાલી ડીસો લઈ ટેબલ સાફ કરીને ચાલ્યા ગયા હતા.

'બોલો, હવે શું કાર્યક્રમ છે ?'

સોફામાં લંબાવતાં સુમને પૂછ્યું હતું.

'હવે સીધા બેડરૂમમાં...' વિજયે સુમનની આંખોમાં નજર નોંધી હતી.

'નહિ...'

'કેમ ?'

'બહાર દસેક મિનિટ લટાર મારીએ.'

'આવી ઠંડીમાં ?'

'હા...'

'તો પછી કહ્યું હોત તો જમવા માટે ડાઈનિંગ હોલમાં ના જાત ?'

'હોલમાં લોકોની નજર આપણા તરફ ખેંચાતી હોય તો મને જમવાનું નથી ગમતું.'

'ઓહ સુમન, જોવાલાયક વસ્તુ હોય તો લોકો જુએ...વોટ ગોઝ ઓફ અવર ફાધર ? લોકો તાજમહાલ જોવા દૂર દૂરથી નથી જતાં ?'

'એટલે તું મને તાજમહાલ કહે છે ?' સુમન છણકાઈ હતી.

'ઓહ ડાર્લિંગ તું તાજમહાલ નહિ મુમતાઝ છે....મારી મુમતાઝ-ચાલો મુમતાઝબેગમ બહાર ગુલમર્ગની ગાત્રો થીજાવતી ઠંડીમાં આપને સહેલ કરાવું...પ્લીઝ કમ ઓન...' કહેતાં વિજયે બહાર નીકળવા શૂઝ પહેર્યા.

બદન પર બ્લેક કલરની ગરમ શાલ લપેટીને સુમન પણ તેને અનુસરી હતી. હોટલના કમ્પાઉન્ડમાં પણ બગીચો હતો. તેના ગોળાકારમાં આછી રંગીન પીળી બત્તીઓ રોશની પાથરતી હતી. વાતાવરણમાં ગજબની ઠંડી હતી. સુમનના બદનમાં ચમચમાટી બોલી ગઈ હતી. વિજયે સિગારેટ સળગાવી.

'તમે બહુ સિગારેટ પીવો છો !' સુમને તેને વીંટળાઈને ચાલતાં કહ્યું હતું.

'ઠીક છે, આવા વાતાવરણમાં જરા મઝા આવે છે.'

'તમે પેલા માણસોને ડ્રીંક લેવા, એટલે શરાબ પીવા પૈસા આપ્યાને ?'

'હા બિચારાઓ આપણા રક્ષણ માટે સાથે આવ્યા છે. આવા ઠંડા પ્રદેશમાં ડ્રીંકથી તેમને રાહત રહે અને આપણા આ પ્રથમ પ્રેમપ્રવાસની ભેટરૂપે એકાદ બોટલ ભલે ઉજવતા.'

'મને કોઈ શરાબ પીએ તે ન ગમે...તમે કોઈવાર પીઓ ખરા ?'

'અં...ક્યારેક ક્યારેક તું કહે તો આજે મોકો સારો છે ગુલ ભી હૈ ગુલશન ભી હૈ...શૌક ભી હૈ સાકી ભી હૈ...'

'શટ અપ, મારું ચાલે તો હું તમને સિગારેટ પણ ન પીવા દઉં.'

'એટલે યુ ડૉન્ટ લાઇક ઈટ ?'

'હા. સિગારેટ પીવાથી લાંબે ગાળે તબિયત ખરાબ થાય છે અને મોમાંથી ધુમાડાની વાસ..ઉફ ! હું કહું તો તમે સિગારેટ છોડી દો ખરા ?' સુમને પોતાનું મુખ વિજયના મુખની નજીક લઈ જતાં પૂછ્યું હતું.

'તું કહે તો ? અરે તમે કહો તો અમે અમારી જિંદગી પણ છોડી દઈએ જાનેમન...લો આજથી સિગારેટ બંધ, કહેતાં વિજયે સળગતી સિગારેટ ઘા કરીને ફેંકી દીધી.

'સાચ્ચેજ વિજય હવે તમે કદી સિગારેટ નહિ પીઓ ? પ્રોમીસ ?'

'પ્રોમીસ ડાર્લિંગ અબ હમ સિગારેટ નહિ પીયેંગે...સિર્ફ પીયેંગે આપકે હોઠો કા રસ...' કહેતાં વિજયે સુમનને ચિનારના વૃક્ષની આડમાં ખેંચીને આશ્લેષમાં લઈ લીધી.

'અરે...અરે...કોઈ જોઈ જશે...'

'આવી ઠંડી અંધારી રાતમાં બહાર કોણ જોવા નવરું હોય...અને જે જુએ તેને જોવા દો... ખુલ્લંખુલ્લા પ્યાર કરેંગે હમ દોનો...' કહેતાં વિજયે સુમનને જોરથી ભીંસી હતી. ત્યાં જ અચાનક વાતાવરણમાં વહેતી હવા જોરદાર બની હતી. બરફની ઝીણી ઝીણી કરચો સાથે હળવો વરસાદ શરૂ થયો.

હોટલનું ગાર્ડનમાંનું સ્પીકર બોલવા લાગ્યું : 'કોઈ ભી ગેસ્ટ અગર બહાર હો તો અંદર આ જાઈયેગા...બરફકી બારીશ આ રહી હૈ...'

વિજય સુમનનો હાથ પકડીને હોટલભણી દોડ્યો. અને કાઉન્ટર આગળ બંને જરા રોકાયાં.

'અચ્છા હુઆ સા'બ દુર નહિ ગયે-યહાં કા મૌસમ બેઈમાન હોતા હૈ-ન જાને કબ બદલ જાતા હૈ, માલુમ નહિ પડતા.'

'મૅનેજર મૌસમ બેઈમાન હૈ, યહાંકે ઈન્સાન તો અચ્છે હૈ...'

'થેંક્યુ સર. અગર જરૂરત હો તો કોઈ ખાસ હોટ ડ્રીંક ભેજદું ?'

વિજય સમજી ગયો. પઠાણી મૅનેજરનો ઈશારો વાઈન તરફ હતો. સુમન પણ તે સમજી ગઈ. તેણે આંખો કાઢી. વિજય હસી પડ્યો.

'નો મૅનેજર હમારે પાસ કોઈ ભી હોટ ડ્રીંક્સે જ્યાદા ગરમ ચીજ હૈ.' કહેતાં સુમનની કમરમાં હાથ નાખી તેણે પોતાના કમરા તરફ ચાલવા માંડ્યું. પાછળથી હોટલ મૅનેજરનો મુક્ત હાસ્યના સાથેનો અવાજ બંનેના કાને પડ્યો. 'જવાની સબસે ગર્મ ચીજ હૈ સા'બ. ઠીક કહા આપને અૌર ઈસકે સાથ હુશ્ન ઓર ઈશ્કકા કોકટેઈલ હો જાયે તો ફિર અૌર કોઈ હોટ ડ્રીંકકી જરૂરત હી નહિ હૈ...'

તેના અવાજના પ્રત્યુત્તર રૂપે બંને ખૂબ હસ્યાં હતાં...વિજયે ઓરડામાં ઘૂસી બારણું ભીડી દીધું હતું. ઠંડા થયેલા હાથ જોશથી ઘસીને ગરમાવો લાવવા પ્રયત્ન કરતાં તેણે સુમન તરફ જોયું. તેના વાળમાં બરફની શ્વેત કણીઓ ચમકી રહી હતી. ખડખડાટ હાસ્યથી તેના ચહેરા ઉપર લાલાશ ધસી આવી. દોડવાને લીધે તેની છાતી હાંફતી હતી. તેણે શરીર ઉપર શાલ લપેટવા પ્રયત્ન કર્યો. તેનું બદન ઠંડીથી ધ્રુજારી અનુભવતું હતું.

'કેમ મેમસાહબ ગુલમર્ગની હવા કેવી લાગી ? ઠંડી ચઢી ગઈને ?' સુમને તેની લગોલગ સરકતાં માથું હલાવીને હા પાડી.

'હવે આ ઠંડી સિર્ફ શાલ લપેટવાથી નહિ ભાગે ?...'

'એટલે ?'

'તેને ભગાડવા હોટ ડ્રીંકની પેલા મેનેજરે કહેલા કોકટેઈલની જરૂર છે.' વિજયના વચનનો ભાવાર્થ સમજી જતાં સુમને ગભરાઈને કહ્યું -

'ઓહ નો વિજય...નો કોકટેઈલ બિફોર મેરેજ...'

'મેરેજ તો થઈને રહેશે વહાલી. મારાં વચનોમાં વિશ્વાસ નથી ? કમ ઓન ડાર્લિંગ...' કહેતાં વિજયે સુમનને ફુલની જેમ બે હાથમાં ઉંચકી હતી અને બેડરૂમના ડબલ બેડ પર હળવેકથી સુવાડીને તેણે લપેટેલી શાલ દુર કરી હતી. ટોપ તોડીને બહાર આવવા માગતા હોય તેમ સુમનના ભરાવદાર વક્ષોમાં અનંગનો આવેગ ઉછળી રહ્યો હતો...અને વિજયે બેડરૂમની લાઈટ ઑફ કરી દીધી.

▽▽

૯

શ્રી નગરથી લગભગ ૪૫ કિ.મી. દૂર અને ૫૩૦૦ ફૂટની ઉંચાઈએ આવેલા દરેક ઋતુમાં અલગ અલગ નાઝ અને નખરાં ફેલાવતા ગુલમર્ગ પ્રદેશની હોટેલ ગુલમર્ગના એ આલીશાન બૅડરૂમમાં બે યુવાન રૂપાળાં તન અને મદહોશ મનનું પ્રણયપ્રચૂર પ્રગાઢ આલિંગન રચાયું હતું. બહાર હિમવર્ષાથી ફેલાયેલી કડકડતી ટાઢથી ધ્રૂજી ઉઠેલી સુમન વિજયના બાહુપાશમાં કેદ થઈ ચૂકી હતી. વુલન ધાબળા નીચે આશ્લેષાયેલા તેમના દેહોમાં વહી રહેલું લોહી ક્રમશઃ ગરમ થઈને ઉકળવા માંડ્યું હતું. ક્ષણો પહેલાંની ટાઢ ગાયબ થઈને અંગોમાંથી અગાધ ઉષ્મા જાણે પ્રસરવા માંડી હતી. બંનેનાં તનમન એક-મેકમાં ખોવાયાં હતાં. અંગેઅંગો એકમેકમાં સમાયાં હતાં...પ્રણયનો વિધુત પ્રવાહ કોઈ અનેરી પરિતૃપ્તિનો અનુભવ કરાવી મિનિટોમાં તેના ઉદ્ભવસ્થાનોમાં પાછો સમાઈ ગયો. વિજય અને સુમન પ્રણયના સાગરમાં એકાકાર થઈ ગયાં હતાં. 'સુમન'...વિજયનો સાદ હૈયાના અતલ ઊંડાણમાંથી ઉઠતો હતો. 'વિજય' પ્રતિપોકાર સુમનના દિલમાંથી પ્રગટ થઈ વિજયના અસ્ફૂટ ઉચ્ચારોને પ્રતિસાદ દેતો હતો તેમ તેની સાથે જ ભળી જતો હતો. બંનેના શ્વાસોચ્છ્વાસ પણ એક થઈ ગયા હતા. જાણે...રાત ટૂંકી થઈ ગઈ હતી. પ્રણય મિલનની મોહક રમત અનેકવાર રમીને થાકીને બંને પરસ્પર આશ્લેષમાં વીંટળાઈને નિંદ્રાની આગોશમાં સરી ગયાં.

***

વિજયની આંખ ખુલી ત્યારે સવારનો તડકો દીવાલના ઊંચેના વેન્ટીલેટરની કાચની બારીમાંથી રૂમમાં ફેલાઈ ગયો હતો. હળવેથી સુમનનો હાથ શરીર પરથી ખસેડી પલંગમાંથી ઉભો થઈને લોંગ નાઈટકોટ પહેરતો વિજય બ્લેન્કેટ ખસી જતાં સુમનની બેહદ રૂપાળી આરસની પૂતળી જેવી અનાવૃત્ત કાયાને હીપ્નોટાઈઝ થઈને જોઈ રહ્યો. વિજયે રૂપાળી સ્ત્રીઓ અસંખ્ય જોઈ હતી, પરંતુ સુમનનું રૂપ સૌથી અનોખું હતું. સંસ્કૃતના પુરાણકવિઓએ આલેખેલી પરિકલ્પનાની સુંદરતાના કાવ્ય સમું...વિજયને કોલેજકાળમાં સંસ્કૃતના પ્રો. શાસ્ત્રી યાદ આવ્યા. તેમણે કાલીદાસના મેઘદૂત મહાકાવ્યના એક લેક્ચરમાં કહેલો વિરહી યક્ષ મેઘ સાથે પોતાની પ્રિયાને સંદેશ મોકલે છે ત્યારે પ્રિયાની ઓળખાણ માટે મેઘ સામે તેના સૌંદર્યનું વર્ણન કરે છે-તે પ્રસંગ યાદ આવ્યો. પોતાની સ્વપ્નપ્રિયાની કલ્પના કરતાં મનોમન રટતાં વિજયને યાદ રહી ગયા હતા એ શ્લોકના શબ્દો.

મેઘદૂતના યક્ષના શબ્દો, સંસ્કૃત ભાષામાં પ્રો. શાસ્ત્રીની જુબાનેથી વહી નીકળ્યા હતા, ત્યારે આખો વર્ગખંડ રસપ્રચૂર થઈ મંત્રમુગ્ધ થયો હતો. યક્ષ મેઘ સમક્ષ પ્રિયાના રૂપનું વર્ણન કરે છે કે મારી પ્રિયા કેવી હશે ?

યુવા વિધાર્થીઓને પોતાની રસાળ શૈલીથી સમજાવતા હતા પ્રો. શાસ્ત્રી. સર્વે કોલેજીયન યુવાનો આતુરતાથી સાંભળતા હતા.

'તન્વી શ્યામા શિખરિદશના પક્વ લિમ્બાધરોષ્ઠી...
મધ્યેક્ષામાં ચકિત હરિણી પ્રેક્ષણા નિમ્નનાભિ,
શ્રોણીભારા દલસગમના સ્તોકનમ્રા સ્તનાભ્યાં
યા તત્રસ્પાદ યુવતી-વિષયે સૃષ્ટિરાઘવે ધાતુઃ'

પ્રો. શાસ્ત્રીજીએ સંસ્કૃત શ્લોકનું રસાળ ગુજરાતી વિધાર્થીઓને સમજાવ્યું કે, હે મેઘ, મારી પ્રિયા તનવી એટલે પાતળી છે. શ્યામા (કાળી નહિ) એટલે એવી યુવતી જેનો રંગ તપાવેલા સુવર્ણ જેવો હોય, જેનાં ગાત્રો ઠંડી ઋતુમાં ઉષ્ણતા આપે અને ગરમીમાં શાતા પહોંચાડે તેવાં છે (શ્યામાનો બીજો અર્થ સંતાન ન થયું હોય એવી સ્ત્રી પણ છે) શિખરિદશના એટલે આગળની દંતપંક્તિઓ સુક્ષ્મ હોય (આપણે દાડમની કળી જેવા દાંત કહીએ છીએ) તેવી ભાગ્યવંતી છે. પક્વલિમ્બાધરોષ્ઠી-મતલબ જેનો નીચેનો હોઠ સહેજ પુષ્ટ અને લાલ થયેલો હોય તેવો દેખાય છે.' વિજય પણ પ્રો. શાસ્ત્રીની સૌંદર્યમીમાંસામાં ખોવાયો હતો.

'મધ્યેક્ષામાં એટલે પાતળી કમરવાળી, ચકિત હરિણી એટલે ચકિત થયેલી હરિણ જેવી ચંચળ આંખોવાળી દેખાય છે. પ્રેક્ષણા નિમ્નનાભિ એટલે ઉંડી નાભિ (ડૂંટી) વાળી છે. શ્રોણીભારાદલસાગમના... જેના સાથળો ભારે હોવાથી મંદગતિએ ચાલે છે અને પુષ્ટ સ્તનોના ભારથી જેની ચાલમાં સહેજ આગળ પડતો ઝુકાવ લાગે છે....આવી મારી પ્રિયતમા સુંદરીઓની બાબતમાં કુદરતે મન મૂકીને કંડારેલી સુવર્ણમૂર્તિ સમી રૂપાળી છે-સર્વોત્તમ સર્જન છે. એટલે કે વિશ્વમાં તેની જોડ નથી...'

પ્રો. શાસ્ત્રીના શબ્દોનું આબેહૂબ અવલોકન અત્યારે જાણે કે વિજય પ્રત્યક્ષ અનુભવી રહ્યો હતો. પ્રો. શાસ્ત્રીએ ત્યારે મંત્રમુગ્ધ થયેલા વર્ગને રસિકતામાં તરબોળ કરીને કહ્યું હતું કે, 'માય યંગ બોયઝ, તમે બધા આવી રૂપસુંદરીની તલાશમાં બેસી ન રહેતા હોં. કાલીદાસના વર્ણન મુજબની સર્વાંગ સુંદરી તો લાખોમાં એક ભાગ્યે જ મળે અને એ પણ કોને ? સર્જનહારે એનું સર્જન કરીને એના નસીબના લેખમાં વિધાતાએ જેનું નામ લખ્યું હોય તેને...'

વિજય એકીટશે સુમનનાં માદક અંગો નિહાળી રહ્યો હતો. પ્રો. શાસ્ત્રીના શબ્દો અનાયાસ જ સાચા પડી ગયા છે... જાણે મારી સ્વપ્નપ્રિયા સુમનનું સર્જન કરીને હાથ ધોઈ નાખ્યા છે સર્જનહારે...અને મારા કિસ્મતમાં એને પામવાનું નિર્માણ કર્યું છે વિધાતાએ...અરે એને પ્રત્યક્ષ તનમનથી પામી લીધી છે. ઓચિંતા તેને પોતાની બેશરમીનો ખ્યાલ આવ્યો... પોતાના સર્વ હોશોહવાસથી બેખબર સુમન હજી પ્હો ફાટવા છતાં પરિશ્રમિત નિંદ્રામાંથી જાગૃત થઈ નથી. તેની કાયાને આ રીતે નીરખી રહ્યાંનું જાણતાં તે કેવો ધારશે મને...વિજયે સ્વગત જરા શરમાઈને પલંગ પરથી સરકી ગયેલો બ્લેન્કેટ સુમનના શરીર પર ઓઢાડી દીધો હતો. પરિતૃપ્તિના પ્રગાઢ ભાવો સાથે મિંચાયેલાં એનાં મદભર લોચનિયાં ઉપર હળવેથી ચુમી ભરી વિજય બાથરૂમમાં સરકી ગયો.

બાથરૂમમાં બધી જ જાતની સગવડો સગવડો હતી. બ્રશ કરી મોઢું ધોવા નળ ચાલુ કર્યો કર્યો તો હુંફાળું ગરમ પાણી આવતું હતું. સુગંધીદાર સાબુ શરીરે લગાવી તેણે સ્નાન કરી લીધું. શરીરમાં તાજગી વરતાઈ. ટુવાલ વીંટીને એ રૂમમાં આવ્યો તો સુમન જાગી ગઈ હતી. નાઈટ ગાઉન પહેરીને પલંગમાં ગોઠણ ઉપર મ્હોં ટેકવીને વિચારોમાં ખોવાઈ ગયેલી બેઠી હતી. ચહેરો સુમનના સુમાના મનની ઉદાસીનતાની ચાડી ખાતો હતો. વિજય સમજી ગયો. તેણે પાસે જઇને જઇને બે હાથેથી તેનો તેનો તેનો ચહેરો ઉંચો કરતાં કહ્યું : 'ગુડ મોર્નિંગ માય સ્વીટી સુમન...સવાર સવારમાં સવારમાં શું વિચારોમાં ખોવાઈ ગઈ છે ?'

'મને કેમ ઉઠાડી નહીં ?' સુમને ધીમે સાદે પૂછ્યું.

'તું સવારની મીઠી નીંદરમાં એવી રીતે ખોવાયેલી હતી કે મેં વિચાર્યું કે ભલે તું ઉંઘ પૂરી

કરીને તારી મેળે જ જાગે. ત્યાં સુધી મેં સ્નાન પતાવી લીધું. દિવસ રાતનો થાક ગાયબ થઈ ગયો. નાઉં યુ બકઅપ ગર્લ, તું જલદી નહાઈ ધોઈને તૈયાર થઈ જા. આપણે નાસ્તો કરીને બહાર ફરવા નીકળી જઈએ.'

'મારે ક્યાંય જવું નથી...અને હવે હું છોકરી રહી નથી. પ્રેમના આવેશમાં રાત્રે મેં મારું કૌમાર્ય ગુમાવી દીધું છે. લગ્ન પહેલાં આપણે આવું નહોતું કરવું જોઈતું. ઓહ, આઈ હેઈટ માય સેલ્ફ વિજય..' બોલતાં સુમનની આંખોમાં આંસુનાં તોરણ બંધાઈ ગયાં.

'ગાંડી ન થા સુમન. મનમાં કઈ ઓછું ન આણ...આપણે આણ...આપણે કોઈ ભૂલ કરી નથી. આપણે એકમેક માટે સર્જાયાં છીએ અને એકબીજામાં સમાયાં છીએ. તું કોઈ જાતની ફિકર ના કર.. કાશ્મીરથી ઘેર દેર જઈને તરત જ હું તારી સાથે લગ્ન કરીને તને મારી પત્નીનો કાયદેસરનો દરજ્જો દરજ્જો આપીશ. તું તારી જાત માટે કોઈ ધિક્કારની ભાવના મનમાં કેળવીશ નહિ. તું મારી મનની મોંઘેરી મીરાત છે. હું તારાથી ગૌરવ અનુભવું છું. તારા રૂપનો મહોતાજ છું. તારા પ્રેમથી ખુશનસીબ છું...મારામાં વિશ્વાસ રાખ. સુમન, આપણે કોઈ પાપ કર્યું નથી. આપણાં તન અને મનનું મિલન આપણા પુનિત પ્રેમનો અતૂટ એકરાર છે. આપણને મોત પણ જુદા નહિ પાડી શકે.'

'મને તમારામાં બેહદ વિશ્વાસ છે વિજય, એટલે જ મેં મારું સર્વસ્વ તમને અર્પણ કર્યું છે. છતાં મારું મન કોઈ અજ્ઞાત ભયથી જાણે ફફડતું હોય તેમ લાગે છે. દિલના ઊંડા ખૂણામાં ક્યાંકથી દહેશત અનુભવાય છે...' સુમને વિજયની છાતીમાં ચહેરો છૂપાવતાં કહ્યું.

'બી એ બ્રેવ ગર્લ સુમન. નબળા વિચારો મનમાંથી ખંખેરી નાખ. ચાલ તારી માનસિક શાંતિ માટે હમણાં જ કોઈ મંદિરમાં જઈ પ્રભુ સાક્ષીએ લગ્ન બંધનમાં જોડાઈ જઈએ. તું જલદી સ્નાનવિધિ પતાવીને તૈયાર થઈ જા.' વિજયે બે હાથે બાવડાં પકડીને સુમનને ઉભી કરી હતી.

'યુ આર માય સોલ ઓફ લાઈફ સુમન. યુ આર માય લવ. તારા સિવાય કોઈ સ્ત્રી હવે વિજયના જીવનમાં નહિ આવે. યુ આર માય ફર્સ્ટ એન્ડ લાસ્ટ લેડી...'

'ઓહ વિજય હાઉ નાઈસ ઓફ યુ...' કહેતાં સુમન વિજયને વીંટળાઈ વળી હતી. વિજયે તેની અશ્રુભરી આંખો અને ફફડતા હોઠને અસંખ્યવાર ચૂમ્યા હતા.

'હું હમણાં જ સ્નાન કરીને આવું છું. તમે ચા-નાસ્તાનું કહી દો. એટલે આપણે તૈયાર થઈને બહાર નીકળી જઈએ.' સુમને વિજયથી છૂટા પડતાં કહ્યું હતું અને બાથરૂમમાં જઈને બ્રશ કરવા માંડ્યું હતું. મોટા આયનામાં પોતાનું પ્રતિબિંબ જ જાણે સુમનને અજાણ્યું લાગવા માંડ્યું હતું. એક રાતમાં જ જાણે તેનું સમગ્ર વ્યક્તિત્વ બદલાઈ ગયું હતું. બ્રશ કરી મોં ધોઈને તેણે ગાઉન ઉતારી શાવર ચાલુ કર્યું. શરીરનાં અંગોમાં મીઠું દર્દ ઉભરાતું હતું. પોતાના રેશમી બદન પર સાબુનું મર્દન કરતાં આયનામાં જોતાં એકલી હોવા છતાં શરમમાં ડૂબી ગઈ સુમન, ગઈકાલ સુધીનું અછૂત...યૌવન કોઈનો ઉપહાર બની ચૂક્યું હતું. શાવરમાંથી વરસતા પાણી નીચે મિનિટો સુધી ઉભી રહીને સુમન વિચારોમાં ખોવાઈ ગઈ હતી. પરંતુ બહારથી વિજયનો અવાજ આવ્યો, 'જરા જલ્દી સુમન, ચા આવી ગઈ છે.'

સુમન મનોમન હસી પડી. બધી વાતમાં જલદી. કેટલી ઝડપથી પોતાના જીવનની ગતિ પણ રૂખ બદલી રહી હતી. તેણે શાવર બંધ કરીને શરીરને ટુવાલથી કોરું કરી નાખ્યું. શરમાઈને છાતી પર નજર કરી...પુષ્ટ સ્તનો વધુ મદભર લાગતા હતા. કમર અને સાથળોમાં માઈલો સુધી ચાલ્યા હોવાનો થાક વરતાતો હતો. બદનના ગૌર વર્ણમાં જાણે સાચે જ તપાવેલા તપાવેલા તપાવેલા સુવર્ણની લાલાશ આવી ગઈ હતી. સુવર્ણથી પણ કિંમતી પ્રેમનાં નિશાનો તનમન ઉપર ઉભરાતાં હતાં જાણે. તે ટુવાલ વીંટીને બાથરૂમની બહાર આવી. વિજય છરી વડે બ્રેડ ઉપર માખણ લગાડતો હતો. બે કપ રકાબી ટેબલ ઉપર ગોઠવેલાં હતાં. બીજી એક

પ્લેટમાં પણ કોઈ પકોડા જેવી લાગતી વાનગી હતી. કેટલો સાલસ લાગતો હતો વિજય. પતિ બન્યા પહેલાંનો પ્રેમાળ અને કહ્યાગરો પ્રેમી લગ્ન પછી બદલાઈ તો નહિ જાયને ?

'કમ ઓન બેબી. બ્રેકફાસ્ટ તૈયાર છે.' વિજયે કહ્યું. તેણે ફક્ત જીન્સ પેન્ટ પહેર્યું હતું બાકીનું તેનું ઉઘાડું શરીર આકર્ષક લાગતું હતું. 'વોટ કમ ઓન ? મારે હજી કપડાં પહેરવાનાં છે. તમે આ બ્રેકફાસ્ટ ટેબલ બેડરૂમમાં શું કામ ખેંચી લાવ્યા ? ઠીક છે. હું બધું તૈયાર કરી નાખું છું. તમે ડ્રોઈંગરૂમમાં જતા રહો. મારે કપડાં પહેરવાં છે, સુમને હુકમ છોડ્યો.'

'મને ભૂખ લાગી છે સુમન...તું તારે કપડાં પહેરી લે. હું નાસ્તો શરૂ કરી દઉં છું. બાકી તું આમ પણ સારી લાગે છે. આવી જા ને, નાસ્તો ઠંડો થઈ જશે...'

'બહુ હોંશિયારી સારી નહિ, તમે જલદી જાઓ છો કે નહિ ? મને ઠંડી લાગે છે.' સુમને છણકાથી કહ્યું.

'ફરી પાછી ઠંડી લાગે છે. મને લાગે છે કે ફરી પાછું તને કોકટેઈલ આપવું પડશે.' વિજય વધુ આગળ બોલે તે પહેલાં સુમન ટેબલ પરથી ફ્લાવરવાઝ ઉઠાવીને ઉગામ્યું.

'યુ રાસ્કલ...જાઓ છો કે નહિ ?'

'અરે જાઉં છું બાબા જાઉં છું. નો મારામારી ઈન મોર્નિંગ' કહેતો વિજય માખણ લગાડેલી બ્રેડની સ્લાઈસની ગડી કરી મોઢામાં મૂકીને ચાવતો ચાવતો બેડરૂમમાંથી ડ્રોઈંગરૂમમાં કમને ગયો.

સુમને સુટકેસમાંથી કપડાં કાઢ્યાં બ્લેક બ્લેક નીકર અને બ્રા ઉપર તેણે કોફી કલરનું મખમલી ટોપ અને વેલ્વેટનું રોયલ ગોલ્ડ કલરનું ચુસ્ત પેન્ટ પહેરી લીધાં. માથું ધોયેલા વાળ ટુવાલથી કોરા કરીને પીઠ પર છૂટા મુક્યા હતા. બે કપમાં ચા તૈયાર કરીને કરીને સુમને વિજયને અંદર આવવા હાક મારી. વિજય મોઢું ચઢાવીને અંદર આવ્યો અને સુમનની બાજુની ખુરશીમાં ગોઠવાયો. મૂંગા મુંગા જ તેણે ચાના કપમાંથી મોટો ઘૂંટડો ભર્યો ત્યારે સુમન તેનો આ શરારતી અભિનય જોઈને હસી પડી.

'કેમ સવાર સવારમાં તોબરો ચઢાવી દીધો મહાશય...?'

'તો શું કરે...સવાર સવારમાં જ કોઈ કોઈને ગેટ આઉટ કરી દે અને રાસ્કલ કહે તો શું ખોટું ન લાગે ?'

'ઓહ એમ વાત છે તો અમને તમારી સામે કપડાં પહેરતાં શરમ ના આવે ?' સુમને ચાનો કપ મોઢે માંડતાં કહ્યું.

'પોતાના માણસોથી વળી શરમ કેવી ? અપનોં સે ભલા પરદા ક્યા ? તમને શરમ ભલે આવે બાકી અમે તો સવાર સવારમાં જ આપનાં સુવાંગ દર્શન કરીને મોર્નિંગ ગુડ કરી નાખી હતી...' વિજયે બોલતાં અટકીને સુમન સામે નજર નોંધી.

'વ્હોટ ડુ યુ મીન ? ઓહ ! આઈ સી... વિજય તમે સાચે જ લુચ્ચાના સરદાર છો.' સુમન માથું ધુણાવીને નીચું જોઈ ગઈ હતી.

'ઓફ કોર્સ ! અમે એવા નહોતા પરંતુ આપનાં દર્શન માત્રથી તેવા બની ગયા.' વિજયે આંખથી ઈશારો કરીને સ્મિત વેર્યું અને નાસ્તાની ડીશ સુમન તરફ સરકાવી.

'આ વેજીટેબલ કબાબ અને આ બ્રેડબટર, મને તો સાલી ગજબની ભૂખ ઉઘડી છે આજે હોં...'

'કેમ અત્યાર સુધી કંઈ દેશમાં દુષ્કાળ પડ્યો હતો કે ખાવાનું મળતું નહોતું ?'

'હા, દુષ્કાળ જ હતો જાણે. લાખો થે યહાં દિલવાલે મગર પ્યાર નહિ મિલતા થા...હમારી જીંદગીમેં પ્યાર કા અકાલ થા. ભૂખ ભી થી પ્યાસ ભી થી કોઈ હસીન પ્યારકી તલાશ થી અૌર કિતને દિનોકે ઇંતેઝાર કે બાદ ઐસા હસીન ઇઝહાર હુઆ...આઈ એમ

મોસ્ટ લકી મેન સુમન...બાય ધી વે તેં કૉલેજમાં સંસ્કૃત વિષય રાખેલો ?'

'હા, સંસ્કૃત મારો પ્રિય વિષય હતો...'

'વેરી ગુડ ત્યારે તું મેઘદૂત-કાલીદાસનું મેઘદૂત તો ભણી જ હશે ને ?'

'હા, બહુ સરસ મહાકાવ્ય છે. તે શું છે તેનું અત્યારે ? આપણે ચા-નાસ્તો કરીને બહાર ફરવા જવાનું છે કે સંસ્કૃત સાહિત્યની ચર્ચા કરવાની છે ?' સુમને પૂછ્યું હતું.

'ના ચર્ચા કરવાની નથી. મારે ફક્ત થોડુંક કહેવું છે કે જ્યારે પોતાની પ્રિયાથી ઈન્દ્રના શાપથી વિરહ પામેલો યક્ષ અષાઢ માસના પ્રથમ દિવસે મેઘ મારફત પોતાની પ્રિયાને સંદેશો મોકલે છે ત્યારે પ્રિયાનું જે શારીરિક સુંદરતાનું વર્ણન કરે છે...તે વર્ણન યાદ છે તને ?'

'હા યાદ છે...તન્વી શ્યામા શિખરિદશના પક્વલિમ્બા ધરોષ્ઠિ...'

'યસ ધેર યુ આર...' સુમન શ્લોક બોલે તે પહેલાં જ વિજય વચ્ચે બોલી ઉઠ્યો હતો...

'સુમન તું સાચે જ એ યક્ષપ્રિયાની સૌંદર્યમૂર્તિ જેવી છે. આબેહૂબ...શ્રોણીભારાદલસગમના સ્તોકનમ્રા સ્તનાભ્યાં...મેં વરસોથી આવી જ મૂર્તિની કલ્પના મારા મનમંદિરમાં પ્રતિષ્ઠા માટે કલ્પી હતી જે મને મળી ગઈ...'

'આઈ સી એટલે કે સવારમાં વહેલા ઉઠીને આપશ્રીએ સંસ્કૃત સાહિત્યની સમાલોચના મારી નિંદાગ્રસ્ત હાલતનો લાભ ઉઠાવીને કરી હતી ? હદ થઈ ગઈ વિજય હવે હું નહિ છોડું...' કહીને સુમન ઉછળીને વિજયને ચોંટી હતી અને તે કાંઇ સમજે તે પહેલાં બે...ત્રણ...ચાર...બચકાનાં નિશાન તેના ગાલ, ખભા અને ગરદન ઉપર અંકાઈ ચૂક્યાં હતાં. સુમનની શિખરિદશના દંતપંક્તિઓ વિજયના માંસલ બદન ઉપર ઉપસી આવી હતી અને બારણા પરના ટકોરા સાથે હોટેલ મૅનેજરનો અવાજ સંભળાયો હતો.

'ગુડ મોર્નિંગ સા'બ. અગર આપ લોગ તૈયાર હો ગયે હો તો બહાર આઈયેગા...ઘોડેવાલા આપકા ઇંતેઝાર કર રહા હૈ...'



૧૦

બહારથી હોટેલ મૅનેજરનો અવાજ સંભળાતાં સુમનના સકંજામાંથી વિજય માંડ માંડ છૂટ્યો. ગુલમર્ગના પ્રાકૃતિક સૌંદર્યની ગોદમાં ઘોડેસવારીનો વિચાર તેમણે ગઈ સાંજે મૅનેજરને જણાવ્યો હતો. તેણે તે માટે વ્યવસ્થા કરી હતી. પરંતુ મોડાં ઊઠીને મસ્તીએ ચઢી ગયેલા આ મદભર યુગલને સમયભાન રહ્યું નહોતું. રાતના બનાવ પછી સુમનના મનમાં જે વિચારો ઉત્પન્ન થયા હતા તે પછી ઘોડેસવારીના પ્રોગ્રામનો મોહ નહોતો રહ્યો. તેણે મંદિરમાં જઈને લગ્નગ્રંથીથી જોડાઈ જવા માટેના વિચારને વધુ અનુમોદન આપ્યું હતું. સામાજિક રૂઢિરિવાજ મુજબનાં સત્તાવાર લગ્ન જ્યારે થાય ત્યારે ખરાં પરંતુ લગ્ન પહેલાં ભોગવી ચૂકેલાં શરીરસુખ પછી વિજયને તેના પ્રસ્તાવ મુજબ ઈશ્વર સાક્ષીએ લગ્નબંધનમાં બાંધી લેવાનું જરૂરી લાગ્યું હતું. સુમનને-તે મોટે તેનું મન દબાણ કરતું હતું. પોતાના મનમાં દૃઢ થયેલી આ વાતને સુમને ગંભીરતાથી વિજયને કરી હતી. તેણે તે સ્વીકારી હતી અને બહાર જઈને મૅનેજરને બદલાયેલા કાર્યક્રમની જાણ કરી હતી. વિજયે ઘોડાવાળાને બક્ષીસ આપીને રવાના કર્યો. કામ વગર જ કમાણી મળી જતાં ઘોડાવાળો આભાર માનીને બીજા ટૂરીસ્ટો મેળવવા ચાલ્યો ગયો. મૅનેજર સાથે વાત કરીને વિજય હોટલના રૂમમાં ગયો ત્યારે સુમનનાં વસ્ત્રો બદલાઈ ચૂક્યાં હતાં. મિનિટો પહેલાં પેન્ટશર્ટમાં તૈયાર થયેલી સુમન ઓરેન્જ કલરની સાડી અને બ્લાઉઝમાં સજ્જ થઈને ઉભી હતી. ગઈકાલની કૉલેજ કન્યા એક રાતમાં ગંભીર યૌવના બની ચૂકી હતી. સુમનના ગૌરવર્ણ ઉપર ઓરેન્જ સાડી બ્લાઉઝ બેહદ સોહી ઉઠ્યાં હતાં. સુમન સાથેની મુલાકાત પછી સૌપ્રથમ વાર આ વસ્ત્રોમાં જોઈ રહેલો વિજય સાચે જ આનંદિત થઈ ઉઠ્યો હતો.

'ચાલો હવે', અપલક નેત્રે તાકી રહેલા વિજયનો હાથ પકડતાં સુમન બોલી 'ક્યાં સુધી મારી સામું આમ જોઈ રહેશો ?'

'દરેક ઋતુમાં રંગ બદલતા ગુલમર્ગના પ્રકૃતિસૌંદર્યની પરિકલ્પના જેવી તું છે સુમન... હરેક અદામાં, હરેક વસ્ત્રોમાં તું એટલી તો સોહી ઉઠે છે કે નજર હટાવવાનું મન ના થાય.' કહેતાં વિજયે ટેબલ ઉપરથી બગલથેલો ઉઠાવી ખભે નાખી રૂમ બંધ કરી બંને બહાર નીકળ્યાં.

'બસ, હવે બહુ ખુશામત કરવી સારી નથી, આવી રીતે વર્ત્યા કરશો તો કવિ થઈ જશો ક્યાંક...ધંધા રોજગાર મૂકીને જ્યાં સૌંદર્ય જોશો ત્યાં કવિતાઓ કરવા લાગી જશો.'

'સૌંદર્ય પરત્વેની આસક્તિ તો દરેકને હોય સુમન... સાચે જ તને જોયા પછી કવિ બની ગયો છું હું. સદાયે તારી સામે બેસીને તારી કવિતાઓ રચવાનું જ મન થયા કરે છે...'

વિજયે કાઉન્ટર ઉપર મૅનેજરને રૂમની ચાવી આપી હતી. મેનેજરે સુમન તરફ પ્રસંશાભરી નજર નાખી હતી. બંને જણાં પાર્કિંગમાં મૂકેલી મર્સીડિઝ પાસે આવ્યાં. વિજય ડ્રાઈવિંગ સીટમાં ગોઠવાયો હતો. સુમન તેની બાજુમાં બેઠી હતી. કાર ગતિમાં આવી હોટેલ ગુલમર્ગની

બહાર નીકળી હતી.

‘કવિતાઓ રચવા માટે આખી જિંદગી સામે પડી છે મહાશય, હવે કાશ્મીરનો પ્રવાસ ટૂંકાવીને ઘેર ભાગવું પડશે...’

‘કારણ કે કવિતાઓ રચવા માટે તેની પ્રેરણામૂર્તિસમી તને સામે રાખવા ઘરમાં બેસાડવી પડશે ને ? એ માટે બધી બાજી ગોઠવીને તૈયાર કરવી પડશે મારે.’ વિજયે કહ્યું.

‘તમારે જે બાજી ગોઠવવી હોય તે ગોઠવજો. મારી જીવનની બાજી તો અત્યારથી જ ગોઠવાઈ ગઈ છે. તમને પામીને મેં દાવ જીતી લીધો છે.’ કહેતાં સુમને વિજયના ખભા ઉપર મસ્તક ટેકવી દીધું.

‘હવે મંદિર ક્યાં ખોળીશું સુમન ? આ પ્રકૃતિ સૌંદર્યમાં લોકોએ ભગવાનને ક્યાં સ્થાપ્યા હશે ?’ વિજયે કહ્યું. ‘આ પહાડો...આ ખીણો...આ ફૂલોની નગરી સમું સમસ્ત ગુલમર્ગ એક મંદિર સમું પવિત્ર લાગે છે... આ પુષ્પાચ્છાદિત મોહક ધરતી અને મદભર મેઘાડંબર આભ નીચે ઉભા રહીને પરસ્પર એકબીજાંના બાહુઓમાં કેદ થઈ બે હૈયાં એક કરી જીવનભર એક રહેવાના કોલ આપી દઈએ. એક સાચો મક્કમ સંકલ્પ એ કોઈપણ વિધિ કરતાં ઊંચો છે. શો અભિપ્રાય છે તારો ?’

‘તમારી વાત સાચી છે વિજય. આ કુદરતી પરિબળો જ આપણા મિલનનાં સાચાં સાક્ષી છે... પરંતુ... અરે સામેની ટેકરી ઉપર જુઓ ધજા ફરકતી દેખાય છે. તે મકાનમાં કોઈ મંદિર જ હશે...’ સુમને થોડે દૂર આંગળી ચીંધતાં કહ્યું હતું.

વિજયે કાર તે દિશામાં વાળી. થોડી મિનિટોમાં તે રમ્ય ટેકરી પાસે કાચા રસ્તે દોડીને કાર એક સોહામણા મંદિરના પગથિયાં પાસે થંભી. આસપાસ રમતાં કાશ્મીરી બાળકો કારને વીંટળાઈ વળ્યાં. ચાર-પાંચ છોકરાંનાં હાથમાં ફૂલ હતાં. કોઈ દર્શનાર્થી આવે તેની અપેક્ષાએ તે ઊભાં હતાં. વિજય અને સુમન કારમાંથી ઉતરતાં જ બાળકોએ તેમને ફૂલ ધર્યાં...

‘યે ફૂલ લિજીયે સાબ.’

‘ભગવાન કો ચઢાને યે ફૂલ લે લો.’

‘અચ્છે સુગંધીવાલે હૈ... લે લો ના મેમસાબ...’

નાનકડી કાશ્મીરી બાળકીઓ અને લાલ પ્રફુલ્લિત ફૂલો જેવાં જ નિર્દોષ ગલગોટા જેવા ચહેરા ધરાવતાં માથે ફૂમતાટોપીવાળાં બાળકો આગ્રહભરી કાલીઘેલી ભાષામાં બોલી રહ્યાં હતાં... વિજય અને સુમને પરસ્પર સામે જોઈ હસીને ફૂલો લઈ લીધાં. બંનેના ખોબા ફૂલોથી ભરાઈ ગયા હતા છતાં બેત્રણ બાળકો પાસે ફૂલો વધ્યાં હતાં.

‘અરે બસ ભાઈ અબ બહોત ફૂલ હો ગયે શુક્રિયા...’ કહેતાં વિજય સુમન સાથે પગથિયાં ચઢવા માંડ્યો.

‘સાબ... સાબ... બક્ષીસ...?’

‘બક્ષીસ ?’

‘હાં સા ’બ યે ફૂલ દિયે ના ?’

‘ઓહ... મૈં તો ભૂલ ગયા...’ કહેતાં વિજય બે પળ ગુંચવાયો હતો. તેના બંને હાથના ખોબામાં ફૂલો હતાં. ખિસ્સામાંથી પૈસા કાઢવા કઈ રીતે ? તેણે હાથમાંનાં ફૂલોનો અચાનક સુમનના માથા ઉપર અભિષેક કરી દીધો.

‘અરે, આ શું વિજય ? ભગવાનને ચઢાવવાનાં ફૂલો...’ સુમન પૂરું બોલી રહે તે પહેલાં... જે બાળકો પાસે ફૂલો બાકી રહ્યાં હતાં તેમણે પણ વિજયનું અનુકરણ કરીને સુમન ઉપર હર્ષોલ્લાસથી ફૂલો ઉછાળી દીધાં હતાં... અને ‘સાબ મુઝે ભી બક્ષીસ...’ ‘સાબ મુઝે ભી બક્ષીસ...’નો નાનકડો કોલાહલ મચી ગયો હતો. સુમનના મસ્તક ઉપર પુષ્પોનો વરસાદ થયો

હતો જાણે.

'અરે... સબકો દેતે હૈ... બાબા... સબકો દેતે હૈ...' કહેતાં વિજયે પેન્ટના ગજવામાં હાથ નાખીને હાથમાં આવેલા સિક્કાઓ અને નોટો દરેક બાળકની હથેળીમાં મૂક્યાં. આનંદની કિલકારીઓ કરતાં છોકરાંઓ દોડી ગયાં હતાં. બારેક વર્ષની એક કિશોરી હસતી હસતી દોડીને સુમન અને વિજયની આગળ પગથિયાં ચઢી.

'મુન્ની... જરા સુનો તો...' વિજયે તેને અટકાવી. કાશ્મીરી કુર્તા સલવાર પહેરેલી માથે રંગીન ઓઢણીવાળી તે કિશોરીએ પાછું વળીને જોયું.

'યહાં ફૂલોકી માલા મિલેગી...?'

'હાં...ઊપર...મંદિરમેં...' જેવો ત્રુટક શબ્દોમાં જવાબ વાળતી તે સ્ફૂર્તિથી દોડીને હસતાં હસતાં પગથિયાં ચઢી ગઈ હતી. સુમનના બે હાથમાં ફૂલો હતાં. સાડી પહેરેલી હોવાથી તેને ચઢવાનું ફાવતું નહોતું... વિજયે હસીને તેના સામું જોઈને કહ્યું...

'મેમસાબ આપકી કુછ મદદ કર સકતા હું...આપ કહે તો આપકો કંધેપે ઉઠા લૂં...'

'ના...મને ઉઠાવવાની જરૂર નથી... આટલાં ફૂલો ઉઠાવી લો તો પણ સારું છે...પણ ફરીથી ઘેલા થઈને મારા માથે નાખી ના દેતા.. ફૂલો ભગવાન સુધી પહોંચાડવાનાં છે મારે...' કહેતાં સુમને વિજયના હાથમાં ફૂલો આપ્યાં... અને બે હાથે કપડાં સહેજ ઊંચા સંકોરી ઝડપથી પગથિયાં ચઢવા લાગી. હજુ તેના કોરા કેશમાં નાનકડાં રંગીન ફૂલો ચોંટી રહ્યાં હતાં. ઉપર મંદિરમાં ઘણાં કાશ્મીરી દેહાતી સ્ત્રીપુરુષો હતાં. કોઈ નવપરણીત ગ્રામ્ય યુગલને ભગવાનનાં દર્શન કરાવવા લાવ્યા હતા એ લોકો. ઘૂમટો વાળીને ઉભેલી વહુ અને માથે રંગબેરંગી પાઘડીધારી વરરાજાને ફરતે વીંટળાઈને ઉભેલાં સ્ત્રીપુરુષો વિજય અને સુમનને આવેલાં જોતાં અંદરોઅંદર હસતાં હતાં. પગથિયાં નીચે બનેલો બનાવ કહીને પેલી કિશોરીએ બધાંને બેઉના આગમન પૂર્વે સચેત કર્યાં હતાં કે કોઈ શહેરીબાબુ અને તેની પત્ની દર્શન કરવા આવે છે.

એ શિવપાર્વતીનું મંદિર હતું. વિજયે સુમનને પોતાની પાસેનાં પુષ્પો આપી થોડાંક પોતે શિવલિંગ પર ધર્યાં હતાં. સુમને પણ આંખો મીંચી માથે પાલવ ઓઢી પ્રાર્થના કરી પુષ્પ સમર્પણ કર્યાં. વિજયે મંદિરના પૂજારીને ટૂંકમાં કહ્યું કે પોતે મહાદેવજીની સાક્ષીએ ફુલહાર કરવા માગે છે. પૂજારીએ બંનેને પુષ્પમાલાઓ આપી. એકબીજાંને આરોપણ કરાવ્યું હતું અને કપાળે કુમકુમ તિલક કરી બંનેનો હસ્તમેળાપ કરાવી આશીર્વાદ આપ્યા. - 'ભોલેનાથ આપકી જોડી સલામત રખ્ખે...' અને મીઠાઈથી બંનેનું મોઢું પણ મીઠું કરાવ્યું. પેલી ગ્રામ્ય નારીઓએ કોઈ કાશ્મીરી લગ્નગીત લલકાર્યું. કાશ્મીરી લઢણમાં ગવાતું એ ગીત વાતાવરણમાં રેલાઈ રહ્યું. વિજય અને સુમન આંખોના ઊંડાણમાંથી એકબીજાંના હૃદયમાં ઊતરી ગયાં. કાશ્મીરી નારીઓનું વૃંદ તેમની આસપાસ તેમને ઘેરીને ઉભું રહીને ગાઈ રહ્યું હતું. બંનેએ તેમના ઘેરામાંથી નીકળવા પ્રયત્ન કર્યો પણ કોઈએ મચક ના આપી. પુજારીએ કહ્યું :

'સા'બ યે લોગ અપની જબાન મેં ઠેકા માંગ રહે હૈ...'

'ઠૈકા...? કૈસા ઠેકા ?' વિજયે કંઈ ના સમજાતાં કહ્યું..

'ઠૈકા યાને આપકી શાદી કી મીઠાઈ...યે મંદિરમેં દુલ્હાદુલ્હન શિવપાર્વતીજી કે દર્શન કે બાદ હાજીર લોગોં કો પ્રસાદ યાને મીઠાઈ ખિલાતે હૈ...'

'અચ્છા તો યે બાત હૈ...' કહેતાં વિજયે ખિસ્સામાંથી પાકીટ કાઢીને સો- સોની પાંચ નોટો પૂજારીના હાથમાં આપી...

'યે લિજીયે મહારાજ... આપકી દક્ષિણા ભી ઓર બાકી સબકો હમારી ઓરસે મીઠાઈ ભી ખિલા દેના...' એક સાથે આટલી તગડી દક્ષિણા મળતાં પૂજારી ખુશીથી ગાંડો થઈ ગયો.

'અરી સબકો મીઠાઈ મિલેગી... અબ બાબુજી અ◌ૌર મેમસાબકો જાને દો...'

પૂજારીના એલાન સાથે હર્ષની ચીચીયારી ટોળામાં ઊમટી હતી સુમન અને વિજય પણ ખુશીથી તરબોળ થતાં બહાર સરકી ગયાં. પગથિયાં ઉતરીને કાર સુધી બંને પહોંચે તે પહેલાં ક્યાંકથી સૂર્ય આડે નાનકડું વાદળું આવી ચઢયું હતું અને ઠંડા પવન સાથે વરસાદનું જોરદાર ઝાપટું વરસી પડ્યું.. બંનેએ દોડીને વરસાદથી બચવા પ્રયત્ન ન કર્યો. એક બીજાના હાથમાં હાથ રાખી મસ્તીથી પગથિયાં ઉતરીને કાર પાસે પહોંચતા સુધીમાં તો પાણીથી તરબોળ બની ચૂક્યાં હતાં. વિજયે કારનું બારણું ખોલી સુમનને અંદર બેસાડી. પોતે પણ તેની લગોલગ બેસી ગયો. પાંચ સાત મિનિટમાં વાદળી વરસીને ચાલી ગઈ. સુમનના કપાળ પર પૂજારીએ કરેલો ચાંદલો લાલ રંગે રેલાયો હતો. વાળમાંનાં પુષ્પો પણ વરસાદ વરસવાથી ભીંજાયાં હતાં. આસપાસનું વાતાવરણ વર્ષાની ભીનાશથી-ફૂલો તથા ધરતીની સુગંધ પ્રસરાવી ગયું હતું... વાદળ આડેથી બહાર આવેલાં સૂર્યનાં કિરણો પડતાં છોડ પરનાં પુષ્પો અને વૃક્ષોનાં પાંદડાં હસી ઉઠ્યાં હતાં... લગ્નના હારતોરા કરેલા આ નવયુગલને જાણે મેઘરાજાએ વધાવ્યું હતું.

'સુમન...'

'હમ્...'

'કુદરતના આશીર્વાદ પણ આપણા ઉપર વરસી પડ્યા નહિ...?'

'હા... જાણે શિવજીની કૃપારૂપ મંદાકિનીની જલધારીનો મેઘઅભિષેક...'

'વાહ...તું પણ કવિતા કરવા લાગીને કંઈ...'

'આજે હું ખૂબ ખુશ છું વિજય...આઈ એમ વેરી લકી એન્ડ હેપી...'

'હું તને સદા સુખી જોવા માંગુ છું... સુમન...'

'તમે મને પ્રભુ સાક્ષીએ પત્ની બનાવીને મારું પાપ ધોઈ નાંખ્યું....'

'ફરી પાછી એ જ વાત...? આપણે કોઈ પાપ કર્યું નથી... આપણે ફક્ત પ્રેમ કર્યો છે. ઓન્લી લવ... નથિંગ વિધાઉટ લવ...'

'તમે લગ્નનું બંધન બાંધીને પ્રેમને પવિત્રતાની મહોર મારી છે વિજય... કુદરતે તેમાં આશીર્વાદ વરસાવીને ફૂલોની જેમ આપણા પ્રેમને તેના પુનિત જળથી અભિષેક કરીને પવિત્ર કરી નાખ્યો છે...'

'હા સુમન... રજમાત્ર પણ મલીનતા ગમતી નથી પ્રભુને... તેથી જ તો એ પુષ્પને પણ વહેલી પરોઢે ઝાકળથી ધુએ છે...'

'તારા ખીલેલા ગુલાબ જેવા ચહેરા ઉપર એ ઝાકળનાં બિંદુઓ સમાં વર્ષાનાં ફોરાં કેટલાં સુંદર લાગે છે સુમન... હું ચુમી લેવા માંગુ છું એ પુનિત બિંદુઓને...' કહેતાં વિજય ભીંજાયેલી સુમન તરફ ઝૂક્યો હતો અને સંખ્યાબંધ ચુમીઓના આલેખનથી તેનો રતાશ પડતો ભીનો ચહેરો વધુ રાતો બન્યો હતો. ટેકરીનાં મંદિરનાં પગથિયાં પરથી વહેતું પાણી નાનકડા ઝરણાંની જેમ નીચે પડતું હતું.આકાશને ચૂમતા ગગનચૂંબી ચિનારવૃક્ષો ખુશીનાં માર્યાં ઝૂમતાં હતાં જાણે... વરસાદ અટકતાં મંદિરમાંના ટોળાનાં લોકો નીચે આવતાં હતાં. ગ્રામ્યપ્રજા નીચે આવીને તેમને હેરાન કરવાની કોઈ મીઠી તરકીબ કરે તે પહેલાં ચેતીને વિજયે કાર સ્ટાર્ટ કરી. ભીના કાચા રસ્તા ઉપરથી ચચરાટી કરતી કાર ગુલમર્ગના ચઢાવ ઉતારવાળા પાકા ડામર રોડ ઉપર ચઢીને હોટેલની દિશામાં દોડી રહી હતી... કાચના રીઅરવ્યુમાં લીલારંગની જીપ પાછળ આવતી દેખાતી હતી.

વિજયને આશ્ચર્ય થયું. મંદિર નીચે નહિ દેખાયેલી જીપ અચાનક ક્યાંથી ફૂટી નીકળી ? બશીરના મોકલેલા કમાન્ડો હોંશિયાર હતા. હોટેલથી કાર નીકળતાં જ તેમણે થોડા અંતરે જીપને એવી રીતે સાથે રાખી હતી કે તેમની હાજરીનો વિજયને ખ્યાલ ના આવે છતાં તેમની

પ્રોટેક્ટેડ રેન્જમાં બંને જળવાઈ રહે. હોટેલ નજીક આવતાં જીપ ગતિ વધારીને કારની લગોલગ થઈ ગઈ હતી. બંને વાહનો પાર્કિંગ પ્લોટમાં ઉભાં રહ્યાં કે તરત જ હોટેલ મૅનેજર કાઉન્ટર પરથી દોડીને વિજયની સામે આવ્યો.

'સા'બ શ્રીનગરસે બશીર સાબકા ફોન થા આધે ઘંટેસે આપકો માંગ રહે હૈ. કહા હૈ કિ આતે હી બાત કરાના.'

'ક્યા કોઈ ખાસ બાત હે ક્યા ?' વિજયે પૂછ્યું.

'વો નહિ બતાયા લેકિન અબ તક ચાર બાર રીંગ આ ચૂકી હૈ અૌર પૂછ રહે થે કિ કાર'મેં સાબ અકેલે બહાર ગયે હૈ યા જીપવાલે સિક્યુરીટીઝ ભી ઉનકે સાથ હૈ ? મૈને ઉનકો બતાયા થા જીપ કાર કે પીછે હી નીકલી હુઈ હૈ તબ ઉનકો ઠીક લગા થા અૌર વાપસ લોટતે હી ફોન પે બાત કરાને કા બોલા હૈ...'

કાઉન્ટર પર પહોંચીને મેનેજરે ફોન જોડી રીસીવર વિજયના હાથમાં આપ્યું. સુમન કપડાં ભીંજાયેલાં હોવાથી રૂમમાં ચાલી ગઈ હતી.

'હેલ્લો ખાન... મેં વિજય બોલતા હું... ક્યા બાત હૈ ? સબ ઠીકઠાક તો હૈ ના ?'

'વિજય તુમ જલદી વાપિસ આ જાઓ.' સામેથી બશીરનો ગંભીર અવાજ કાને પડ્યો. 'આઈ. જી. પી. કા ફોન થા... રાત કો ટેરરીસ્ટોને પુલીસ સ્ટેશન પર હમલા કિયા થા અૌર વો લૉક-અપ વાલે કૈદીયોંકો પુલીસકી હિરાસતમેંસે ભગા કર લે ગયે હૈ...'

'બશીર ઇસસે અબ હમકો ક્યા લેના દેના... વો મામલા પુલીસ અૌર ઉન લોગોં કા હૈ... મેરે પાસ તુમ્હારે આદમી મૌજુદ હૈ...' વિજયની વાત અધવચ્ચે અટકાવતાં બશીર બોલ્યો 'યે સબ તેરી સમજમેં નહિ આયેગા...યે લોગ બહોત ખૂંખાર હૈ. હમારી વજહસે ઉનકો જેલ હુઇ થી અૌર ઉનકા માલ ભી પુલીસ કે હાથમેં જપ્ત હો ગયા - દુશ્મની ભૂલનેવાલે નહિ હોતે હૈ યે લોગ...'

'અચ્છા ખાન જૈસા તુમ કહો. લેકિન આજ મૈને મંદિરમેં સુમનસે શાદી કરલી હૈ... યાનિકી ગાંધર્વ વિવાહ... આજકી રાત ગુલમર્ગમેં ગુઝારકર કલ શ્રીનગર લૌટકર આઉંગા. તુમ સતર્ક રહેના... મેરી ફિકર મત કરો.'

'અરે શાદી કરનેકી ઐસી ક્યા જલદી થી કિ ઇસ તરહ મંદિરમેં કરલી ? તુમ્હારી શાદી ધામધૂમસે હોગી.'

'વો સબ બાદમેં હો જાયેગા લેકિન સુમન કા ઐસા કહેના થા સો કરના પડા. મૈં ઉનકા દિલ કૈસે દુખા સકતા હું ? મૈં તુમ્હેં સબ બતાઉંગા.'

'ઠીક હૈ...મુબારક હો શાદી... તુમ દોનોં કો... લેકિન આજ નહિ તો કલ હી મેરે પાસ આ જાઓ. મુઝે તુમ્હારી ફિક્ર લગી હૂઈ હૈ... મૈં ચાર-પાંચ અૌર આદમી અભી હોટેલ ગુલમર્ગ ભેજતા હું. સબ લોક સાથમેં કલ આ જાના અૌર સાવધાન રહેના...આજ બાહર દૂર તક ઘૂમના નહિ. હોટેલ મૈં હી રહેના અચ્છા ? ગૂડ બાય.'

'ગૂડ બાય જાની ! હમ કલ હી આ રહે હૈ...'

કહેતાં વિજયે ફોન મૂક્યો અને સુરક્ષા ગાર્ડો સાથે બશીરે કહેલી વાતની થોડીક ચર્ચા કરી પોતાના રૂમમાં ચાલ્યો ગયો.



૧૧

શેખ બશીરના ટેલિફોને વિજયના મનમાં વિચારોનો વંટોળ પેદા કર્યો . આતંકવાદીઓનું જોર કાશ્મીરમાં વિસ્તરવા માંડ્યું હતું. શ્રીનગરમાં બેત્રણ જગ્યાએ બોમ્બ ફાટ્યા હતા. લશ્કરી છાવણીઓ પોલીસ સ્ટેશન અને અધિકારીઓના રહેઠાણો ઉપર હુમલાઓ કરીને આતંકનું જોર જમાવવા માટે ત્રાસવાદીઓએ પ્રયત્નો શરૂ કરી દીધા હતા. સોહામણું શ્રીનગર બારુદની ગંધથી ગુંગળાયું હતું. છાપાંઓની હેડલાઇનોમાં આ સમાચારો ઝળક્યા હતા. ત્રાસવાદીઓ સાથેની અથડામણોમાં ઘણા પોલીસમેનો મરાયા હતા. પોલીસ કસ્ટડીમાંથી કેદ કરાયેલા આતંકવાદીઓને છોડાવી જવામાં તેમના સાથીદારો સફળ નીવડ્યા હતા. રાત્રે આ બનાવો બનતાં ડી. આઈ. જી.એ વહેલી સવારે શેખ બશીરના ત્યાં ટેલિફોન કરી વિજય તથા સુમન ઉપર ખતરો હોવાની જાણ કરી હતી, કારણ કે ત્રાસવાદીઓ જે કેદીઓને ભગાડી ગયા હતા તે જમ્મુ બસઅડ્ડા ઉપર વિજય સાથે અથડામણમાં ઉતરી ચૂકેલા રીઢા ગુનેગારો હતા. દાણચોરીના હીરા પકડાયા બાદ પોલીસ ટોર્ચરમાં રીમાન્ડ લેવા છતાં વધુ માહિતી તેમના મોઢામાંથી પોલીસ કઢાવી શકી નહોતી. શેખ બશીરના બંગલેથી ઘવાઈને રાત્રે ભાગી છૂટેલો આદમી પણ ઘણી શોધખોળ કરવા છતાં પકડાયો નહોતો. ત્યારબાદ અઠવાડિયા પછી ત્રાસવાદી ગેંગ વ્યવસ્થિત પ્લાન કરીને શ્રીનગર પોલીસ સ્ટેશન ઉપર ત્રાટકી હતી અને કેદ પકડાયેલ સાથીઓને છોડાવી ગઈ હતી. જેના કારણે તેઓ કેદ પકડાયા હતા તે વિજય, સુમન અને શેખ બશીરના માથા ઉપર જોખમ વધી ગયું હતું. ડી. આઈ. જી.ના ફોન પછી બશીરે ચિંતા અને વિચારોમાં બે-ત્રણ કલાક પસાર કર્યા બાદ ગુલમર્ગમાં ફોન જોડ્યો ત્યારે વિજય અને સુમન હોટેલમાંથી બહાર નીકળી ચૂક્યાં હતાં જેથી બશીર વધુ ચિંતામાં પડ્યો હતો. તેણે હોમ મિનિસ્ટરને ફોન કરીને ડઝનેક સુરક્ષા કમાન્ડો મંગાવડાવ્યા હતા. જેમાંથી છ એક કમાન્ડોને હોટેલ ગુલમર્ગ અબ્દુલ સાથે પોતાની કારમાં ખાસ સૂચનો આપી વિજયને પોતાની પાસે લઈ આવવા રવાના કરી, બાકીનાને બંગલાની સુરક્ષા અર્થે ગોઠવી દીધા.

બશીરના ફોન બાદ વિજયે પણ વહેલીતકે કાશ્મીર છોડી ઘરભેગા થઈ જવાનું નક્કી કર્યું હતું. જેના લીધે શેખ બશીર ઉપરનું ચિંતાનું ભારણ દૂર થાય પરંતુ સુમન સાથે ગાંધર્વ લગ્નથી જોડાયા બાદ એકાદ રાત્રિનું રોકાણ ગુલમર્ગમાં ગાળવાનો મોહ તે છોડી શક્યો નહોતો. તે રાત્રિ તેના લગ્ન પછીની પ્રથમ રાત હતી. સોહાગરાત હતી. બશીરના ટેલિફોનના સમાચાર આપી વિજય સુમનને ચિંતાના ભાર નીચે વિજય નહોતો મૂકવા ઇચ્છતો. તત્કાલ પૂરતી બધી ચિંતાઓ હટાવીને પોતાના સ્યુટમાં આવ્યો ત્યારે સુમન બેડરૂમમાં હતી અને બારણું અંદરથી બંધ હતું. વિજયે બારણું ખખડાવતાં સુમને કપડાં બદલી પોતે બહાર આવે છે તેમ જણાવ્યું. વિજયે બેલ મારીને વેઈટરને બોલાવ્યો અને બે કોફીનો ઓર્ડર આપ્યો. પાંચેક મિનિટમાં જ સુમન

ડ્રોઈંગરૂમમાં આવી. તેણે કપડાં બદલી લીધાં હતાં. બ્લ્યુ જીન્સ પેન્ટ ઉપર લૂઝ બ્લેક શર્ટ તેણે પહેર્યું હતું. ભીના થયેલા વાળ તેણીએ પીઠ ઉપર છૂટા મૂક્યા હતા જે નીતંબ સુધી પહોંચતા હતા. વિખરાયેલા ઘેરાકાળા વાળ વચ્ચે સુમનનો ચહેરો ઘનઘોર વાદળ વચ્ચેથી ડોકું કાઢતા ચંદ્રમા જેવો લાગતો હતો. વિજયને વિચારોમાં ઉભેલો જોતાં તેણે પૂછ્યું હતું : 'અરે તમે હજુ ભીનાં કપડાં બદલ્યાં નથી ?'

'તું ના પાડે પછી થાય શું ?'

'ઓ માય ગોડ, મેં ના પાડી ?'

'ના નહિ, ના ને માથે શીંગડાં-ચુનો સુમન...તું જાણે છે કે મારી બેગ પણ આપણા બેડરૂમમાં છે અને તે રૂમ આપશ્રી બંધ કરીને આપનું કામ કરી રહ્યાં હતાં અમે અંદર આવવા બારણું ખખડાવ્યું પરંતુ આપે ખોલ્યું નહિ... ઇટ મીન્સ આપ શ્રીમતી મને કપડાં બદલવા દેવા માગતાં નહિ હોય... અમે અહીં ઠંડીમાં ધ્રૂજતા રહ્યા ગજવામાં સિગારેટ માટે હાથ નાખ્યો તો યાદ આવ્યું કે મારી એ ચેષ્ટા માટે પણ આપે પ્રોહિબીશન ફરમાવ્યું છે બસ હમ યું હી ખડે ખડે 'બહાર' દેખતે રહે...'

વિજયના નાટકવેડા પર હસી પડી હતી સુમન... તેણે હાથ પકડીને વિજયને બેડરૂમમાં ખેંચી તેનાં કપડાં ઉતારીને કોરા ટુવાલથી વિજયના દેહને પ્રેમથી લુછવા માંડ્યો. વેઇટરે બહારના રૂમમાં કોફી લાવીને મૂકી હતી. તેના અવાજથી સુમન કોફી અંદર લઈ આવી. વિજય લાલ રંગની કચ્છી બાટીક પ્રિન્ટ લૂંગી પહેરીને જ ઉભો હતો. સુમને પોટમાંથી કાચના બે મોટા મગમાં કોફી ઠાલવી. વિજયે બારણાને બંધ કરી સ્ટોપર મારી હતી તે જોતાં સુમને પૂછ્યું. 'હવે બારણું શા માટે બંધ કરો છો ? કોફી પીને જલદી તૈયાર થઈ જાઓ. આપણે બહાર રાઈડીંગ માટે જવું છે...' વિજય તેના નિર્દોષ ચહેરા સામે જોઈ રહ્યો. શેખ બશીરની ચેતવણી તેને યાદ આવતી હતી - ક્યાંય રૂમની બહાર જતા નહિ સુરક્ષા ગાર્ડો સાથે જેમ બને તેમ જલદી શ્રીનગર પાછા આવતા રહો. અને આમેય વિજય આજનો દિવસ અને રાત સુમનથી ક્ષણભર પણ જુદો પડવા ઈચ્છતો નહોતો. સુમને તો બહાર જવાના હેતુથી જીન્સ પેન્ટ અને શર્ટ પહેર્યું હતું ખાસ કરીને હોર્સ રાઈડીંગ માટે જ. નાનપણમાં પિતાજી સાથે તેણે ઘણીવાર ઘોડેસ્વારી કરી હતી. ઘોડેસવારીમાં તેને અજબ રોમાંચ થતો હતો.

'આમ એકીટશે જોયા શું કરો છો ? લો કોફી પીને જલદી કપડાં પહેરી લો' વિજયે વિચારમાં જ કોફીનો કપ હાથમાં લીધો હતો. અને બે મોટા ઘૂંટડા ભરીને કહ્યું 'આજે આપણે ક્યાંય બહાર નથી જવું...'

'એટલે બહાર નથી જવું તો શું રૂમમાં જ પુરાઈ રહેવું છે ? કે પછી....? અરે, હું પૂછવાનું ભૂલી ગઈ ભાઈજાનનો શું ફોન હતો ? કોઈ અગત્યની વાત હતી ?'

'હા બશીર આપણા આગળ ઉપરના કાર્યક્રમ વિશે પૃચ્છા કરતો હતો. મેં એને આપણા લગ્નની વાત જણાવી તો ખૂબ નારાજ થઈ ગયો. તે ખૂબ ધામધૂમ કરવા ઇચ્છતો હતો આપણા લગ્નમાં. હું.. તેને બધું સમજાવી દઈશ. પરંતુ આપણે કાલે સવારે શ્રીનગર પાછા પહોંચી જવું છે. ત્યાંથી તને જમ્મુથી બરોડા પહોંચાડી હું દિલ્હી ચાલ્યો જઈશ. જેમ બને તેમ જલદીથી હું મારા કુટુંબમાં જાણ કરીને આપણાં કાયદેસરનાં જાહેર લગ્ન કરી લેવા માંગું છું. આપણા પ્રથમ મિલનની મધુર ફળશ્રુતિ પછી તારો પળભરનો વિલંબ સહેવાની મારી શક્તિ નથી. પછી આપણું અંતિમ સંગાથ સુધીનું દાંપત્ય જીવન શરૂ થશે. સુમન, આજનો દિવસ અને રાત આપણા એકાંત વચ્ચે હું કંઈ પણ આવવા દેવા માગતો નથી. આવનાર ટૂંકા વિરહના સમયનો બદલો આજના એક દિવસ અને એક રાતમાં હું કેટલો પ્રેમ કરીને લઈ શકીશ તે મને સમજાતું નથી.' વિજયનો લાંબો સંવાદ ભાવપૂર્ણ નેત્રોથી જોતી-સાંભળતી રહી સુમન સુખદ વિચારોમાં

એકાદ મિનિટમાં કોફી પૂરી કરતાં સુમન બોલી : 'આટલી પરવશતા સારી નહિ વિજય અને ઇંતેઝાર પછીના ઇઝહારની મજા પણ અનેરી હોય છે. આપણી રીતે આપણે લગ્નના બંધનમાં બંધાઈ ચૂક્યાં જ છીએ. મને તેથી ઘણી માનસિક શાંતિ છે. વચ્ચે થોડાક સમયનો સવાલ છે...છતાં મારી પસંદગીનાં લગ્ન માટે કાકીને મનાવતાં મારે આંખે પાણી આવશે કારણ કે તેનો સ્વભાવ અને વર્તન ખૂબ જ વિચિત્ર છે... અને એટલે જ મેં અહીં આપણાં ગાંધર્વ લગ્ન કરી નાખવાની ઉતાવળ કરાવી... હવે મહત્ત્વનો આધાર તમારા કુટુંબની પરવાનગી ઉપર છે...'

વિજયે પણ કોફીનો મગ ખાલી કરતાં કહ્યું, 'મારી બાબતથી તુ નચિંત રહે સુમન. મારાં માતા-પિતા કે સમગ્ર કુટુંબની મને મારી પસંદગીનાં લગ્ન કરવાની છૂટ છે. હા, પાત્ર ઘર શોભતું હોય તેવો આગ્રહ ખરો અને તે બાબતમાં તને જોઈને કોઈને કંઈ કહેવાપણું રહેવાનું નથી. તારા ઘેર જરાય ગરબડ કે આનાકાની થાય તો તું કોલ કરીને અથવા પત્રથી મને જાણ કરજે. હું જાતે આવીને તને લઈ જઈશ. આપણે કોર્ટમાં જઈ કાયદેસર લગ્નવિધિથી જોડાઈ જઈશું. હું છું ત્યાં સુધી આપણી ખુશીની વચ્ચે કોઈ અંતરાય નહિ રહે. આપણે ખૂબ જ જલદીથી એક થઈ જઈશું.'

'ઓહ વિજય આપણું આ સ્વપ્નં જેમ બને તેમ જલદી સાકાર થાય તેની પળપળ પ્રતીક્ષા કરતી રહીશ.' કહેતાં સુમન સોફામાં વિજયની નજીક સરી. વિજયના ખુલ્લા વિશાળ સીનામાં તેણે મોં છુપાવી દીધું...તેના મજબૂત ખભા પરથી પીઠ અને કમરને તેણે સહલાવ્યાં. વિજયે પ્રેમાવેશથી સુમનને આશ્લેષમાં જકડી હતી તેનું બ્લેક શર્ટ ક્ષણમાત્રામાં ફેંકાઈ ગયું. બારીના ઉંચા વેન્ટીલેટરમાંથી આવતાં સૂર્યના પ્રખર તેજકિરણો વચ્ચે એ બેડરૂમમાં અજંટા- ઇલોરા અને ખજૂરાહોના પ્રણય સ્થાપત્યની કલાભંગિમા સમાં જીવંત પ્રણયદૃશ્યો સર્જાઈ રહ્યાં. વિજયના મજબૂત બાહુઓ વચ્ચે સુમનની સુકોમળ-સુગઠિત કાયા વીંટળાઈ ગઈ હતી. બંનેના તન-મન એકમેકમાં એકાકાર થઈ ગયાં હતાં. બહાર સૂરજની આડે વાદળો છવાયાં હતાં. થોડીક મિનિટોમાં તો પુનઃ હળવો વરસાદ વરસવો શરૂ થઈ ગયો. વરસાદની ધારોથી જાણે ધરતી અને આકાશનું મિલન સાર્થક થતું હતું... ફૂલોની ભીની સુગંધ વાતાવરણમાં પ્રસરતી જતી હતી. સોફા ઉપરથી ઉઠીને યુવાદેહો ક્યારે પલંગ પર સરકી ગયાં તેનુંયે કોઈને ભાન નહોતું રહ્યું. પ્રેમનો માદક નશો બંનેને બેભાન કરી ગયો હતો. ત્રણેક વારના પ્રણયભોગમાં દિવસ ક્યારે પસાર થઈ ગયો તેનીય તેમને ખબર નહોતી રહી. બપોરના ખાણા માટે વેઇટરે બે ત્રણ વાર બારણે ટકોરા માર્યા હતા જેનો જવાબ વિજયે ડોન્ટ ડિસ્ટર્બથી આપ્યો હતો. વરસાદ અટકવાનું નામ લેતો નહોતો તેમ આ યુવાબેલડીની પ્રણય વર્ષા પણ જાણે અવિરત ચાલુ રહી હતી. આ વર્ષાના ઘેનથી બંને થોડો સમય નિદ્રામાં સરી પડતાં અને જાગતાં ત્યારે ભૂખ-તરસ ભૂલીને ફરી પાછાં પ્રણય કેલિમાં ગુંથાઈ જતાં હતાં.

બહારનું વાતાવરણ પણ મદહોશ હતું. વરસાદ ક્યારેક હળવી ક્યારેક તેજ ધારે વરસી રહ્યો હતો. માનવમાત્ર અને પશુપંખી સૌ સૌના સ્થાનમાં ભરાઈ ગયા હતાં. સાંજના આઠેક વાગે હોટલ મેનેજરે જાતે વિજયના રૂમનું બારણું ખટખટાવ્યું. શેખ બશીરનો ફરીથી ફોન હતો. મેનેજરે બંનેનો રિપોર્ટ આપ્યો હતો. મૅનેજરને બશીરે તાકીદ કરી હતી બંનેને સાંજનું ખાણું પહોંચાડો-બપોરનાં ખાધાપીધા વગર બંને રૂમમાં ભરાયાં છે. સારું છે કે વરસાદ ચાલુ હોવાથી ક્યાંયે બહાર નીકળ્યાં નથી. અવિરત બારણું ખખડાવવાથી જાગેલા વિજયે ઊભા થઈને લોંગકોટ પહેરી લીધો. સમગ્ર વાતાવરણમાં ઠંડીનો ચમકારો હતો. સુમનના દેહ ફરતો ધાબળો વીંટાળી વિજય ડ્રોઈંગરૂમમાં આવ્યો. તેણે ધાર્યું હતું કે કોઈ વેઈટર હશે, પણ મૅનેજરને જોઈ તેણે પૂછ્યું,

'યસ મૅનેજર... એની મેસેજ ?'

'કોઈ મેસેજ નહિ હૈ સર. એકબાર બશીર સા'બ કા ફોન આયા થા આપને દુપહરકા ખાના નહિ મંગવાયા સુનકર નારાજ થે.'

'અરે ! આપને ઉનકો ક્યોં બોલા હમને ખાના નહિ ખાયા ?'

'હમ જૂઠ કૈસે બોલતે સા'બ. આપને અભી શામ તક કુછ નહિ ખાયા... અબ હુકમ હો તો ડીનરકા ઈંતેઝામ કરદે ?'

શેખ બશીરની પોતાના પ્રત્યેની કાળજીથી ભાવવિભોર થઈ ગયો હતો વિજય, અને સાચ્ચે જ હવે ખાવાનું નામ લેતાં જ પેટમાં બિલાડાં બોલવા લાગ્યાં હતાં. અત્યારસુધી ક્યાં ભાગી ગઈ હતી આ ભૂખ ? વિજયે મૅનેજરને તેની ઇચ્છા મુજબ 'બેસ્ટ' ખાણું મોકલવાનું કહી દીધું.

સાથે જ સુરક્ષા ગાર્ડોની પણ ભોજન વ્યવસ્થા બાબત પૂછ્યું હતું. તેઓની સંપૂર્ણ વ્યવસ્થા થઈ ગઈ છે તેમ કહી મૅનેજર ઓર્ડર લઈને ખુશ થતો થતો ગયો. વિજયે બેડરૂમમાં આવીને સુમનને જગાડી.

'કેટલા વાગ્યા વિજય ?' સુમને ઉઠીને આળસ મરડતાં પૂછ્યું હતું. ધાબળો સરકતાં શરમાઈને તેણે હાથ લંબાવી ખીંટીએ ટીંગાતો નાઇટ ગાઉન ખેંચીને પહેરી લીધો.

'ઓહ ઠંડીનો ચમકારો છે.' કહેતાં તેણે શરીર પર ધાબળો લપેટ્યો હતો.

'ફક્ત સાંજના આઠ વાગ્યા છે મેડમ, આપ કોકટેઈલના ઘેનમાં હતાં. પેલા મેનેજરે કહ્યું હતું તે કોકટેલ : અગર હુસ્ન અૌર જવાની મિલ જાયે તો અૌર કિસી કોકટેલ કી જરૂરત નહિ રહતી. યે હી સબસે બઢિયા કોકટેલ હૈ...અને એ કોકટેલના અવિરત આસ્વાદ પછી પેટમાંની ભૂખ પણ વધી જાય છે. સુમન તને ભૂખ લાગી છે કે નહિ ?'

'હા...ભૂખ લાગી છે. પેટમાં કંઈ બળતું હોય એમ લાગે છે. બપોર તો કઈ રીતે વીતી ગઈ, ક્યારે સાંજ પડી તેય ખબર ન પડી, હવે સાંજનું ખાણું લેવાનું છે કે પછી દિવસરાતની લાંઘણ ખેંચી કાઢવાની છે ?'

'વિચારી લેજે સુમન મારા એક દિવસના સહવાસમાં જો એક ટાઈમ ભૂખ્યા રહેવું પડે છે તો જીવનભર શું હાલત થશે ?'

'આપણા મિલન અને પ્રેમમાં આટલા આગળ વધ્યા પછી વિચારવાની કોઈ જરૂર મને જણાતી નથી. તારા સહવાસમાં રહેવા મળે તો ભૂખ તરસની કોઈ વિસાત નથી...તારો પ્રેમ એ જ મારે મન સર્વસ્વ છે...'

'સા'બ ખાના લગા દિયા હૈ...' બહારથી વેઇટરનો અવાજ આવ્યો.

'અરે તમે ક્યારે ઉઠીને ઓર્ડર આપ્યો ?'

'ઓર્ડર મેં નથી આપ્યો. શ્રીનગરથી શેખ બશીરે આપ્યો છે. તેણે ગુલમર્ગ ફોન કરી આપણી ખબર પૂછી તો આ મૅનેજરના બચ્ચાએ ફોન પર કહી દીધું કે આપણે સવારનાં રૂમમાં ભરાયાં છીએ. બપોરનું લંચ પણ લીધું નથી. બશીરે મૅનેજરને તાકીદ કરી તેમને જલદી રાતનું ખાણું પોહંચાડો. ભૂખ્યાં-તરસ્યાં એમ જ પ્રેમ કરતાં રહેશે તો જીવશે કેમ કરીને ?'

'ઓહ માય ગોડ ! મને એટલી શરમ આવે છે ! ભાઈ જાન મારા માટે કેવું ધારશે ? મેનેજરે એવું કહેવાની શી જરૂર હતી ?'

'મૅનેજર ઇઝ નોટ ઇન ફોલ્ટ...તે બિચારો જૂઠું શા માટે બોલે ? તેને આપણી પૂરી સંભાળ રાખવાની તાકીદ કરી છે બશીરે... અબ ઉઠીયે ભી મહેરબાન વર્ના ઇતની ઠંડમેં ખાના ઠંડા હો જાયેગા' કહેતાં વિજયે સુમનને બાવડાં પકડીને ઊભી કરી. બંને ડ્રોઈંગરૂમમાં આવ્યાં ત્યારે ટેબલ પર ડીનર સર્વ થઈ ચૂક્યું હતું. એક વેઇટર ત્યાં ઊભો હતો. પીરસાયેલા ભોજન ઉપર નજર નાખીને વિજયે બે તેજ આમલેટ લાવવા ઓર્ડર આપ્યો. વેઇટર ગયો. બંનેએ

ગરમાગરમ પરોઠા, રસ્સાદાર ચના મસાલા, પુલાવ-રસમ, કાંદા-મરચાં અચાર એકબીજાને હાથેથી ખવડાવ્યાં. ત્યારબાદ વેઈટરે લાવેલી ગરમા-ગરમ ચટાકેદાર આમલેટને વિજયે ન્યાય આપ્યો. સુમન તો ચુસ્ત વેજીટેરીયન હતી. વિજયને જમ્યા પછી સિગારેટ પીવાની ખાસ આદત હતી પરંતુ તેણે સિગારેટ છોડી હતી. ઘણીવાર તલપ જાગતી, છતાં સુમનના સોગંદથી દબાઈ જતી હતી. ડીનર પછી બે સ્ટ્રોંગ કોફી પીને બંને પાછાં બેડરૂમમાં ભરાઈ ગયાં. દિવસભરની ક્રિયાઓનું પુનરાવર્તન સમગ્ર રાતભર થતું રહ્યું હતું. આ ચોવીસ કલાક વિજય અને સુમનની જિંદગીના બદલાવમાં કેટલો અગત્યનો ભાગ ભજવવાના હતા તેની કોઈને ખબર નહોતી. બંને પ્રેમીપંખીડાં પ્રેમના પાતાળ કૂવામાં એટલાં ઊંડા ઉતરી ચૂક્યાં હતાં જેમાંથી બહાર નીકળવાની કોઈ ગુંજાશ નહોતી. વિજય સુમનના પ્રણયમિલના થકી એક ન થવા કાળ ભવિષ્યનું સર્જન પણ થઈ ચૂક્યું હતું. વિજયના પુરુષત્વે સુમનના શરીરમાં પ્રેમના પરિપાકરૂપ નવસર્જનના બીજ સાથે સંયોજન કર્યું હતું. હોટલ ગુલમર્ગના રૂમ નંબર નવના બેડરૂમની દીવાલો સાક્ષી બની હતી આ પ્રણય બેલડીની સમસ્ત પ્રેમક્રિયાઓની. બંનેને વિશ્વાસ હતો એકબીજાનાં થઈને રહેવામાં, એકબીજાનાં થઈને જીવવામાં.

કાશ્મીરની ખીણની થથરાવતી ઠંડીમાં, એકબીજાના સહારે રાત્રિ ગુજારી, બંને ઉઠ્યાં ત્યારે સવાર થઈ ચૂકી હતી. રાતભરના વરસાદની ઠંડીને ઉડાડી મૂકવી હોય તેવાં ચોખ્ખાં તેજ કિરણોથી સૂરજ પ્રકાશી રહ્યો હતો. આકાશમાં વાદળોનું કોઈ નામનિશાન નહોતું. સવારના આઠ વાગ્યે ઉઠતાંવેંત બારણે ટકોરા સાથે મૅનેજરનો અવાજ વિજયના કાને પડ્યો.

‘વિજયભાઈ શ્રીનગરસે અબ્દુલભાઈ આયે હૈ આપ તૈયાર હો જાઈએ... મૈને કોફી અૌર બ્રેકફાસ્ટ લગવા દિયા હૈ... સુમન અને વિજયે હસીને એકબીજાં સામે જોયું. વિજયની શરારતી નજરોનો ભાર ન જીરવાતો હોય તેમ સુમને કોમળ હથેળીઓથી પોતાનો ચહેરો છુપાવી દીધો. બંને ઝડપથી ઉઠી તૈયાર થઈને બહાર આવ્યાં ત્યારે ડ્રોઈંગરૂમમાં ટેબલ ઉપર કોફી અને નાસ્તો તૈયાર હતો. ત્યાં બેઠાં કે તરત જ અબ્દુલ અંદર આવ્યો.

‘સલામ આલેકુમ અબ્દુલભાઈ, કબ આયે આપ ?’ વિજયે પૂછ્યું.

‘પૂછો મત ભાઈજાન કબસે નિકલે થે હમ, લેકિન બરસાત મેં બહોત જગહ રુકના પડા. લેઈટ નાઈટકો મુશ્કિલ સે પહોંચે હૈ... આર યુ રેડી ટુ કમ વિથ અસ ?’

‘અરે બૈઠો ભાઈ...કુછ ચાય નાસ્તા કરો હમારે સાથ. હમ તો તૈયાર હી હૈ...દો કે સિવા ક્યા સામાન હૈ ? સબકુછ ઠીક તો હૈના ?’ કહેતાં વિજયે અબ્દુલને કોફી પીવા બેસાડ્યો પણ કોઈ જવાબદારીના ભારણથી અબ્દુલનો ચહેરો તંગ લાગતો હતો.

‘હા...વૈસે તો સબકુછ ઠીક હૈ લેકિન વો ટેરરીસ્ટોકે ફરાર હો જાને કે બાદ શ્રીનગરમેં તંગદિલી ફૈલ ગઈ હૈ, કંઈ ઠિકાનોં પે બોમ્બ વિસ્ફોટ હૂએ હૈ...શેખ સા’બ ભી આપકી ફિક્રમેં રહેતે હૈ. ઇસલિયે મુઝે આપકો લેને કો ભેજા હૈ...છેહ કમાન્ડો કે સાથ.’

‘અરે વિજય...આ બધી વાત તો તેં મને જણાવી નથી.’ સુમને ચિંતિત સ્વરે કહ્યું હતું.

‘નેવરમાઇન્ડ સુમન ફિકર ચિંતાની કઈ વાત નથી... આપણે એકવાર જમ્મુ- કાશ્મીરની હદમાંથી સહીસલામત બહાર નીકળી જઈએ તો કોઈ મુશ્કેલી નથી. જેથી શેખ બશીરની ચિંતાનો ભાર પણ ઓછો થાય. નાઉ વી હેવ ટુ સ્ટાર્ટ ફોર શ્રીનગર.’ કહેતાં બ્રેકફાસ્ટ પૂરો કરી વિજય ઉઠ્યો. તેણે રૂમમાં જઈ બેગ ખોલીને બત્રીસ બોરની રિવોલ્વર ચૅક કરીને જીન્સ પેન્ટના અંદરના પોકેટમાં ડાબી બાજુ ખોસી હતી. વેઇટર પાસે બેગો બહાર કઢાવી કારમાં મૂકાવી હતી. મૅનેજર સાથે હાથ મિલાવી તેને તગડી બક્ષીસ આપીને વિજયે હોટેલની વિદાય લીધી હતી. આગળ જીપ વચ્ચે મારુતી અને પાછળ અબ્દુલની છ કમાન્ડો સાથેની મર્સીડીઝની ટુકડી ગુલમર્ગને અલવિદા કરીને શ્રીનગરને માર્ગે આગળ ધપી રહી હતી...



૧૨

વિજયની કારનું ડ્રાઈવિંગ અબ્દુલે સંભાળ્યું હતું. રાતભરની વર્ષાથી ધોવાઈને સ્વચ્છ થયેલાં વૃક્ષો લીલાંછમ લાગતાં હતાં, વાતાવરણમાં શીતળતા હતી. કારની ગતિથી સૂસવાતા પવનના રક્ષણ માટે પ્રકૃતિ સૌંદર્ય દર્શનના લોભને જતો કરીને પણ કારના કાચ બંધ કરી દઈને વિજય અને સુમન એકબીજાના ગળે હાથ નાંખી ઢળીને પાછલી સીટમાં બેઠાં હતાં. સુમને સફેદ સિલ્કનો પંજાબી ડ્રેસ પહેર્યો હતો. કમરે સિલ્ક કલરનો બેલ્ટ બાંધવાથી તે ચુસ્ત લાગતી હતી. તેના કોરા રેશમી વાળ ખભા ઉપર ફેલાઈને સીના આગળના ડાબા ભાગ ઉપર છવાઈને ખોળા સુધી પહોંચતા હતા. વાળમાંથી ફરફરતા કાળા વાળમાંથી શેમ્પુની સુગંધ મહેંકતી હતી. સુમનના ખભા પર માથું ટેકવીને વિજય તે માણી રહ્યો હતો. શ્વેત કૂર્તાનાં ચાંદીના બટનની સેરને હાથની આંગળીઓથી રમાડતા વિજયના માથા ઉપર સુમન હાથ ફેરવતી હતી. ઢોળાવવાળા રસ્ત પર લાગતા હળવા આંચકા સાથે સુમનના માંસલ સીના સાથે વિજયનું મસ્તક અથડાતું હતું. જેનાથી એક અવર્ણનીય ગુદગુદી વિજયના હૈયામાં જાગતી હતી.

‘આપણી મુલાકાતના દસ દિવસો જાણે ચપટી વગાડતામાં પસાર થઈ ગયા હોય તેવું લાગે છે નહિ ?’ વિજયે સુમનને ભાવવાહી આંખોમાં નજર નાંખતાં પૂછ્યું હતું.

‘સુખના દિવસો ક્ષણોમાં પસાર થઈ જાય છે અને મારી સાથે પહેલેથી જ આવું બનતું આવ્યું છે. જન્મના થોડાક મહિનાઓમાં જ હું માના સુખથી વંચિત થઈ ગઈ. જો કે પિતાજીએ તેની ખોટ સાલવા દીધી નહોતી. કુદરતને એ મંજુર ન હોય તેમ ચૌદેક વર્ષની ઉંમરે હું પહોંચી અને પિતાજી હાર્ટએટેકથી અવસાન પામ્યા. મારો હવાલો કાકા-કાકીના હાથમાં આવ્યો. ગામડાની થોડી ઘણી મિલકત હતી જે વેચીસાટીને તેઓ મને વડોદરા લઈ ગયા. કાકીનો સ્વભાવ માફક ન આવવાથી કોલેજનો અભ્યાસ મેં વડોદરા હોસ્ટેલમાં રહીને જ પૂરો કર્યો. માબાપના પ્રેમની અધૂરપ દોસ્તોની હુંફમાં હું મેળવતી રહી. તકસાધુ, ઉછાંછળાં, યુવકોથી હું સદા દૂર રહેતી. મારા મનને ગમે તેવો સહવાસ હું મેળવી શકી નહોતી. મારાં લગ્ન ગોઠવી દેવાનું કાકીનું દબાણ વધતું ચાલ્યું હતું. આ છેલ્લા વર્ષમાં તો તેમણે મને પરણાવી દેવાનું નક્કી કરી જ નાંખ્યું છે. એટલે જ વૅકેશનમાં હું હોસ્ટેલની મિત્રો સાથે કાશ્મીર ચાલી આવી. કુદરતે મારી બધી જ ખોટ અણધારી ભરપાઈ કરી આપી હોય તેમ તમારી મુલાકાત થઈ.’

‘બનાવો કેવા ઝડપથી બન્યા. દુ:ખદ અને સુખદ ! છતાં દુ:ખ અને આંસુ મારી જિંદગી સાથે સદાયનાં વણાયેલાં રહ્યાં છે... વિજય, મુશ્કેલીઓ અણધારી ધરતીમાંથી ફૂટી નીકળતી હોય તેમ મારા જીવનના રસ્તા વચ્ચે આવીને ક્યાંય ને ક્યાંયથી ઊભી થઈ જાય છે. જે મુશ્કેલી આપણી મુલાકાતનું નિમિત્ત બની હતી. એ જ હવે આપણી જુદાઈનું કારણ બની ગઈ...મારું દિલ કહે છે તમને છોડીને હું ક્યાંય ન જાઉં. મારા મનમાં એક અજાણી ગભરાહટ ઊભી થાય છે...’ સુમનની છાતીના ધબકારા વિજયના કાનમાં જાણે જોર જોરથી સંભળાયા હતા. તેના

હૈયાની લાગણી ગળામાં રુંધાઈ હતી. તેની આંખોમાંથી આંસુ ટપકીને વિજયના ગાલ પર પડ્યાં. વિજયે બેઠા થઈને એક હાથેથી સુમનના આંસુ લૂછતાં કહ્યું :

'મન મજબૂત રાખ સુમન. માત્ર થોડાક દિવસોની તો વાત છે. અહીંથી ઘેર પહોંચીને સૌથી પહેલું કામ આપણાં લગ્નનું કરીશ. મને વિશ્વાસ છે સુમન આપણી જુદાઈના દિવસ પણ ક્ષણોમાં જ પસાર થઈ જશે. શેખ બશીર પણ આપણને કોઈ દિવસ અહીંથી જવાનું ન કહે. હું જ્યારે આવું છું ત્યારે બેહદ આગ્રહથી રોકી રાખે છે. જો શ્રીનગરમાં આ ધમાલ ન થઈ હોત તો તે આપણને કદાપિ અહીંથી વિદાય થવાનું ન કહેત.'

'બશીરભાઈનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. ભાભીજાન પણ એટલી જ માયાળુ છે. આપણે લગ્ન પછી હનીમુન ટુર માટે પાછા કાશ્મીર જ આવીશું. આ ફૂલોભરી ખીણો અને હિમાચ્છાદિત પહોડો વચ્ચેનું વાતાવરણ સાચે જ સ્વર્ગીય છે ! અહીં મહિના દિવસોમાં અને દિવસો ક્ષણોમાં જ પસાર થઈ જાય છતાં ખબર પણ ન પડે.' સુમને કહ્યું.

'હા, એવું બને ખરું... પરંતુ તે માટે તારા જેવી કોઈ સ્વર્ગીય સુંદરી સાથમાં હોય તો જ હોં, જો અત્યારે આ પોશાકમાં તું જાણે પેલા શ્વેત ચમકતા હિમશિખરમાંથી ઉતરી આવી હોય તેવી હિમકન્યા જેવી લાગે છે. અને તારો ચહેરો કોઈ ઝરણામાં ઝબોળીને કાઢેલા તાજા ગુલાબ જેવો લાગે છે. જ્યારે તારી આંખોના આંસુ ગાલ ઉપર ઝાકળનાં મોતી જેવાં શોભે છે. એ ઝાકળના મોતી હવેથી વેરી ન નાંખીશ. એ બહુ કિંમતી છે. ઝાકળ બનવા માટે મારે તારા હૈયાને બાળવું પડે. તેમાંથી વરાળ ઉત્પન્ન થાય જે હૈયામાં ઘૂંટાઈને આ અમીભરી આંખની અંદરથી બહાર આવે ત્યારે તારું અશ્રુબિંદુ ઝાકળનું મોતી બને. કેટલી વેદના થાય તારા હૈયાને ! એને વલોવીને કોઈ દિવસ આંસુ ન વહાવીશ... હૈયું મજબૂત રાખજે અને ચહેરો સદાયે ખીલેલા ગુલાબ જેવો, હું તને પુનઃ મળીશ ત્યારે તારા ચહેરા પર કોઈ ચિંતા કે દુઃખનો ઓછાયો જોવા ન પામું, એટલું મને વચન આપ...' વિજયે સુમનને હૈયાસરસી ચાંપીને કહ્યું.

'હું તન-મનથી તમને વરી ચૂકી છું. તમારી ચાહના એ જ મારુંજીવન છે. મને સદાય હસતી જોવાની તમારી ચાહના કુદરત જલદી પૂરી કરે એવું ઇચ્છું છું... અરે આપણે પાછા ફરતાં વૈષ્ણોદેવીના દર્શને જવાનું હતું. તે કદાચ બાકી રહી જશે...'

'હજુ કાશ્મીરમાં ઘણું બાકી રહી ગયું છે સુમન... ફરી-પાછા આવીએ ત્યારે જમ્મુથી કટરા થઈને વૈષ્ણોદેવીનાં દર્શન કરીને જ શ્રીનગર આવીશું. હજુ શ્રીનગરની સહેલ પણ બાકી છે. દાલસરોવરનો નૌકાવિહાર બાકી છે. લગ્ન પછી આપણી હનીમુન-ટુર ઘણી લાંબી થશે સુમન.'

'એના કરતાં એમ જ કહોને કે લગ્ન કરીને અહીં આવીશું અને આપણા પ્રણય પરિપાકની ભેટ લઈને જ પાછાં જઈશું.' સુમને શરમાઈને કહ્યું..

'એટલે વોટ ડુયુમીન બાય પ્રણય પરિપાક ? ઓહ ! આઈ સી. આઈડિયા ખોટો નથી. આપણું આવનારું મહેમાન તારી સુંદરતા અને આ પહાડી ખુમારી લઈને જ અવતરે...કેમ ? ઓહ યુ આર વેરી સ્વીટ ઇન્ટેલીજન્ટ ગર્લ સુમન...' કહેતાં વિજયે સુમનને વહાલથી ભીંસી નાખી.

અબ્દુલ આ યુગલની હસતી રડતી આંખોની રમતથી ઘણો લાગણીભીનો બન્યો હતો. નાનકડા ગામનાં ઘણાં સ્ટેશનો પસાર થઈ ગયાં. શેખ બશીરની સુચના મુજબ નોનસ્ટોપ એકાદ કલાકમાં અબ્દુલે કારને શ્રીનગરમાં દાખલ કરી દીધી હતી. ઠેર ઠેર અર્ધ લશ્કરી દળોનો જાપ્તો ગોઠવાયેલો દેખાતો હતો.

શ્રીનગરના દાલલેકનો ચકરાવો લઈને કાર ચશ્મેશાહી તરફ આગળ વધી રહી હતી. થોડીક મિનિટોમાં પિંકપેલેસના દરવાજે આવીને અબ્દુલે હોર્ન માર્યું. પહેરેગીરે ગાડી ઓળખી,

દરવાજો ખૂલતાં કાર અંદર આવી. મર્સીડીઝ કાર અને જીપ ઊભી રાખીને સુરક્ષા ગાર્ડો બહાર નીકળીને અંદર આવ્યા. રક્ષકો અને ગાર્ડોનો જમેલો ભેગો થતાં કોઈ લશ્કરી છાવણી જેવું દૃશ્ય સર્જાયું હતું.

શેખ બશીર દોડીને વિજયને ભેટી પડ્યો. સુમનને પણ તેણે પ્યારથી ગળે લગાડી હતી. શબનમે શબનમે સુમનને ભેટીને તેનું કપાળ ચૂમી તેના કાનમાં કાનમાં 'શાદી-હનીમુન મુબારક' કહ્યું. સુમન શરમાતાં બોલી : 'શરારત છોડીયે છોડીયે ભાભીજાન ! અભી સબકુછ બાકી હૈ...'

'સબકુછ સમજતે હૈ હમ... તેરા ચહેરા દેખકે દિલકા હાલ બતાયા હૈ મૈંને. વિજય ભૈયાકા દો દિન-રાતકા સાથ તેરે બેમિસાલ સૌંદર્યકો ઇશ્કે-ઢંગમેં ડૂબો ગયા હૈ...મર્દકા હાથ ફિરને સે અૌરત કે બદનકા રૂપ અૌર નીખરતા હૈ...હાય ! યે લાલ ગાલ, લાલ હોઠ, લચકીલા સીના અૌર...'

'બસ, ભાભીજાન આગે મત બોલો....' કહેતાં સુમને એક હાથે સલમાનું મોં દબાવી દીધું અને તેને અંદરના રૂમમાં ખેંચી ગઈ. બે યુવતીઓની છેડછાડથી બંને મિત્રો મનભરીને હસી પડ્યા.

ચા-નાસ્તાને ન્યાય આપીને બંને વાતોએ વાતોહે ચડ્યા. શેખ બશીરે વિજયને પરિસ્થિતિની ગંભીરતા સમજાવતાં જ્યાં સુધી આતંકવાદી ટોળી ઝબ્બે ન થાય ત્યાં સુધી સૌના માટે જોખમ હોવાની જાણ કરી હતી. જમ્મુ કાશ્મીરની સરકાર અને સમગ્ર પોલીસ ખાતું સતર્ક થઈ ગયું હતું. આતંકવાદીઓ વધુ વિનાશ વેરે એ પહેલાં તેમને નેસ્તનાબુદ કરી દેવા સૌ તત્પર હતા. છતાં બીજે દિવસે વહેલી સવારે પૂરતા રક્ષણ સાથે વિજય અને સુમનને હેલિકોપ્ટર દ્વારા સ્પેશ્યલ વિમાન મારફતે બરોડા - તેના ઘેર મોકલી દેવાની વ્યવસ્થા ગોઠવી હતી. એ નાનકડું વિમાન પ્રાઇવેટ માલિકીનું હતું. વિજયે શેખ બશીરને પોતાના માટે થઈને કોઈ ઓબ્લીગેશન ન સ્વીકારવા અને પોતે મોટરમાર્ગે જમ્મુ પહોંચી ત્યાંથી ટ્રેનમાં સુમનને સુમનને મૂકીને દિલ્હી પહોંચી જશે તેમ જણાવ્યું. શેખ બશીરે તેમાં જોખમ હોવાનું હોવાનું જણાવ્યું. પહાડી રસ્તાઓમાં હુમલાખોરીનો ભય હતો. પહાડી ભૂલભૂલામણીમાં થઈને છૂપા રસ્તાઓ મારફત આતંકવાદીઓ પાકિસ્તાનની સરહદમાં પ્રવેશી જતા હતાં. આતંકવાદીઓને તાલીમ અને શસ્ત્રો મેળવવાનું ત્યાંથી સરળ પડતું હતું. સરકારી તપાસમાં બધું બહાર આવતું જતું હતું.

કઈ ઘડીએ શું બને ! કોઈ ખતરો ઉઠાવવા શેખ બશીર તૈયાર નહોતો. બે ત્રણ માસમાં બધું ઠરીઠામ થયા પછી પોતે જણાવે ત્યારે સુમન સાથે ફરી કાશ્મીર આવવાનું તેણે વચન આપ્યું. વિજયને પણ તેની વાત યોગ્ય લાગી હતી. કુટુંબમાં પિતાજી અને મોટાભાઈની સંમતિ મળ્યા પછી પણ લગ્નની તૈયારીમાં થોડો સમય તો જવાનો જ હતો. કાર્યક્રમ નક્કી થઈ ગયો હતો. રાત્રિનું ભોજન લઈને બધાં મોડી રાત સુધી જાગતાં વાતો કરતાં રહ્યાં હતાં. શબનમે સુમનને કાશ્મીરની કલાકારીગરીની વસ્તુઓ ભેટ આપી હતી. સુમને પોતાના લગ્ન પ્રસંગમાં આવવાનું ભારપૂર્વક આમંત્રણ આપ્યું. સવારે વહેલા ઉઠીને વિદાયની તૈયારી સાથે સૌ સુવા માટે પોતપોતાના ખંડમાં ગયાં. વિજય અને સુમનના મિલનની આ ત્રીજી સહરાત્રિ હતી. ભાવિ સ્વપ્નાંઓના મહેલ ચણતાં બંનેને સવાર ઉગવાની પણ જાણે ખબર નહોતી પડી.

શબનમે સવારે તેમના રૂમનું બારણું ખખડાવતાં બંનેએ ઉઠીને તૈયાર થવાનું શરૂ કર્યું. પ્રાતઃકર્મ પતાવીને કપડાં બદલી વિજય અને સુમન નાસ્તાના ટેબલ પર આવ્યાં હતાં. સલમાની સાથે અનાર અને કલી પણ ઉઠી ગઈ હતી. બંને બાળકીઓ વિજય અને સુમનના ખોળામાં ચઢી ગઈ હતી. બંનેએ સાથે જવાની જીદ પકડી હતી. વિજય બંનેને માંડ સમજાવી કે થોડા સમયમાં જ અમે બંને સાથે રહેવા આવી જવાના છીએ... બાલિકાઅોને ફરીવાર જરૂર તેમની

સાથે લઈ જઈશું. માંડ સમજાવી શબનમે પોતાની પાસે લઈ લીધી. નાસ્તો કરીને સૌ ઉભાં થયાં. અબ્દુલે બંનેની બેગો મર્સીડીઝની ડીકીમાં ગોઠવી દીધી. પાછલી સીટમાં વિજય અને સુમન અને આગળની સીટમાં શેખ બશીર ગોઠવાયાં. અબ્દુલે સ્ટીયરીંગ સંભાળ્યું. તેની બાજુમાં બે સશસ્ત્ર ગાર્ડોઅે જગ્યા સંભાળી. પાછળથી જીપમાં પણ ચાર સુરક્ષાગાર્ડો ગોઠવાયા હતા.

શબનમની વિદાય લઈને પેલેસમાંથી મર્સીડીઝ બહાર નીકળી. ‘ચાચા, જલદી આના...ચાચા...જલદી આના...’ એવા અનાર-કલીના ઉચ્ચારણોનો પ્યારથી હાથ હલાવી સ્વીકાર કરતાં વિજય અને સુમને હાસ્ય કર્યું.

ચશ્મેશાહીના રોડ ઉપર મર્સીડીઝ ગતિ કરવા લાગી. તેની પાછળ જીપકાર તેને અનુસરી રહી હતી. બંને ગાડીઓ દૃષ્ટિથી ઓઝલ થતાં પેલેસનો દરવાજો રક્ષકોએ બંધ કર્યો. અને શબનમ અનાર-કલીને સોડમાં લઈ પોતાના રૂમમાં ચાલી ગઈ.

‘અમ્મીજાન, ચાચા અબ વાપિસ કબ આયેગે ?’ અનારે પૂછ્યું.

‘બેટી, વો નઈ ચાચી થી ના ? ઉનસે શાદી કરકે બહુત જલ્દ વાપિસ આ જાયેંગે...’

‘હમેં શાદીમેં લે ચલોગીના અમ્મીજાન ?’ કલીએ કહ્યું હતું.

‘હાં બેટી હમ સબ વિજય ચાચાકી શાદીમેં જાયેંગે અૌર ઉનકો સાથમેં લેકર વાપિસ આયેંગે...’ શબનમે બંનેને તસલ્લી આપી.

‘હમ શાદીમેં જાયેંગે, ચાચા-ચાચીકો લાયેંગે...’ એમ બોલતી બંને બાલિકાઓ રમતમાં વળી ગઈ હતી. પરંતુ સૌની પરિકલ્પનાઓનું આ સ્વપ્ન સાકાર બનવાને બદલે ભયંકર દુર્ભાગ્યનું ભાવિ બનવાની દિશામાં ડગલાં ભરી રહ્યું હતું એની ક્યાં કોઈને ખબરેય હતી ?



૧૩

સિગારેટ બેધ્યાનમાં બળતી બળતી છેડા સુધી આવી જતાં વિજયની આંગળીઓમાં ચચરાટી થઈ. તેને નફરતથી ફેંકી દીધી. બહાર સાંય...સાંય...કરતો ઠંડો પવન સુસવાટા મારતો હતો. ઊંચા ચિનારનાં વૃક્ષો પવનના તોફાનથી ડોલતાં હતાં. થોડીકવારમાં તો બરફની વર્ષા શરૂ થઈ ગઈ. વાતાવરણમાં ઠંડી પ્રસરી ગઈ. વેઇટરે રૂમના ખૂણામાં આવેલી ભઠ્ઠીમાં અગ્નિ પેટાવી વિજયને ઠંડીથી બચવા ત્યાં બેસવાનું સૂચવ્યું. તોફાન આવ્યા પહેલાંના "તુફાન તો કબકા આ ચૂકા દોસ્ત !" ના ઉદ્‌ગારોએ વેઇટરને આશ્ચર્યમાં નાંખી દીધો હતો. બિલકુટ નીટ વ્હીસ્કીના પેગ ઉપર પેગ પેટમાં પધરાવ્યે જતા 'સાહેબ' કોઈ દુઃખના દરિયામાં ડૂબી ગયેલા લાગ્યા. તેને સહાનુભૂતિ થઈ એટલે ડરતાં ડરતાં કહ્યું 'સાબ ઠંડ બહોત હૈ...આપ યહાં ગર્મી કે પાસ આ જઈએ...ચલિયે મૈં આપકો લે ચલતા હું' કહીને તેણે વિજયના જમણા હાથનું બાવડું પકડ્યું. વિજય સ્હેજ હસીને ઉભો થયો. વેઇટર તેને ટેકો આપીને ભઠ્ઠી સુધી દોરી ગયો. તેને ખુરશીમાં બેસાડી અગ્નિ સંકોર્યો. એક જ્વાળા ઊંચે સુધી ઉઠી. વિજયે મસ્તકને ઝટકો મારીને દિમાગમાં ધૂંધવાતા વિચારોને સ્પષ્ટ કરવા કોશિશ કરી. તેની આંખો બળતી હતી. હૈયામાં પણ દાહકતા ઉભરાતી હતી. ઠંડી ઠંડી આગ દિલને ઊંડાણમાં બાળી રહી હતી. વેઇટરે એક કાળો ગરમ ધાબળો લાવીને વિજયના શરીરે વીંટાળ્યો. વિજયે આભારવશ તેની સામે જોઈને કહ્યું. 'થેન્ક્યુ બેટે...અબ તુમ જા સકતે હો...ખાતીર નવાઝીકા શૌક થા કભી એકબાર....અબ તો જિંદગાની સે નફરત હૈ.' વિજયના અવાજમાં દર્દ છલકતું હતું.

'સા'બ ખાના કબ લેંગે આપ ?'

'બાદમેં મંગવા લેંગે...તુમ જાઓ...' વિજયે લથડતી જબાને કહ્યું.

'અચ્છા સા'બ, સલામ !' કહીને વેઇટર રૂમનું બારણું અડકાડીને બહાર ચાલ્યો ગયો. બહાર કોરીડોરમાં સખત ઠંડી હતી. મોટાભાગના ટૂરીસ્ટો પોતપોતાના રૂમમાં પુરાઈ ગયાં હતાં.

'નૌ નંબર વાલે સા'બકો ઠીકસે બિઠા દિયે હૈ ખાનસાબ !' વેઇટરે કાઉન્ટર પર બેઠેલા મૅનેજરને જણાવ્યું હતું.

'અચ્છા કિયા-ઉનકા ખાસ ધ્યાન રખના, બડે આદમી હૈ બહોત દુઃખી લગતે હૈ...'

'લેકિન વો બિલકુલ નીટ પી રહે હૈ સા'બ !'

'મૈં થોડી દેર કે બાદ જાકર દેખુંગા, તું ખાના લગાને કી સોચ. બડે આદમી જો કુછ કર રહે હો ઉસમેં દખલબાજી અચ્છી નહિ...ભાગ...દૂસરે કમરોંમેં કિસીકો કુછ જરૂરત હો તો પૂછતાછ કર લે...'

'અચ્છા સા'બ' કહીને એ કિશોર વેઇટર બીજા ટુરિસ્ટોની દેખભાળમાં ચાલ્યો ગયો. મેનેજરે કાઉન્ટર પરનું ટુરીસ્ટ રજીસ્ટર બંધ કરીને નીચેના ખાનામાં મૂક્યું અને નવ નંબરના રૂમ તરફ ચાલ્યો. રૂમનું બારણું સ્હેજ ખોલીને અંદર જોતાં વિજય ખુરશીને માથું અઢેલી સિગારેટ

ફુંકતો દેખાયો. અગ્નિની લપકતી જ્વાળાઓમાં લાલ ચકચૂર આંખો સ્થિર રાખીને જાણે કોઈ અગોચર દુનિયામાં તે સરકી ગયો હતો.

'સુમન...સુમન...તું ક્યાં છે...'

તેના હોઠો ઉપર દિલના ઊંડાણમાંથી આવતા અસ્ફુટ ઉદ્‌ગારો સરતા હતા. સુમનના સથવારાનો એ આખરી દિવસ સ્મૃતિશૃંખલાની સાંકળમાં જોડાઈ જતો હતો...હા...એ ગોઝારો દિવસ...તેણે વ્હીસ્કીની બોટલ ગ્લાસમાં નમાવી દીધી. માંડ અડધો ગ્લાસ ભરાયો તે એકી શ્વાસે ખેંચી ગયો. ઝાટકા સાથે ભૂતકાળની ચિત્રાવલી જાણે તેની નજર સમક્ષ દોડવા લાગી... એરોડ્રામ તરફ સરકી રહેલી મર્સીડીઝમાં સુમનની છાતી ઉપરથી માથું ઊંચું લઈને વિજય સીધો થઈને બેઠો હતો. તેણે પોતાના ગળામાં પહેરેલી સોનાની ચેઇન કાઢીને સુમનના ગળામાં પહેરાવી. 'આ આપણા પ્રેમની નિશાની લેતી જા સુમન...'

સુમને ચેઇન ઉપર પ્રેમથી હાથ ફેરવીને સ્વસ્તિક પર આલેખાયેલા અંગ્રેજી 'V ' અક્ષરવાળા હીરાજડીત પેડલને પ્રેમથી ચૂમી લીધું.

'આ માત્ર નિશાની નથી વિજય', સુમને હરખાતા હૈયે કહ્યું 'મારા જીવનનો આધાર છે. આ મારું મંગળસુત્ર છે.' તેની રૂપાળી ડોકમાં વિજયની ચેઇન બેહદ શોભી ઉઠી હતી.

'અબ એરપોર્ટ જ્યાદા દૂર નહિ હૈ... અબ્દુલ, ગાડીકો લાસ્ટ કોર્નરપે લે જાકે અંદર ખડી રખના. વહાં હમારા પ્લેન હોગા...' મર્સીડીઝની આગળની સીટમાં બેઠેલા શેખ બશીરે અબ્દુલને સુચના આપી. પરંતુ અબ્દુલ કંઈ જવાબ આપે તે પહેલાં પાછળ આવતી ગાર્ડોની જીપને પાછળ આવતું કાળું વોક્સવેગન ભયાનક વેગથી ભટકાયું. જીપ ડ્રાઇવરે બેલેન્સ ગુમાવી દીધું અને તે ગડથોલીયું ખાઈને બહાર ફેંકાઈ ગયો. જીપકાર ત્રણ ગુલાંટો મારીને રોડની બાજુ પર ઉભેલાં ચિનારનાં ઝાડ સાથે અથડાઈ ગઈ. અંદર બેઠેલા ગાર્ડો કંઈ સમજે તે પહેલાં જીપમાંથી બહાર ફેંકાઈને રોડના ઢોળાવ પરથી નીચે ગબડવા માંડ્યા. જીપનો ડ્રાઇવર અને બાજુમાં બેઠેલો માણસ ઝાડના થડ અને ભંગાર થઈ ગયેલા જીપના ફ્રંટ ભાગમાં ફસાઈ ગયા હતા. અબ્દુલે મર્સીડીઝના રીઅરવ્યૂમાંથી આ ભયંકર દૃશ્ય જોયું.

'યા ખુદા !' એક્સિડન્ટ !? તેનાથી રાડ ફાટી ગઈ. ભયંકર ધડાકાના અવાજથી શેખ બશીરે પણ પાછળ વળીને જોયું. સુમને કાને હાથ દાબી દીધા હતા. વિજયે પણ ચોંકીને પૂછ્યું. 'શું થયું બશીર ?' પરંતુ બશીર પાસે વિજયને જવાબ આપવાનો ટાઇમ નહોતો. કાળી વોક્સવેગન જીપને ટક્કર મારીને બેફામ ઝડપથી મર્સીડીઝ પાછળ ધસી રહી હતી. 'અબ્દુલ...ભાગ !' બશીરે રાડ પાડી. 'કાલી ગાડી એક્સિડન્ટ નહીં હમલા કર રહી હૈ' ....અબ્દુલે શરીરનું સમગ્ર જોર એક્સીલેટર ઉપર ઠાલવી નાખ્યું હતું. મશીનગનની ગોળીની જેમ મર્સીડીઝ ભાગી. થોડીવારમાં જ સો એક ફૂટનું અંતર પડ્યું. પરંતુ વિફરેલા પાગલ ધણખૂંટની જેમ કાળી ગાડી પાછળ જ ધસી આવતી હતી. તેની ડ્રાઇવિંગ સીટની બાજુમાંથી કોઈ ભારે પદાર્થ પુરજોશમાં ફેંકાયો હતો જે મર્સીડીઝથી થોડો જ આગળ જઈને ધડાકા સાથે ફાટ્યો હતો. અબ્દુલે જોશથી બ્રેક મારી. રોડ ઉપર કારનાં ટાયરો ચીચીયારી કરીને ઓચિંતા જ ફર્યાં. સુમન વિજયને વળગી પડી. અવળી ફરીને રોડ પરથી ઉતરી ગયેલી કારને અબ્દુલે ફર્સ્ટ ગેરમાં નાખીને રીવર્સ કરીને ફરીથી રોડ પર લઈ લીધી હતી. વાતાવરણમાં વિસ્ફોટ થયેલા બોમ્બના દારૂગોળાની ગંધ પ્રસરી ગઈ હતી. કાળી ગાડીમાંથી ફરીથી ત્રણ ગ્રેનેડ ફેંકાયા હતા. આજુબાજુમાં ધુમાડો છવાયો હતો. અબ્દુલે પરસેવે રેબઝેબ થઈને નાછૂટકે કાર ઊભી રાખી. સુરક્ષા ગાર્ડો ખભે ભેરવેલી ઓટોમેટીક ગન હાથમાં લઈ કારનું બારણું ખોલીને નજીકનાં ઝાડનાં થડની આડશ લેવા ગબડ્યા હતા. બશીર શેખે પણ કમરેથી રિવોલ્વર ખેંચી કાઢી બૂમ પાડી-'વિજય નીચે કૂદકે કહીં ભી છીપ જાઓ વર્ના યે કૂત્તે હમે કારકે સાથ હી ઊડા દેંગે !'

વિજય સુમનને ડાબા હાથે કમરેથી પકડીને બારણું ખોલી નીચો નમી બહાર નીકળ્યો હતો. તેમના બહાર નીકળતાં જ પાછળની ગાડીમાંથી ધાણીની જેમ મશીનગન ફૂટી. વિજય સુમનને હેઠી પાડી દઈ તેના ઉપર પડ્યો હતો અને સૂતાં સૂતાં જ સુમનની કમરે એક હાથથી આંટો મારીને રોડની કિનારી પરથી નીચે ગબડવા કોશિશ કરી. રોડ પર પડવાથી સુમનના ગોઠણ છોલાયા હતા. તેણે દર્દથી ચીસ પાડી. વિજયે કહ્યું ‘હિંમત રાખજે સુમન. આજે ખરાખરીનો ખેલ છે !’ તેઓ કંઈપણ પ્રતિક્રિયા કરે તે પહેલાં કાળીગાડીમાંથી ચાર કાળા માસ્કધારીઓ કૂદી પડ્યા. તેમાંના એકે ધસી જઈને વિજયના રીવોલ્વરવાળા હાથ ઉપર વજનદાર બૂટની લાત મારી. લાત વાગતાં જ તેની ‘રિવોલ્વર છૂટીને દૂર જઈ પડી. વિજય વળ ખાઈને ચત્તો થઈ ગયો. તેની સાથે જ સુમન ઊંચી થઈને નીચે પછડાઈ હતી. તેની ખોપરીમાં ફૂટ થતાં જ તેણે ભાન ગુમાવી દીધું. સામી બાજુના ઝાડની આડશે પહોંચેલા ગાર્ડોએ ફાયરીંગ શરૂ કરતાં ત્રણ હુમલાખોરો તે તરફ ફંટાઈ ગયા. મશીનગનવાળા માસ્કધારીનું એક ક્ષણ તે તરફ ધ્યાન જતાં વિજયે ચિત્તાની જેમ તરાપ મારી. તેનો એક હાથ માસ્કધારીના ગળા ફરતે અજગરની ચૂડની જેમ ભીંસાયો અને હુમલાખોરના ડોળા ફાટી ગયા. અબ્દુલ દોડીને થોડેક છેટેથી વિજય પાસે પહોંચી ગયો. હુમલાખોરના હાથમાંથી સરકી પડેલી મશીનગન તેણે હાથમાં લઈ લીધી. પરંતુ વિજયે તેને કારનું સ્ટીયરીંગ સંભાળવા જણાવ્યું હતું : ‘અબ્દુલ તુમ સુમનકો લેકર એરપોર્ટ ભાગો. વહાં સે પુલીસ ભેજો...હમ યહાં મોરચા સમાલતે હૈ’ અબ્દુલે વિજયના હાથમાં મશીનગન થમાવી મર્સીડીઝનું સ્ટિયરીંગ સંભાળી લીધું. વિજયે ખુલ્લા બારણામાંથી સુમનને ઉંચકીને કારની સીટમાં સુવાડી બારણું બંધ કર્યું કે તરત અબ્દુલે પૂર ઝડપે કારને ભગાવી મૂકી.

કારને ભાગતી જોતાં જ કાળી ગાડીએ પણ દોડવાનું શરૂ કરતાં વિજયે તે દિશામાં ગન ચલાવી. મશીનગન ચલાવવાનો તેનો કોઈ મહાવરો નહોતો, છતાં ઇંગ્લીશ વોર ફિલ્મો તેણે ઘણી જોઈ હતી. ઘોડો દબાતાં તે રમકડાની જેમ ફૂટી હતી રટટટટટ ! રટટટ !! કરતાં ગોળીઓ છૂટી હતી. અને તેના અચાનક આંચકાથી વિજય બેલેન્સ ગુમાવી નીચે પછડાઈ ગયો. કાળી ગાડીના ફ્રન્ટકાચના ભૂક્કા બોલી ગયા હતા. તે દરમિયાન જ કાળી ગાડી તેની બિલકુલ પાસે આવીને ઉભી રહી ગઈ હતી. ડ્રાઇવીંગ સીટની બાજુમાંથી નીચે કુદી પડીને એક જાડીયા ઇસમે વિજયના બાવડાં ઉપર પોતાના પગ મૂકી દીધા. કાચની કણીઓ વાગવાથી તેનો ચહેરો ભયાનક લાગતો હતો. ‘યુ...બ્લડી બાસ્ટાર્ડ !’ વિજયે ક્રોધમાં આવીને તેને ગાળો દીધી, કેમ કે હુમલાખોરના ભારે શરીરના વજનથી તેના હાથ કચડાતા હતા.

‘બહોત જાંબાઝી હૈ તુઝમેં ક્યું !’ કહેતાં તેણે કમરેથી રિવોલ્વર ખેંચી કાઢીને તેનો અવળો લોખંડી ફટકો વિજયના માથામાં માર્યો. વિજયના મગજમાં ચમચમાટી બોલી ગઈ. હુમલાખોરે તેને બાવડેથી ઊંચો કર્યો ત્યારે માથામાંનું લોહી તેના લમણેથી ઊતરીને હોઠના ખૂણે પહોંચી ગયું હતું. લોહીની ગરમ ખારાશનો તેને અનુભવ થાય ન થાય ત્યાં જ તેની આંખે અંધારાં આવવાં માંડ્યાં. બસ....ત્યારપછી વિજયને કંઈ યાદ નહોતું આવતું....હુમલાખોરે તેને ખભે ઊંચકીને વોક્સવેગનની બોડીમાં નાખ્યો હતો. ત્યાં એરોડ્રામ સાઇડમાંથી પોલીસની ગાડીઓની સાયરન સંભળાઈ. સરદાર કૂદીને ડ્રાઇવર પાસે બેઠો અને એકદમ ગાડી વાળીને તેઓ પાછા ભાગી છૂટ્યા. ભાગતાં ભાગતાં તેઓએ ચાર પાંચ હાથબોમ્બ ફેંક્યા. વાતાવરણ ધડાકાઓથી ગાજી ઉઠ્યું અને બારૂદની ગંધ તથા ધુમાડાથી ઘેરાઈ ગયું. સાયરન વગાડતી આવી પહોંચેલી એરપોર્ટ સુરક્ષા પોલીસ મોબાઈલ ત્યાં આવીને ધુમાડાના ગોટામાં અટકી ગઈ હતી. ધુમાડો આછો ન થાય ત્યાં સુધી કોઈને કંઇ દેખાયું નહોતું. થોડી મિનિટોમાં તો દૂરથી લોકો દોડતા આવવા માંડ્યા. સહુએ બેફામ ભાગતી કાળી વોક્સવેગનની ગાડી જોઈ હતી.

મોબાઈલમાંથી ઉતરીને આઠદસ પોલીસોએ લોકોને લાઠીઓ વીંઝીને દૂર ભગાડ્યા હતા.

તરત જ એક પોલીસજીપ આવી પહોંચી. તેમાંથી બે પીએસઆઈ કુદીને નીચે ઉતર્યા. તેમના હાથમાં રિવોલ્વર હતી. અબ્દુલ પણ તેમની સાથે હતો. તેમને જોઈને શેખબશીર દોડતો આવ્યો. રોડની વચ્ચોવચ એક હુમલાખોર પડ્યો હતો. બીજા ત્રણ માસ્કધારીઓ સામસામા ગોળીબારમાં મરાયા હતા. શેખ બશીરે પોલીસને ઝડપથી હકીકત જણાવી અને અબ્દુલને વિજય અને સુમન વિશે પૂછ્યું. બેહોશ સુમનને અબ્દુલે એરપોર્ટ પર પહોંચાડી હતી. ત્યાંથી પોલીસ સાથે તે આવી પહોંચ્યો હતો. પરંતુ હુમલાના સ્થળે વિજયનો કોઈ પત્તો નહોતો. કાળી વોક્સવેગન ભાગી છૂટી હતી. બશીર શેખે ઇન્સ્પેક્ટરોને કહ્યું ‘ઇન્સપેક્ટર, પ્લીઝ હરીઅપ... ‘ધેટ બાસ્ટાર્ડાઝ...કીડનેપ્ડ માય ફ્રેન્ડ વી મસ્ટ કેચ ધેમ નાઉ... વર્ના વો લોગ ઉસે માર દેંગે’. મોબાઈલ ગાર્ડઝને એરીયા રાઉન્ડઅપ કરવાની સુચના આપી તેઓ જીપમાં ગોઠવાયા. શેખ બશીરે અબ્દુલને સુમનની પાસે રહેવાનું જણાવી તે પોલીસની સાથે ગયો અને ભાગી છૂટેલી કાળી વોક્સવેગનનો પીછો શરૂ કર્યો હતો. જીપમાંના વાયરલેસ પર આગળના રોડની નાકાબંધી કરવાની સુચનાઓ અપાઈ ચૂકી હતી. શ્રીનગરનું પોલીસ તંત્ર પૂરઝડપે કામે લાગ્યું હતું.

ચારેક કલાક બાદ શ્રીનગરથી જમ્મુના અધવચ્ચે કાળી વોક્સવેગન પડી હોવાની પોલીસને જાણ થતાં પોલીસ ત્યાં પહોંચી. પરંતુ માત્ર ખાલી ગાડી રસ્તામાં મૂકીને પંખીઓ આબાદ રીતે છટકી ગયાં હતાં. શેખ બશીરે કપાળ કૂટ્યું. ‘વિજય, મૈં તુઝે કૈસે ઢુંઢું ?...આ બેરહમ ગુંડા ટોળીએ તને જીવતો પણ રાખ્યો હશે કે નહિ ? હું સુમનને...તારાં માતા પિતાને શો જવાબ આપીશ ? આટઆટલી સાવચેતી રાખવા છતાં હું તને બચાવી ના શક્યો. વિજય, ખુદા મને માફ નહિ કરે....’ ઇન્સ્પેક્ટરે તેને આશ્વાસન આપ્યું કે પકડાયેલા ઘાયલ હુમલાખોરો પાસેથી બાતમી કઢાવીને આપણે વિજયને જરૂર શોધી કાઢીશું. પોલીસ કાળી ગાડી કબજે કરી એરોડ્રામ પર સુમનનું સ્ટેટમેન્ટ લેવા પહોંચી ગઈ. સુમનની દયાજનક હાલત જોઈને શેખ બશીરનું હૈયું ફાટી પડ્યું. હુમલાનો આઘાત તેનું કોમળ દિલ સહન કરી શક્યું નહોતું. તેની આંખો હજી ભયથી ચકળવકળ થતી હતી. એરપોર્ટ ઑથોરિટીએ તેને ઇમરજન્સી સારવાર આપી હતી. તેના માથે પાટો બંધાયેલો હતો. વાળ વીખરાયેલા હતા અને આંખો રડી રડીને સૂઝી ગઈ હતી. શેખ બશીરને જોઈને તે ઊભી થઈને તેને બાઝી પડી... ‘ભાઈજાન...વિજય કહાં હૈ....મેરા વિજય ક્યું નહિ આયા ભાઈજાન ! વો ઠીક તો હૈ ના ? આપ બોલતે ક્યું નહિ હો ભાઈજાન...’ શેખ બશીરે હૈયું માંડ કાબુમાં રાખ્યું હતું. તેના આશ્વાસન માટે તેણે જુઠું બોલતાં કહ્યું હતું. ‘હા વિજય ઠીક હૈ...વો અસ્પતાલમેં હૈ...’

‘મુઝે અભી અસ્પતાલ લે ચલો ભાઈજાન...’

‘નહીં...સુમન ઉસને કહા હૈ પહલે તુમ્હે ઘરપે પહોંચા દો...વો ઠીક હોતે હી બડૌદા આ જાયેગા અૌર તુમકો મિલેગા...મૈં ભી વાદા કરતા હું... ઉસે લેકર મેં તુમ્હારે ઘર આઉંગા...તુમકો ઘર પહુચાને કી જિમ્મેદારી વિજયને મુઝે સોંપી હૈ...મુઝપે યકીન રખ્ખો...’

‘નહીં ભાઈજાન આપ જૂઠ બોલતે હો...મુઝે લે ચલોના વિજય કે પાસ... વો ક્યા બહોત જખ્મી હુઆ હૈ ? મુજ મુંહજલીને ઉસે કિતના પરેશાન કિયા હૈ...મુઝે ઘર બર કહીં નહિ જાના હૈ...મુઝે સિર્ફ વિજય કે પાસ લે ચલો...વર્ના મેં મર જાઉંગી...મૈં યહાં સે કહીં નહિ જાઉંગી મૈં સિર્ફ વિજય કે પાસ જાઉંગી...’

‘પાગલપન મત કરો સુમન. વિજય કા કહા માનો...’ શેખ બશીરે સુમનને સધિયારો આપવા કોશીશ કરી : ‘મૈં તુમ્હારી કસમ ખાકર કહેતા હું વિજય કે ઠીક હોતે હી હમ તુમ્હારે ઘર આયેંગે. અભી જીદ મત કરો. તુમ્હારી જાન પે ખતરા હૈ... તુમ્હે સહી ઘર પહુચાના જરૂરી

હૈ...'

'મુઝે મેરી કોઈ પરવા નહિ હૈ ભાઈજાન... એકબાર મુઝે વિજયકા મુંહ દિખાદો...ફિર મૈં ચલી જાઉંગી...' સુમને રડતાં રડતાં કહ્યું. 'વો ઈસ વક્ત બેહોશ હૈ...કિસિકો મિલને કી ઈજાઝત નહિ હૈ....તુમ વિજયકા કહા માનો...હમલા કરને વાલે લોગ ભાગ ચૂકે હૈ. ઉનકા કોઈ ભરોંસા નહિ વો ફિર આ સકતે હૈ. તુમ્હારે હોતે હુએ હમ સબકો જ્યાદા ખતરા હૈ... તુમ સમજને કી કોશિશ કરો...તુમ્હે તુમ્હારે વિજય કી સોગંદ...મૈં તુમ્હે ઘર છોડ આતા હું...વિજયકી ઝિમ્મેદારી મેરી હૈ...'

શેખ બશીરે માંડમાંડ સુમનને સમજાવી. તેણે હોમમિનિસ્ટરને ફોન કર્યો. પ્રાઇવેટ વિમાન શ્રીનગરથી સીધું વડોદરા ઉતરે તેવી પરમિશન માગી અને સમયની ગંભીરતા પારખીને તેને રજા પણ મળી. બીજો ફોન તેણે ઘેર શબનમને કર્યો. સુમનને પોતે મૂકવા જાય છે તેમ જણાવી, ઘેર સાચવીને રહેવા સૂચના આપી. તેના ઘેર સશસ્ત્ર એસઆરપીનો બંદોબસ્ત પણ ગોઠવાઈ ગયો હતો.

સુમન રડતા હૈયે વિમાનમાં બેઠી. શેખબશીરના આદેશ સાથે વિમાન હવામાં ઉંચકાયું. જેનો પ્રેમ જિંદગી હતો, તેની જિંદગી જોખમમાં મુકીને તેના સોગંદથી તેને છોડીને સુમન ઘેર જવા નીકળી હતી, તેનો વિજય તેને ક્યારે જોવા મળશે તેની કલ્પનાના અંદેશા સાથે. આ બધી દુર્ઘટનામાં તેને પોતાના બદકિસ્મતનો જ દોષ દેખાયો હતો. સુખ તેના નસીબમાં જ નહોતું. જે પ્રિયજનને તે ઇચ્છતી હતી તેને છોડીને ચાલી નીકળવું પડ્યું હતું. 'ભગવાન મારા વિજયને સલામત રાખજે. જેમ બને તેમ જલદી તેનું મોઢું બતાવજે' તેવી પ્રાર્થના સાથે સુમન મનમાં ને મનમાં હીજરાતી રહી. મોડી રાત્રે વડોદરા મિલિટરી પાર્કિંગ પર વિમાને ઉતરાણ કર્યું. ત્યાંથી ટેક્સી કરીને શેખ બશીરે અલકાપુરી વિસ્તારમાં સુમનના ઘર આગળ સુમનને ઉતારી. તેને હિંમત આપી વિદાય માંગી હતી...તેના હાથમાંથી સુટકેસ લેતાં સુમને વ્યથિત હૈયે કહ્યું, 'ભાઈજાન મૈં કૈસી અભાગન હું. મેરે ઘરપે આયે હો ફિરભી મૈં આપકો રોક નહીં સકતી....મુઝે માફ કરના.'

'ઐસા મત સોચો સુમન. મૈં વિજય કી ફિક્રમેં રૂક નહિ સકતા. વહાંકી ફિક્ર હૈ....હમ ફિર આયેંગે. તુમ અપને આપકો સમાલના અ ૌર ખત લિખના. ખુદા હાફિઝ...' કહીને શેખ બશીર કારમાં ગોઠવાઈ ગયો. કાર વિમાન પાર્કીંગની જગ્યાએ પાછી ફરી હતી. શેખ બશીર વડોદરાથી શ્રીનગર પરત જવા ઊપડ્યો.

કારનો અવાજ સાંભળીને સુમનના કાકા અનંતરાય ઘરમાંથી બહાર આવ્યા હતા. સુમનની હાલત અને ઓચિંતું આગમન તેમની કલ્પના બહારનું હતું.

'અરે, અંદર ચાલ સુમન, પહેલાં અંદર આવતી રહે.' કહીને અનંતરાયે સુમનની સુટકેસ ઉપાડી તેને અંદર લઈ બારણું બંધ કર્યું. અત્યાર સુધી જીરવી રાખેલો ભાર સુમનના હૈયામાંથી વછૂટ્યો અને અનંતરાયને વળગીને તે ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી....



૧૪

અનંતરાયે સુમનને હૈયાસરસી ચાંપીને થોડીવાર સુધી તેને રડી લેવા દીધું. ધ્રુસકાના આવેગથી સુમનની સમગ્ર કાયા આંચકા ખાતી હતી. અનંતરાયે તેના માથે અને તેની પીઠ પર હાથ પસવારીને તેને શાંત પાડી હતી. તેમના મનમાં હજારો આશંકાઓ જન્મી ચૂકી. પરંતુ સુમન હકીકત જણાવે નહિ ત્યાં સુધી ખબર કેમ પડે ? તેમણે ઊભા થઈને પાણીનો ગ્લાસ લાવી સુમનના હોંઠ આગળ ધર્યો હતો. 'સુમી...થોડું પાણી પી લે બેટા, તારા મન ઉપર કોઈ ભાર રાખીશ નહિ. હું તારી પાસે છું. તારી સાથે છું. તારા કાકી એક મહિનાની યાત્રાએ ગઈ છે. હું તારી વાત સાંભળીને મનમાં રાખીશ. કોઈ મુશ્કેલી હશે તો તેનો રસ્તો કાઢીશું. તું હિંમત રાખીને, માંડીને બધી વાત કર. તારી સાથે કોઈ દુર્ઘટના થઈ છે કે કોઈ મુશ્કેલી આવી છે ? તું આટલી હતાશ અને દુઃખી શા માટે છે ? અહીંથી તો બધી બહેનપણીઓ સાથે હસતી ખેલતી ટૂરમાં ગઈ હતી. તારી કાકીની ના છતાં મેં તને જવા દીધી હતી ને....લગભગ દસેક દિવસ પહેલાં જ જાસ્મીના આવીને તારો પત્ર આપી ગઈ હતી કે તું અમુક મિત્રો સાથે કાશ્મીર રોકાઈ છે અને અઠવાડિયા પછી આવી રીતે અચાનક આવી ચડી. મને ચિંતા થાય છે સુમન. બોલ તો ખરી, આખરે થયું છે શું ?'

સુમને પાણીના બે-ચાર ઘૂંટ પીને હાથેથી હોઠ લૂછ્યા.

રડીને લાલ થઈ ગયેલી આંખોથી અનંતરાયની સામે જોઈને ફરી નજર ઝુકાવી દીધી. અને તરડાયેલા અવાજે બોલી.

'કાકા...મારી સાથે કિસ્મતે ભયાનક ખેલ ખેલ્યો છે. થોડોક સમય હથેળીમાં સુખનો ચાંદ બતાવીને મારા હૈયા ઉપર આઘાતની કારમી ઠોકર મારી દીધી છે. અહીંથી જમ્મુ ઉતરતાં જ કેટલાક ગુંડાઓએ અમારી છેડતી કરી હતી. તેઓ કોઈ મોટા દાણચોરો કે ત્રાસવાદી જેવા હતા. તેમનાથી બચાવવા વિજય નામના એક યુવાને વચ્ચે પડીને પોતાના માથે મોતની આફત વહોરી લીધી. તેમાં તે ઘવાયો. તેની સુશ્રુષામાં અમે તેની સાથે ગયાં. એક જ મુલાકાતમાં મને તો મારા ભવોભવનો સાથીદાર હોય તેવું મહેસૂસ થયું....તે ઘણો જ સારો છે. કાકા, તેને મળીને તમે જ કહેશો કે સુમન તારી વાત સાચી છે. આ યુવાન તારા માટે જ સર્જાયો છે.'

'અરે ગાંડી, એમાં રડવાનું શું ? તમે બંને પરસ્પરને પસંદ હો પછી શું વાંધો છે ? તારી કાકી આ બાબતે સંમત નહિ થાય....કારણ કે, તેનો પ્લાન કંઈક બીજો લાગે છે. પરંતુ તેને તો આપણે પહોંચી વળીશું. તું મને તેનું સરનામું આપજે...પહેલાં હું જઈને બધી જ વાત નક્કી કરી નાંખીશ, પછી તારી કાકીની જાણ બહાર જ એકદમ તેને સરપ્રાઈઝ આપીને વિજય સાથે તારાં લગ્ન હું કરાવી દઈશ. તું કોઈ વાતે ગભરાઈશ નહિ. ભલે મારે પોતાનું કોઈ સંતાન ન હોય તું મારી સગી દીકરી કરતાં પણ મને વધારે વહાલી છે. તારી ઇચ્છા વિરૂદ્ધ તને દુઃખી કરવાનું કોઈ કારણ તારી કાકીને હું નહિ આપું.' અનંતરાયે સુમનને હામ આપી.

'મને સંપૂર્ણ વિશ્વાસ છે કાકા....તમે મને દીકરી કરતાં વધુ પ્રેમ આપ્યો છે. તમે ન હોત તો હું જીવતી પણ રહી હોત કે કેમ તે શંકા છે. પરંતુ આ વખતે પણ મારે મારા નસીબ સાથે લડવાનું આવ્યું છે. આવી લડાઈઓ હું સદાયની હારતી આવી છું. પહેલાં માતા ગુમાવી...પછી પિતા ગુમાવ્યા...આ છેલ્લી વખતે નસીબે, સુખનો કોળિયો મારા મુખમાં મુકવાની લાલચ આપીને, મોઢા પર મુક્કો મારવાની રમત ખેલી છે. આપની પાસે હું જુઠ્ઠુ નહિ બોલું. વિજય સાથે મેં દસેક દિવસનું સહજીવન ભોગવ્યું છે. અમે બંને ગાંધર્વ લગ્ન પણ કરી લીધાં છે. શ્રીનગરમાં, શેખ બશીરખાન નામના, વિજયના એક મિત્રના બંગલામાં અમે રોકાયા હતાં. પરંતુ મારા માટે તેણે ગુંડાઓ સાથે વહોરેલી દુશ્મની અમને ભારે પડી ગઈ કાકા....ગુંડાઓએ લાગ જોઈને ફરીથી હુમલો કર્યો. શ્રીનગર એરપોર્ટ પર થયેલા એ ગઈકાલના હુમલામાં વિજય ઘવાયો છે. તે કોઈ હૉસ્પિટલમાં છે તેવું શેખ બશીરે જણાવ્યું અને મને અહીં મુકી ગયા...'

'તને અહીં સુધી મુકવા આવનારને તેં બે ઘડી રોક્યો પણ નહિ ? મારી સાથે મુલાકાત પણ ન કરાવી ? હું તેમની સાથે જરા લંબાણથી વાતચીત તો કરતને બેટા ?' અનંતરાયે કહ્યું.

'એવો કોઈ સમય જ નહોતો. કાકા...મારા કરતાં ય વધારે તેમને વિજયની ચિંતા હતી અને તેથી જ મેં પણ તેમને રોકવાનો આગ્રહ કર્યો નહિ. એ દારૂણ દૃશ્યની કલ્પના માત્રથી મારૂં હૈયું ધ્રુજી ઉઠે છે. ન જાણે વિજયને કેટલું વાગ્યું હશે ? તેની શું હાલત હશે ? જેણે મને બચાવવા પોતાની જાત હોડમાં મૂકી...તેને મુશ્કેલીમાં મુકીને મારે આવતું રહેવું પડ્યું. હું ન આવત, કદી ન આવત...પરંતુ શેખ બશીરે કહ્યું, હું હાલ પુરતી ઘેર ચાલી જાઉં તેવી વિજયની જ ઇચ્છા હતી. અને મારા ત્યાં રહેવાથી શેખ બશીરના માથે મારા રક્ષણની જવાબદારી પણ વધી જતી હતી. તેણે મને વિજયના સોગંદ આપીને અહીં આવવા મજબૂર કરી....તત્કાળ વિમાનની વ્યવસ્થા કરીને મને અહીં સુધી મૂકી ગયા. વિજયને સારું થતાં તેઓ બંનેએ સાથે અહીં આવવાનું મને વચન આપ્યું છે. એ બંને દોસ્તોની દોસ્તી જોઈને તમે આશ્ચર્યમાં પડી જશો. બે ભાઈઓ કરતાં પણ તેઓ એકબીજાને વધુ ચાહે છે. શેખ બશીર જમ્મુ-કાશ્મીરનો શ્રીમંત શેખ છે. તેના ધંધાની લાગવગની પહોંચ સમગ્ર જમ્મુ-કાશ્મીર અને સરકારમાં છે. તેણે કેટલીયે વ્યવસ્થા અમારા રક્ષણ માટે કરી હતી. છતાં ગુંડાઓ આક્રમણ કરવામાં સફળ થઈ ગયા. વાત વાતમાં ગોળીઓ અને બૉંબ ફેંકતા એ ભયાનક ગુંડાઓ વચ્ચે મારા વિજયનું શું થયું હશે કાકા ? શું એ વધારે ગંભીર જખ્મી તો નહિ થયો હોયને ? મારું દિલ વારંવાર કોઈ અગમ્ય દહેશત કેમ અનુભવે છે ? તમે મારી પાસે જ રહેજો કાકા, મને બહુ બીક લાગે છે....એ દૃશ્યની કલ્પના માત્રથી મારૂં હૈયું હબકી જાય છે....મારી આંખે અંધારાં આવે છે...મારા પગ પાણી પાણી થઈ જાય છે. કાકા...મારી પાસે રહેજો, મને કંઈક થાય છે... જાણે કે... કાળી ગાડી અમારી પાછળ ધસી આવી છે. વિજય...તે લોકોની સામે ના થઈશ. વિજય ! એ બેરહેમો તને ખતમ કરી નાંખશે...પ્લીઝ મારી ખાતર ધીરજ રાખજે વિજય...તને કંઈ થશે તો હું જીવતી નહિ રહું...' એવા ઉચ્ચારો સાથે એ ભયાનક હુમલાના દૃશ્યની દહેશતમાં સુમન બેહોશ થઈને અનંતરાયના ખોળામાં જ ઢળી પડી હતી.

***

વજન ઊંચકતો હોય તેમ જોરથી વિજયે આંખો ખોલવા પ્રયત્ન કર્યો હતો. કોઈ ચાલતા વાહનમાંથી ફેંકાઈ ગયા હોવાનું તેને ભાન થયું. માથામાં સણકા આવતા હતા. બંને બાવડામાં પારાવાર કળતર થતું હતું. તેણે હાથ-પગ આઘા પાછા કરી જોવા ધીરેથી પ્રયત્ન કર્યો તેને લાગ્યું કે લાકડાના બોક્સની વચ્ચે તે પડ્યો હતો. વાહનનો પ્રકાર ટ્રક હોવાનું તેના મગજે અવાજ પરથી પારખ્યું. આજુબાજુ ખડકાયેલાં બોક્સમાં સફરજન ભરેલાં હોય તેવી વાસ આવતી હતી. તેની ઉપર પણ એક ઉપર એક પેટીઓ ગોઠવીને પેટીઓના પોલાણમાં તેને કેદ કર્યો

હોવાનું લાગતું હતું. ગોઠવેલી પેટીઓના પોલાણમાં થઈને બપોરનો તડકો અંદર આવતો હતો. કદાવર સરદારની રિવોલ્વરના ફટકાથી તેણે ભાન ગુમાવ્યું હોવાનું તેને યાદ આવ્યું. ફટકો પડતાંની સાથે જ તેણે અદમ્ય સાવચેતીથી માથું નમાવી લીધું હોવા છતાં જોરથી ઝીંકાયેલા ઘાએ તેને બેભાન તો બનાવી જ દીધો હતો. તેણે આસ્તેથી હાથ ખસેડીને માથામાં ફેરવ્યો. સુકાઈને જામી ગયેલા લોહીમાં તેના વાળ ચોંટી ગયા હતા. માથામાંથી વહીને ચહેરા પર રેલાયેલું લોહી સુકાઈ ગયું હતું. તેણે ચહેરા પર હાથ ઘસ્યો, સુકાયેલા લોહીના પોપડાઓની પતરીઓ ઉખડી પડી. પેટીઓ ખસેડીને ચાલુ ટ્રકે બહાર કુદી પડવાનો તેણે વિચાર કર્યો પરંતુ પેટીઓ ભરેલી હતી. જોર કરીને નીચેની પેટીઓ ખસેડતાં જ ઉપર ગોઠવેલી પેટીઓ એક પછી એક તેના બદન ઉપર ગબડી પડે તેમ હતું. એ વિચાર પડતો મુક્યો. આખરે આ બદમાશો તેને ક્યાં લઈ જતા હશે અને તેનું શું કરશે તેનાં વિચારમાં તેણે મન પરોવ્યું. તેને અચાનક જ સુમનની યાદ આવી ગઈ. પોતાને ન જોતાં તે કેવું કલ્પાંત કરશે તેના વિચારમાત્રથી મન ગ્લાનિથી ભરાઈ ગયું. મિલન-વિરહ અને સુખ- દુઃખના ઓથાર તળે પસાર થયેલા ટૂંકા ગાળાનાં દૃશ્યો તેના માનસ પર આવ-જા કરવા લાગ્યાં. ભૂખ-પીડા અને દુઃખથી ફરી પાછી તેને ઊંઘ આવી ગઈ, પરંતુ શરીર વારંવાર પછડાટો ખાવાથી અચાનક તે જાગી ગયો. ટ્રક કોઈ કાચા ખાડા ટેકરાવાળા રસ્તા ઉપર ગતિ કરતી હોય તેમ લાગ્યું, તેણે પેટીઓ સાથે બે કોણીઓ ટેકવી આંચકા સામે રક્ષણ મેળવવા પ્રયત્ન કર્યો છતાં બેચારવાર માથું પેટીઓ સાથે અથડાતાં દર્દના સણકા ઉઠ્યા, તેણે જોશથી દાંત કચકચાવ્યા અને મનોમન ગુંડાઓને ગાળો ભાંડવા માંડી. પેટીઓના પોલાણમાંથી ચળાઈને આવતો તડકો બંધ થઈ ગયો હતો. તો શું એટલી જ વારમાં સાંજ પડી ગઈ હતી કે તે ચાર-છ કલાક બેહોશીમાં કે ઊંઘમાં પડયો રહ્યો તેનો વિચાર કરે તે પહેલાં જ ટ્રક વળાંક લઈને ઊભી રહી. ડ્રાઇવરની કેબિનમાંથી ચાર જણા બહાર કુદી પડ્યા હતા. તેમણે બુમ પાડતાં થોડીવારમાં બીજા માણસો આવવાનો અવાજ અને વાતચીત તેના કાને પડી. ડ્રાઇવરે તેમને ટ્રક ખાલી કરવા કહ્યું. ચારેક મજુરોએ ટ્રકમાં ચઢીને પેટીઓ નીચે ઉતારવા માંડી. અડધી ટ્રક ખાલી થતાં જ હુમલાખોરના સરદાર જેવો લાગતા માણસે ટ્રકમાં ચઢી મજુરોને કહ્યું ‘અબ જરા સમાલ કે ઉતારના, અંદર હમારા એક મહેમાન સોયા હુઆ હૈ’, વિજયની આજુબાજુની અને ઉપરની પેટીઓ તેણે કાળજીથી હટાવવાની હતી. વળી, વિજય બેહોશીનો ઢોંગ કરીને પડ્યો રહ્યો હતો. તેણે બેત્રણ માણસો દ્વારા વિજયને ટીંગાટોળી કરીને નીચે લેવડાવ્યો હતો.

‘ઇસે ઠીકસે રખ્ખો...દસ કરોડકા માલ હૈ યે... હમારે બહોત જાન-માલકા નુક્સાન કિયા હૈ ઇસને...ઇસકા હિસાબ ચુકાના હૈ....’ તેણે પોતાના માણસોને સુચના આપી. માણસો તેને ઉંચકીને અંદરના ભાગમાં લઈ ગયા હતા. ગાઢા જંગલમાં કોઈ છુપા અડ્ડા જેવી આ જગા હોવાનું વિજયને લાગતું હતું. પોતાને દસ કરોડનો માલ ગણાવતા બદમાશો હવે શું કરશે તેનો કોઈ જ અંદાજ આવે તેમ નહોતો. અત્યાર સુધીના અનુભવ પછી હવે વધુ ને વધુ ત્રાસ ભોગવવાનો આવશે તેવું વિજયે માની લીધું. શેખ બશીરની વાત સાચી પડી હતી. બે કરોડના હીરા ગુમાવ્યાના બદલામાં સ્મગલરોની ગેંગ પોતાના દુશ્મનના શા હાલ હવાલ કરે છે તેની તો માત્ર ડરામણી કલ્પના જ કરવાની હતી. તેણે પોતાને શક્તિ આપવા ઈશ્વરને પ્રાર્થના કરી. તે કલ્પનાના ઘોડા વધુ દોડાવે તે પહેલાં જ તો તેને એક અંધારી ઓરડી જેવી જગામાં નાંખી દેવામાં આવ્યો. તેને લાવનાર માણસોના ગયા પછી તેણે અંધારામાં આંખો ખેંચીને જોવાનો પ્રયત્ન કર્યો. થોડીકવારમાં અંધારાથી ટેવાઈ જતાં તેની આંખોએ તેને કેદીની ઓરડી જેવી જગ્યામાં પુરવામાં આવ્યો હોવાનો અણસાર આપ્યો. એ કોઈ ડુંગરમાં ખોદકામ કરીને બનાવેલી ઓરડીઓ હતી. એક વિશાળ ખીણ જેવી કોતરમાં સમગ્ર અડ્ડાની જગા છૂપાયેલી

હતી. ખીણમાં અને ડુંગરની ધાર પર ઊંચા દેવદાર-ચિનાર અને અન્ય વૃક્ષોનું ગાઢ જંગલ હતું. વચ્ચેના મેદાન જેવા ભાગમાં ટ્રક ઊભી હતી. અને તેમાંથી ખાલી કરાયેલી પેટીઓમાંથી અમુક પેટીઓમાં સફરજન કાઢી નાખતાં નીચેથી ઓટોમેટિક મશીનગનો અને એકે- 47પ્રકારની રાઇફલોના સેટ છુપાવેલા મળી આવ્યા. જેમ જેમ પેટીઓ ખુલતી ગઈ તેમ તેમ ભયંકર અધતન શસ્ત્રો અને હેન્ડગ્રેનેડનો કેટલોક જથ્થો ભેગો થવા માંડ્યો. તે જોઈને સરદારના મોંઢા ઉપર કાતીલ ખુશી છવાઈ ગઈ. તેના એક હાથમાં વ્હીસ્કીની બોટલ હતી. તેમાંથી ઘૂંટડા ભરતાં ભરતાં તે શસ્ત્રોને વગે કરવાની માણસોને સૂચના આપતો જતો હતો. એકાદ કલાકમાં કામનો માલ કાઢી લઈને ટ્રકમાં પેટીઓ પાછી ગોઠવી દેવાઈ.

'બીલ્લુ...' સરદારે હાક મારી...

'જી સરદાર' કહેતો બેઠી દડીનો જાડીયો આદમી સામે આવ્યો. 'અબ થોડે દિન સબ સબકી જગહ પે ચૂપકેસે સો જાઓ' ક્યોંકિ પુલીસ થોડે દિન જોશમેં રહેગી. પુલીસ કા જોશ ઠંડા હો જાને કે બાદ હમારા કામ ફિરસે શરૂ હોગા...અબ હમારે પાસ હથિયાર આ ગયે હૈ, અબ કરન્સીકી કોઈ કમી નહિ હોગી, પંજાબ, દિલ્લી અૌર બમ્બઈમેં હમારા માલ જાયેગા...નોટે આયેગી અૌર જો કોઈ હમારે રાસ્તે મેં રૂકાવટ ડાલેગા ઉનકા નામોનિશાન મિટા દેંગે હમ...હમારા હરેક જુર્મ આતંકવાદ કે નામ ચઢા દિયા જાયેગા. હમે કોઈ ચીજ કી કમી નહિ રહેગી. જાઓ થોડે દિન સેબ બેચા કરો, બાદમેં બારુદ ઓર દો નંબરકા માલ શરૂ હો જાયેગા, લો....' કહીને તેણે નોટોની બે થોકડીઓ બીલ્લુને આપી.

'અચ્છા સરદાર, જૈસા આપકા હુકમ' કહેતો બીલ્લુ ટ્રકના સ્ટીયરિંગ પર ગોઠવાયો હતો. તેના ચાર આદમી તેની સાથે કેબિનમાં ચઢ્યા હતા.

'હરરોજ હર દિનકી ખબર દેતે રહેના...પુલીસ કો કુછ માલૂમ નહિ ચલને પાયે હોંશિયાર રહેના.'

'ફિકર મત કરો સરદાર, હમ સબ ખ્યાલ રખેંગે' કહીને તેણે ટ્રક ઉપાડી મૂકી. થોડીવાર વાતાવરણમાં સન્નાટો છવાયો હતો. ચારેક સ્ટેનગનધારી ચોકીદારો મેદાનમાં ચારે બાજુ આંટા મારતાં ચોકી કરી રહ્યા હતા. સરદારે બે હાથે બે વાર તાળી પાડતાં નજીકના ચોકીદારે તેના સામે જોયું હતું. તેને ઇશારો કરતાં તે પાસે આવ્યો હતો. ચોકીદાર લગભગ દોડતો મેદાનમાંથી ખીણના એક ભાગમાં અદૃશ્ય થયો હતો. સાતેક મિનિટ બાદ તે પાછો ફર્યો ત્યારે તેની સાથે એક હૅન્ડબેગધારી દાઢીવાળો યુવાન આવ્યો હતો.

'અરે સરદાર આપ કે મુંહ પે ક્યા હો ગયા ?' તેણે સરદારનો ચહેરો જોઈને પૂછ્યું હતું. 'કુછ નહિ જરા રાસ્તેમેં એક્સિડન્ટ હો ગયા થા. મેરી ટ્રીટમેન્ટ તો મૈંને ખુદ કરલી હૈ લેકિન ડૉક્ટર એક નયા મહેમાન આયા હૈ, ઉસે જરા દેખ લો હોંશમે આયા હૈ કિ નહિ. સાલા કહીં મર ન જાયે. ચલો' કહીને સરદાર આગળ થયો. તેની પાછળ ડૉક્ટર અને સ્ટેનગનધારી ચોકીયાત એમ ત્રણે જણા ડુંગરની ઘાટી પર બનાવેલી કેડી પર જઈને ઓરડીઓવાળા ઊંડાણના ભાગ તરફ ચાલવા લાગ્યા હતા. ત્રણે જણા વિજયને રાખવામાં આવેલો તે ઓરડી આગળ આવ્યા હતા. ચોકીદારે તેનો લોખંડનો નાનકડો છતાં મજબૂત દરવાજો ખોલ્યો હતો. 'દિયા જલાઓ' સરદારે હુકમ કરતાં ચોકીદારે માચીસ સળગાવી અંદર જઈ ઓરડીની દીવાલના એક ગોખલામાંનો દીવો સળગાવ્યો હતો. અંધારી ઓરડીમાં પીળો પ્રકાશ ફેલાયો હતો. વિજય ખૂણામાં ટૂંટીયું વાળીને પડ્યો હતો. સરદાર અને ડૉક્ટર પણ નીચા નમીને ઓરડીમાં દાખલ થયા હતા. સરદારે એક ખૂણામાં પડેલી પથ્થરની છાટ પર બેઠક લીધી હતી અને ડૉક્ટરને કહ્યું,

'ડૉક્ટર જરા દેખ તો ઈસે-'

ડૉક્ટરે આગળ વધીને વિજયને સીધો સૂવાડ્યો. ગજવામાંથી ટોર્ચ કાઢીને તેના માથા અને શરીરનું નિરીક્ષણ કર્યું. વિજયે જાગી જવા છતાં બેહોશીનો અભિનય ચાલુ રાખ્યો હતો. અવાજ ઉપરથી તેણે પોતાના ઉપર હુમલો કરનાર જોડીયા સરદારને ઓળખી લીધો. ડૉક્ટરે બીજા ગજવામાંથી બ્રાન્ડીની હાફ બૉટલ કાઢી અને મોં વડે બુચ ખોલી તેમાંથી એક હાથે ઉંચેથી વિજયના માથા ઉપર ધાર કરી હતી.

સુકાયેલા વાળ પર થઈને જલદ દારૂ ઘામાં ઉતર્યો વિજયના સમગ્ર મસ્તકમાં સખત ચરચરાટી થવાથી તે રાડ પાડી ઉઠ્યો. તેણે બે હાથે ડૉક્ટરને હડસેલો માર્યો. આ જોઈને સરદારે રાડ નાંખી, 'ઠીકસે બૈઠ રહે કુત્તે ! અભી તો તેરા જખ્મ ઠીક કરવાને આયા હું...મેરી બાત નહીં માની તો કુત્તેકી મૌત મારા જાયેગા. મૌત તેરી કિસ્મતમેં લીખી હૈ જરૂર લેકિન મેરા હિસાબ ચુકાને કે બાદ. ઈસિલિયે તેરા ઈલાજ કરવા રહા હું ગોરખે ! ઈસકે હાથ પકડ લે.'

ચોકીદારે વિજયના બે હાથ અવળા કરીને પીઠ પાછળ પકડી રાખ્યા બાવડાં આમળતાં તેના ઘવાયેલા મસલમાં સણકા ઉઠ્યા હતા. ડૉક્ટરે બેગ ખોલીને તેમાંની કાતર વડે માથા ઉપરના વાળ વચ્ચેથી કાપી નાખ્યા. ફરીથી બ્રાન્ડી વડે ઝખમ સાફ કર્યો. ચામડી ફાટીને ત્રણેક ઇંચ પહોળી થઈ જવાથી ખોપરીનું હાડકું દેખાતું હતું. ડૉક્ટરે કહ્યું, સરદાર ઇસકા તો ટાંકા લેના પડેગા. અૌર મેરે પાસ બેહોશીકા ઇન્જેક્શન નહિ હૈ' જસબીરે કહ્યું, 'અરે જો કરના હૈ જલ્દી કર. બેહોશી કે લિયે ઇન્જેક્શનકી ક્યા જરૂરત હૈ ? યે બોતલ ડાલ દે ઉસકે મુંહમેં....' સરદારે પોતાની પાસેની પોણી બોટલ ડૉક્ટરને આપી. જસબીરે બોતલ હાથમાં લઈને વિજય સામે ધરી.

'લે બેટા, સયાના હોકર, દવા સમજકર શુરુ કર દે...'

'નહીં...' વિજયે નકારમાં મોઢું ધુણાવ્યું.

'કોઈ બાત ઠીકસે માનનેકી આદત નહીં હૈ ઈસકી' કહીને સરદાર ઊભો થયો. તેણે બે મુક્કા વિજયના પેટમાં મારતાં તેનાથી ચીસ નંખાઈ ગઈ. ડૉક્ટરે બોટલનું નાળચું પરાણે વિજયના મોંમાં નાંખીને બોટલ ઠાલવવા માંડી. વિજયે કમને ભૂખ્યા પેટમાં તેજ વિલાયતી દારૂ ઉતારવા માંડ્યો. ખાલી પેટમાં પડેલા દારૂએ તાત્કાલિક અસરથી મગજમાં ઘેન ભરવા માંડ્યું હતું. વેદના અને ઘેનથી થોડીવારમાં જ વિજય બેહોશ થઈ ગયો. જસબીરે પોતાના હાથવગાં ડૉક્ટરી ઓજારોથી ઝડપથી ટાંકા લઈને પાટો બાંધી દીધો. એટલું કરતાં તો તેને પરસેવો નીતરી ગયો.

'અબ સુબ્હ તક પડે રહેને દો સાલે કો...ચલો' કહીને સરદાર ઓરડીમાંથી બહાર નીકળી ગયો. ડૉક્ટર અને ચોકીદાર પણ પોતપોતાની જગ્યાએ ચાલ્યા ગયા. વિજય બેહોશીમાં ઊંહકાર ભરતો પથ્થરની ઓરડીમાં પથ્થરના બિછાના પર પડ્યો રહ્યો.

જમ્મુ-કાશ્મીરની ઊંડી ખીણમાં રાત ઉતરી ચૂકી હતી. પેટ્રોમેક્ષના અજવાળે કોતરના એક મોટા ખંડમાં લગભગ પચીસેક આદમીઓ બેઠા બેઠા રાતનું ખાણું લઈ રહ્યા હતા. વચ્ચે જાજમ ઉપર સરદાર બેઠો હતો. માંસાહારી ખાણાની અને શરાબની વાસ આખા ખંડમાં ફેલાયેલી હતી.

'આજ આયે હુએ હથિયારોમેંસે સબકો જો અચ્છે લગે વો અપને પાસ રખ લો, બાકી સબ ઠીક પેક કરકે દુસરી ગિરોહકો ભેજને હોગે, હર કામ પુરા પ્લાન બનાકર હોગા...કોઈ અપની હોંશિયારી ન કરે. અપને ઘર પે પૂરે પૈસે ભેજતે રહે અૌર સાવધાન રહે કિ કિસીકો અપને બારેમેં કુછ માલુમ ન હોને પાયે. જરૂરત પડને પર હમારે છીપનેકી અૌર ભાગનેકી વ્યવસ્થા કર દી ગઈ હૈ, લેકિન મૌકે કે ફાયદે ઉઠાકર હર કામ હમેં કરતે રહેના હૈ....ચાહે કોઈ બેંક લૂંટને કી હો, ચાહે હેરોઈન યા બ્રાઉન સુગર સપ્લાય કરને કા હો, યા હથિયાર, બડી

હુશીયારી સે કરના હોગા, કિસીકી છોટી સી ભી ગલતી હમારી તબાહીકી વજહ બન સકતી હૈ, અૌર હમારા ઇન્ટરનેશનલ બૉસ હમે કભી માફ નહિ કરેગા…' સરદાર ભાષણ કરતો હતો. બાકીના સાંભળતા હતા. ત્યારપછી લગભગ બે-ત્રણ કલાક સુધી જાત જાતનાં કામ બાબતે ચર્ચા ચાલી હતી. એ દરમ્યાન એક કાશ્મીરી ગ્રામીણ યુવતી અંધારામાં દબાતે પગલે, ચોકીદારની નજર ચુકવી પહાડીની ઓરડીઓ ભણી સરકી. કોણ હતી એ…?



૧૫

એ લાજુ હતી... અને પોતાના ગુમ થયેલા ભાઈ ભીમસિંહને શોધતી હતી.

સમગ્ર ગુંડાટોળી સરદાર સાથે ચર્ચામાં મશગુલ હતી ત્યારે તેણે કેદીઓને રાખવામાં આવતી ઓરડીઓની તલાશી લેવાનું નક્કી કર્યું હતું. આજે એક નવા કેદીને લાવવામાં આવ્યો હોવાના સમાચાર તેણે સાંભળ્યા હતા. રાનીગઢથી એકવાર આજ ટોળી તેના ભાઈ ભીમસિંહને ઊઠાવી ગઈ હતી. ત્રણેક માસથી તેનો પત્તો નહોતો. શરૂઆતમાં એકવાર ભીમસિંહ ચોરીછૂપીથી છટકી આવીને બહેનને મળ્યો હતો અને આ ટોળકીનાં ગુનાખોરીનાં તથા દાણચોરીનાં કારતૂતો વિશે વાત કરી હતી. બહેનનાં લગ્ન માટે થોડાક પૈસાની વ્યવસ્થા થઈ જતાં આ ગેંગમાંથી છટકીને પોતે ભાગી આવશે તેવી હૈયાધારણ આપીને તે ગયો હતો. પરંતુ ત્યાર પછી ત્રણ ત્રણ મહિના વીતી જવા છતાં કોઈને તેનું મોં જોવા મળ્યું નહોતું. મા- બાપ તો નાનપણમાંથી જ નહોતાં. રાનીગઢમાં આવેલા નાનકડા ઘરના બારણાંને તાળું મારીને ભીમસિંહે કહેલી નિશાનીઓ અનુસાર સફરજનની પેટીઓ ઊંચકનારાં મજૂરો ભેગી ભળીને તેણે અહીં આવનજાવન શરૂ કરી હતી. આ ટોળકીએ ભીમસિંહને ક્યાંક બીજે કામગીરી બજાવવા મોકલી દીધો હશે કે પછી ભીમસિંહે ખોટાં કામ કરવાનો વિરોધ કરતાં તેને કેદમાં પૂર્યો હશે કે પછી કોઈ મૂઠભેડમાં...? લાજુ એવી અમંગળ કલ્પના કરતાં પણ ડરતી હતી. ભીમસિંહમાં ભરપૂર શારીરિક બળ હતું. તે કોઈથી ગાંજ્યો જાય તેમ નહોતો. છતાં ભાઈની ભાળ મેળવવી જરૂરી હતી. દિવસભર કામકાજ કરતાં, હરતાંફરતાં તેણે ચકોર નજરે વાતાવરણનો તાગ મેળવવા માંડ્યો. સમગ્ર ટોળીમાં ક્યાંય ભીમસિંહ કળાયો નહોતો. કેદીઓની ઓરડીઓમાં પણ રાતવરત તેણે તપાસ કરવા માંડી. સાંજે મજૂરો સાથે છૂટીને નીકળી ગયા પછી રાત્રે તે ચોરીછૂપીથી પાછી આવીને શંકાસ્પદ જગ્યાઓની તપાસ કરતી હતી પણ હજુ સુધી કોઈ પત્તો મળ્યો નહોતો છતાં તે હિંમત હારી નહોતી. ઊંડી ખીણની આ જગા એટલી સલામત હતી કે રાત પડતાં ઠંડી હવા અને શરાબના ઘેનમાં ચોકીદારો ગરમ ધાબળા ઓઢીને લેટી જતા ત્યારે લાજુ બિલ્લીપગે અડ્ડાના ખૂણાખાંચરા તપાસી પાછી વળી જતી. આજે પણ તે મોકો જોઈ કેદીઓની ઓરડીઓ ભણી ચાલવા માંડી. ઘેરા લીલા રંગની ચણિયા-ચોળી અને કાળી ઓઢણી રાતના અંધકારમાં તેને કાળા પડછાયાનું રૂપ આપતાં હતા. જરાક અણસાર થતાં કે અવાજ થતાં તે સાવચેત થઈને કોઈ પત્થરની આડશમાં બેસી જતી કે કોઈ ઝાડના થડ સાથે દબાઈને સીધી ઊભી રહી જતી. રાતના આવા રઝળપાટથી તેણે મુખ્ય માર્ગોને બદલે ઘણી છૂપી કેડીઓની જાણકારી મેળવી લીધી હતી. શરૂઆતમાં તેને આમ રાત્રે એકલાં રખડતાં ભય લાગતો હતો પરંતુ ભાઈની તલાશની ઉત્કટ લાગણીનો આવેશ ભયને ભગાડવા માટે તાકાત પૂરી પાડતો હતો. દિવસભર મજૂરી કરતાં પણ કોઈ વાર ટોળીના કોઈ સાગરીતની કામુક નજરોનો સામનો કરવો પડતો ત્યારે સ્ત્રીસહજ આવડતથી કામ લઈ તે કુશળતાથી છટકી જતાં

શીખી ગઈ હતી. અને દિવસ દરમિયાન અન્ય ગ્રામ્ય મજૂરોની હાજરીમાં તેને કોઈ ભય લાગતો નહોતો. પોતાનાં વસ્ત્રોમાં તે નાનકડું પણ ધારદાર ખંજર છૂપાવી રાખતી. જોકે રાતની વાત જુદી હતી. વળી હજુ સુધી તે કોઈની નજરોમાં જાસૂસી કરતાં ઝડપાઈ નહોતી.

મધરાત વીતી ગઈ હતી. લાજુ ડુંગરની ધાર ચડીને અંદરની ઓરડીઓની લાઇન આગળ આવી ગઈ હતી. તેણે ચણીયાના ચોર ખિસ્સામાંથી નાનકડી હાથબેટરી કાઢીને ઓરડીઓના લોખંડના બારણાંને જાળીમાં પ્રકાશ ફેંકીને ખાતરી કરવા માંડી. બધી ઓરડીઓ ખાલી હતી. ફક્ત એકમાં જ કોઈ વ્યક્તિ ટૂંટિયું વાળીને ઊંધા મોઢે પડેલી હતી. બારણે કોઈ તાળાં મારવામાં આવતાં નહોતાં. અહીંના કમભાગી કેદીઓની ઓરડીઓ ખોલવા માટે કોઈ નવરું નહોતું. તેણે હળવેથી આગળો ખોલીને બારણું ઉઘાડ્યું. આછો કીચુડાટ થયો પણ રાતના સન્નાટામાં તે ભળી ગયો. લાજુ દબાતે પગલે અંદર ઘૂસી ગઈ. બેટરીની ચાંપ દાબી તેણે પ્રકાશ ફેંક્યો. ના, આ ભીમસિંહ નહોતો. ભીમસિંહ દેહાતી પડછંદ આદમી હતો. જ્યારે આ તો શહેરી યુવાન લાગતો હતો. તેના માથે પાટો બાંધેલો હતો અને આખા માથામાંથી શરાબની વાસ આવતી હતી. લાજુએ તેનું મોઢું સરખું કરીને જોયું. ઉભડક પગે પાસે બેસીને તેણે જોયું કે કોઈ સારા ઘરનો સોહામણો લાગતો યુવાન હતો. એ....વિજય હતો. તેણે દર્દથી કણસવા માંડ્યું. 'નરાધમોએ માર મારીને તેને બેહોશ કરી દીધો હશે...' લાજુ બબડી. 'જેવાં તેનાં નસીબ...' મનોમન બોલી તે બહાર નીકળવા ઊભી થઈ હતી ત્યાં જ-

'પાણી...' વિજય આંખો ખોલવા પ્રયત્ન કરીને મંદ અવાજે બોલ્યો. આ ઘાયલ યુવાનને જોતાં જ લાજુના મનમાં કુદરતી સહાનુભૂતિ જાગી હતી. બિચારો કોણ જાણે ક્યારનો ભૂખ્યો-તરસ્યો હશે. તેણે ઓરડીમાં બેટરીનો પ્રકાશ ફેંક્યો. ઊંચે ગોખલામાં એક સફેદ ટમ્બલર દેખાયું. હાથ ઊંચો કરી તેણે કુદકો મારીને તે લીધું અને ઝડપથી બહાર નીકળી. થોડેક છેટે જ એક ઝરણું વહી જતું હતું તેની તેને ખબર હતી ત્યાં જઈને તેણે પાણી લીધું અને ઓરડીમાં આવી. ગોઠણ ઉપર માથું ટેકવીને તેણે વિજયને પાણી પીવડાવવા માંડ્યું હતું. કડકડતા ઠંડા પાણીથી દાંત કળવા છતાં વિજયે પાણી પેટમાં ઉતાર્યું. જલદ શરાબથી પેટમાં ઉઠતી બળતરા જાણે આગમાં પાણી પડતાં શમવા માંડી હતી. તેણે મહેસૂસ કર્યું હતું કે પોતાને પાણી પીવડાવનાર હાથ કોઈ ખડૂસ મવાલીના નહોતા. વર્તન પણ દુશ્મનનું નહીં પરંતુ હમદર્દનું હતું. શું પોતાની પાછળ સુમનને પણ આ ટોળીએ કેદ કરીને અહીં નાખી હશે ? તેણે આંખો ખેંચીને પોતાના પાણી પાનાર વ્યક્તિને ઓળખવા પ્રયત્ન કર્યો. ના, એ સુમન નહોતી. કોઈ અન્ય સ્ત્રી આકાર હતો. પરંતુ દુશ્મન ટોળીનો નહોતો, તે તેના વર્તનથી પુરવાર થતું હતું. 'તમને આ ગુંડાઓએ કેમ માર માર્યો છે ?' લાજુએ તેની દેહાતી જબાનમાં પૂછ્યું વિજયે ધીમે ધીમે ટૂંકમાં હકીકત વર્ણવી હતી અને પોતાની કેદનું કારણ બતાવ્યું હતું.

'હું તમારા માટે કંઈક ખાવાનું લઈ આવું. તમે ભૂખ્યા હશો. હમણાં સવાર થવા આવશે. ચોવીસ કલાકથી તમારું પેટ ખાલી છે. આ બદમાસો તમને ભૂખ્યા તરસ્યા મારી નાખશે.'

'પરંતુ તમને કોઈ જોઈ જશે તો ?'

તમે ચિંતા ના કરો માથે ભગવાન જેવો ધણી છે. હું હમણાં જ આવું છું.' કહીને તે ફરી ઝડપથી ઓરડીની બહાર નીકળી ગઈ હતી. વિજય દીવાલનો ટેકો લઈ ઊભો થયો. મગજમાં સણકા ઉઠતા હતા. અને ઠંડીને લઈને વાગેલા મારથી આખું બદન તૂટતું હતું. ખૂલેલા બારણાં આડેથી બહાર નીકળી તે એક પત્થર આડે પેશાબ કરવા ઊભો રહી ગયો. શરીર ઠરી જાય તેવી કાતીલ ઠંડી સુસવતી હતી. તેના શરીરમાં ધ્રુજારી ચડી જવાથી, તે ઓરડીમાં જતો રહ્યો. સુમન, બશીર અને પોતાના ભાઈ તથા માતા-પિતાની યાદ આવવાથી મગજમાં વિચારોનું વાવાઝોડું યુદ્ધ શરૂ થયું હતું. અંધારા જંગલમાંથી સફરજનના ઝાડ પરથી સફરજન તોડી

લાવીને લાજુ થોડીવારમાં જ વિજય પાસે આવી ગઈ.

‘લો, બીજું કંઈ તો અત્યારે શક્ય નથી. પરંતુ આ તાજાં ફળો ખાવાથી થોડીક ભૂખ ભાગશે અને શક્તિ પણ રહેશે. આવતીકાલથી હું તમને ખાવાનું પહોંચાડવા પ્રયત્ન કરીશ. પરંતુ રાત સિવાય હું આવીશ નહિ....’

‘આ બદમાસોની ટોળીમાં તમે ક્યાંથી ?’ વિજયે પૂછવા પ્રયત્ન કર્યો. લાજુએ ખંજર કાઢીને ફળોના ટુકડા કરતાં કહ્યું.

‘આ લોકો મારા ભાઈને તેમની ટોળીમાં ઉઠાવી ગયા છે. ત્રણેક માસથી તેનો પત્તો નથી. તે ક્યાં છે તેની તપાસમાં હું અહીં દિવસે મજૂરી કરવા આવું છું. અને રાત્રે આવી બધી જગ્યાઓમાં શોધખોળ કરું છું...તમે આ ખાવા માંડો.’

‘ભાઈનું નામ શું છે ?’

‘ભીમસિંહ...અમે કાશ્મીરી રાજપૂત કુટુંબના છીએ. મારાં લગ્ન માટે નોકરી અને પૈસાની તલાશમાં તે હતો તેમાં આ ટોળકીના સાગરીતનો ભેટો થતાં તે અહીં સુધી આવી ગયો. ત્યારબાદ એકવાર મને મળવા ગામમાં આવ્યા પછી ત્રણ મહિના સુધી તેનો પત્તો ન મળતાં હું તેને શોધવા નીકળી છું.’

‘આપણે જરૂર ભીમસિંહને શોધી કાઢીશું... હું પણ રાજપૂત કુટુંબનો છું...’

‘હા, પણ ત્યાં સુધી તમે બુદ્ધિથી કામ લેજો. બળ વાપરવાની કોશીશ કરવાથી નુકસાન થશે. આપણું કામ પૂરું થાય ત્યાં સુધી ઠંડે કલેજે કામ લેજો. ત્યાર બાદ છટકવાના રસ્તા મેં જોયા છે. આપણે રાતોરાત અહીંથી નીકળી જઈશું.’ લાજુએ કહ્યું.

‘હા...અને અહીંથી નીકળ્યા પછી આખી ટોળીનો અડ્ડા સહિત નાશ કરવો પડશે. કૅન્સરની જેમ કાશ્મીરમાં વધતા જતાં આ આતંકવાદીઓનો આતંક નાબૂદ કરવો જ રહ્યો.’

‘આ બહુ મોટું કામ છે. અને તે માટે જીવતા રહેવું જરૂરી છે. કોઈપણ જાતની જલ્દબાજી ખેલ બગાડી મૂકશે...’

‘ના. આપણો ખેલ નહિ બગડે. એટલે જ ખુદાએ તમને મારાં ખિદમતગાર બનાવી મારી સંભાળ લેવા મોકલી આપ્યાં છે...’ વિજયે ઠુઠવાતા શરીરે કહ્યું હતું.

તમને ઠંડી ચઢી ગઈ છે. કંઈ ઓઢવા-પાથરવાનું પણ છે નહિ કે તે તમને હૂંફ આપે. નજીક આવો. હૈયાની હૂંફ સાથે શરીરની ગરમી પણ એકબીજાંને રાહતરૂપ થશે.’ લાજુએ સહજપણે કહ્યું.

‘ના...ના... એવી કોઈ જરૂર નથી.’ વિજય એક અજનબી સહૃદયી યુવતીના આવા સૂચનથી શરમાયો.

‘દુઃખ અને દર્દ સમયે શરમ રાખવાની કોઈ જરૂર હોતી નથી.’ કહીને લાજુ વિજયની નજીક સરકી. અને વિજયના શરીર સાથે ચંપાઈને બેસી ગઈ. વિજયે સફરજનના ખટમીઠા ટુકડાઓ ચાવવા શરૂ કર્યા. પેટમાં થોડોક ખોરાક અને હૂંફથી તેને સારું લાગવા માંડ્યું. તેણે પોતાનાં ઘર, મા-બાપ અને સુમન સાથેની પ્રેમકહાણી તથા બશીરની દોસ્તીની વાતો લાજુને કરી. વાતોમાં રાત વીતી ગઈ. અને પરોઢનો પ્હો ફાટ્યા પહેલાં રાત્રે આવવાનો વાયદો કરીને લાજુ વિજયની ઓરડીમાંથી બહાર નીકળી. વિજય, બશીરે સમાચાર આપતાં પોતાના ઘરનાંની હાલત શું થશે તે વિષે વિચારમાં પડ્યો હતો.

***

શેખ બશીરે દિલ્હી ટૂંકકોલ જોડીને સૂર્યસિંહ રાઠોડને વિજયના ગુમ થવા વિશેના સમાચાર આપ્યા હતા અને સાથે સાથે પોતે બનતી બધી કોશીશોથી તેને શોધવા કામે લાગ્યો છે માટે કોઈ ચિંતા ન કરવા જણાવ્યું હતું. કાશ્મીરમાં સ્ફોટક વાતાવરણમાં દિલ્હીથી કોઈએ

ત્યાં ન આવવા પણ તાકીદ કરી હતી. વિજયના સમાચાર મળતાં તેને શોધી કાઢી પોતે સહીસલામત ઘેર લઈને આવશે તેમ પણ જણાવ્યું હતું. આખી વાતમાં બશીરે સુમનનો ઉલ્લેખ ગણતરીપૂર્વક ટાળ્યો હતો.

આખા કુટુંબમાં આ સમાચારથી દુઃખ છવાયું હતું. દિલ્હીમાં સૂર્યસિંહ રાઠોડનું મોટું ટેલીવિઝન પ્રોડક્શન યુનિટ હતું. તેમણે દિલ્હી પોલીસમાં આ વિશેની ફરિયાદ નોંધાવી હતી. ગૃહમંત્રીને પણ રૂબરૂ મળી સર્વ હકીકત કહી પોતાના પુત્રનો ત્વરીત પત્તો મળે તે માટે રીક્વેસ્ટ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ હકીકતની ગંભીરતા પારખીને બધી જ મદદની ખાતરી આપી હતી.

સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં પંજાબ પછી અશાંતિની આગ સળગી હતી. પાકિસ્તાનની ચઢવણી અને સંડોવણીના ગુપ્તચર અહેવાલો આવતા હતા - કેન્દ્ર સરકાર અને જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ભેગા મળી આ અશાંતિનાં મૂળ શોધી આગ ઠારવા મસલતો કરતા હતા. છતાં જમ્મુ-કાશ્મીરનું રાજકારણ અશાંતિથી ખળભળતું હતું. પાકિસ્તાની કબજા તળેના આઝાદ કાશ્મીર બાદ ભારતીય કબજા હેઠળના આ ખૂબસુરત મુલ્ક ઉપર પાકિસ્તાનનો ડોળો પહેલેથી જ હતો તેથી કાયમ માટે કોમી આગને ભડકાવવાના પ્રયત્નો જોર પકડતા જતા હતા. મુલ્કી પોલીસની તાકાત ઓછી પડતાં અમુક વધુ તોફાની વિસ્તારો લશ્કરી જવાનોને હવાલે કરવામાં આવ્યા હતાં. આંતરિક આંદોલનો અને તોફાનો વધુ પડતાં વકરી ઉઠે ત્યારે સરહદે યુદ્ધ શરૂ થવાનાં ચિહ્નો ચોખ્ખાં વરતાતાં હતાં. પંજાબમાં ઓપરેશન બ્લ્યુસ્ટાર પછી આતંકવાદીઓ ગભરાયા હતા. અમૃતસરમાં તેમને પનાહ મેળવવાની તક ઝૂંટવાઈ ગઈ હતી. છતાં તેમને છૂપાં શસ્ત્રો અને દારૂગોળો મળ્યા કરતાં હતાં. બેંકો લૂંટીને અને રાજકીય કોમી હત્યાઓ કરીને ત્રાસવાદીઓ ભારતની સરહદની અંદર છૂપા આશ્રયસ્થાનોમાં ભરાઈ જતા હતા. અને વધુ ભીંસ આવે ત્યારે પંજાબમાંથી કાશ્મીરમાં ઘૂસી જતા હતા. ડુંગર અને ખીણોવાળી જંગલની સરહદોમાંથી તેમને છૂપી આવનજાવન અનુકૂળ પડતી હતી. છતાં ચાંપતા બંદોબસ્ત અને કડક ચેકિંગમાં અવારનવાર ઘૂસણખોરો પકડાતા હતા અને તેમની પાસેથી મળી આવતાં શસ્ત્રો-સાધનો અને નકશાઓ તેમજ અમુક મહત્ત્વનાં કારસ્તાનોના પુરાવાઓ મળી આવતા હતા. ત્રાસવાદીઓ સામેની ઝુંબેશ ઉગ્ર બનતાં તેઓ દબાયા હતા તેમ સરહદો પરથી કેફી દ્રવ્યો અને શસ્ત્રોની દાણચોરી કરતી ટોળીઓ પણ પોતાની પ્રવૃત્તિઓ ઉપર બ્રેક લગાવીને બેસી ગઈ હતી.

*

શેખ બશીરે વિજયની શોધમાં આકાશ-પાતાળ એક કરવા માંડેલા. બે માસનો ગાળો વીતી ગયા છતાં વિજયનો કોઈ પત્તો લાગ્યો નહોતો. જમ્મુ-કાશ્મીરની કેટલીયે ખીણો પહાડીઓની શક પડતી જગ્યાઓ તેણે પોલીસ સાથે ઘૂમી ઘૂમીને તલાશાવી હતી. છતાં એ મહેનતનું કોઈ પરિણામ મળ્યું નહોતું. સૂર્યસિંહ રાઠોડના ટ્રંકકોલના જવાબમાં લાચારી સિવાય બીજું કાંઈ તે વ્યક્ત કરી શકતો નહોતો. પોતાની નજર સામેથી દુશ્મનો તેના જીગરના ટુકડાને ઉઠાવી ગયા હતા છતાં તે કાંઈ કરી શક્યો નહોતો અને તેને શોધી પણ શકતો નહોતો, તેનો ડંખ સદાયે તેના કાળજાને કોરી રહ્યો હતો. છતાં તેનું મન કહેતું હતું : વિજય તેને એક દિવસ જરૂર મળશે. વિજય સલામત છે, તેનો વાળ પણ વાંકો નહિ થાય. આ તેના આત્માનો અવાજ હતો. અને આ બાજું વિજયને પણ દાણચોર ગુંડાટોળકીના ત્રાસ સામે લાજુની હૂંફનો અણધાર્યો સધિયારો મળી ગયો હતો.

વિજયના મોઢેથી બે કરોડના હીરા પોલીસમાં સોંપી દેવાયાની વાત સાંભળીને સરદાર ખૂબ જ ઉશ્કેરાયો હતો અને તેની ખૂબ જ માર-પીટાઈ કરવામાં આવી હતી. ગમે તેમ કરીને બે

કરોડનો બદલો તેના બદન ઉપર બેરહમ ત્રાસ ગુજારીને વાળવાનો તેણે નિર્ણય કર્યો હતો. તેના માટે દિવસભર કાળી મજુરી અને રાત્રે કાળી કોટડીની કેદ નિર્માણ થઈ ચૂકી હતી. બે ટાઇમ ટોળીના ભોજન કરતાં વધેલું ઘટેલું ખાવાનું તેને આપવામાં આવતું, જે દેખાવ ખાતર લઈને કોટડીમાં જઈ વિજય તે બહાર ફેંકી દેતો અને રાત્રે લાજુએ લાવેલું, મકાઈના રોટલા, દૂધ અને તાજાં ફળોનું ભોજન કરતો. આવું દેશી ખાણું અને પહાડી ઝરણાનું પાણી પીને તેનું શરીર પહેલાં કરતાં વધુ ખડતલ થવા માંડ્યું. છતાં એક શહેનશાહ જાણે ગુલામ બની ગયો હતો, તેનો દિવસ તો કામકાજ અને મજુરીમાં ક્યાંય વીતી જતો પરંતુ રાત્રે આવતી સુમનની યાદો, તેની સાથે ગુજારેલી ચંદ રાતો અને ભોગવેલા શારીરિક સુખ કલ્પનાઓથી દિલમાં વિરહની અગનજ્વાળાઓ ભભૂકી ઉઠતી હતી. તેને ઠારવા માટે લાજુની અનેક હૈયાધારણો નાકામિયાબ બની જતી.

જ્યારે સુમનની પરિસ્થિતિ તો વિજય કરતાં વધારે બેહાલ બની ગઈ હતી. જીવતી હોવા છતાં તે લાશની જેમ ફરતી હતી. તેનું સૌંદર્ય વિરહના તાપથી કરમાવા માંડ્યું હતું. તેની કાકી યાત્રાએથી આવીને સુમન ઉપર ભભૂકી ઉઠી હતી. અનંતરાયે સાંત્વના અને સધિયારો આપ્યો હોવા છતાં સુમનને શાંતિ વળતી નહોતી. વિજયના કોઈ સમાચાર મળતા નહોતા. કાકી બીજે લગ્ન કરવા રાતદિવસ દબાણ કર્યા કરતી હતી. દિલ્હીના કોઈ ધનાઢ્ય વેપારીની સાથે તે સુમનને પરણાવી દેવા માગતી હતી. તેના થકી મળનારી દોલતના સહારે બાકીનું જીવન જીવવા માટે પોતે કરેલો પ્લાન તે અનંતરાયને સમજાવતી હતી છતાં અનંતરાય મચક આપતા નહોતા. તેઓ કહેતા – આ જન્મારે તો ભગવાને વાંઝિયા રાખ્યાં છે, ભાઈની દીકરીનો કન્યાવિક્રય કરીને રૂપિયા ખાવાના ધખારા રાખીશ તો જીવતે જીવ શરીરમાં કીડા પડશે અને રિબાઈને મરીશ. સુમનનું દિલ બીજે ક્યાંક છે - તેની ઇચ્છા વિરુદ્ધ કોઈ જગ્યાએ તેને વળાવવાની નથી. આથી કાકી ધુંધવાઈને બેસી રહેતી. પરંતુ હવે સુમનથી બેસી રહેવાય તેમ નહોતું. હજુ સુધી વિજયના કોઈ સમાચાર નહોતા.

વિજય સાથે ગુજારેલા સહજીવનના શારીરિક સંબંધે તેનું પરિણામ બતાવવા માંડ્યું. એક, બે અને ત્રીજો માસ પસાર થવામાં હતો છતાં સુમન તેના સ્ત્રીધર્મમાં આવી નહોતી. હવે શું કરવું ? સુમનના માથે આભ તૂટી પડવાનું હતું. શરીર આ ફેરફારને છૂપાવી રાખવા હવે સમર્થ નહોતું. અને કાગડી જેવી કાકી આ વાત જાણીને કાળો કેર કરવાની હતી. અનંતરાયને તો સમજાવી શકાય પરંતુ હવે કાકી સામે ઝઝૂમવાનું બળ ઓસરવા લાગ્યું હતું. જાસ્મીના મારફત આ સર્વ વિગત શેખ બશીરને પત્ર લખીને તેણે જણાવી દીધી. શેખ બશીર આ જાણીને એક બાજુ વિમાસણમાં પડી ગયો. ખુદાએ વિજયનો પત્તો આપ્યા પહેલાં વિજયના વારસાની ભેટ સુમનના ઉદરમાં આપીને પોતાને શો સંકેત પૂરો પાડ્યો હતો ? વિજય હવે કોઈને પાછો મળવાનો નહોતો ? કે વિજયની પ્રતિકૃતિ રૂપે તેનો અંશ સુમનના શરીરમાં પાંગરીને અવતરવા માટે તૈયારી કરતો હતો ? પરંતુ સમાજની સામે લડીને વિજયનું સ્વપ્ન પરિપૂર્ણ કરવાની તાકાત સુમનમાં હતી ખરી ? શેખ બશીરના મનમાં લાખો સવાલ જાગવા માંડ્યા. વિજય-વિજય તું ક્યાં છે ? આ સમાચાર તું જાણે તો તને કેટલો આનંદ થાય. પરંતુ અત્યારે તો આ આનંદ સુમન માટે શાપરૂપ પુરવાર થયો હતો. સુમનને સમાજમાં, ઘરબહાર મોં બતાવવું ભારે થઈ પડ્યું હતું.

▽▽

૧૬

એક વહેલી સવારે સુમનના ઉબકાના અવાજે કાકી જાગી ગઈ. એકાદ માસથી સુમનના વર્તનથી તેને જે શંકાઓ પડી હતી તે સાચી સાબિત થઈ રહી હતી. તે ઉઠીને સુમનની પાછળ ગઈ. બાથરૂમનો નળ પકડીને સુમન નીચા માથે ઊભી હતી. પેટમાંથી ઉઠતા ઉબકાના અવાજો, મોંએથી મોટા અવાજે બહાર ન પડે તે માટેના પ્રયત્નો કરતાં તેની આંખે પાણી આવી ગયાં હતાં. છતાં એ અવાજો કાકીના કાને પડતાં જ તે બાથરૂમના બારણા સુધી ધસી આવી.

થોડીકવાર તેણે ચૂપ રહીને જોયું હતું. સુમન એક હાથે પેટ દાબતી હતી. ઉબકાથી તેનું શરીર ખેંચાતું હતું છતાં ઉલટી થતી ન હતી. નક્કી રાંડ ક્યાંક કાળું કરીને આવી છે. બાપનું નામ બોળશે. પરંતુ આ પણ ઠીક છે. આ બહાને તેને દબાવીને દિલ્હી મોકલી દેવામાં વાંધો નહીં આવે. બધું બંધ બારણે ઘરમાં જ પતી જશે. તેવું વિચારીને તેણે કળથી કામ લેવાનું નક્કી કર્યું. તેણે ધીરેથી સુમનનો બરડો સહેલાવવા માંડ્યો.

'સુમન, શું થયું અત્યારના પહોરમાં ?' સુમને ચમકીને પાછળ જોયું અને કાકીને જોતાં તે સડક થઈ ગઈ.

'કંઈ નહિ કાકી એ તો જરા ચક્કર જેવું આવી ગયું હતું અને વોમિટ થાય એવું લાગતું હતું.'

'બસ ખાલી ચક્કર આવી ગયા ? બેવકૂફ બનાવવાની કોશિશ ના કરીશ છોકરી. તારાં આ લક્ષણ હું જાણી ગઈ છું.'

'જાણી ગયાં હો તો ભગવાનને ખાતર ચૂપ રહેશો કાકી ? મને ઠીક નથી. મને આરામ કરવા દો. આઘાં ખસો' કહીને સુમને બાથરૂમમાંથી બહાર નીકળવા કોશિશ કરી. સુમનના સહેજ પ્રતિકારથી જ કાકી તેના અસલ સ્વભાવ ઉપર આવી ગઈ.

'મને ચૂપ રહેવાનું કહે છે હલકટ.' તેણે પાછળથી સુમનના વાળ પકડી એક હાથે આંચકો માર્યો.

'હું તો ચૂપ રહીશ પણ સમય જેમ જેમ પસાર થશે તેમ તારું આ પાપ છાપરે ચઢીને બોલશે તેનું શું ? ત્યારે આખા ગામને ક્યાં ચૂપ રાખીશ ? બોલ ! આ કોનું પાપ પેટમાં સંઘરી બેઠી છે ?'

'છોડી દો કાકી મેં કોઈ પાપ કર્યું નથી. મારા પેટમાં જે છે તે પવિત્ર પ્રેમનું પ્રતિક છે. એ વિશે એલફેલ ન બોલશો.'

'વાહ રે શાણી સીતા ! તારો એ પવિત્ર પ્રેમ, છાપરે ચઢીને પાપ બનીને પોકારે તે પહેલાં તારા એ સગલાને ત્યાં ચાલી જા ! જા ! નીકળ અહીંથી... આ ઉંમરે મારી ઇજ્જતના ધજાગરા મારે નથી કરવા.' કાકીએ ઊંચા અવાજે કહ્યું. બંનેની ચડભડના અવાજથી અનંતરાય પણ જાગી ગયા હતા. વાતના અણસારથી તેમને ખ્યાલ આવતાં જ તેમણે મામલો કાબુમાં લેવા

પ્રયત્ન કર્યો.

'આ શું માંડ્યું છે તેં અત્યારમાં ? છોડી દે સુમનનો ચોટલો, શરમ નથી આવતી સવારના પહોરમાં ઝઘડો કરતાં ?'

'આ બધું તમારા લીધે થયું છે. બહુ ફટવી છે લાડકીને. તેના ફળ ભોગવો. તમારી આ ભત્રીજીએ કુંવારે પેટ માંડ્યું છે અને કહે છે એ તો પવિત્ર પ્રેમનું ફળ છે. એ બેશરમને લઈને જ્યાં એનું ઘર હોય ત્યાં મૂકી આવો. મારે વડોદરામાં રહેવાનું છે. તમને ઇજ્જત-આબરૂની કંઈ પડી નથી. ભલે મારે સંતાનો ન હોય ઇજ્જત તો છે ને ! તમે બંને ભેગાં થઈને મને સુખેથી મરવાયે નહીં દો એવું લાગે છે...'

'તું જરા શાંતિ રાખીશ ? કોઈ નહીં જાણતું હોય તોયે તું બરાડા પાડીને જણાવીશ.' અનંતરાયે સુમનના વાળ કાકીના પંજામાંથી છોડાવ્યા. તેને એકાએક ચક્કર આવવા માંડ્યા હતા. વિજયનું મુખ તેના સ્મૃતિપટ પર આવી આવીને અદૃશ્ય થઈ જતું લાગતું હતું. આંખે અંધારા આવવા માંડ્યા.

'તમારે જે કરવું હોય તે કરો. મારે બે દિવસમાં જવાબ જોઈએ. કાંતો આ છોકરીના પેટમાંનું પાપ પ્રકાશે તે પહેલાં તેનો નાશ કરી નાખો. કાંતો તેને ગમે ત્યાં વળાવી દો. દિલ્હીવાળો હજુ તૈયાર છે. મારા કુટુંબનો છે હું કહું તેમ કરશે. હજુ દુનિયા જાણે તે પહેલાં વાતને વાળી લેવી હોય તો...પ્રેમ કરવાવાળો તો જતો રહ્યો તેનું પવિત્ર પ્રતિક મૂકીને...છે તેનો ક્યાંય પત્તો ?' પછી સુમન સામે જોઈને કાકીએ ઉમેર્યું, 'જગતને ખબર પડે તે પહેલાં તેને ત્યાં ચાલી જા. હવે આ રીતે મારા ઘરમાં નહિ રહેવાય સમજી ?' કહેતી કાકી રોષમાં પગ પછાડતી બીજા રૂમમાં ચાલી ગઈ હતી. સુમનની આંખે લાલપીળાં અંધારાં છવાતાં હતાં.

ઓરે કિસ્મત ! હું ક્યાં જાઉં. આ હાલતમાં વિજયના ઘેર તો કેમ જઈ શકાય ? વિજયના ગૂમ થવાની બધા ચિંતામાં હશે. જેનું કારણ હું બની છું મને કાળમુખીને તેઓ અપનાવશે ખરા ? શેખ બશીરને ત્યાં પાછી જાઉં ? ના, આ હાલતમાં તેના ત્યાં જઈને તેને જવાબદારીઓના વધારે બોજ નીચે ક્યાં નાંખું ? કાકી કહે છે પેટના પાપનો નિકાલ કરી નાખો...બોલ વિજય, હું શું કરું ? હું એકલી હોત તો જરૂર આપઘાત કરત...તારા સિવાયની જિંદગી મારે માટે નકામી છે...પરંતુ તારા પ્રેમના બંધનમાં તેં મને એવી રીતે બાંધી છે કે હું આપઘાત પણ ન કરી શકું. મારા ઉદરમાં ઉછરતા આપણા પ્રેમના પુષ્પનો ખીલ્યા પહેલાં નાશ કરવાની મારી હિંમત નહિ ચાલે...બોલ વિજય, હું શું કરું ?... તું તો કહેતો હતો અઠવાડિયામાં આવીને તને મળીશ. તેના બદલે ત્રણ ત્રણ માસ થયા તું દુનિયાના કયા ખૂણામાં છે ? તું આવતો કેમ નથી ? વિચારોના તુમુલ સંઘર્ષે માનસિક દબાણને કારણે સુમનને મુર્ચ્છા આવી. અનંતરાય તેને તેની પથારી સુધી લઈ જતા'તા. ત્યાં જ મોઢામાં દાતણ ચાવતી કાકી અંદર આવી પહોંચી.

'હું જરા ડૉક્ટરને બોલાવી લાવું...' અનંતરાયે ઝભ્ભો પહેરતાં કહ્યું.

'કોઈ ડૉક્ટર ફોક્ટરને બોલવવાની જરૂર નથી. હમણાં બેઠી થઈ જશે એ તો...આ બધાં નાટક છે આપણને બનાવવાનાં. દાક્તર આવે એટલે આડોશ પાડોશમાં બધાં જાણશે કે શું બિમારી છે તમારી સગલીને ! તમે દાતણ પાણી કરીને નહાઈ નાખો એના નામનું હવે...હમણાં દૂધની બાટલીવાળો આવશે....' રામ...રામ...રામ... કયા ભવના પાપ ભોગવવાનાં આવ્યાં આ ઉંમરે...'

'કોઈ બીજા ભવનાં પાપ તારે ભોગવવાનાં આવ્યાં નથી. હજુ આ ભવનાંયે ભોગવવાનાં બાકી છે... આવા સમયે છોકરીને દિલાસો આપવો જોઈએ કે ત્રાસ ગુજારવાનો હોય...' અનંતરાયે હાથમાં દાતણ લઈ બહાર જતાં કહ્યું.

'હા...હા...એને દિલાસો આપો, એને હાથ ફેરવો, એને ચાટો, બહુ સારું કામ કરીને

આવી છે ને ! જોઉં છું નાતમાં કોણ એને સંઘરવા તૈયાર થાય છે...? ખબરદાર, તમે હવે એને વધારે ફટવવાનું બંધ કરજો. હવે તેની લગામ મારા હાથમાં સોંપી દો. ઘરની ઇજ્જત આબરૂ બચાવવા હું કહું તેમ જ કરવું પડશે. સમજ્યા ?' કહેતાં કાકીએ બાથરૂમમાં જઈ મોટેથી કોગળા કરી મોઢું ખંગાળવા માંડ્યું.

*

બીજા દિવસથી અનંતરાયે દોડાદોડી કરીને સુમનની સહેલીઓ પાસેથી વિજયના સરનામા માટે શોધખોળ શરૂ કરી દીધી. વિજયનું ઠેકાણું કોઈ જાણતું નહોતું. શ્રીનગરમાં શેખ બશીર જ તે આપી શકે તેમ હતો. સુમને તેની પાસે જવાની અનંતરાયને ના પાડી હતી. છેલ્લા સમાચાર મુજબ હજુ વિજયનો પત્તો મળ્યો નહોતો. વિજયનાં માતા-પિતાનો કોઈ પરિચય નહોતો. આખી દુનિયામાં ફક્ત વિજયનો જ વિશ્વાસ હતો. આ પરિસ્થિતિ જાણીને તો કદાચ ત્યાં જઈને પણ અપમાન સહન કરવાનો વારો આવે તો ? તે સંજોગોમાં કયું પગલું ભરવું તેની મોટી મુંઝવણ સુમન આગળ આવી પડી. વિજય ત્રાસવાદીઓ સામેના ઝઘડા પછી જીવતો હોત તો અત્યાર સુધી આવ્યા વિના ન રહ્યો હોત. અને જો તે જીવતો ન હોય તો પછી પોતાની જિંદગીની, શરીરની શું કિંમત બાકી રહેતી હતી ? ના...જિંદગીની કિંમત વિજય સિવાય કોડીની પણ નહોતી પરંતુ શરીરની કિંમત હજુ હતી....વિજયનો અંશ હજુ તેમાં હતો. હવે તો જિંદગીની પરવા કર્યા સિવાય તેને જીવતો રાખીને જીંદગી બક્ષવા માટે જે સહન કરવું પડે તે કર્યે જ છૂટકો. તેવું મનોમન નક્કી કરીને આખરે સુમને પોતાની જીવતરની બાજી કાકીના હાથમાં સોંપી દીધી. કાકીને તો એથી દુનિયાભરનું વહાલ સુમન પર અચાનક ઉભરાઈ આવ્યું. તેણે તાબડતોડ દિલ્હી પત્રવ્યવહાર શરૂ કરી દીધો. ત્યાર બાદ સુમનનાં લગ્ન લેવાયાં. દસેક દિવસમાં જ એક સવારે એક લક્ઝરી કાર અને બસ તેમની સોસાયટીના દરવાજે આવીને ઉભી રહી હતી. કારમાંથી આધેડ ઉંમરનો વરરાજા ઉતર્યો. સુનનની બહેનપણીઓ વિવશ નજરે જોતી રહી અને લગ્નમંડપમાં સુમનનાં લગ્ન થઈ ગયાં એક ઉડતી પરી જેવી છોકરીનાં ઉંમરલાયક પુરુષ સાથેનાં લગ્નથી સૌને આશ્ચર્ય થયું હતું. એકલી કાકીનો ઉમંગ જોતાં આ કારસ્તાન પાછળ તેનું દિમાગ કામ કરી ગયું હોવાનું સૌએ માની લીધું. દિવસ આથમતાં બધી વિધિ-વ્યવહાર પતાવીને સુમનને વળાવવામાં આવી. અને અનંતરાયને ભેટીને સુમન ધ્રુસકે ધ્રુસકે રડી પડી. આખરે પોતાનાં આંસુ અને અરમાનોની રાખ હૈયે ભંડારીને તેણે વડોદરાનું પાદર છોડ્યું. તેને લઈને જાનનાં વાહનો દિલ્હી ભણી દોડવા માંડ્યાં.

*

ઉધમપુરાના જંગલોમાં વિજય બેચેન બન્યો હતો. દિવસ દરમ્યાન વારંવાર તેની આંખ ફરકતી હતી અને શંકાકુશંકાઓ પેદા કરતા વિચારો આવતા હતા. આ ત્રાસવાદી ટોળીનું કામ પાછું જોરમાં શરૂ થયું હતું. શસ્ત્રો આવતાં હતાં, કેફી દ્રવ્યોની હેરફેર પણ ઝડપી બની હતી. એવું લાગતું હતું કે સૌ કોઈને લૂંટની કમાણી, દાણચોરીની આવક વધતી જતી હતી. આ બધો માલસામાન સફરજનની પેટીઓમાં છુપાવીને હેરફેર કરાતો હતો. તેનું પેકિંગ અને ગોઠવણી રાતના છૂપી રીતે થતી હતી જેને દિવસે ટ્રકોમાં ભરીને મોકલવામાં આવતો હતો. આ બધી જ ગેંગના આયોજન પાછળ કોઈ વિદેશી ઓર્ગેનાઇઝરનું ભેજું કામ કરતું હતું. આવી સંખ્યાબંધ ટોળકીઓના સરદારો સાથે મહિનાના ચોક્કસ દિવસોએ તેની જુદી જુદી જગ્યાએ મીટીંગો થતી હતી. તેની સૂચના મુજબ યોજનામાં આડે આવતા માણસોને ખરીદાતા હતા, ખરીદાયેલા આ માણસોની સહાય લઈને તેમાંનો વધુ ઉપયોગ કરાતો હતો. જે વફાદારો ખરીદાતા નહોતા તેવાઓને અધતન શસ્ત્રો વડે ઠાર કરી દેવાતા હતા. જમ્મુના ગ્રામ્ય પ્રદેશના મજૂરો ટ્રકો ભરવા

માટે આવતા, તેમાં લાજુ પણ આવતી. દિવસ દરમ્યાન લાજુ અને વિજય પરસ્પરને જોવા છતાં કંઈ વાત કરી નહોતાં શકતાં. રાત્રે લાજુ વિજયની કોટડીમાં આવતી ત્યારે વાતચીત થતી. લાજુને ભીમસિંહની ત્રુટક ત્રુટક માહિતી મળી હતી. તે કોઈ જેલમાં પોલીસના હાથે કેદ પકડાયો હતો. આ સમાચારથી લાજુને તે જીવતો હોવાથી શાંતિ થઈ હતી. હમણાં તે થોડા દિવસ પોતાના ગામ ચાલી જવા માંગતી હતી. પરંતુ વિજયની સાથે તેનું દિલ મળી ગયું હતું. તેને છોડીને જવા તેનું મન ના પાડતું હતું. દરરોજ રાત્રે તેની મુલાકાત થતી હતી. અને દિવસભરની ચિંતા અને બોજ પરસ્પરના મળવાથી હળવાં થઈ જતાં હતાં.

તે રાત્રે વિજય ખૂબ જ બેચેન બન્યો હતો. તેનું દિલ વિહ્વળ બની ગયું હતું. સુમનની યાદ ક્ષણભર પણ હૈયામાંથી હઠતી નહોતી. તેણે અકળાઈને કહ્યું,

'લાજુ આજે મારા મનમાં ખૂબ ખરાબ વિચારો આવે છે...મારી સુમન જાણે મને મૂકીને બીજી દુનિયામાં ચાલી નીકળી હોય તેમ લાગે છે...ચાલ, આપણે અહીંથી ભાગી છૂટીએ...'

'થોડો સમય પસાર થવા દો, હમણાં આ લોકો ખૂબ જોરમાં છે તેમની ટુકડી વિસ્તૃત થઈ છે. આજુબાજુ તેમનો ચોકીપહેરો જડબેસલાક છે. આ જંગલમાંથી મોકો મળ્યા સિવાય નીકળવાનું જોખમ આપણો પહેલો અને છેલ્લો મોકો હશે... જો સફળ થઈશું તો નીકળી શકીશું અને જો પકડાઈ ગયાં તો આ લોકો આપણને મોતને હવાલે કર્યા સિવાય છોડવાના નથી.'

'તે મોકાની તલાશમાં ન જાણે કેટલો સમય લાગશે હજુ ? ત્યાં સુધી મારાં માતા-પિતા, સુમન, શેખ બશીર વગેરેની શું હાલત થઈ હશે ? અરે ભલું પૂછો તો તેમણે મને મૃત્યુ પામેલો ધારી લીધો હશે...તેઓ જાણે છે કે હું જીવતો હોઉં તો તેમના વિરહમાં આટલો સમય ખેંચી શકું નહિ...પરંતુ મારી આ કેદખાનાની મજબૂરીની કોને ખબર...અને શેખ બશીરના માણસો પણ હજુ સુધી કેમ કોઈ પગેરું શોધી શક્યા નહિ હોય...'

'શેખ બશીર હોય કે પોલીસ હોય, કોઈપણ અજાણી વ્યક્તિની પહોંચ આ લોકોની છૂપી જગ્યાઓને જાણી શકવાની શક્તિ બહાર હોય છે. ગમે તે શંકાસ્પદ વ્યક્તિને આ ગુંડાઓ ફૂંકી મારતાં અચકાતા નથી એટલે જ પોલીસ પણ તેમનો પીછો કરવાનું જોખમ લેતી નથી. આ લોકોને સાફ કરવા માટે એકસામટો હલ્લો કરવામાં આવે તો જ કંઈક છૂટવાની આશા દેખાય છે. અને તે આપણા બેથી બની શકે તેમ નથી. હા....જો...ભીમસિંહ અહીં આવી જાય... જોકે ભીમસિંહને કેદમાંથી છોડાવી લાવવાના પ્રયત્નો આ ટોળકી જરૂર કરશે...કારણ કે પોતાના કેદીઓ પોલીસના પંજામાં રહેવાથી, ટોળકીનાં રહસ્યો ફૂટવાની સરદારને સદાયે ભીતિ રહે છે જેથી લાગ મળતાં તેઓ પોલીસ ચોકીઓ અને જેલો ઉપર હુમલાઓ કરીને મોટાપાયે આતંક સર્જે છે અને પોતાના કેદીઓને પાછા છોડાવી લાવે છે. અવારનવાર મૂઠભેડમાં મરણ પામતા જતા સાથીઓની સંખ્યાથી ટોળીનું જોર ઘટે છે અને નવા માણસોની ભરતી પૂરતી કાળજી અને લાયકાતના અલાયદા ધોરણે આ લોકો કરતા હોય છે..'

'એવો મોટો હુમલો કરવાનો લાગ ક્યારે આવે તે કોને ખબર લાજું...મારું મન તો આજે અને અત્યારે જ વડોદરા પહોંચી જવા કહે છે...મને લાગે છે જાણે સુમનને કોઈ મારા તકદીરમાંથી ખેંચીને લઈ જઈ રહ્યું છે. તેનાં આંસુઓની ખારાશ જાણે હજારો માઈલ દૂરથી પણ મને અનુભવાય છે.' કહેતાં વિજયની આંખો ભરાઈ આવી. લાજુએ તેને પ્રેમથી આશ્લેષમાં લીધો હતો અને પોતે સાથે લાવેલી શરાબની બોતલ વિજય આગળ ધરી હતી. ઝખમ રૂઝાવવા ઈલાજ તરીકે શરૂ કરેલો શરાબ હવે તો જાણે સુમનના ગમ ભૂલાવવાની દવા તરીકે વિજયનું વ્યસન બની ચૂક્યો હતો. લાજુ પણ દિવસભરના પરિશ્રમનો થાક ઉતારવા અને દુઃખ ભુલાવવા ખાણાની સાથે એકાદ બોતલ અવારનવાર લેતી આવતી.

આજે પણ વિજયે અદ્ધર શ્વાસે એક સાથે અડધી બોતલ શરાબ પેટમાં ઉતારી દીધો. ત્યારબાદ લાજુએ પરાણે, આગ્રહ કરીને તેને ખવડાવ્યું હતું. આગ્રહ કરવાની લાજુની અદામાં અને શરાબના નશામાં વિજયને સુમનના અણસાર કળાતા હતા. તેની બેશુમાર સ્નેહની માત્રામાં તેને સુમનનો સ્નેહ ભળી ગયો જણાતો હતો. દિવસે મજુરી કરતાં જોયેલું રૂપ આ અંધારી ગુફામાંયે જાણે પ્રતિબિંબ થતું હતું. સુમન ગોરી લાગતી હતી જ્યારે લાજુના શરીરનો વર્ણ લાલ ધગાવેલા ત્રાંબા જેવો હતો. સુમનનું શરીર માખણ જેવું કોમળ લાગતું જ્યારે લાજુનું બદન તો કસાયેલું મજબૂત હતું. છતાં માંસલ હતું. તેની સાથે નજરો મળતાં કોઈ યાચકની ભાવના લાજુની નજરોમાં વરતાતી હતી. તે પણ સુમનની જેમ શરમાઈને નજરો ઢાળી દેતી. શરાબના નશામાં અને સુમનની યાદમાં વિજયે જાણે લાજુને પણ સ્વીકારી લીધી. લાજુએ તો વિજયને જોયો ત્યારથી જ પોતાનો માની લીધો હતો. પરસ્પરના આ સંબંધો જાણે આગલા જન્મના ઋણાનુબંધથી જ સર્જાતા ન હોય ! વિજય અને લાજુની જિંદગીના દિવસો અને મહિનાઓ એકમેકના સહારે કપાવા લાગ્યા.

ગ્રીષ્મકાળ પૂરો થઈને વર્ષાઋતુ આવી ગઈ હતી. ઘડી ઘડીમાં જોરદાર વરસાદ શરૂ થતો ટોળકીના સૌ કોઈ સાગરીતો સુરક્ષિત સ્થળોમાં ઘૂસી જતાં ત્યારે મુશળધાર વરસાદમાં ભીંજાઈને આવેલી લાજુ વિજયની હુંફમાં ગરમાવો મેળવતી. સુમનના વિરહની આગમાં બળતા વિજયના હૈયાને પણ જાણે લાજુના આલિંગનથી શાંતિ મળતી. સમય જતાં તેઓ બંને શરીર અને મનનાં બંધનો તોડીને એકબીજાનાં બની ગયાં. વિજય અને સુમનના પ્રેમના પાતાળકૂવામાં એક વધુ પાત્રનો ઉમેરો થયો હતો. વિજય-સુમન-લાજુ-વિજય. એક...બે...ત્રણ...ચાર અને પાંચમું અધ્યાહાર પાત્ર તો સુમનના ઉદરમાં પાંગરી રહ્યું હતું. જેની વિજયને પણ ખબર નહોતી. તે તો લાજુને સંસ્પર્શી રહ્યો હતો સુમનની પરિકલ્પનાથી. પરંતુ સુમનના નસીબમાં તો આવું કોઈ પરિકલ્પનાનું સુખ પણ સાંપડ્યું નહોતું. વિજયના પ્રેમને ખીલવવા સમયે તેને સંઘર્ષમય કથામાં ખેંચ્યે જ જતો હતો...ખેંચ્યે જ જતો હતો. વિજયને જેની તલાશ હતી તે સુમન વિજયના જ શહેરમાં આવી વસી હતી. જેનાથી તે બેખબર હતો. વિજય ક્યાં છે તેની ખબર શેખ બશીર મેળવી શકતો નહોતો. આતંકવાદીઓના ઓથારમાં સપડાયેલાં આ સ્નેહસફરનાં પંખીઓ વિરહના અગ્નિમાં અજબ રીતે ફસાયાં હતાં.



૧૭

ખૂંખાર ત્રાસવાદી ટોળીની કેદમાં પડેલા વિજયની જિંદગીની રાતો લાજુના સહારે કપાતી જતી હતી. લાજુની પ્રેમવર્ષાથી તેના દિલમાં લાગેલો દાવાનળ થોડીવાર ઠંડો પડતો જતો હતો ત્યારે વિજયના મિલનની આશા તૂટતી જવા છતાં તેના પ્રેમના અંકુરને અવતારવાનો નિર્ણય લઈ ચૂકેલી સુમન, કાકીએ શોધી કાઢેલા જૈફ આદમી દીપચંદ જૈન સાથે લગ્ન કરીને પારાવાર યાતનાના ચક્રમાં ફસાઈ પડી હતી. દેખાવમાં સીધોસાદો લાગતો દીપચંદ મનોવિકૃતિઓનો શિકાર થયેલો હતો. સુમનને આડોશપાડોશમાંથી જાણવા મળ્યું હતું કે તેની પ્રથમ પત્ની પણ પતિનો ત્રાસ સહન ના થતાં એક દિવસ આપઘાત કરીને મરણ પામી હતી. ત્યારબાદ ઢગલાબંધ દોલતના માલિક હોવા છતાં તેને કોઈ પત્ની મળતી નહોતી. કમળાકાકીએ દૂરના કોઈ સગપણના નાતે તેની દોલતના લાભ ઊઠાવવા દીપચંદને ત્યાં સુમનને ધકેલી મુકવાનો પ્લાન ગોઠવ્યો હતો જે સુમનની લાચારીભરી અવદશાને લીધે સાકાર થઈ ગયો હતો.

દીપચંદની શારીરિક વિવશતાનો ખ્યાલ સુમનને તેના મેળાપની પ્રથમ રાત્રિએ જ આવી ગયો હતો. તે આંખો મીંચીને વિજયના વિચારોમાં મનને લીન રાખવા માગતી હતી. દીપચંદ તેના બેડરૂમમાં આવ્યો તેની સાથે જ શરાબની તીવ્ર વાસ રૂમમાં ફેલાઈ ગઈ. સુમનને જાણે કે શ્વાસ બંધ કરી દેવો હોય તેમ રોકીને આંખો બંધ કરી દીધી. માત્ર વિજયને જ અર્પણ કરી ચુકેલા શરીર ઉપર કોઈ અન્ય પુરુષનો અધિકાર સ્વપ્નમાં પણ નહીં કલ્પી શકતી સુમને પારાવાર અસહાયતા અનુભવી. દીપચંદ લથડતી ચાલે આવીને ધબ દઈને પલંગમાં પડ્યો. સુમન ગભરાઈને બેઠી થઈ ગઈ પણ દીપચંદે તેનો હાથ ખેંચીને ઝાટકા સાથે પોતાની ઉપર ખેંચી લીધી. ત્યારબાદ જે થવાનું હતું તેના પ્રાયશ્ચિત્તરૂપે મનોમન વિજયની માફી માગતાં સુમને વિવશપણે દીપચંદને તાબે થવા શરીર તેને હવાલે કરી દીધું. નશાના આવેશમાં દીપચંદે સુમનનાં વસ્ત્રો ફાડી-તોડી ખેંચી કાઢ્યા. લાઇટના આછા ઉજાસમાં સુમનના માદક અંગો નિહાળીને તેની આંખો વિસ્ફારિત થઈ હતી. એની આંખોમાં ધીરે ધીરે કોઈ ક્રૂર ઝનુન ઉતરવા માંડ્યું. તેણે બેહદ ક્રૂરતાથી સુમનના શરીરને પીસવા-પીંખવા માંડ્યું. તેની છાતી પર ઉઝરડા પડ્યાં. ગાલ ઉપર ભીંસાઈને દાંત બેસી ગયા. હોઠ પર લોહીના ટશિયાં ઉઠ્યા હતા. તેની ઝાપટમાંથી ત્રાસીને સુમન પરાણે છૂટી. દીપચંદની શારીરિક શક્તિ ફક્ત પરપીડન પૂરતી જ હતી. પૌરુષત્વનો તેનામાં અભાવ હતો. તેની ખાતરી સુમનને તે રાત્રે જ થઈ ચૂકી. તેણે મનોમન ઈશ્વરનો આભાર માન્યો.

જે શરીર ફક્ત વિજયને સોંપ્યું હતું જેના સહવાસથી પોતાના બાળકનો પિંડ બંધાયો હતો. તે શરીરને અભડાવવાની દીપચંદની શક્તિ નહોતી. પોતાની આ પરિસ્થિતિને આશીર્વાદરૂપ માનવી કે શાપરૂપ તે સુમન નક્કી કરી શકતી નહોતી. જિંદગી ઝેર થઈ પડી હતી. તે ઝેર બાળકના અવતરવા સુધી પીધા સિવાય હિંમત નહીં હારવાનું તેણે મનોમન નક્કી

કરી લીધું હતું. પરંતુ જેમ જેમ દિવસો અને મહિનાઓ પસાર થતા ગયા તેમ તેમ દીપચંદને સુમનના શારીરિક ફેરફારોનો ખ્યાલ આવતો ગયો. દુન્યવી નજરે તે સુમન સાથેના લગ્નથી બાળકનો પિતા બનશે તેવી લોકોમાં વાતો વહેતી થઈ હતી. લોકો તેને અભિનંદન પણ આપતા, જે હસતા મોઢે સ્વીકારી લેતો એ દિપચંદ, રાત્રે સુમનને સતાવવામાં કોઈ કસર બાકી ન રાખતો. તેની સતામણીથી સુમનને પેટમાંના બાળકને ઈજાઓ થવાનો ડર લાગવા માંડ્યો હતો. બંગલાની અંદર અન્ય કોઈ કુટુંબીજન હતું નહીં. ડ્રાઇવર અને માળી રાત્રે ઘેર જતા રહેતા પરંતુ એક આધેડ નોકરબાઈ બંગલાના જ ગેરેજ પાસેના રૂમમાં રહેતી જે ચોવીસે કલાક ફરજ બજાવતી તેની દીકરીને સુવાવડ ઉપર લાવી હોવાથી રાત્રે તે તેની પાસે રહેતી છતાં દિવસભર સુમનની હિલચાલ પ્રત્યે નજર રાખતી હતી. સુમને તેને વાત્સલ્યથી જીતી લીધી હતી તેણે જ સુમનને દીપચંદ નામર્દ હોવાની વાત કહી હતી. તેની માનસિક વિકૃતિનો પણ તેને ખ્યાલ હતો. સુમને તેને પોતાની સાચી કહાની વર્ણવી પોતાનો પ્રેમ, શારીરિક અવસ્થા અને તેની મજબુરીથી દીપચંદ સાથેના લગ્નની વાત તેણે પુષ્પાને વિસ્તારથી કહી દીધી. અને દીપચંદના ત્રાસમાંથી છૂટવાનો કોઈ ઉપાય બતાવવા કહ્યું હતું.

‘પુષ્પાબેન, હવે મારા આવનાર બાળકના રક્ષણ માટે શું કરવું તે કોઈ રસ્તો બતાવો. મારી અને મારા બાળકની જિંદગી તમારે આધીન છે. હું દીપચંદના ત્રાસમાંથી છૂટવા માંગું છું.’

‘હું તમારી હાલત જાણુ છું. આ જંગલીની બેહદ હરકતોથી ત્રાસીને જ તેની પહેલી પત્નીએ ઝેર ખાઈ લીધું હતું.’

હું તો તેની સાથેના લગ્ન પહેલાં જ ઝેર ખાઈ ચૂકી હોત. પરંતુ મારા શરીરમાં કોઈની અમાનત છે. તે તેનાં સાચા અધિકારીને સોંપ્યા સિવાય હું મરી શકું તેમ નથી. મારી એ ફરજ પૂરી કર્યા પછી મારા વિજય વિનાની જિંદગીની મને કોઈ જરૂરત નથી. પછી હું જ મારી જિંદગી ટૂંકાવી દઈશ.’

‘એમ હિંમત હારીશ નહીં, બેટી. મારે પણ દીકરી છે જે સુવાવડ કરવા અહીં આવી છે. મારે મન તું પણ દીકરી જેવી જ છે. જેમ તેની હાલતનો વિચાર આવે છે તેમ મને તારી પણ ચિંતા રહે છે.’

‘તો પછી મારે કરવું શું ? મારી સગર્ભાવસ્થાની તેને જાણ થતાં તે વધુ વિકરાળ બન્યો છે અને કહે છે કે બોલ કોની સાથે આવી મઝા કરીને આવી છે ? કહીને ઘણીવાર પેટ ઉપર પ્રહાર કરવા જાય છે. હું બળપૂર્વક બચી જાઉં છું. પરંતુ ક્યારેક એવું કંઈ વાગી જાય તો હું ક્યાંયની નહિ રહું.’ સુમનની આંખમાં આંસુ આવી ગયાં.

‘તું રડ નહિ બેટી આનો પણ કંઈ ઉપાય કરવો પડશે. આ નરપશુ રાત્રે ઉંઘતો જ રહે તે માટે તેને ઘેનની કે ઊંઘની ટીકડીઓ તારે પાઈ દેવી પડશે.’ પુષ્પાએ રસ્તો બતાવ્યો.

‘પરંતુ તે કામ તમારે કરવું પડશે. મને હવે ડ્રાઇવર સાથે એકલી ક્યાંય બહાર જવા ઉપર તેણે મનાઈ કરી છે. આખો દિવસ ઘરમાં રહીને કંટાળું છું. તેની સાથે બહાર જાઉં ત્યારે લોકો તેને પિતા બનવાના અભિનંદન આપે છે. તેથી મલકાતો દીપચંદ રાત્રે તેનું વેર વાળવું હોય તેમ વિચિત્ર રીતે મને-મારા શરીરને કનડવામાં કોઈ કચાશ રાખતો નથી.’

‘હું તને બહારથી દવા લાવી આપીશ તો ખરી પરંતુ તારે કોફી-દૂધ કે શરાબ સાથે તેને ગમે તે મોકો જોઈ ગમે તે રીતે ભેળવીને પીવડાવી દેવી પડશે જેથી તે નશા અને ઘેનમાં જલદીથી ઊંઘી જશે અને તેની સામે તું તારો બચાવ કરી શકીશ.’

‘તમારે ઘણો આભાર. પુષ્પાબેન તમારે જે કોઈ ચીજવસ્તુની જરૂર પડે તો મને બેધડક કહેજો. તમારી દીકરીના સુવાવડના ખર્ચની ચિંતા ન કરતાં તેની સારી સારવાર અને દવાદારૂ કરજો...’ કહીને સુમને તેને પાંચસો રૂપિયા આપ્યા.

બીજા દિવસે જ પુષ્પાબાઈએ કેટલીક ટીકડીઓ અને દવાના પાવડરની પડીકીઓ લાવીને સુમનને આપી. સુમને ધડકતા દિલે પ્રયોગ શરૂ કર્યો અને પરિણામ સારું આવ્યું. દીપચંદે બેડરૂમમાં આવીને સુમનને કપડાં કાઢવા જણાવ્યું. સુમને તેને કરગરતાં કહ્યું,

'મારી હાલતનો તો વિચાર કરો હવે મારાથી આવો શારીરિક ત્રાસ સહન થતો નથી.'

'મારો ત્રાસ સહન થતો નથી... ! હું કરું તે ત્રાસ લાગે છે અને તારો પેલો સગલો તારી આવી હાલત કરીને ભાગી ગયો છે તે ત્રાસ નથી ? હું તને એવું તો કરી શકું તેમ નથી. મારે મન તારું રૂપાળું શરીર ડાયાબિટીસના દર્દી માટે મીઠાઈ જેવું છે. ડાયાબિટીસવાળો મીઠાઈ ખાઈ ન શકે તો તેને પીસી- મસળીને તો આનંદ લઈ શકેને ? તેની મીઠાશ તો તેને માટે મોત હોય છે...મને કુદરતે શારીરિક નપુંસક બનાવ્યો છતાં તને પરણીને તો હું દુનિયાની નજરે હવે બાપ બનવાનો ખરું ને ? વાહ રાણી વાહ ! આ બંગલામાં તમારાં પગલાંથી તો હું બાપ બની જવાનો ! છોડ કોણે રોપ્યો તે હું જાણતો નથી. તેને મારા ઘરમાં ઉછેરવો હશે તો મને આનંદ તો આપવો જ પડશે ને ! ચાલ તારી મેળે કપડાં કાઢે છે કે હું કાઢું ?' કહીને દીપચંદે ઝનૂનથી ઉભા થવાં પ્રયત્ન કર્યો હતો...

'ના....ના....તમે કહો તેમ કરું છું.' કહેતાં સુમને સાડી કાઢવા માંડી તે જેમ બને તેમ વધુ ને વધુ સમય લેતી હતી અને તેની ધારણા મુજબ ઘેનની દવા કામ કરવા માંડી હતી. દીપચંદ થોડીક જ વારમાં પલંગ પર ઢળીને ઊંઘમાં ઘેરાઈ ગયો.

સુમને પણ તેનાથી દૂર પલંગના ખૂણે પડીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા માંડ્યું. ત્યાં પુષ્પાએ હળવેથી બારણે ટકોરા માર્યા. સુમને ઉઠીને બારણું ખોલ્યું. પુષ્પાએ ઇશારતથી પૂછ્યું.

'શું થયું ?'

'એ અત્યાચાર આદર્યા પહેલાં ઊંઘી ગયો છે.'

'તો બસ હવે રડે છે શું કરવા ગાંડી ? આપણો પ્લાન સફળ થઈ ગયો છે. આમ ને આમ સમય પસાર થઈ જશે. એકવાર તારી પણ ડિલિવરી થઈ જાય પછી વળી બીજો કોઈ રસ્તો ઈશ્વર ખોળી કાઢશે. જિંદગીમાં હિંમત હારી જવાથી કંઈ ન વળે, દુઃખ તો માણસ ઉપર જ પડે છે....' કહીને પુષ્પાએ સુમનના માથે અને બરડે હાથ ફેરવ્યો. સુમન તેને રડતાં રડતાં બાઝી પડી.

'તમે ન હોત તો મારી હિંમત અને હું પણ મરી પરવારી હોત. તમે મારા માતાતુલ્ય છો. માનો પ્રેમ તો મેં જોયો નથી પણ કુદરતે જ તમને મારાં માતા બનાવીને મોકલ્યાં હોય એવું લાગે છે...'

'હા દીકરી હું જ તારી માતા છું બસ ? અરે થોડા સમયમાં તો હું દાદી પણ બની જઈશ ખરુંને ? હવે રડવાનું બંધ કરીને હૈયાને આનંદમાં રાખતી જા. જેથી તારા પેટમાંના બાળક ઉપર પણ સારી અસર પડે. તારે ખુશીમાં રહી સારો ખોરાક લઈ શરીરની કાળજી રાખવાની છે...' પુષ્પાએ તેની હિંમત બંધાવતાં સલાહ આપી હતી.

'મારું હૈયું આનંદમાં રહે એવાં મારાં સૌભાગ્ય નથી. પુષ્પાબેન મને આનંદ આપનારો તો કોણ જાણે ક્યાંય પડ્યો હશે... અરે તે જીવતો હશે કે કેમ તેની પણ હવે તો શંકા જાગે છે. જો એ હોત તો ક્યારનોય મને પાતાળમાંથી પણ શોધી કાઢ્યા વગર રહેત નહિ...' સુમને ગળગળી થઈ જતાં કહ્યું હતું.

'એવું અમંગળ ન બોલીશ દીકરી, જે કુદરતે મને પણ તારા માટે મદદગાર બનાવીને મોકલી તેમ તેને પણ કોઈ ને કોઈ ગેબી મદદગાર મોકલીને ઈશ્વર જ બચાવશે. ઈશ્વરમાં વિશ્વાસ રાખ...'

'મેં ઈશ્વરમાં વિશ્વાસ રાખ્યો છે. તેનાથી વધારે વિશ્વાસ વિજયના પ્રેમમાં રાખ્યો છે. તેના

પ્રેમને પવિત્ર રાખવામાં મારાથી બનતું બંધ કર્યું છે. છતાં મારા કિસ્મતમાં જ કઠણાઈ છે. કોણ જાણે કેવો તેનો અંજામ આવશે...'

'હવે તું બધી ચિંતાઓ કર્યા સિવાય શાંતિથી સૂઈ જા આજ સારી એનો અંજામ સારો જ કલ્પવો અને સારા વિચારો કરવા....'

'તમે પણ સૂઈ જાઓ પુષ્પાબેન, તમે મારા માટે ઘણી તકલીફ ઉઠાવી છે.'

'જો પાછી, એક બાજુ મને મા સમાન કહે છે અને વળી તકલીફની વાત કરે છે ? દીકરી માટે મા કોઈ કામ કરે તેને તકલીફ કહેવાય ?' એમ કહીને સુમનને રૂમમાં અંદર મોકલી પુષ્પા બારણું આડું કરી બહાર ચાલી ગઈ. સુમને બારણે સ્ટોપર મારીને પલંગમાં લંબાવ્યું હતું.

ઘણા વિચારોને અંતે આંખ મીંચાતા જ સ્વપ્નમાં વિજય જાણે સામે આવ્યો હતો. તેના ચહેરા ઉપર ઊપહાસનો ભાવ દેખાતો હતો. 'કેમ, મને વચનો આપીને પારકાને પરણી ગઈને ? મારી રાહ પણ ન જોઈ ?'

'મારી મજબૂરી હતી વિજય...મારી હાલત તો જો...હું તારા સંતાનની મા બનવાની છું. મારો કોઈ બીજો આરો નહોતો.'

'કોઈ આરો નહોતો તો મરી જવું હતું ! તું તો કહેતી હતીને, કે તારા વગરની જિંદગી મોત બરાબર છે ? અને હવે બીજાની સોડમાં ભરાઈ ગઈ ?

'હું કોઈની સોડમાં ભરાઈ નથી વિજય. હું સળગતી અગનશૈયા ઉપર સૂતી છું મારી મજબૂરીનો તો વિચાર કર...'

'તું બીજાને પરણી એટલે મારી તો મટી જ ગઈને...હવે મારે તારો શું વિચાર કરવાનો ? હવે મને ભૂલી જા સુમન, તારા માટે હું મરી પરવાર્યો છું !' કહેતો વિજય પાછો હઠવા માંડ્યો હતો.

'ના વિજય...ઉભો રહે, મારી સામેથી એમ દૂર ના જઈશ. હું તારા સિવાય કોઈની નથી થઈ...હું ભલે દુન્વયી દૃષ્ટિએ પરણી છું મનથી તો તને જ વરી હતી. તનથી પણ તને જ વરી છું. મારા પેટમાં તારા પ્રેમનું ફળ છે....એને સાચવવા મારે કેવી કેવી મુસીબતો વેઠવી પડે છે તે જરા સાંભળ....મારી પાસે આવ વિજય ! મારી કરમ કહાણી તો સાંભળ....'

'એ બધો બકવાસ છે બકવાસ ! હવે હું ક્યારેય પાછો નહિ આવું....હું કાશ્મીરની ઊંડી ખીણોમાં ઓગળી જઈશ. જો મારા પ્રત્યે પ્રેમ હોય તો ચાલી આવ ગુલમર્ગની ગુફાઓમાં... પહેલગામની પહાડીઓમાં... હું જાઉં છું...હું જાઉં છું...' કહેતી વિજયની આકૃતિ કાશ્મીરનાં શ્વેત બરફાચ્છાદિત પહાડોમાં ચળકતાં શિખરો વચ્ચે અદૃશ્ય થવા લાગી....અને સુમન સ્વપ્નામાં જ ચોધાર આંસુએ રડતી રહી...રડતી રહી જેનાથી ઓશિકું ભીંજાઇ ગયું. ▽▽

૧૮

માનવ જીવનની સફર સમયના ચક્ર સાથે આગળ વધતી જ રહે છે. જે લોકોના જીવનમાં સુખ હોય તેમને સમયની ગતિનો ખ્યાલ આવતો નથી. પરંતુ દુઃખના ડુંગર નીચે દબાયેલા લોકોને સમય પસાર કરવો મુશ્કેલ બની જાય છે. દિવસો મહિનાઓ જેવા બને મહિનાઓ જાણે કે યુગો સમા થઈ જાય છે. છતાં સમય તો પોતાની એકધારી નિશ્ચિત ગતિથી જ પસાર થતો હોય છે. તેને કોઈના સુખદુઃખની પરવા હોતી નથી. ગ્રીષ્મના ગયા બાદ તોફાની વર્ષાનો પ્રારંભ થયો હતો. જમ્મુ-કાશ્મીરનાં એ ગાઢ જંગલોમાં છૂપાયેલી આંતકવાદીઓની ટોળી વચ્ચે ફસાઈ ચૂકેલા વિજય માટે પણ સમય પસાર કરવો ત્રાસજનક બનવા માંડ્યો હતો. લાજુનો સથવારો ના મળ્યો હોત તો આ દુર્ગમ જગ્યામાં પોતાની કેટલી બેહાલી થાત તેની કલ્પના કરતાં કંપારી આવતી હતી. દિવસભરની મજૂરીને અંતે મળતો કચરા જેવો ખોરાક તો તે પોતાની કોટડીમાં લાવીને છાનોમાનો બહાર ફેંકી દેતો હતો. રાત્રે લાજુએ લાવેલા ભોજનના આધારે જ તેની જિંદગી ટકી હતી, વિજય કૃતજ્ઞી તેનો હતો. પરંતુ લાજુ તો હવે સદા માટે વિજયની બની ચૂકી હતી. કારણ કે સુમન સાથેના રોમાન્સનો ઇતિહાસ લાજુ સાથે પુનરાવર્તિત થયો હતો. સુમનની સગર્ભાવસ્થાથી તો વિજય અજ્ઞાત હતો. પણ લાજુએ તો એક...બે અને ત્રીજો માસ થતામાં જ વિજયને આ વધાવણી આપી હતી.

‘વિજય, હવે હું થોડા સમય પછી આ રીતે આવી શકીશ નહિ.’

‘કેમ કંટાળી ગઈ ને ?’ વિજયે કહ્યું.

‘તમે પુરુષો કંઈ સમજતા નથી...’

‘હું સમજુ છું લાજુ...સુખના સમયમાં મળેલા સાથીદારો દુઃખી માણસને થોડો વખત જ સહારો આપી શકે...અને હું પણ મૂર્ખ છું...ગરજવાનને અક્કલ હોય નહિ તેમ તારા જોખમનો વિચાર કર્યા વગર તને હું મારાં દુઃખોની ભાગીદાર બનાવી રહ્યો છું. અને આજ સુધી તારો ગેર-લાભ લેતો રહ્યો છું.’

‘આવું સાંભળવા માટે મેં તમને કહ્યું નથી. આપણે સમદુઃખીયાં હતાં જે હવે જીવનસાથી જાણે અજાણ્યે બની ચૂક્યાં છીએ...’

‘લાજુ, જીવનસાથી બનવાનું સૌભાગ્ય તો હું સુમનને પણ આપી શક્યો નથી. તેના અરમાનો પણ અધુરાં રહ્યા અને અમે છૂટાં પડી ગયાં. તેની શી હાલત હશે. તે બાબતનો મારો વલોપાત તારાથી અજાણ્યો નથી. છતાં દુઃખના ઓસડ તરીકે તારા દેહનો પણ ઉપભોગ કરવાનું પાપ મારાથી થઈ ગયું છે. લાજુ, તું બરાબર કહે છે હવે આપણે અટકવું જોઈએ. તું મને મારા હાલ પર છોડી દે. આ ટોળકીનો કોઈ ભરોસો નહિ. ગમે ત્યારે ગમે તે ગમખ્વાર ઘટના બની જવાની સંભાવના મને સતત રહ્યા કરે છે. તું હવે રાત્રે મારા માટે ખાવાનું લઈને આવવાનું જોખમ ન ઉઠાવતી, દિવસે મોકો મળેથી મળીને એકબીજાના દિલનો ભાર હળવો કરવાનો પ્રયત્ન કરીશું.’

‘હું તમારાથી નારાજ થઈને કે કંટાળીને અહીં ન આવું તેવું હવે બની શકે તેમ નથી.

આપણો સંબંધ હવે કાચો રહ્યો નથી. આપણા દિલનો ભાર હળવો કરવાના પ્રયત્નોમાં મારા પેટમાં ભાર વધી ગયો છે...'

'મતલબ ? તું શું કહેવા માગે છે લાજુ ?' વિજય તેના ખોળામાંથી સફાળો બેઠો થઈ જતાં બોલ્યો.

'મતલબ...તમને જલદી નહિ સમજાય.' લાજુ હસીને બોલતી હતી. વિજયનો હાથ પકડીને તેણે પોતાના પેટ પર મૂક્યો. વિજયે ધીરેથી તેના પેટ પર હાથ ફેરવતાં તેના મનમાં ઉત્તેજના જાગી. સાથે જ એક અકલ્પ્ય ભાવ પણ ઉપજ્યો.

'હવે સમજ્યા ? તમે ભીમસિંહના ભાણાના બાપ બનવાના છો !' કહીને લાજુ વિજયને બાઝી પડી હતી.

'ઓહ માય ગોડ ! આ શું થઈ ગયું. મારાથી ?' વિજય દુઃખી સ્વરે બોલ્યો.

'તમારાથી નહિ, પણ આપણાથી થઈ ગયું....અને જે થયું તે ભલે થયું. હું હવે કાયમ માટે તમારી સાથીદાર થઈ ગઈ છું. હવે આપણો રસ્તો આસાન થઈ જશે. ભીમસિંહે મારાં લગ્ન માટે પૈસા મેળવવા આવા હરામખોરોની ટોળીમાં કામ કરવું નહિ પડે...એકવાર તે મળી જાય તો ત્રણે જણાં અહીંથી છટકી જવામાં સફળ થઈ જઈશું.'

'મને કંઈ સમજાતું નથી, લાજુ. મારું મગજ આઘાતોથી બંધ થઈ ગયું છે. અહીંથી ક્યારે છટકીશું ? કેવી રીતે ? છટકીને બહાર જઈશું, સુમનનું શું થયું હશે ? સુમન મળશે ખરી ? અને મળશે તો હું તેને શું મોઢું બતાવીશ. આ અનેક પ્રશ્નોના મારી પાસે કોઈ જવાબ નથી ?' વિજયે અકળાઈને કહ્યું.

'એ બધું સમય પ્રમાણે થઈ રહેશે. મારા તરફથી તમે કોઈ ચિંતા ના રાખશો. મને દુઃખ એ વાતનું છે કે હવે હું નિયમિત તમને મળી નહિ શકું....તમારે જેવો મળે તેવો ખોરાક ખાઈને ચલાવી લેવું પડશે. હું શરીરે છૂટી થાઉં તે પહેલાં જો ભીમસિંહ આવી જશે તો તમને છોડાવી લેશે. હું તેને આખી બાબત સમજાવી દઈશ. પછી આપણે ત્રણે જણાં આ વિસ્તાર છોડીને સુરક્ષિત સ્થળે જતાં રહીશું...'

'હું એમ ને એમ કોઈ સુરક્ષિત સ્થળે જવા તૈયાર નથી. આપણાં બધાની આ હાલત કરનાર હરામખોરોનું અહીંથી નિકંદન કાઢી નાખ્યા સિવાય હું અહીંથી નીકળવાનો નથી. મને ઘરબારથી છૂટો પાડી નાહકની કેદમાં નાખનાર દુશ્મનોનો બદલો લીધા સિવાય મને ચેન નહીં પડે....'

'તમે કોઈ વાતે ઉતાવળા ન થાવ...આપણી થોડીક ઉતાવળ આપણા મોતનું કારણ બની શકે તેમ છે, જે મને મંજૂર નથી. કોઈ કાળે નહીં...' કહીને લાજુએ વિજયને આશ્લેષમાં લઈ લીધો. તેનું મસ્તક તેણે બે હાથે પોતાના હુંફાળા વક્ષપ્રદેશમાં દબાવ્યું. વિજયના હાથ અનાયાસે જ તેના પુષ્ટ થયેલા પયોધરો પર ફરી રહ્યાં. તેના સમગ્ર શરીરને ફંફોસતા પ્રણયના આવેગમાં, બંને જણાં, સુખદુઃખ બધું જ ભૂલીને ઊતરી પડ્યાં...

*

ત્યારબાદ લાજુએ જંગલોનો એ વિસ્તાર છોડીને નજીકના એક ગામમાં ઓરડી રાખીને રહેવા માંડ્યું. એક દિવસ ગામમાં બપોરે અનાજ ખરીદવા ગયેલી લાજુની નજરે ભીમસિંહ ઓચિંતો ચઢી ગયો. કાળી ભરાવદાર દાઢીમૂછ વધારી હોવા છતાં તે ભાઈનો અણસાર પામીને જ ઓળખી ગઈ. હા, તે ભીમસિંહ જ હતો. તે ઝડપથી ઉઠીને દુકાનનો ઓટલો ઉતરી તેની નજીક પહોંચીને ધીમેથી કહ્યું : 'ભાઈ...' અવાજ સાંભળતાં તેણે ચહેરો ઘુમાવ્યો. કાને પડેલા અવાજે પરસ્પર પરિચિતતા જગાવી. આંખો સામે આંખો મળતાં જ બંને ચહેરા હસી ઉઠ્યા. હૈયામાં જાણે આનંદનું વલોણું ધમકી ઉઠ્યું !

'લાજુ !! ક્યાં હતી તું ? તને ખોળીને થાક્યો હું, તેણે બેનને હૈયાસરસી ચાંપી દીધી... પરંતુ તરત જ તેણે બે હાથથી તેને ખભેથી ઝકડી લીધી. 'લાજુ...આ શું ? હું તારા લગ્ન માટે હરામખોરોની ટોળીમાં જોડાયો...ત્યાંથી જેલમાં ફસાયો અને તું આ શું કરી બેઠી ? તારી આવી હાલત કરનાર કોણ છે ? તું એટલે તો ઘર છોડીને ભાગી નથી ને ? હું તેને છોડીશ નહિ.' કહેતાં ભીમસિંહનું શરીર ક્રોધમાં ધ્રુજવા માંડ્યું.

'તમે શાંત પડો ભાઈ. મારી ઓરડીએ ચાલો ત્યાં હું સઘળી વાત કરું છું.' કહીને લાજુ આગળ ચાલવા લાગી હતી. ભીમસિંહ તેને અનુસર્યો. લાજુએ વચ્ચે દુકાનેથી આટો, ગોળ, અનાજ વગેરે સામગ્રી ખરીદી લીધી, અને પહાડી પર વસેલા એ નાનકડા ગામની એક ટેકરી ઉપર આઠદસ કાચાં મકાનોવાળાં વિસ્તારમાં પથ્થરથી બનેલી ઓરડી પાસે આવીને લાજુએ કહ્યું.

'ભાઈ હવે અત્યારે તો આ આપણું ઘર છે.' પાસેની ઓરડીમાંથી એક બાઈએ નીકળીને પૂછ્યું.

'લાજુ....કોણ મહેમાન છે ?'

'મહેમાન કોઈ નથી માસી, મારા મોટાભાઈ છે.'

'અરે ભાઈ ! બહેનને આવી સ્થિતિમાં એકલી મૂકીને ક્યાં ફરો છો. કેટલા વખતે તેની સંભાળ લીધી ? નથી તમે આવતા કે નથી તેનો ઘરવાળો આવતો. આવા ભારે પગની હાલતમાં બિચારીની શી દશા ? રાતવરત કંઈ થઈ જાય તો ઘરમાં માણસની તો જરૂર પડે કે નહીં ?'

'માસી એમના તો કામ જ એ પ્રકારનાં છે. છ મહિને ઘેર આવે ને બાર મહિનેય ઘેર આવે. ભગવાનની દયા છે કે મને શરીરે કંઈ દુ:ખ નથી. અને તમારા જેવાં પાડોશી છે. મા જેવા માસી છે પછી મારે શી ચિંતા ? ઘરમાં દૂધ હોય તો મને જરા આપશો, ભાઈને માટે જલદી ચા બનાવી લઉં ?' કહીને લાજુએ તેને બોલતી અટકાવી હતી. બાઈ ઘરમાં દૂધ લેવા ગઈ હતી. લાજુએ ઓરડીમાં ખાટલી ઢાળીને ભીમસિંહને બેસાડ્યો. એક બાજુ ચા મૂકીને તેણે રસોઈની તૈયારી કરવા માંડી. અને સાથે સાથે પોતાની એક વરસની કરમકહાણી કહેવા માંડી હતી. પાડોશી બાઈના ઘરમાંથી એક છોકરો આવીને ટબૂડીમાં થોડું દૂધ આપી ગયો હતો. લાજુએ ચાનો કપ તૈયાર કરીને ભીમસિંહને આપ્યો હતો. ઘણા સમય સુધી તે પાછો ન આવતાં તેની તલાશમાં ગામ છોડીને ભટકતી રહી. તેની જ ટોળકીમાં કામે રહી. ત્યાં થયેલી વિજયની મુલાકાત, તેની સાથેનો સંબંધ, વગેરે વાતો કરીને તેને છોડાવવાની ભાઈને કાકલુદી કરી હતી. ઉચાટભર્યા હૈયે લાજુની વાતો સાંભળીને ભીમસિંહે કહ્યું.

'તેં ઘણી ભયંકર ભૂલ કરી હતી લાજુ, ઘર છોડીને એ ખૂંખાર ટોળીમાં કામે જવું. રાત્રે તેમના વિસ્તારમાં ચોરીછૂપીથી દાખલ થવું એ કેટલો મોટો ખતરો છે તું જાણે છે ?'

'તમારા સગડ મેળવવા ગમે તેવો ખતરો ઉઠાવવા હું તૈયાર હતી ભાઈ. વળી તમારા જેવા જ એક સમદુ:ખીયાના સહારે તો હું આટલો સમય જીવી શકી...અને હવે તમારે માથેથી મારી મોટી ચિંતા ટળી ગઈ છે. વિજય કોઈ ઉંચા ખાનદાનનો યુવાન છે. તે ગુંડાટોળીના સકંજામાં સપડાયો છે. તે મારું સર્વસ્વ છે. તેને છોડાવી લાવો.'

'તેને છોડાવી લાવવાનું કામ વાઘની બોડમાંથી મારણ પાછું ખેંચી લાવવા જેટલું અઘરું છે.'

'ભાઈ, તે કોઈ મારણ નથી પણ મરદ માનવી છે. અને તે પણ ચોરીછૂપીથી છટકી જવા માંગતો નથી. તે પોતાની દુશ્મનીનું વેર વાળવા સમગ્ર ટોળીને નેસ્તનાબૂદ કરવા માંગે છે. પરંતુ તે તો કેટલું અઘરું કામ છે....'

'ખતરનાક ટોળીમાં કેદ પડ્યા પછી પણ ગભરાવાને બદલે ટોળીનો નાશ કરવાની હિંમત

કરનાર યુવાન ખરેખર મરદ તો હશે જ. મને તારી પસંદગી પર ગર્વ થાય છે. બદલો તો મારે પણ એ ટોળી સાથે લેવાનો છે. તેઓનાં કામ કર્યા, તેઓ માટે છ માસની જેલ વેઠી છતાં તે લોકોએ મને કોઈ વળતર આપ્યું નથી. જેલ તોડીને મને છોડાવી લાવ્યા છતાં મને આટલા સમયે પણ ઘેર આવવાની ના પાડતા હતા. હું સરદારની પરાણે રજા લઈને આવ્યો છું. હું પાછો આવું તે માટે તેણે મારું મહેનતાણું પણ બાકી રાખ્યું. પચ્ચાસ હજારના કામ બદલ મને માત્ર પાંચસો રૂપિયા આપ્યા. તેઓ દાણચોરી અને લૂંટફાટમાં કરોડો રૂપિયા પરદેશ ભેગા કરે છે. ત્યાંથી કેફીદ્રવ્યો લાવીને આ દેશમાં ઘૂસાડે છે. શસ્ત્રોનાં ગેરકાયદે વેચાણ કરે છે.' ભીમસિંહે એકશ્વાસે કહી નાખ્યું.

'ભલે ભાઈ હવે તમે થોડો આરામ કરો. હું રસોઈ બનાવી તમને જગાડીશ.' કહીને લાજુ કામે વળગી. ભીમસિંહ ખતરનાક આતંકવાદીઓની ટોળકીનો નાશ કરવાનાં ભાવિ પગલાંઓની મનમાં વિચારણા કરતો આંખો મીંચીને ખાટલામાં આડો પડ્યો. રસોઈ કામ કરતી લાજુની આંખો ભાઈના મજબૂત શરીરમાં પડેલી શક્તિઓને જાણે આંખોથી માપી રહી. બંને ભાઈબહેન મળીને વિજયને છોડાવવાના અને દુશ્મનોને ખતમ કરવાના રોજબરોજ પ્લાન કરતા હતા. અનુકુળ સમયની રાહમાં બીજા ત્રણેક માસ પસાર થઈ ગયા.



૧૯

તોફાની વર્ષાઋતુના ગમન સાથે જ જમ્મુ-કાશ્મીરના વાતાવરણમાં કડકડતી ઠંડીની ઋતુનું આગમન થયું હતું. લીલા હરિયાળા ડુંગરો અને ફૂલોભરી ખીણોમાં બરફની શ્વેત ચાદરો પથરાવા માંડી હતી. શંકુ આકારના આભને આંબવા માંગતા વૃક્ષો ટોચથી માંડીને મૂળ સુધી જાણે હિમવર્ષાથી ઠૂંઠવાઈ ગયા હતા.

એકાદ માસમાં ભીમસિંહે ત્રાસવાદી ટોળકીમાં પાછા ફર્યા બાદ પોતાની ભૂગર્ભ કામગીરી શરૂ કરી દીધી હતી. પોતાના જેવા, કિન્નાખોરીનો ભોગ બનેલા, આઠ-દસ સાથીદારો જે સ્થાનિક ગ્રામ્ય ઇલાકાઓમાંના હતા તેમને વિશ્વાસમાં લઈને ભીમસિંહે આખી યોજના બનાવી. તે લોકો પણ કંટાળીને હવે આ ત્રાસવાદીઓની જાળમાંથી છૂટવા માગતા હતા. તે લોકોએ મોકો મળતાં હથિયારો અને દારૂગોળો, બોમ્બ અને હેન્ડગ્રેનેડનો પોતાની છુપી જગ્યાઓમાં સંગ્રહ કરવા માંડ્યો હતો. ટોળકીનો સરદાર મોટે ભાગે બહાર રહેતો હતો. દુબાઈ, લંડન, પાકિસ્તાન અને પંજાબનાં શહેરોમાં છૂપી રીતે પથરાયેલાં ત્રાસવાદી સ્થળની મુલાકાત લઈ તે સોનું, બ્રાઉન સુગર, અફીણ, ચરસ જેવી કેફી વસ્તુઓની હેરાફેરીનો પ્લાન બનાવતો. તેમાંથી નવરો પડતાં ધાડ-લૂંટ અને આતંક મચાવવા માટેની યોજનાઓ બનાવી પોતાની ગેંગમાં આવતો હતો અને બનાવેલા પ્લાન અમલમાં મૂકતો. નવરાશના સમયમાં તો ટોળકીના સાગરીતો શરાબ અને ટ્રકોમાં આવતી ખાસ ધંધાદારી ઔરતોના જીસ્મ સાથે જશન મનાવતા પડ્યાં રહેતા. વિજયનું પગેરું મળતાં ટૂંકા સમયગાળામાં જ વિજયની માહિતી મેળવીને ભીમસિંહે તેની મુલાકાત લીધી. વિજયને જોતાં જ તેને લાજુની પસંદગી માટે ગર્વ થયો. તેને મળીને ભીમસિંહે પોતાની ઓળખાણ આપી. વિજય ઊભો થઈને તેને ભેટી પડયો. ‘મારી આશાનું તમે છેલ્લું કિરણ છો ભીમસિંહ, ચોરીછુપીથી છટકવા ધાર્યું હોત તો હું ક્યારનો છટકી ગયો હોત. પરંતુ આ ત્રાસવાદી અડ્ડાનો નાશ કર્યા સિવાય મને જંપ વળે તેમ નથી. લાજુએ મને તમારી આશામાં જ કોઈ ઉતાવળ ન કરવા જણાવ્યું હતું. બોલો ભીમસિંહ તમે મને સાથ આપશો ને ? નિર્દોષ માણસોને ફસાવીને પોતાની ટોળીઓમાં સામેલ કરી પશુઓની મજૂરી કરાવતા અને ગુનાખોરીમાં સંડોવતા આ નરાધમોને તેમનાં કુકર્મોનો બદલો અવશ્ય મળવો જોઈએ. આ લોકોની પૂરી માહિતી મળ્યા સિવાય પોલીસ કે લશ્કરી અધિકારીઓ અહીં પહોંચી શકે તેમ નથી. નવ નવ માસથી મારા અપહરણ અંગે કોઈ પગલાં લેવાયાં નથી. તે બાબતનો પુરાવો છે. કદાચ મારા મોતની બીકે મારા કુટુંબીઓ કે મારાં મિત્ર બશીરે ત્રાસવાદીઓ પર ધોંસ નહીં વધારવાનું મુનાસિબ ગણ્યું હશે કે પછી તેમના સુધી મારા કોઈ સગડ પહોંચ્યા જ નહીં હોય... તેઓ બિચારાં મારા અપહરણના આઘાતથી ખૂબ જ વ્યથિત થતાં હશે...’ વિજયે અસ્ખલિત વાણીમાં ભીમસિંહ આગળ પોતાની વ્યથા ઠાલવી. સુમનની વાત કરવાનો વિચાર તેણે મનોમન છુપાવી રાખ્યો હતો. ભીમસિંહે વિજયને હામ આપતાં કહ્યું, ‘મને જીવતો રાખવા પાછળ પણ

ટોળકીના સરદારનો સ્વાર્થ છે. તેણે તેના બે કરોડના હીરા મારા લીધે ગુમાવ્યા છે. તે બદલ તે કોઈ યોજના બનાવીને કદાચ મારા કુટુંબ પાસેથી કે મારા મિત્ર પાસેથી પૈસા વસૂલ કરવા માંગતો હોય, પરંતુ હજી સુધી તેણે કોઈ કદમ તે બાબતમાં કેમ ઉઠાવ્યા નહીં હોય તે સમજાતું નથી...'

'વિજય, હમણાં ચારેબાજુ પોલીસની ધોંસ છે અને ચોમાસા અને શિયાળાની ઋતુમાં કોઈપણ મોટા સાહસ માટે અહીંનું વાતાવરણ અનુકૂળ નથી. સરહદનાં લશ્કરો પણ આ ઠંડી અને તોફાની ઋતુમાં પોતાની બેરેકોમાં ભરાઈ રહેશે. ફક્ત સંરક્ષણ સિવાય કોઈ બાબતે કોઈને રસ નથી અને આ ટોળકીનો સરદાર તો ઇન્ટરનેશનલ ગુનેગારો સાથે સંકળાયેલો છે. તે લંડન, અમેરિકા અને પાકિસ્તાનના ત્રાસવાદી સૂત્રધારો સાથે પણ ધંધાદારી ગઠબંધન ધરાવે છે. વર્ષ દરમ્યાન કરેલાં ધંધાની લેવડદેવડના હિસાબો માટે તે અત્યારે દોડાદોડીમાં પડ્યો છે. તારા જેવા એકાદ યુવાનનું અપહરણ કે બેચાર કરોડ જેવી રકમની ઘાલખાધ માટે તેઓ કોઈ પ્રકારનું જોખમ ઉઠાવતા નથી હોતા. લાગ મળ્યે સોગઠી મારી લે છે...' ત્યારે વિજયે કહ્યું, 'એ કોઈ સોગઠી મારે તે પહેલાં આપણે તેનો આખો દાવ ઊંધો વાળી દેવો જોઇએ. હવે મારાથી વધારે સહન થતું નથી...વેરનો અગ્નિ મારા હૈયામાં ઘૂંટાઈને મને બાળી રહ્યો છે...'

'હું બધી તૈયારી કરી ચૂક્યો છું.' ભીમસિંહે સ્મિત સાથે વિજયનો ખભો થપથપાવતા કહ્યું, 'આપણા માણસો પણ આપણને સાથ આપવા તૈયાર છે, પરંતુ આખી યોજના સંપૂર્ણ ગુપ્તપણે સફળ બનાવવાની હોવાથી થોડો સમય જશે. હું એવા મોકાની તલાશમાં છું કે ટોળકીનો સરદાર તેના બે-ત્રણ મહત્ત્વના ગેંગલીડરો સાથે અહીં આવ્યો હોય ત્યારે બધાને સાથે ઉડાડી મૂકવા. પૃથ્વીના પટ ઉપરથી જેટલા વધારે પાપીઓ નાશ પામે એટલા ઓછા...'

'મને તમારામાં સંપૂર્ણ વિશ્વાસ છે. ભીમસિંહ, આપણી મુલાકાત થવાની હોવાથી જ કદાચ હું જીવતો રહી શક્યો છું અને હવે જીવતો મારા કુટુંબ પાસે જઈ શકીશ. ભીમસિંહ, મારા દિલમાં પાંચ પાંચ વ્યક્તિઓનું સ્થાન ઇશ્વર કરતાં વધુ છે તેમાંના તમે એક છો...' વિજય બોલતાં બોલી ગયો. પરંતુ તેને થયું કે હમણાં ભીમસિંહ પૂછશે કે કઈ પાંચ વ્યક્તિઓ, તો શું જવાબ આપીશ ? પોતાની માતા, મિત્ર શેખર બશીર, પ્રાણપ્યારી સુમન, વિપત્તિના સમયે પોતાની જાતને હોડમાં મૂકીને પોતાને સહાય કરનારી લાજુ અને ભીમસિંહ પરંતુ પોતાની પ્રિયતમા સુમનનું નામ તે ભીમસિંહને કઈ રીતે કહી શકશે ? પરંતુ ભીમસિંહે ઉભા થતાં કહ્યું,

'વિજય, જિંદગીમાં ઈશ્વર કરતાં મોટું સ્થાન કોઈનું હોઈ શકે નહીં. હું તો માત્ર એક સાધારણ માનવી માત્ર છું અને તે પણ એવો માનવી કે મારી બહેનનાં લગ્ન અર્થે નાણાં મેળવવા માટે ગુનેગારોની ટોળીમાં જોડાવાની હદ સુધી પહોંચેલો માનવી. મારા ગુનાઓની સજા ઈશ્વર મને શું આપશે તે જ વિચારોથી હું દુઃખી થઈ રહ્યો છું, ત્યારે તમે મને તમારા હૈયામાં ઈશ્વરની ઉપમા આપીને મને શરમાવશો નહીં. તમને મળીને મારા દિલમાં શાંતિ ઉપજે છે. હું લાજુનાં લગ્ન કરી શક્યો નહીં અને કોણ જાણે કયા જન્મના સંબંધે તમે લાજુને મળી ગયા. તમારો સ્નેહ બંધાયો અને તેના પરિણામે લાજુ સારા દિવસો પણ પામી. વિજય તમારી સાથે લાજુ તેનો સુખી સંસાર ગુજારે તેનાથી વિશેષ મારી કોઈ ખેવના નથી. તમને છોડાવીને સહીસલામત તમારા ઘેર પહોંચાડતાં મારું મોત પણ થાય તો તેનો મને રંજ નહીં થાય.' આટલું બોલતાં બોલતાં ભીમસિંહ ગળગળો થઈ ગયો. તેની આંખમાં ભીનાશ તરી આવી. વિજયે તેને આશ્વાસન આપતાં કહ્યું, 'ભીમસિંહ, તમે કોઈ વાતે દિલમાં ઓછું ન લાવો. આપણે અહીંથી નીકળીએ પછી સૌ સારાં વાનાં થઈ રહેશે. અહીંથી નીકળવાનો માર્ગ જલ્દી શોધી કાઢો.'

'હા, હમણાં તો કાશ્મીરમાં કેટલી કાતિલ ઠંડી પડી રહી છે. ચોરીછૂપીના રસ્તાઓમાં બબ્બે-ચાર ચાર ફૂટે બરફ જામી ગયા છે. કોઈ વાહન એવા બરફમાંથી નીકળી શકે નહીં.

બેચાર દિવસ સૂરજ નીકળે અને તડકો પડે તો બરફ ઓગળીને રસ્તા સાફ થાય. અરે હમણાં તો કાતીલ ઠંડીથી દાલ સરોવર પણ રેસના મેદાન જેવું બની ગયું છે. પહેલગામના ઘોડાઓ દોડતા એક કિનારેથી બીજે કિનારે પહોંચી જાય તેટલું સખત થીજીને પાણી બરફ બની ગયું છે.'

ત્યાં જ નીચેથી બૂમ સંભળાઈ, 'ભીમસિંહ, અબે ઇતની દેર ક્યા કર રહા હૈ ? નીચે આજા સરદાર બુલા રહા હૈ.'

'અચ્છા વિજય હું જાઉં છું. તમે દરરોજ સતર્ક રહેજો. આપણા સંગ્રામનો સૂરજ ગમે ત્યારે ઉગશે...' કહીને ભીમસિંહ કેદીઓની ઓરડીવાળી કેડી ઉતરીને નીચે આવ્યો.

'ક્યા કર રહા થા અબતક ઉપર ?' એક ત્રાસવાદીએ પૂછ્યું. તેણે ગરમ ઓવરકોટ ઉપર ધાબળો વીંટાળ્યો હતો. ધાબળાની નીચે ખભે સ્ટેનગન લટકાવેલી હતી. 'કુછ કર નહીં રહા થા કમાન્ડર, વો કૈદીકી કુછ પૂછતાછ કરતા થા...સાલા કુછ બોલતા હી નહીં હૈ...'

'ઉસકો બુલવાને કી કોશિશ કરકે તો સરદાર ભી થક ગયે હૈ લેકીન કમીના મુંહ હી નહીં ખોલતા હૈ. દો કરોડકે હીરે નીગલ ગયા હૈ ! સાલ્લા, બોલતા હૈ સબ પુલીસમેં દે દિયે... ઇતના માલ કોઈ પુલીસમેં થોડા દે દેતા હૈ ?' ત્રાસવાદીએ કહ્યું.

'અરે વો ક્યા, ઉસકા બાપ ભી મુંહ ખોલ દે, અગર સરદાર વો કામ મુઝે સોંપ દે તો મૈં ઉસકે પેટમેં ઘુસકર ઉસકા મુંહ ખુલવા સકતા હું, અગર વૈસે નહીં ખોલેગા તો મેરે મુક્કોં કા માર ખાનેકી તાકાત ઉનકે પેટમેં કિતની હૈ વો ભી દેખ લુંગા...ચલ, ક્યા કામ હૈ સરદાર કો ?' કહેતો ભીમસિંહ અડ્ડાના ભૂગર્ભ ભાગ તરફ ચાલ્યો. સ્ટેનગનધારી તેની પાછળ પાછળ ચાલતો હતો.

પહાડીઓની ચોગમ ખીણ વચ્ચે ઊંડી જગ્યાના જંગલમાં આ અડ્ડો આવેલો હતો. ખીણો અને ડુંગરાઓની ભૂલભૂલામણીમાં અજાણ્યા આદમી કે પોલીસને ગંધ સરખી ન આવે તેવી સલામત જગ્યામાં ત્રાસવાદીઓએ પોતાનું રહેઠાણ બનાવ્યું હતું.

ડુંગરના આ કુદરતી પોલાણમાંની વિશાળ ગુફા વચ્ચે મોટું તાપણું સળગાવીને સરદાર બેઠો હતો. તેની આસપાસ લગભગ સોએક માણસોનું ટોળું બેઠેલું હતું. તાપણાની ગરમીથી ગુફામાં ગરમાવો વર્તાતો હતો. બેઠેલા દરેક માણસના ખોળામાં રાઇફલ કે સ્ટેનગન જેવાં અધતન હથિયારો હતાં. મોટા ભાગના હાથમાં વિદેશી શરાબની નાની મોટી બોટલો હતી. જેના ઘૂંટ ભરતા સરદારની સૂચનાઓ એક ધ્યાનથી સાંભળી રહ્યા હતા. સરદાર નેતરના મૂંડા ઉપર બેઠો હતો. તેણે મિલિટરી રંગનો ગરમ સૂટ પહેર્યો હતો. તેની બાજુમાં કોઈ વિદેશી ગોરી યુવતી તેને અડીને બેઠી હતી. બીજા બે વિદેશી માણસો બેઠા હતા. તેમાંનો એક પ્રૌઢવયનો હતો અને બીજો યુવાન હતો. યુવાનની બાજુમાં એક ગ્રામ્ય યુવતી જમીન પર બેઠેલી હતી જેની સાથે તે છેડછાડ કરતો હતો. પેલી યુવતી ગભરાતી....શરમાતી સંકોચાતી હતી.

ભીમસિંહે અંદર આવીને સરદારને સલામ ભરી. તેણે એક નજરે પેલી વિદેશી યુવતીને અને ગ્રામ્ય યુવતી સામે જોયું. ગોરા યુવાનની છેડછાડ તરફનો અણગમો તેની આંખોમાં તરી આવ્યો. સરદારે તે પારખ્યું અને પેલા યુવાનને આજ્ઞા કરી 'મિ. જ્હોન, યુ કેન ગો ઈન સાઈડ વિથ યોર પાર્ટનર.'

'સ્યોર...સ્યોર !' કહેતાં જ્હોન ઊભો થયો અને પેલી યુવતીને બાવડેથી ઊંચકી ઊભી કરીને પોતાની સાથે લઈ અંદર ચાલ્યો ગયો. ભીમસિંહની આંખોમાં લોહી તરી આવ્યું.

***

સુમનના જીવનમાં સ્ત્રીની જિંદગીનો બીજો કષ્ટદાયક અવસર સહેલાઈથી પૂરો થયો હતો. પાકા નવ માસે તેણે એક તંદુરસ્ત રૂપાળા બાળકને જન્મ આપ્યો. જોતાં વેંત વિજયનો

અણસાર પકડી શકાય તેવો તેનો વાન હતો. મોહક ચહેરો, તોફાની આંખો અને વાંકડીયા વાળ. તેને જોઈને વિજયની યાદ તીવ્ર બનતી હતી છતાં તેના ઉપર વહાલ વરસાવવાથી દિલની આગ શાંત પણ પડતી હતી. સુમને તેનું નામ પ્રિયેશ રાખ્યું. તે જેટલી ઉત્કટતાથી પ્રિયેશને પ્રેમ કરતી હતી તેટલી જ તીવ્રતાથી દીપચંદ તેને નફરત કરતો હતો. વડોદરાથી કમળાકાકી અને અનંતરાય તેની ખબર કાઢવા આવી ગયા હતા. સુમનને આવું મોટું વૈભવશાળી ઘર અને શ્રીમંત મુરતિયો પામવા બદલ ખૂબ ભાગ્યશાળી કહીને કાકીએ બિરદાવી અને પુત્રના જન્મથી તો તેના નસીબમાં સુખના ચાર ચાંદ લાગ્યા છે તેવું કહ્યું પણ સુમન જ જાણતી હતી કે તેના નસીબમાં કેવું સુખ છે.

કમળા જ્યારે દીપચંદ સાથે વાતોએ વળગી'તી ત્યારે અનંતરાયે સુમનની રૂમમાં જઈ તેના સાચા સમાચાર જાણ્યા હતા. દીપચંદ મોટી ઉંમરનો હતો તે તો તેઓ જાણતા હતા. પરંતુ તેની માનસિક વિકૃતિની અને પુરુષમાં નહીં હોવાની વાતથી તેમને વધારે આઘાત લાગ્યો. પરંતુ સુમને તેમને કહ્યું કે 'કુદરતનો એ શાપ મારા માટે આશીર્વાદ સમાન છે. ભલે હું સામાજિક રીતે બીજા પુરુષને પરણી છું, પરંતુ મારા શરીર પર મારા પ્રિયતમ સિવાય કોઈનો કબજો થઈ શક્યો નથી. તેના પ્રેમની નિશાનીરૂપ પુત્ર પ્રિયેશ પણ જીવતરની સફર પૂરી કરવામાં મદદરૂપ થઈ શકશે. કાકા, જ્યારે પણ વિજયના કોઈ સમાચાર મળે તો મને તરત જાણ કરજો. એકવાર મળીને હું તેની સમક્ષ ખુલાસો કરવા માગું છું. તેણે મારી રાતોની ઊંઘ હરામ કરી છે. સ્વપ્નમાં આવીને પણ તે મને કહે છે કે તું દગો કરીને બીજે પરણી ગઈ છે. હું તેને કહેવા માગું છું કે મેં કોઈ દગો કર્યો નથી. દગો કુદરતે, કિસ્મતે કર્યો છે. મેં તો તારા પ્રેમને વફાદાર રહી પ્રિયેશને જન્મ આપ્યો છે. આપણી પ્રીતની આ અણમોલ નિશાની મારી વફાદારીની સાબિતી છે.' અનંતરાયે તેના માથે હાથ ફેરવતાં કહ્યું, 'સુમન, હવે ભૂતકાળની વાતો ભૂલી જા. તેનાથી કોઈ ફાયદો નથી. વિજયનો કોઈ પત્તો નથી. દસ-દસ માસ પસાર થવા છતાં તેના કોઈ ખરખબર નથી. હવે તો પ્રિયેશને મોટો કરવાની જવાબદારીમાં તારી જિંદગીનાં વર્ષો ગુજારી દેવા સિવાય તું કંઈ કરી શકીશ નહીં.' 'હા, કાકા હું મારા તમામ શારીરિક-માનસિક કષ્ટો સહન કરીને પણ વિજયની આખરી નિશાની સમા પ્રિયેશને ઉછેરીશ. તેને પરણાવીશ. મારો સંસાર તો હું સુખેથી ગોઠવી શકી નહીં, પરંતુ મારા પ્રિયેશનો સુખી સંસાર જોઈને હિમાલયની લાંબી યાત્રાએ ચાલી જઈશ. પછી મારી જિંદગીની પણ મારે કોઈ જરૂર નહીં રહે...પરંતુ કાકા...આટલો લાંબો સમય હું એકલી અસહાય કેવી રીતે પસાર કરી શકીશ ?' સુમન બોલી.

'ભગવાન સૌ સારા વાનાં કરશે સુમન. તું ધીરજ રાખ. હવે તો તને જિંદગી જીવવાનું બહાનું પણ મળ્યું છે. તારી આંખ ઠારવા માટે તને કુદરતે ખોળાનો ખૂંદનાર પણ આપ્યો છે. તને અહીં બીજી કોઈ તો ખોટ છે નહીં. પ્રિયેશને જોઈને દીપચંદના સ્વભાવમાં પણ સુધારો થશે...' કહેતાં અનંતરાયે સુમનને સાંત્વન આપ્યું હતું.

ચારેક દિવસની મહેમાનગતિ માણીને કાકા-કાકી તો વડોદરા ચાલ્યા ગયાં. પરંતુ બીજા જ માસે તેમને દોડતા આવવું પડે તેવી ભયંકર ઘટના બની. એક દિવસ દીપચંદ વહેલી સવારે ઉઠીને સુમનના રૂમમાં આવ્યો હતો ત્યારે સુમન અર્ધજાગૃત અવસ્થામાં પ્રિયેશને સ્તનપાન કરાવી રહી હતી. તેની ખુલ્લી છાતી જોઈને દીપચંદની મનોવિકૃતિ ભડકી ઉઠી. તેને એક હાથે ઝાટકો મારીને પ્રિયેશને સુમનની છાતીથી અળગો કર્યો. પ્રિયેશ ઓચિંતો જ જોરથી રડી ઉઠ્યો. તેના અવાજથી સુમન સંપૂર્ણ જાગ્રત થઈને બેઠી થઈ ગઈ. સામે જ દીપચંદને ગીધ નજરે તાકતો જોઈને તે ઊભી થઈ ગઈ. પ્રિયેશને રડતો જોઈ તેના મગજમાં ઝનૂન પેદા થયું. દીપચંદ તેના પર ઝાપટ મારે તે પહેલાં તેણે સામે દોડીને દીપચંદને ચાર-પાંચ તમાચા ચોડી દેતાં ત્રાડ પાડી, 'ખબરદાર ! નીચ, ગધેડા આખી જિંદગી આમ ને આમ કાઢી છતાં સુધરતો નથી ?

હું જેમ સહન કર્યે જાઉં છું તેમ તું વધારે વકરે છે ? આવા માસૂમ બાળકની પણ તને દયા નથી આવતી ? માતાના સ્તનેથી બાળકને તરછોડનાર રાક્ષસ...આજે તને હું નહી છોડું...' કહીને તેણે દીપચંદનું બે હાથે જોરથી ગળું પકડ્યું 'નામર્દ ! તારે ઓરતના દેહને બચકાં ભરીને તૃપ્તિ મેળવવી છે ? લે ભરી લે હવે બચકાં !' કહીને તેણે જોરથી દીપચંદનું ગળું ભીંસીને પોતાની છાતી સાથે તેનું મુખ ભયાનક ભીંસથી દબાવ્યું હતું. દીપચંદ ગુંગળાઈ ગયો હતો ત્યાં જ નોકરાણી પુષ્પાબાઈ આવી ગઈ. રણચંડી બનેલી સુમનના હાથથી દીપચંદ તરફડતો હતો. 'અરે સુમન...છોડ એને ! છોડી દે કહું છું !' પુષ્પાબાઈએ સુમનના હાથ દીપચંદના ગળેથી છોડાવવા પ્રયત્નો કર્યા હતા.

'જા હટી જા વચ્ચેથી પુષ્પા ! આ નરરાક્ષસને મારું લોહી પી લેવા દે...' ગળું ભીંસવાથી અને શ્વાસ રૂંધાવાથી દીપચંદનાં ગાત્રો ઢીલા થઈ ગયાં. પ્રિયેશ જોરજોરથી રડતો હતો. અચાનક આવેશમાં આવેલી સુમનનું શરીર પણ ગુસ્સાથી કંપતું હતું. પુષ્પાબાઈએ માંડ માંડ દીપચંદનું ગળું છોડાવ્યું હતું.

'આ છોકરો કેટલો રડે છે તેનું ભાન છે તને ! સવાર સવારમાં આ શું ધાંધલ માંડી છે ? શેઠ, તમને પણ જરા દયા કે શરમ નથી ? કોઈ ઓરત ટકતી નથી તમારા ઘરમાં. હવે છેલ્લી ઉંમરે કંઈક સુધરો તો સારું. આવી પોયણી સમી પત્ની મળી છે એનો અને તેના ફૂલ જેવા બાળકનો તો વિચાર કરો. આ બાઈ બહાર જઈ તમારી ઇજ્જતનો ધજાગરો કરશે તો શું થશે તેનો ખ્યાલ કરો હવે' પુષ્પાબાઈ ગુસ્સે થઈને બોલતી હતી.

સુમનના ઓચિંતા હુમલાથી દીપચંદ તો સાવ ગભરાઈ જ ગયો હતો. સામનો થવાથી તેનું હિંસકપણું ગાયબ થઈ ગયું હતું. તે માથું નીચું કરીને ઝડપથી નીકળી પોતાના રૂમમાં ભરાઈ ગયો. પુષ્પાબાઈએ પ્રિયેશને ઉંચકીને સુમનના હાથમાં આપ્યો.

'શાંત પડ દીકરી. લે આને ધવડાવ. બિચારો રડી રડીને અડધો થઈ ગયો છે.' સુમને દીકરાને તેડી છાતી સરસો ચોંપી દીધો હતો. માતાનો ઝૂંટવાઈ ગયેલો સ્તન મોઢામાં આવતાં જ છાનો રહીને ધાવવા માંડ્યો. સુમનની હાંફતી છાતી માંડ માંડ શાંત પડી, પુષ્પાબાઈએ પાણીનો પ્યાલો લાવીને સુમનને આપ્યો. 'લે થોડું પાણી પી લે બેટી, હું થોડીવારમાં ચા બનાવીને લાવું છું...'

'જો એ શયતાન ફરીવાર આવું કરશે તો એનું ખૂન કરી નાખીશ હું...' સુમને રોષથી કહ્યું.

'એ તો એની જાતે જ મરેલો છે સુમન. પણ આજે તેં ખરું કર્યું. જોયું કેવો મીંદડી જેવો થઈને ભાગીને એના રૂમમાં ભરાઈ ગયો છે...' કહીને પુષ્પાબાઈ ચા બનાવવા ચાલી ગઈ હતી.

સુમન તો અડધો ગ્લાસ પાણી પીને જીવ હળવો કરી ધાવતા પ્રિયેશના માથા પર હાથ પસવારતી શાંત થઈ હતી, પણ દીપચંદના મગજના વિચારોનું તુમુલ ઘર્ષણ જાગ્યું હતું. તેણે કબાટમાંથી વ્હીસ્કીની બોટલ કાઢીને અડધો ગ્લાસ ભરી ગટગટાવ્યો. પોતાનાં ધન-દોલત, નપુંસકતા, પહેલી પત્નીનું ભાગી જવું, બીજી યુવાન રૂપાળી પત્ની, તેનું જોબન અને પોતાની લાચારી, હિંસક મનોવિકૃતિ, પુત્રજન્મ અને આજની અપમાનિત દશાના વિચારો બેફામ બની યુદ્ધે ચડ્યા હતા. જેમ જેમ તે વિચારો કરતો ગયો તેમ તેમ તે વધુ ને વધુ વમળોમાં ઘુમરાવા લાગ્યો. બે ત્રણ....ચાર...પાંચ પેગ ઉપરાઉપરથી તે નકરી વ્હીસ્કીના ખાલી કરતો ગયો હતો. તેનું મગજ નશાથી ચૂર બની ગયું હતું.

વહેલી સવારમાં જ કાળાં ઘનઘોર વાદળો જામી ગયાં હતાં. વરસાદ તૂટી પડવાની તૈયારીમાં હતો. દીપચંદ બારણું ખોલી બહાર નીકળ્યો. પુષ્પા રસોડામાં હતી. લથડતી ચાલે ગેરેજમાં જઈ તેણે કારમાં બેસી એન્જિન સ્ટાર્ટ કર્યું. તેણે જોરથી આંચકા સાથે બંગલાના

પોર્ચમાંથી કાર દરવાજા તરફ લીધી. મોટરનો જોરથી અવાજ સાંભળી પુષ્પાબાઈએ રસોડાની બારીમાંથી બહાર નજર કરી. દીપચંદની કાર બંગલાનો દરવાજો છોડી જોશભેર બહાર નીકળી ગઈ. રસોડામાંથી તે ઝડપથી દીપચંદના રૂમમાં ગઈ. તેણે જોયું તો ટેબલ ઉપર વ્હીસ્કીની બૉટલ અડધો ઉપરાંત ખાલી થયેલી પડી હતી. ટેબલ પાસે ખાલી ગ્લાસ ફૂટ્યાના કાચ વેરાયા હતા. પુષ્પાબાઈ શ્વાસભેર સુમનના રૂમમાં દોડી આવી અને બોલી, 'સુમન ! પેલો તો અત્યારમાં જ કાર લઈને ઘર બહાર નીકળી ગયો...'

'તે એનું શું છે ?' તેના સામું જોતાં સુમને પૂછ્યું.

'અરે ! પણ તેણે ખૂબ પીધું લાગે છે. ગેરેજમાંથી એટલા જોશથી મોટર બહાર કાઢી અને દરવાજા બહાર ભગાવી કે હું તો ગભરાઈ જ ગઈ. ક્યાંક ભટકાડી ના દે તો સારું...'

'તને એની બહુ ચિંતા હોય તો જા તેની મોટર પાછળ દોડવા માંડ. એને કંઈ થવાનું નથી. હમણાં કલાકમાં પાછો આવશે. તેને તો કંઈ નહીં થાય પણ રસ્તામાં કોઈકને બિચારાને અથડાવી ન મારે તો સારું... અને એ મરે તો હું તો છૂટું...'

'રામ...રામ... આવું અશુભ અત્યારમાં ના બોલ સુમન. જોને વાદળાં કેવાં કાળાં ભમ્મર છવાયાં છે. જાણે હમણાં જ બારે મેઘ તૂટી પડવાના ના હોય ! ગમે તેમ તોય માલિક છે ને ?'

'જેના માથે બદકિસ્મતની વીજળી ત્રાટકી ચૂકી હોય તેને બાર કે બાવીસ મેઘ તૂટી પડવાની શું ચિંતા ? પુષ્પાબાઈ તમે તમારું કામ કરો. નાહક ચિંતા કરીને દુબળા ના પડશો. તમારો એ માલિક હમણાં જ પાછો આવ્યો સમજો અને નશો બરાબર ચઢ્યો હશે તો તમારી અને મારી ખેર નથી એ પણ જાણજો.'

પરંતુ સુમનની એ ધારણા સાચી ના પડી.

થોડીક જ વારમાં ધોધમાર વરસાદ વરસવો શરૂ થઈ ગયો. નશામાં ચકચૂર દીપચંદની કાર બેફામ ગતિએ દિલ્હીના રોડ ઉપર દોડવા લાગી હતી. વહેલી સવારનો સમય હોવાથી ખાસ ટ્રાફિક ન હતો. દીપચંદનો સ્ટિયરીંગ પર હજુ પૂરતો કાબૂ હતો. પરંતુ મગજમાં વિચારોના હથોડા ઠોકાતા જતા હતા. ત્યાં જ ભારે વરસાદ શરૂ થવાથી રસ્તામાં કંઈ દેખાતું નહોતું. દીપચંદે જોશથી બ્રેક મારી. ભીના રાજમાર્ગો પર ચિચિયારી મારતી કાર ઊભી રહી ગઈ એ સાથે જ પાછળથી ભારે વેગથી આવતી ટ્રક કાર સાથે અથડાઈ પડી. બારણું કડાકા સાથે તૂટ્યું અને દીપચંદ લાગલો જ ઉછળીને રોડ પર ફેંકાઈ ગયો. ખોપરીનો પાછલો ભાગ સડક પર પછડાઈને ફૂટી જતાં તેને ત્યાં જ હેમરેજ થઈ ગયું. તેના માથામાંથી વહી નીકળેલું લોહી વરસાદના પાણી સાથે મળીને ડહોળાવા લાગ્યું.

થોડીકવાર બાદ રોડ પરથી પસાર થતાં વાહનોમાંના કોઈએ પોલીસને જાણ કરી. અકસ્માતની જાણ થતાં જ પોલીસ આવી પહોંચી. કારના નંબર ઉપરથી સરનામાની જાણકારી મેળવી પોલીસ દીપચંદના ઘેર પહોંચી ગઈ. દીપચંદ જૈનનું ઘર આજ છે કે ?'

પુષ્પાબાઈએ દરવાજે આવીને કહ્યું, 'હા, કેમ ?' પોલીસને જોઈને એ ગભરાઈ હતી. 'શું કામ છે ?'

'આ નંબરની કાર લઈ નીકળેલા સાહેબના ઘરમાં જવાબદાર વ્યક્તિ કોણ છે ?' પોલીસમેને પૂછ્યું.

'એકલાં મેમસાહેબ છે અને હું છું નોકરાણી...'

'સાહેબના નજીકના સગાંઓને સમાચાર આપો કે નવજીવન હોસ્પિટલમાં સંપર્ક કરે. સાહેબની ગાડીને અકસ્માત થયો છે. દીપચંદ જૈનની હાલત ગંભીર છે.'

પોલીસમેન સમાચાર આપીને ગયો. પુષ્પાબાઈએ સુમનને આ સમાચાર આપ્યા. દીપચંદના સગાસંબંધીઓને ટેલિફોનથી સમાચાર કહેવડાવતાં બધા હોસ્પિટલે પહોંચ્યાં ત્યારે

પોલીસે કાર્યવાહી પતાવીને લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધી હતી. જ્યારે મૃતદેહ ઘેર લવાયો ત્યારે સુમને તેનો ચહેરો જોવાનો રહ્યો નહોતો. વિધિએ દીપચંદના મૃતદેહ માટે સ્મશાનગૃહ અને સુમનના દેહ માટે સફેદ વસ્ત્રો પહેરવાના કિસ્મતનું નિર્માણ કરી દીધું હતું.

દીપચંદનું ક્રિયાકર્મ પતાવવા અને સુમનના સથવારા માટે અનંતરાય અને કમળાકાકી દોઢેક માસ જેવું દિલ્હીમાં રોકાયાં. તે દરમિયાન દીપચંદની મિલકત ડોક્યુમેન્ટસ સોલિસીટરો મારફત તૈયાર કરાવીને પત્ની સુમન અને પ્રિયેશના નામે કરવાની કામગીરી અનંતરાયે શરૂ કરી દીધી. પ્રિયેશ પુખ્ત ઉંમરનો થાય ત્યાં સુધી સુમને બધો કાર્યભાર સંભાળવાનો હતો. પરંતુ એકાદ વર્ષના ટૂંકા સમયમાં આવી પડેલી આપત્તિઓનો આઘાત સહન ન કરી શકવાથી સુમન લગભગ અવાચક બની ગઈ હતી. જીવતર ઉપરથી પતિના નામનું કહેવાતું છત્ર પણ ઊખડી ગયું હતું. કમળાકાકીને તો આથી મોકળું મેદાન મળી ગયું હોય તેમ અનંતરાયને દિલ્હી રોકાઈ જઈ દીપચંદની મિલકત અને ધંધા-રોજગારને સંભાળી લેવા કહ્યું. પરંતુ તેનો સ્વભાવ જાણતા અનંતરાયે મક્કમ નકાર કરી દીધો. સુમન અનંતરાયની હૂંફ ઇચ્છતી હતી. છતાં કમળાના કટુ સ્વભાવથી તેને વધારે સહન કરવું ન પડે તે માટે અનંતરાયે તેને દૂર જ રાખવી મુનાસિબ સમજ્યું.



૨૦

આ વારનવાર પોતે આવી જઈને સુમનની સંભાળ લેશે તેવી અનંતરાયે ખાતરી આપી હતી. સુમન પણ હવે દુનિયાદારીથી અળગી રહેવા ઇચ્છા ધરાવતી હતી. ફક્ત પ્રિયેશને મોટો કરવાની જવાબદારી પૂરી થાય ત્યાં સુધી જ જીવવું તેવી વિચારધારા તેના મનમાં દૃઢીભૂત બની હતી. ધંધો રોજગાર તો તેની ગોઠવણ મુજબ મૅનેજરની વ્યવસ્થા નીચે ચાલવાનો હતો. દીપચંદ તેની હયાતમાં પણ ઝાઝું ધ્યાન આપતો નહોતો. વળી, સુમન ભણેલી હોવાથી તે બાબતે વાંધો નહોતો અને તેમાં થોડો રસ લેવાથી દુઃખનો ભાર મન ઉપરથી ઓછો થવાની સંભાવના હતી. સુમન કોઈ કુટુંબીજનોને સાથે રાખીને કોઈ અન્ય પીડાઓ વહોરવા માગતી નહોતી. દીપચંદના કુટુંબીજનોને પણ તેણે હાથ જોડીને વિદાય આપી હતી અને દીપચંદની પ્રકૃતિથી વાકેફ તેઓ વધારે નિકટ રહેતા નહોતા અને હવે તો દીપચંદને પુત્ર પણ થયો હતો જેથી તેની મિલકતમાંથી પણ કંઈક ખાટી જવાની આશા ઠગારી નીવડવાથી તેઓને ખાસ સંબંધ રાખવા જેવું લાગ્યું નહોતું. બધાં સગાંસંબંધીઓની વિદાય પછી અનંતરાય અને કમળા પણ વડોદરા ચાલ્યા ગયાં હતાં. આવડી મોટી દુનિયામાં બે માસના પુત્રના સહારે સુમને જિંદગીની મજલ એકલા કાપવા કમર કસી હતી. ઘનઘોર આકાશમાંથી કાળાં વાદળો ભારે વરસાદ વરસાવતાં હતા. શરીરનું યૌવન અકાળે મુરઝાવા માંડ્યું હતું. વિજય સાથે ગાળેલો એ ટૂંકો સુખમય સમય બાદ આવતાં આંખેથી અશ્રુઓ વરસવા લાગતાં. ફરી હવે એ સમય પાછો આવશે ખરો ? સુમન મનોમન હિજરાતી હતી અને વિચારતી. ભગવાનને વિનવતી. એકવાર, ફક્ત એકવાર મને મારા વિજયના દર્શન કરાવી દો પછી મારે બીજું કંઈ જોઈતું નથી અને તેની વિનંતી સંભળાઈ હોય તેમ અનંતરાય એક દિવસ શેખ બશીરનો આવેલો ટેલિગ્રામ લઈને વડોદરાથી દિલ્હી આવી પહોંચ્યા.

*

તે દિવસે પોતાના પ્રદેશની યૌવનાને વિદેશી દાણચોરોના આશ્લેષમાં જોયા પછી ભીમસિંહનું લોહી વધુ જોરથી ઉકળતું હતું. છતાં તેણે પોતાના ગુસ્સાને કાબુમાં રાખ્યો હતો. ગેંગના સરદારે ભીમસિંહને વિજયના બાનની રકમ વસૂલ કરવાનો પ્લાન ગોઠવવાની જવાબદારી સોંપી હતી. ભીમસિંહ આ પ્રદેશનો સ્થાનિક રહેવાસી હતો. તેની પાસે તેના અવાજ પર જાન આપે તેવા સાથીદારો પણ હતા અને પોતાનાં પાછલાં કામોથી તેણે સરદારનો વિશ્વાસ પણ સંપાદન કર્યો હતો. હવે જે રીતે જમ્મુ-કાશ્મીરમાંનું વાતાવરણ પલટાઈ રહ્યું હતું તે જોતાં હાથ ઉપરનાં તમામ કામો નીપટાવીને સરદાર આ અડ્ડો ખાલી કરી દેવા માંગતો હતો. કારણ કે સમગ્ર દેશમાં કોમવાદી વાતાવરણ વકરી રહ્યું હતું અને આ સમગ્ર બાબતોના અણસાર સરકાર સુધી પહોંચી ગયા હતા. ગમે ત્યારે યુદ્ધ ફાટી નીકળવાની દહેશત હતી. અને જો યુદ્ધ ફાટી નીકળે કે સરહદો સીલ થઈ જાય તો પછી અહીંથી છટકવું મુશ્કેલ હતું. કેટલેક ઠેકાણે

મોકલેલાં હથિયારો અને કેફી દ્રવ્યોના પુરવઠાની રકમની વસુલાત પણ બાકી રહી ગઈ હતી. જે વસૂલ કરવા માટે સરદાર ખુદ જવાનો હતો. વિજયની રકમ વસૂલાતનો આંકડો તેણે દસ કરોડ રૂપિયા નક્કી કર્યો હતો, જે શ્રીનગરના શ્રીમંત શેખ બશીર પાસેથી મળી શકે તેમ હતું. આ કામ આકડેથી મધ પાડવા જેટલું સહેલું નહોતું. પરંતુ છેલ્લો પ્રયત્ન કરવાનો હતો. જો કામ ન પતે તો અહીંથી જતાં પહેલાં વિજયને ફૂંકી મારવાનો હતો. વિજયના જીવના બદલામાં શેખ બશીર આટલી રકમ આપી શકે તેમ હતો, પરંતુ તેની સામે જવાનું કાચાપોચાનું તો ગજું જ નહોતું. અને હવે તેના બંગલે પૂરતો બંદોબસ્ત ગોઠવાઈ ચૂક્યો હતો. એટલું જ નહીં તેની હોટલના કારોબારમાં અને સુરક્ષા દળમાં પણ ખૂબ જ વધારો કરી દેવાયો હતો. ભીમસિંહે આ બીડું જાણી જોઈને ઝડપ્યું હતું. આ બહાને શેખ બશીરનો સીધો સંપર્ક થવાનો હતો. તેને મળ્યા પછી આ ગેંગનો ખાત્મો બોલાવીને વિજયને છોડાવવાનો પેંતરો વધુ આસાનીથી પાર પાડી શકાય તેમ હતો. શેખ બશીર પાસેથી ઘણી મદદ અને રક્ષણ મળી શકે તેમ હતું. અને તેથી જ સરદાર પાસેથી તેની યોજના જાણી લઈને ભીમસિંહ ફકીરના વેશમાં શ્રીનગર જવા રવાના થયો હતો.

*

શ્રીનગરમાં ત્યારે વાતાવરણ ખૂબ જ ઉત્તેજક અને અશાંત હતું. ઠેર ઠેર રમખાણો ફાટી નીકળ્યાં હતાં. પાકિસ્તાન તરફી તત્ત્વોએ બહેકાવેલા લોકોએ ભારતવિરોધી ખુલ્લી કાર્યવાહી કરવા માંડી હતી. કાશ્મીરી હિંદુ પંડિતો અને રાજપૂત કોમ ફફડાટમાં જીવતી હતી. પરદેશી પ્રવાસીઓની ચહલ-પહલથી ભર્યું ભર્યું લાગતું શ્રીનગર આતંકના ઓથાર નીચે કંપતું હતું. તોફાનીઓ સરકારી સંસ્થાનો કે પોલીસ સ્ટેશનો પર હુમલાઓ કરતા હતા. સામસામે બંદૂકની ધણધણાટી થતી હતી. પાંચ-દસ લાશો બંને પક્ષે ઢળી પડતી અને વાતાવરણ વધુ તંગ બનતાં સમગ્ર વિસ્તારમાં કરફ્યુ જાહેર થઈ જતો હતો. દારૂગોળાની ગંધ હવામાનમાં ભળી જતી અને લોકો ઘરોમાં કેદ થઈ જતા. અમુક કુટિલ તત્ત્વોના કારનામાથી નિર્દોષ પ્રજા બાનમાં આવી ગઈ હતી. છતાં સરકાર આવાં તત્ત્વોને અંકુશમાં લેવા માટે કાચી પડતી હતી.

આવી જ એક અશાંત સાંજે ભીમસિંહે ફકીરના વેશમાં શેખ બશીરના શ્રીનગરના બંગલે જવા ચશ્મેશાહીનો ઢાળ ચઢવા માંડ્યો હતો. તેણે જોયું તો સો-સો ફૂટના અંતરે એક એક સુરક્ષા ગાર્ડ હાથમાં મશીનગન સાથે ઊભેલા હતા. શેખ બશીરની તાકાત માટે ભીમસિંહના મનમાં માન ઉત્પન્ન થયું. આવો શક્તિશાળી વ્યક્તિનો મિત્ર ત્રાસવાદીઓના હાથમાં સપડાયો તે પણ તેની કમનસીબીની જ કોઈ કારીગરી હશે. તેણે મનોમન વિચાર્યું. રસ્તામાં તેને કોઈ રક્ષકે ટપાર્યો કે રોક્યો નહીં છતાં તેની હાજરીની નોંધ સિક્યોરિટી ગાર્ડોએ લીધી હતી. એક ગાર્ડે પોતાની વોકીટોકી દ્વારા બંગલાના દરવાજાના ગાર્ડોને ખબર પાઠવી દીધા કોઈ ફકીર બાબા આ રહા હૈ, સાંજ પછી કોઈપણ વ્યક્તિને બંગલામાં પ્રવેશવાની મનાઈ હતી. છતાં કોઈ માંગનાર આવે તો દરવાજેથી જ મદદ આપવાની વ્યવસ્થા શેખ બશીરે કરાવી હતી. ખેરાત માંગનારા તો ઘણા આવવાના ચાલુ રહેતા હતા. પરંતુ સાંજે અંધારું થતાં ઠંડીને કારણે અને અશાંત પરિસ્થિતિને લીધે તો કોઈ વ્યક્તિ બહાર નીકળી નહોતી. છતાં આવા નિર્જન રસ્તા પર ઠંડીમાં દરવાજે આવેલા ફકીરને જોઈ એક ગાર્ડે પૂછ્યું.

‘ક્યા ચાહિએ બાબા ? ઇતની દેર કો સર્દીમેં ક્યું નિકલતે હો ?’

‘હમે ક્યાં ચાહીએ બેટે ? હમેં તો ખુદાકે બંદોકી ખૈર ચાહિએ. અૌર ક્યા ? સુના હૈ શેખ બશીર ખુદાકા નેક બંદા હૈ, ઉનસે મિલા દો જરા...’ ભીમસિંહે ધ્રૂજતા અવાજે કહ્યું.

‘બાબા, દાલ-રોટી યા અૌર કુછ જો ચાહિએ વો યહાંસે મિલ જાયેગા. શેખ સાબ તો કિસીસે મિલતે નહિ ઇસ વક્ત...કલ દિનકો આ જાના...’

'અરે...મૈં બુઢા થકે પાંવ કિતની દૂરીસે આયા હું...કલ નહીં આ સકતા મૈં...હો સકે તો અભી મિલના હૈ...વર્ના મૈં રાતભર યહાં પડા રહૂંગા...યહ સર્દીમેં ખુદાકા પ્યારા હો ગયા તો તેરે શેખ કા બહોત નુકસાન હો જાયેગા...જા, જાકે બોલ તેરે માલિકકુ, એક બુઢા ફકીર ખુદા કા પૈગામ લાયા હૈ...તુઝે વો બાત બતાના ચાહતા હૈ જિસકી તુઝે તલાશ હય... જા... એક બાર બોલ દે ઉનકો.'

'ઠીક હૈ, થોડી દેર રુકો, મૈં જાકે સા'બ કો બોલતા હું' કહીને ગાર્ડ બંગલામાં શેખ બશીરને સમાચાર કહેવા ગયો. બીજા ચારેક ગાર્ડ કુતૂહલથી પ્રેરાઈને નજીક આવ્યા...અને કાળી કફની પહેરેલા બુફકીર સામે જોઈ રહ્યા. થોડીક વારમાં જ અંદર ગયેલો ગાર્ડ બહાર આવ્યો.

'કિસ્મત અચ્છી હૈ બાબા આપકી, શેખ સા'બ અંદર બુલાતે હૈ આપકો. અંદર આઈએ...' કહેતાં તેણે દરવાજો ખોલ્યો. ફકીર અંદર દાખલ થયો.

'લેકિન, બાબા, આપકી તલાશી લેની પડેગી...'

હવે ભીમસિંહને પોતાની ભૂલ સમજાઈ. તેણે પોતાની રિવોલ્વર કફની નીચે છૂપાવી રાખી હતી. તલાશીમાં રિવોલ્વર નીકળવાથી બાજી બગડી જવાની હતી. આ પહેરેગીરો અહીંથી જ મારીને ભગાડી દે અથવા પોલીસમાં સોંપી દે તો પોતાના બાર વાગી જવાના હતા. છતાં તેમણે બચાવ કરતાં કહ્યું,

'હમારે પાસ ક્યા હો સકતા હૈ બેટા...હમ તો ફકીર હૈ...'

'વો સબ ઠીક હૈ બાબા, લેકિન વક્ત ઐસા ખરાબ હો ગયા હૈ...કિસીકા ભરોસા નહિ...અૌર યહ તો હમારી ડ્યૂટી હૈ...' કહેતાં ગાર્ડે ફકીરના ખભેથી, છાતી અને બગલમાં હાથ ફેરવતાં તેને છુપાવેલી વસ્તુનો સ્પર્થ થયો હતો.

'એલર્ટ !!' તેણે કરડાકીથી ત્રાડ નાખી. તેનાથી ચમકીને ચારેય સુરક્ષા ગાર્ડોએ પોતાની ભરેલી રાઈફલોની નળીઓ ફકીરની છાતીએ અડકાડી હતી. પેલા ગાર્ડે ઝાટકા સાથે કફનીના બટન તોડીને રિવોલ્વર બહાર ખેંચી કાઢી... અને બાકીનાં કપડાં ફંફોસીને છેક પગ સુધી તપાસ કરી હતી. તે ઉકળી ઉઠ્યો.

'બુઢે ફકીર હો તુમ ક્યું ?...ખુદાકા પૈગામ લાયે હો !! બતા કૌન હૈ તું...વર્ના ગોલીસે ઉડાકે રાખ કર દેંગે...!! સાલ્લે બહુરૂપીયે...'

'હાં....હાં...મૈં ફકીર નહીં હું, લેકિન ગાલી મત બોલ...લે ચલ અપને માલિક કે પાસ. ઉનકો બતા દૂંગા કૌન હું મૈં...'

આ દરમ્યાન એક ગાર્ડે દોડીને શેખ બશીરને ખબર આપ્યા હતા કે મળવાની ઇચ્છા રાખનાર ફકીર પાસેથી છુપાવેલી રિવોલ્વર મળી આવી છે...શેખ બશીર ચમકીને ઊભો થઈ ગયો. તેણે પોતાની રિવોલ્વર હાથમાં લીધી. 'ઉનકો અંદર લે આઓ.' તેણે કરડાઈથી ઓર્ડર છોડ્યો. ઘણા સમય બાદ ત્રાસવાદી ટોળકીના સાગરીતે અહીં આવવાની હિંમત કરી હતી. તેનું પ્રયોજન શું હશે ?

ચાર ગાર્ડો કોર્ડન કરીને ફકીરવેશધારીને શેખ બશીર સમક્ષ લઈ આવ્યા.

'બોલીયે નકલી ફકીરબાબા...કૌન હો તુમ ? રિવોલ્વર લેકે મુઝે ખુદાકા પૈગામ દેને આયે હો ? અબ હમ તુમ્હે ખુદા કે પાસ ભેજ દેંગે...અગર સચ બોલોગે તો છોડ દિયે જાઓગે...જૂઠ સે મુઝે સખ્ત નફરત હૈ...' શેખ બશીરે પોતાની રિવોલ્વર ફકીરના લમણા ઉપર મૂકી હતી.

'શેખ સાબ, કોઈ જલ્દબાજી મત કરના. મૌત કા મુઝે કોઈ ખૌફ નહીં હૈ...મૈં આપસે અકેલે મેં બાત કરના ચાહુંગા...મેરે પૈગામ મેં કોઈ જૂઠ નહીં હોગા...'

'ઠીક હૈ...ગાર્ડઝ હમેં અકેલા છોડો...' શેખે હુકમ છોડ્યો. ફકીરના બદનની મજબૂતાઈ

જોતાં ગાર્ડો બહાર જતાં અચકાતા હતા. છતાં શેખનો હુકમ અને તેના હાથમાંની રિવોલ્વરથી રાહત પામીને બહાર નીકળી બીજા ખંડમાં જઈ ઊભા રહ્યા. સહેજ અણસાર માત્રથી અંદર ધસી જઈ પેલા વેશધારીને પળભરમાં ફૂંકી મારવાની તેમની તૈયારી હતી. ગાર્ડો બહાર જતાં જ ભીમસિંહે શરીર પરથી કફની ઉતારી નાંખી. અને શેખ બશીરને સલામ કરતાં કહ્યું :

'સલામ શેખ સાબ, આપકો હજાર સલામ...મૈં કોઈ ફકીર નહીં બલ્કી ભીમસિંહ હું...આપકે દોસ્ત વિજય કા પૈગામ લાયા હું...જો દો સાલ સે આપકા નામ રટતે હુએ આતંકવાદીકે ગિરોહ મેં કૈદ હૈ...અૌર મેં વો ગિરોહ કા આદમી હું...સોરી...આદમી થા...વિજય કો મિલને કે બાદ મૈં આતંકવાદી નહીં રહા હું. અૌર વૈસે ભી...મેરી બહન લાજુ સે વિજય કા સંબંધ હૈ...ઉનકે બચ્ચે કી વો મા બનનેવાલી હૈ...ઉસ રિશ્તેમેં મૈં વિજય કા સાલા હું. અૌર આપ વિજય કે દોસ્ત હૈ...દોસ્ત હી નહીં ઉનકે ભાઈ સે ભી બઢકર હૈ. એસા વિજયને કહા થા.' ભીમસિંહની વાતથી બશીર તાજુબીમાં ડૂબી ગયો.

'હા...હા...વિજય મેરે ભાઈ સે ભી બઢકર હૈ...કહાં હૈ વો...તુમ સચ બતા રહે હો કિ બનાવટ કરતે હો. વિજય જિન્દા હૈ...બસ મેરી રૂહ કો તસલ્લી હો ગઈ...કલ હી ઉનકે ડેડી યહાં આયે હુએ હૈ...મૈં ઉનકો કમ સે કમ ઇતના તો કહ સકુંગા કિ આપકા વિજય અભી જિન્દા હૈ...મૈં ઉસે છૂડવાકર અભી તક નહિ લા સકા ક્યોંકિ મૈં જાનતા નહીં થા કિ વો કહાં હૈ. લેકિન, અય મેરે ખુદા...મુઝે યકીન નહીં હો રહા હૈ કિ યહ સચ હૈ...બરસોં બાદ ઉનકે જિન્દા હોને કી ખબર પાકે મૈં પાગલ હો ગયા હું...રહેમ કર... ખુદા...રહેમ કર. એક બાર મુઝે વિજયસે મિલા દે...' શેખ બશીરની આંખેથી જાણે લાગણીનાં પૂર વહી નીકળ્યાં હતાં. એ જોઈને ભીમસિંહની આંખો પણ ભીની થઈ ગઈ.

'બશીર ભૈયા...જૈસા વિજયને કહા થા વો સચ દેખ રહા હું મૈં. આપકા પ્યાર ઉનકા નામ સુનતે હી મૈં જાન ગયા હું. આપ કો દેને કે લિયે યે ચિઠ્ઠી ભેજી હૈ...' કહેતાં ભીમસિંહે વિજયનો ટૂંકો પત્ર શેખ બશીરના હાથમાં આપ્યો. બશીરે ચિઠ્ઠી હાથમાં લઈ ખોલીને વિજયના અક્ષરો ઓળખ્યા...ચિઠ્ઠીને આંખે અડાડીને તેને બે-ચાર ચુંબનો કરી લીધાં અને એકી પલકે ચિઠ્ઠી વાંચવા માંડી.

જાને જીગર, જાનેબહાર શેખ બશીર, મૈં કુશલ હું, ફિકર મત કરના. યે ચિઠ્ઠી લાનેવાલા અપના આદમી હૈ. વો કહે ઐસા કરના. મૈ જિસ તરહા ઈસ ગિરોહ કે દલદલ મેં ફસા હું વો મિલકે બતાઉગા. મેં ચાહતા તો યહ આદમી મુઝે યહાં સે કબ કા નિકાલ સકતા થા, લેકિન મેં અબ, યે આતંકવાદી ગિરોહ કો ખત્મ કિયે બિના નહીં નીકલુંગા. ઘરપે ભાભીજાન, મેરે પિતાશ્રી અૌર સુમન કો મેરી ખબર પહુંચાના..આપ સબકી દુઆસે મેં ઝિંદા હું...ખુદાને ચાહા તો ફિર મિલેંગે .

લી. તુમ્હારા જાંનિસ્સાર વિજય

ચિઠ્ઠી વાંચીને શેખ બશીર ભીમસિંહને ભેટી પડયો. ભીમસિંહે તેને ટૂંકાણમાં બધી હકીકત જણાવી અને બીજી ચિઠ્ઠી આતંકવાદી સરદારની શેખને આપી હતી. જેમાં લખ્યું હતું 'વિજય જિન્દા વાપીસ ચાહિયે તો દસ કરોડ લેકે આઓ...' ચિઠ્ઠી વાંચીને વિજયને છોડાવવા માટે ચોકસાઈભર્યો મજબૂત પ્લાન તૈયાર કરવાનું બંનેએ ગોઠવ્યું હતું. ભીમસિંહે રાત્રે જ પોતાની બહેન લાજુના રહેઠાણે જઈ તેની ખબર લઈ બીજે દિવસે પરત અડ્ડામાં પહોંચી જઈ સરદારને શેખ બશીરનો જવાબ આપવાનો હતો કે પાંચ દિવસમાં દસ કરોડનો બંદોબસ્ત કરીને વિજયને છોડાવી જવા શેખ બશીર એકલો જ આવશે. પછી ભીમસિંહની યોજના અને નિશાનીઓ મુજબ શેખ બશીર અને છૂપી પોલીસ તેમ જ લશ્કરની ટુકડીઓએ અડ્ડા પર છાપો મારવાનો હતો. પરંતુ સમગ્ર યોજના ગુપ્ત રાખવાની હતી. જરા સરખી ગફલત થવાથી

આતંકવાદીઓ સતર્ક થઈ જવાની બીક હતી અને જો એવું થાય તો એ ભૂલથી પ્રથમ ભોગ વિજયની જિંદગીનો લેવાય તેમ હતું. જેથી શેખ બશીરે સંપૂર્ણ વાતચીત કર્યા બાદ પોતાના ખાસ અંગત સશસ્ત્ર સુરક્ષા ગાર્ડોને બોલાવી પોતાની નવી મર્સીડીઝ ગાડી બહાર કઢાવી. ભીમસિંહ સાથે જમ્મુના એક ગામડામાં રહેતી લાજુના નિવાસસ્થાને જવા તૈયારી કરી દીધી. શેખ બશીરે વિજયના પિતાને તેમના રૂમમાં જઈ વિજયના સમાચાર આપ્યા હતા. પોતાની પત્નીને પણ વિજયની યાદ આપી હતી. સૌએ સવારે જવાનું નક્કી કરી લીધું. પરંતુ ભીમસિંહના કહેવા મુજબ રાતનો સમય વધુ અનુકૂળ હતો. શેખ બશીરના મોટાભાઈ તેમજ વિજયના પિતાએ સાથે જવા જણાવતાં ભીમસિંહે ના પાડી હતી. શેખ બશીરને પોતાના જીવતેજીવ કોઈ વાંધો નહિ આવે તેવી ધરપત પણ તેણે આપી હતી. લાજુના રહેઠાણ શ્રીનગરથી જમ્મુનો રસ્તો લગભગ ૧૦ કલાકનો હતો. પરંતુ રહેઠાણ પાંચેક કલાકના વચગાળાના અંતરે હતું અને વહેલી સવારનો ઠંડીભર્યો અંધાર વિદાય લે તે પહેલાં શેખ બશીર ભીમસિંહને લાજુને ત્યાં મૂકીને શ્રીનગર પાછો આવી જાય તેમ હતું. ત્યારબાદ સમગ્ર પ્લાન એક્શનમાં મૂકવાનો હતો. પરંતુ તે દરમ્યાનના દિવસો વચ્ચે ત્રણેક-વાર ભીમસિંહ શેખ બશીર પાસે દસ કરોડની વ્યવસ્થાની પૂછપરછ માટે શ્રીનગર આવવાનો હતો. ત્યારે દસ કરોડના બદલે આંતકવાદીઓના સર્વનાશનો સામાન એકઠો થઈ જવાનો હતો. સમગ્ર પ્લાન તૈયાર થવાનું ભીમસિંહને ગ્રીન સિગ્નલ મળતાં આતંકવાદીઓ માટે અચાનક આશ્ચર્યનો એટમબોમ્બ ફૂટવાનો હતો...



૨૧

કાશ્મીરનું વાતાવરણ ઓચિંતું બદલાયું હતું. નવા રાજ્યપાલે આવીને કડક પગલાં લઈ આતંકવાદીઓની તાકાતનું કચુંબર કરી નાખ્યું હતું. મનફાવતી જોહુકમી કરતાં આ પાક પ્રેરિત પરિબળો અને રાજકીય પક્ષોની મનની મુરાદ મનમાં જ રહી ગઈ હતી. સતત લાંબા ગાળાના કરફ્યુથી તેમની હેરાફેરી મુશ્કેલ બની હતી. તે દરમ્યાન આતંકવાદીઓની બાતમી મેળવીને તેમનાં રહેઠાણનાં સ્થળોમાં છાપાઓ મારીને સુરક્ષા દળોએ અસંખ્ય ઉગ્રવાદીઓની ધરપકડો કરી હતી. કેટલાક ખૂંખાર આતંકવાદીઓ સુરક્ષાદળોના જવાનો સાથેની મૂઠભેડમાં માર્યા ગયા હતા. સરહદી જાપ્તો જડબેસલાક થવાથી સામે પારથી આવતા ઘૂસણખોરો ગભરાઈને અટકી ગયા હતા. કેટલાક તો રાતવરત ઘૂસવાનો પ્રયત્ન કરતાં શસ્ત્રો સાથે પકડાતા હતા. ભાગવાનો પ્રયત્ન કરતાં લશ્કરના સૈનિકોના હાથે ઠાર થતા હતા. વિશ્વના ફલક ઉપર પણ કાશ્મીરમાં ભાંગફોડ કરવાની પાકિસ્તાનની નીતિ ખુલ્લી પડી ગઈ હતી. ભારતના વડા પ્રધાને પાકિસ્તાન તેની પ્રવૃત્તિ નહીં અટકાવે તો યુદ્ધની ધમકી આપી હતી. યુદ્ધમાં ભારત સામે ટકી રહેવાનું પાકિસ્તાનનું ગજું નહીં હોવાથી જ તેમ ઘૂસણખોરો દ્વારા ભારત વિરુદ્ધ લોકમત ઊભો કરી કાશ્મીરને ભારતથી અલગ પાડી આઝાદ કાશ્મીરની જેમ પોતાના પંજામાં જકડી લેવાની વ્યૂહનીતિ અપનાવી હતી. જે લગભગ નિષ્ફળ નીવડી હતી. છતાં પણ ખીણ પ્રદેશમાં ઊંડાણવાળા સુરક્ષિત અને અજ્ઞાત સ્થળોમાં છૂપાયેલા આતંકવાદીઓ લાગ મળ્યે હિંસા અને ભાંગફોડની પ્રવૃત્તિ કરતા હતા. છતાં છિન્નભિન્ન થયેલા શ્રીનગર શહેરનું જાહેરજીવન સૈન્યના કડક સુરક્ષા બંદોબસ્તથી થવા માંડ્યું હતું.

કાતીલ ઠંડીનો સમયગાળો પૂરો થતાં પહાડી પ્રદેશમાં જામેલો બરફ ઓગળવાની શરૂઆત થઈ હતી. ભીમસિંહ અને શેખ બશીરે તૈયાર કરેલો વિજયમુક્તિ પ્લાન ત્રણેક માસ વિલંબમાં પડ્યો હતો. તે દરમ્યાન શેખ બશીરે સુમનના વડોદરાના સરનામે ટેલિગ્રામ કરીને વિજયનો પત્તો મળવાના સમાચાર મોકલાવ્યા હતા. અનંતરાય ટેલિગ્રામ વાંચીને આનંદ પામ્યા હતા. સુમનની દુઃખી જિંદગીમાં આ સમાચારથી સુખનો સૂરજ ઉગવાની આશા બંધાઈ હતી. તેઓ વળતા દિવસે જ સુમનને આ સમાચાર આપવા દિલ્હી પહોંચી ગયા હતા અને એ દિવસોમાં જ શ્રીનગરથી જમ્મુ વચ્ચેના પહાડી પ્રદેશોમાં આવેલા નાનકડા ગામમાં લાજુએ એક બાળકીને જન્મ આપ્યો હતો. કેસુડાના ફૂલ અને કેસર જેવી રંગ–સુવાસ ધરાવતી બાળકીનું નામ લાજુએ કેસર પાડ્યું હતું. શેખ બશીરે ભીમસિંહ પાસેથી આ વાત જાણી ત્યારે ઘેરી મુંઝવણમાં પડી ગયો. સુમન આ જાણશે ત્યારે ? ભીમસિંહે વિજયને આ વધામણી આપી હતી ત્યારે તે પણ દિગ્મૂઢ થઈ ગયો હતો. કુદરતે તેને કેવા વિચિત્ર સંજોગોમાં મૂકી દીધો હતો. ઘેર કોઈ જાણતું ન હતું અને પોતે બબ્બે સ્ત્રીઓનો પતિ બની ચૂક્યો હતો. લાજુની બાળકીનો બાપ બની ચૂક્યો હતો. તેના મગજમાં ઘેરો સણકો ઉઠ્યો. લાજુએ પોતાના પ્રેમથી માતૃત્વ

પ્રાપ્ત કરી લીધું તો સુમનનું શું થયું હશે ? જે સંજોગોમાં તે છૂટી પડી ત્યારબાદ શેખ બશીરે તેને વડોદરા પહોંચાડી હશે કે હજુ શ્રીનગરમાં શેખ બશીરના ઘેર જ હશે ? તેના કોઈ ખબર પૂછવાની તેની હિંમત નહોતી. સુમન સાથેના સ્નેહની વાત ભીમસિંહ જાણે તો પોતાના વિશે શું ધારશે તેની દહેશત પણ વિજયના મનને કોરી ખાતી હતી. સુમન મને ભૂલી ગઈ હશે ? હું સુમનને કેવી રીતે પુનઃ પાછી મેળવી શકીશ ? કેટલી અદમ્ય ચાહના હતી. સુમનની....કિસ્મતની કેવી સુંદર પળોમાં તેની સાથે મિલન થયું અને અભાગી પળોમાં તેનાથી છૂટા પડીને આતંકવાદીઓના દોજખમાં સબડવાનું આવ્યું તે પારાવાર મનોવ્યથા વિજયના મનમાં વલોવાયા કરી. વરસ પહેલાં ભોગવેલાં એક અઠવાડિયાનાં અનહદ આનંદ આપતાં હાર્દિક પ્રેમ અને શારીરિક સુખની યાદગીરીઓ વિજયના મનમાં વારંવાર અનેક પ્રશ્નો ઊભા કરતી હતી. તેમાં લાજુના પ્રશ્નો વધારાના ઉમેરાયા હતા. એ પહાડી કન્યાએ માથાસાટે મદદ કરી હતી. તેની હમદર્દી બંનેને પ્રેમના પાતાળકૂવામાં ખેંચી ગઈ હતી. સુમન પ્રત્યે તો પોતે પહેલી મુલાકાતથી જ અદમ્ય આકર્ષણથી ખેંચાઈને જમ્મુના બસઅડ્ડા પર મવાલીઓ સાથે મારામારીમાં સંડોવાયો હતો. ત્યારથી અત્યાર સુધીની ઘટનાનો જે સિલસિલો ચાલ્યો હતો તેનાથી પોતાની જાતને દોષ દઈને ગાળો આપવી કે ખુશનસીબ માનવી ? બબ્બે રૂપસુંદરીનો સ્નેહ પામ્યો હોવા છતાં મજબૂર બનીને બંનેથી કેટલો દૂર પહાડીઓ અને પથ્થરદિલ ગુંડાઓ વચ્ચે તેમની કામગીરી કરી રહ્યો હતો. જેટલી ઉત્કટ તમન્નાથી અહીંથી છૂટવાની પેરવીઓ કરવાની કલ્પના કરતો હતો તેમાં કંઈ ને કંઈ વિઘ્નો આવતાં હતાં. સમય લંબાતો જતો હતો. સુમનને મળીને તેને બાહુઓમાં ઝકડી નાખવાની, લાજુ પાસે દોડી જઈને તેની બાળકીનું મુખ જોવાની અદમ્ય લાલસા તેના હૈયામાં જાગતી હતી. લાજુ અને સુમન. એક વીજળીના લીસોટા જેવી જલદ અને અલ્લડ, જ્યારે બીજી ગુલાબના ફૂલ જેવી કોમળ અને ઇમોશનલ. પોતાની જિંદગીના એક મ્યાનમાં બે તલવારોનો સમાવેશ કઈ રીતે કરી શકશે ? વિજયનું મન પોતાને જ પ્રશ્ન કરતું હતું. એકવાર અહીંથી છૂટીને બંનેને મન ભરીને મળી લેવાય પછી દેખા જાયેગા. તેનું મન જવાબ આપતું હતું. લાજુ કાશ્મીરની જ છે. તેને શ્રીનગરમાં વસાવીશ. સુમનને દિલ્હી લઈ જઈ વિધિસર લગ્ન કરી ઘરમાં પ્રસ્થાપિત કરીશ. તેને જોઈને જ સૌ રાજી થઈ જશે. આટલા વિરહ પછી પોતાની પસંદગીને કુટુંબીઓ પણ સરળતાથી સ્વીકારી લેશે તેવી ખાતરી મનમાં પેદા થતી હતી. આટઆટલી આકરી કસોટીઓ પછી પણ અહીંથી છૂટીને સૌ સારાં વાનાં થશે તેમ વિજય વિચારતો હતો. પરંતુ ભાવિના ગર્ભમાં તો કંઈક જુદી જ ઘટનાઓ છુપાયેલી હતી...

***

અનંતરાયે સુમનના હાથમાં શેખ બશીરનો ટેલિગ્રામ આપ્યો ત્યારે તે જાણે હર્ષથી પાગલ બની ગઈ હતી. ઓહ નિર્દય...તારી હયાતીના સમાચાર આટલા મોડા મોકલાવ્યા...? તારી ઇંતેઝારમાં શેકાઈને મન બળી ગયું, તારા પ્રેમને અહર્નિશ જીવંત, તન-મનમાં સતત અનુભવવા છતાં, બીજા સાથે લગ્નના બંધનમાં બંધાવવું પડ્યુ... દિલ ઉપર કેટલા કારમા ઘા સહન કરતી રહી ત્યારે છેવટે તારા સમાચાર આવ્યા તો ખરા...મારા પ્રેમની આવી કપરી કસોટી વિજય ? મારે તને કેટલા સારા-માઠા સમાચારો આપવાના છે...શું તું સાંભળી શકીશ ? તારી સુમને તારાથી જુદા પડયા પછી શું શું સહન કર્યું છે તે સાંભળીને મને તારા હૈયે ચાંપી શકીશ ? હા, મને વિશ્વાસ છે. આપણા પ્રીયેશને જોયા પછી તું મારી બધી ભૂલો માફ કરી દઈશ. માત્ર તેના માટે જ. તારા પ્રેમના અંશને જાળવવા માટે જ તો મારે સધવા-વિધવાના વેશ ભજવવા પડયા છે. નહીંતર તારી જુદાઈમાં જીવવા કરતાં મેં મોતને વહાલું કર્યું હોત. તારા સમ વિજય, આજન્મ તારી પ્રતીક્ષા કરતી ઊભી હોત...તને મારા પ્રેમમાં વિશ્વાસ તો છે ને ? કિસ્મતના હાથની સોગઠી બનીને ખુલ્લા આસમાન નીચે હું નોંધારી ઊભી છું... બે હાથ પ્રસારીને... હું

આવું છું વિજય, જ્યાંથી આપણે છૂટાં પડ્યાં હતાં ત્યાં જ....કશ્મીરની ઊંડી ખીણમાં. મને હવે કોઈની બીક નથી. હું તારાથી જુદી રહીને જીવી નહીં શકું....તું એકવાર તારી અદ્દલ પ્રતિકૃતિ સમા પ્રીયેશને મન ભરીને જો તો ખરો...

હજારો વિચારોના આવાગમને સુમનના હૈયા પર દબાણ વધારી દીધું હતું. હાથમાં ટેલિગ્રામ પકડીને ઊભેલી સુમનનું મન સેંકડો માઈલ દૂર ચાલ્યું ગયું. તેની આંખોમાંથી અશ્રુ વહી રહ્યાં...વધારે વિચારોનો ભાર તે સહન કરી શકી નહીં. હૃદય ઉપર જાણે હજારો શિલાઓનું વજન ખડકાતું લાગ્યું. અસહ્ય ગભરામણથી ચીસ નાંખીને સુમન ઓરડામાં ફસડાઈ પડી.

આનંદ અને ઊર્મિના સાગરમાં ડૂબેલી સુમનને અચાનક પડી ગયેલી જોતાં અનંતરાય ગભરાઈ ગયા.

'સુમન...બેટા સુમન શું થયું તને ?' અનંતરાયે તેને બેઠી કરી પોતાનો ટેકો આપતાં તેના આંસુભર્યા ગાલ થપથપાવ્યા.

'અરે, પુષ્પા, જલ્દી પાણી લાવ તો...જો સુમનને શું થઈ ગયું ?...' તેમણે મોટેથી બૂમ પાડી. બીજા ઓરડામાં ઘરકામ કરતી પુષ્પા દોડીને પાણીનો ગ્લાસ લાવી. અનંતરાયે ત્રણચાર વાર સુમનના ચહેરા પર પાણીનો છંટકાવ કર્યો. પુષ્પાએ ડૉક્ટરને ફોન કર્યો. બંનેએ ભેગા મળીને સુમનને પલંગ ઉપર સુવડાવી. થોડીક વારમાં જ ડૉક્ટરે આવી તપાસ કરી ઇંજેક્શન આપ્યું. 'ઇટ વૉઝ હાર્ટઍટેક' ડૉક્ટર બબડ્યા.

'ડૉક્ટર સાહેબ, સુમન જલદી સારી થઈ જશે ને ?' અનંતરાયે પૂછ્યું.

'ચિંતાની કોઈ વાત નથી કાકા, ઓચિંતા કોઈ સમાચારથી તેના હાર્ટ ઉપર અસર થઈ છે. તેને હમણાં આરામ કરવા દેજો. હું દવા આપતો જાઉં છું તે કાળજીથી તેને આપતા રહેશો. એકાદ કલાકમાં તે ભાનમાં આવી જશે. તેને દુઃખ કે હર્ષ થાય તેવા સમાચાર ઓચિંતા આપશો નહીં...' કહેતાં ડૉક્ટર પોતાની બેગ બંધ કરી વિદાય થયા.

પારણામાં ઉછળકૂદ કરતા પ્રિયેશને તેડીને અનંતરાય રમાડવા લાગ્યા. તેમની આંખો પ્રીયેશને રમાડતાં ભીની થઈ ગઈ અને હૈયું પણ ભરાઈ આવ્યું. પ્રેમની એક ભૂલ સુમન માટે અમૂલ્ય ભેટ હતી. હવે જેમ બને તેમ બે ઘાયલ મનનાં પારેવાનું જલદી મિલન થાય. વિજય, પ્રીયેશ સહિત સુમનનો ઉમળકાથી સ્વીકાર કરી પોતાના ઘેર લઈ જાય તો પછી શાંતિ જ શાંતિ. જન્મ પામીને આ છોકરીએ કોઈ લાંબું સુખ મેળવ્યું નથી. સુખ અને સુમનને જાણે કે કોઈ લેણદેણ જ નથી. ભગવાન હવે એને સુખ આપીને પાછું ના લઈ લે તો પોતાની પાછલી જિંદગી સુધરી જાય. કમળાને લઈને પોતે હરદ્વાર ચાલ્યા જાય. કમળા પણ હવે સુમનની હાલત જોઈને પસ્તાતી હતી. ગંગાના પવિત્ર સાંનિધ્યમાં જિંદગીના છેલ્લા દિવસો પસાર થાય તો જીવતર સુધરી જાય. પ્રભુ, તેં અમને સંતાન સુખ ન આપ્યું તો કંઈ નહીં પણ સુમન ઉપર મેં સગી દીકરી જેવો જ ભાવ રાખ્યો હોય તો તેને હવે સુખી કરજે એટલું જ માગું છું. એવા વિચારમાં પડેલા અનંતરાયના કાને સુમનનો અવાજ સંભળાયો.

'કાકા...પુષ્પા...ક્યાં ગયાં બધાં ?'

અનંતરાય પ્રિયેશને તેડીને જ ઝડપથી સુમન પાસે ગયા.

'જાગી ગઈ બેટા...? જુઓ મુન્ને રાજા...મમ્મી જાગી ગઈ છે...'

કહેતાં તેમણે પલંગમાં બેસીને સુમનના માથે હાથ ફેરવ્યો.

'ઓહ, મને ઓચિંતું શું થઈ ગયું ? મારા શરીરમાં અશક્તિ જેવું કેમ લાગે છે ? આ બાવડામાં પણ દુઃખે છે...' સુમને પૂછ્યું.

'જો બેટા સુમન, હવે બહુ વિચારો કર્યા કરીને તબિયત નહીં બગાડવાની. વિજયના સારા

સમાચાર આવ્યા છે. તેનો પત્તો મળ્યો છે. તે થોડા સમયમાં અહીં જરૂરથી તને જોવા માટે આવશે. તું અત્યંત લાગણીશીલ બનીને બેહોશ થઈ ગઈ હતી. ડૉક્ટરે ઇંજેક્શન આપ્યું છે. હમણાં થોડા દિવસ તારે આરામ કરવો પડશે. તું તારું મન અને શરીર સ્વસ્થ અને તંદુરસ્ત બનાવ. તને જોઈને વિજયને આનંદ થવો જોઈએ. તને માંદી અને બીમાર જોઈને તો તે વધારે દુ:ખી થશે...' અનંતરાય બોલ્યા.

'ના કાકા...હવે મારે આરામ કરવો નથી. હું શેખ બશીર પાસે શ્રીનગર પહોંચી જવા માગું છું. વિજય અહીં આવે ત્યાં સુધી ધીરજ રાખવાનો મારી પાસે સમય નથી...તમે સામાન તૈયાર કરાવો. આપણે પ્રીયેશને લઈને આજે જ શ્રીનગર જવું છે...' સુમને બેઠી થવાનો પ્રયત્ન કરતાં કહ્યું. અનંતરાયે તેને અટકાવી.

'સુમન, હું તારી લાગણી સમજતો નથી એવું તું માને છે ? હું ખુદ તને વિજય પાસે લઈ જઈશ. પરંતુ અત્યારની તારી હાલત અને કાશ્મીરની પરિસ્થિતિ બંને ખરાબ છે. આપણે કોઈ ખોટી ઉતાવળ કરીને ઉપાધિમાં પડવાની જરૂર નથી. જેનું છેવટે સારું તેનું સઘળું સારું થશે. આપણે જરૂર શ્રીનગર જઈશું...પહેલાં તું સારી-સાજી થઈ જા. ત્યાં જઈને શેખ બશીર કે વિજય ઉપર બોજ પડવા જેવું થાય એ શું તને ગમશે ? તું હવે થોડીક ધીરજ રાખ. તારી કસોટીઓનો સમય પૂરો થયો છે સુમન...'

અનંતરાયની વાત સાંભળીને થોડીવાર વિચારમાં પડી સુમન. પછી ક્ષીણ સાદે બોલી,

'હા, કાકા...તમારી વાત તો સાચી છે. મને બીમાર જોઈને તો વિજયને દુ:ખ જ થશે. તે મારા ચહેરા ઉપર ગ્લાનિ કે આંખોમાં આંસુ જોઈ શકતો નહોતો. તે કહેતો...સુમન તારી આંખોમાં આંસુ આવે તે મને ગમતું નથી...પરંતુ...'

પુષ્પા રૂમમાં આવી અને બોલી,

'ચાલો હવે જમવાનું તૈયાર થઈ ગયું છે. લાવો પ્રિયેશને દૂધ આપવાનો સમય પણ થઈ ગયો છે.....'

'હા...હા...ચાલો બધાં જમી લઈએ.' કહેતાં અનંતરાય પણ ઊભા થયા. તેમણે પ્રીયેશને પુષ્પાના હાથમાં આપ્યો અને સુમનનો હાથ પકડી ડાઈનિંગ ટેબલ તરફ દોરી ગયા. તેમણે આગ્રહ કરીને સુમનને થોડુંક ખવડાવ્યું. સુમનની તો જાણે વિજયના સમાચાર મળવાથી જ ભૂખ ભાગી ગઈ હતી !



૨૨

શેખ બશીર તેમ જ ભીમસિંહે વધારે સમય મળતાં પ્લાન કરી નાખ્યો હતો. ત્રાસવાદી સરદારે દસ કરોડ મળવાની ખાતરી થવાથી વિજયને છોડવાની તૈયારી બતાવી હતી. છતાં તેણે રૂપિયા ન મળે ત્યાં સુધી જાપ્તો મજબૂત બનાવ્યો હતો. જો કોઈ પણ જાતના દગાની ગંધ આવે તો વિજયને ફૂંકી મારવાની ચેતવણી દરેક સાથીને આપી દીધી હતી. ખાતરીલાયક અને વિશ્વાસુ એવા સાત માણસોને ભીમસિંહે ગેંગમાંથી ફોડ્યા હતા. તેઓ પણ આ ત્રાસવાદી પ્રવૃત્તિ તંગ આવી ગયા હતા. સાથ આપવાના બદલામાં તેમને એટલા રૂપિયા આપવાનું ભીમસિંહે કબૂલ્યું હતું કે તેમની બાકીની જિંદગી સુધરી જાય. છૂપા અડ્ડાના અંદરના ભાગની જવાબદારી ભીમસિંહે ઉઠાવી હતી. ખીણના છૂપા રસ્તેથી મુખ્યમાર્ગ સુધી વિજયને સહીસલામત પહોંચાડીને શેખ બશીરના હાથમાં સોંપવાનો હતો. શેખ બશીરે કાશ્મીરના રાજ્યપાલને મળીને આખી યોજના સમજાવી હતી. આતંકવાદને કાશ્મીરમાંથી નેસ્ત નાબૂદ કરવાની ઉગ્ર મુરાદ ધરાવતા રાજ્યપાલે સશસ્ત્ર સુરક્ષા દળોની બે બટાલિયનો અને ડઝનેક અફસરોનો કાફલો શેખ બશીરની મદદમાં ફાળવ્યો હતો. લશ્કરી ગાડીઓના બદલે બંધ બોડીની ટ્રાન્સપોર્ટ ટ્રકોમાં કાશ્મીરી દેહાતીઓના વેશમાં બધાએ લક્ષ્યસ્થાને પહોંચવાનું હતું.

અલબત્ત એ દેહાતીઓના પહોળા પઠાણી પહેરવેશ નીચે ઓટોમેટિક મશીનગનો છૂપાવેલી તૈયાર હતી અને માલસામાનના બોક્સમાં બોમ્બ અને અન્ય ભયંકર શસ્ત્રો કાશ્મીરની ખૂબસુરત ખીણોમાં ભયનો આતંક ફેલાવનાર કુકર્મી ત્રાસવાદીઓને સફાયો કરવા માટે તૈયાર કરીને ખડકાયાં હતાં...

શ્રીનગર રાત્રી અને કરફ્યુના અંચળા નીચે ઘેરાઈને સૂઈ રહ્યું હતું ત્યારે અડધા અડધા કલાકના અંતરે ત્રણ ટ્રકો નીકળી જેમાં દરેક ગોઠવણી મુજબના રક્ષકદળના ચુનંદા સૈનિકો અને અધિકારીઓ છુપાવેશમાં બેઠેલા હતા. શ્રીનગર અને જમ્મુ વચ્ચે સ્થાપેલાં ચેક-પોસ્ટ પર માત્ર એક કલાક પહેલાં પાઠવેલા વાયરલેસ મુજબ શેખ બશીરની મર્સીડીઝ અને આ ટ્રકોને રોકયા વગર જવા દેવાઈ હતી. ત્રણેક કલાકમાં નિર્ધારિત સ્થળોએ આવીને ટ્રકો છોડી દઈ સૌ પોતપોતાના શસ્ત્રસરંજામ સાથે દબાતે પગલે છતાં સાવચેતીભરી ઝડપથી લક્ષ્યને ભેદવા ઉપડ્યા હતા. શેખ બશીરની કાર પણ ત્યાં જ છોડી દઈ સૌ નીકળી પડ્યા હતા. ભીમસિંહ સૌથી આગળ હતો. તેની સાથે હતો શેખ બશીર. તેના હાથમાં એક મોટી કાળી બેગ હતી. જે વિજયના છૂટકારા માટેની રકમ તરીકે સરદારના હાથમાં સોંપવાની હતી. રાત્રીના જંગલી નિશાચર જીવજંતુઓના અવાજ સિવાય વાતાવરણમાં ઘેરો સન્નાટો છવાયેલો હતો. આડી-અવળી પગદંડીઓ દ્વારા પર્વતીય પ્રદેશ પસાર કરીને ટુકડીઓ છૂપા અડ્ડાના અગ્રભાગે આવેલા નાનકડા મેદાન સુધી પહોંચી ગઈ. મેદાન નજીકની મોટી શિલાઓ ખડકો અને વૃક્ષોનાં મોટાં થડના ઘેરાવ પાછળ કેળવાયેલા કમાન્ડો ચૂપકીદીથી ગોઠવાઈ ગયા હતા. રાત્રીના ચોકીદાર

ત્રાસવાદીઓને ટૂકડીમાંના ભીમસિંહે ફોડેલા ે સાથીઓએ શરાબના નશામાં ડુબાડી દીધા હતા. જેઓ ચોકી કરવાને બદલે બેહોશીમાં ઢળી પડ્યા હતા. જેથી છેક સુધી આવવામાં કોઈ તકલીફ પડી નહોતી. ત્રાસવાદી ગુંડાઓ પણ મદિરા અને માંસની મહેફિલ માણીને ઠંડી રાતના વાતાવરણમાં ગરમ ધાબળાઓ નીચે નચિંત થઈને નસકોરાં બોલાવતા હતા. કાશ્મીરની તોફાની પરિસ્થિતિ પર કાબૂ મેળવવા શ્રીનગર પર વધેલી લશ્કરી ધોંસના હિસાબે વિજયને છોડાવવાનો અને તેના બાનની રકમ લાવવાનો નક્કી કરેલો દિવસ વીતી ગયો હતો, પરંતુ પોતે ગમે તે સમયે લાગ મળતાં શેખ બશીરને સાથે લઈને રૂપિયા દસ કરોડ સાથે આવી પહોંચશે તેવો સધિયારો ભીમસિંહે ત્રાસવાદી સરદારને આપ્યો હતો. ભીમસિંહની તાકાત, વફાદારી અને કાર્યવાહીથી સંતુષ્ઠ થયેલા સરદારે ગમે ત્યારે દસ કરોડ મળવાની લાલચમાં સંમતિ આપી હતી. આ પ્લાન ગોઠવાયા પછી તેણે વિજયની ઓરડીની ચાવી પોતાની પાસે જ રાખવા માંડી હતી. હમણાં બધું કામકાજ ઠપ્પ હતું. બે ટાઇમ ખોરાક આપવાના સમય સિવાય વિજયની કેદકોટડીનો દરવાજો ખૂલતો ન હતો. આથી જ રાત્રે સરદારને જગાડીને તેની પાસેથી ચાવી લઈ વિજયને છોડાવવો તે આવશ્યક બાબત હતી. નહીંતર આખી ટોળકીને ઊંઘમાં ફૂંકી મારવા પૂરતી તૈયારી ભીમસિંહે કરી લીધી હતી. વિજયનો જીવ બચાવવો અને બની શકે તો ત્રાસવાદી સરદારને જીવતો પકડી લેવાની વ્યૂહરચના પોલીસ–લશ્કરી અફસરોએ વિચારી હતી. જેથી ત્રાસવાદીઓની સમગ્ર પ્રદેશમાં છવાયેલી ચૅનલ ભેદવા માટે ઉપયોગી બાતમી ત્રાસવાદી સરદાર પાસેથી મેળવી શકાય. સૌએ પોતાની પોઝિશન સંભાળી લીધા પછી ભીમસિંહ અને શેખ બશીર મેદાનમાં પ્રવેશ્યા. બેહોશ ચોકીદારની જગ્યાએ મૂકેલા ભીમસિંહના સાથીઓ તેમની સામે આવ્યા. નક્કી કરેલા પ્લાન મુજબ તેમણે શેખ બશીર સામે બંદુક તાકીને ત્યાં જ ઊભો રાખ્યો. ભીમસિંહે સરદારની ઓરડીમાં જઈ તેને હચમચાવીને જગાડવો પડ્યો કારણ કે તે પણ નશામાં ડૂબેલો હતો. ‘ક્યા હૈ...ઇતની રાતકો ?’ તેણે લથડતા અવાજે પૂછ્યું.

‘સરદાર ઊઠ જાઈએ, વો શેખ કો મૈં રૂપયૈકે સાથ લેકે આયા હું...’ ભીમસિંહનો બોલવાનો અવાજ સાંભળી સરદાર સફાળો બેઠો થઈ ગયો.

‘દેખો અપને સબ આદમીયોંકો જગાઓ કહીં વો સાલ્લા ભાગ ન જાયે...’

‘અપને આદમીયોંને ઉનકો ઘેર રખ્ખા હૈ...વો કહેતા હૈ પહેલે વિજય કો મેરે સામને લાઓ, ફિર મેં રૂપયોંકી બેગ દૂંગા...આપ ચાબી લાઈએ, મેં વો કુત્તેકો બહાર લાતા હું અ ૌર આપ નીચે જાઈએ...અ ૌર વો શેખસે બાત કિજીએ...’ ભીમસિંહે કહ્યું.

‘ઠીક હૈ...યે લો ચાબી...’ કહેતાં સરદારે પાસે પડેલા જાકીટના ગજવામાંથી ચાવી કાઢીને ભીમસિંહને આપી અને પોતાના બદન પર ગરમ જાકીટ ચઢાવી દીધું. પાંચ કરોડની વાતથી તેની આંખોમાં ચમક આવી હતી. વિજયને જીવતો રાખવાનું ડહાપણ દાખવવા બદલ તેને પોતાની બુદ્ધિ ઉપર ગર્વ થયો હતો.

‘ભીમસિંહ, ઉસ પઠ્ઠેકો સમાલકે લેકે આઓ, ખયાલ રખના કોઈ ચાલાકી ન કર બૈઠે...’

‘હમારે સામને ચાલાકી કરેગા તો યે કિસ લિયે હૈ ?’ કહેતાં ભીંમસિંહે ખિસ્સામાંથી રિવોલ્વર કાઢીને બતાવી.

‘હંહં...ઉસે અભી ચલાના નહીં હૈ, મૈંને જો ગલતી કી હૈ વો તુમ મત કર બૈઠના. આખિર દસ કરોડ કા માલ હૈ સમજે ? યહ દસકરોડ કા બઢિયા અંડા દેનેવાલી મુરઘી ફિર કભી ભી કામ આ સકતી હૈ સમજે ? ઉસે ઠીક સે નીચે લે આઓ...’ સરદારે ભીમસિંહને આદેશ કર્યો અને હાથમાં મશીનગન સાથે તે બહાર નીકળ્યો.

ભીમસિંહ મનમાં જ દાંત કચકચાવીને વિજયને બહાર લાવવા ચાલ્યો. દસ કરોડ લેવા છે બદમાશને...અને હજુ તેની ખોરી દાનત પૂરી થઈ નથી. હરામનો માલ આજે એક સામટો ભારે

પડવાનો છે બેટાને...તે મનમાં જ બબડ્યો.

સરદારે મેદાનમાં આવીને અંધારામાં આંખો ખેંચીને જોયું. ચારેક ચોકિયાતો એક આદમીને ઘેરીને ઊભા હતા.

'આઈએ આઈએ શેખ સાહબ...અપને દોસ્તકો લેનેકો આયે હૈ ? પૂરી રકમ તો લાયે હૈ ના ?' તેણે અટ્ટહાસ્ય કરતાં પૂછ્યું.

'યે રહે પૂરે દસ કરોડ. શેખ બશીર અપને દોસ્તકે લીયે અપની સારી દૌલત તો ક્યા જાન ભી દે સકતા હૈ લેકિન, પહેલે મેરે દોસ્ત કો મેરે હાથમેં સોંપ દો, ફિર યે રકમ તુમ્હારી હૈ...' શેખ બશીરે બેગ બતાવતાં કહ્યું.

'બહોત ખૂબ શેખ સાહેબ. તુમ્હારી દોસ્તી કી કદર કરતા હું...આપકી દૌલત અૌર જાન યે દસ કરોડ કે અલાવા સલામત રખિયે. ફિર કભી કામ આયેગી. સરદાર વચન કા પક્કા હૈ. વર્ના યહાં હમારી હકૂમત હૈ.' સરદારે અટ્ટહાસ્ય કરતાં કહ્યું. 'હમેં આપકી જાન કી કોઈ જરૂરત નહીં હૈ...આપકે દોસ્તને હમેં બહોત પરેશાન કિયા હૈ લેકિન આપકી દોસ્તી કે દાવે સે હમ ઇસે છોડ દેતે હૈ. ઇસે કહના ગુપચુપ ઘર ચલા જાયે. આઈન્દા કિસી ગૈરકામમેં દખલઅંદાઝી ન કરે.'

ભીમસિંહે જઈને વિજયની ઓરડીનું તાળું ખોલીને ફેંકી દીધું. દરવાજો ખૂલતાં બહાર આવીને વિજય ભીમસિંહને ભેટવા જતો હતો, પણ તેને ભીમસિંહે અટકાવ્યો. 'સાવધાન વિજય... હમણાં તું અમારો કેદી છે, મારે તે રીતે જ તને નીચે લઈ જવો પડશે. શેખ બશીર પાસે જઈને તારે મારો ઇશારો થતાં જ મેદાન બહાર ભાગીને સામેની ઝાડીઓમાં દોડી જવાનું છે. શેખ બશીર અને બીજા રક્ષકો તને લઈને શ્રીનગર પહોંચી જશે.'

'નહીં ભીમસિંહ...હું તને છોડીને નહીં જાઉં. કદાચ કોઈ શંકા પડતાં એ લોકો મારે બદલે તને ખતમ કરી નાખે...' વિજયે કહ્યું.

'અત્યારે હું કહું તેમ તારે કરવાનું છે. કોઈ લાગણીવેડાનો આ સમય નથી. અમે પૂરી તૈયારી સાથે આવ્યા છીએ. તમે મેદાન છોડીને બહાર નીકળશો કે તરત જ અમે બોમ્બમારાથી આખો અડ્ડો ઉડાવી દેવાના છીએ. હું પછી આવીને તમને મળું છું. કદાચ હું ન આવી શકું તો લાજુ અને કેસરને સુખી કરજો.' કહેતાં ભીમસિંહની આંખો ભીની થઈ ગઈ. 'ચાલો જલ્દી કરો.' તેણે પિસ્તોલની નળી વિજયની પીઠ પાછળ ધરી હતી. તેને આગળ કરીને ભીમસિંહ મેદાનમાં સરદાર અને શેખ બશીર સમક્ષ લઈ આવ્યો.

'આપ બેગ લે લિજીએ સરદાર. મૈં ઇસકો છોડ દેતા હું...' ભીમસિંહે સરદાર પાસે આવીને કહ્યું. શેખ બશીરે આગળ વધીને બેગ સરદારના હાથમાં આપી અને વિજયનો હાથ પકડી તેને ખેંચીને હૈયે લગાવી દીધો.

'ભીમસિંહ, ટોર્ચ જલાઓ. મેં બેગ ખોલકે દેખ લેતા હું...' સરદારે તેમ કહેતાં ભીમસિંહ ચમક્યો ! 'મેરે પાસ ટોર્ચ નહીં હૈ મેં ઉસ કેદકોટડી મેં ભૂલ ગયા...આપ ચિંતા મત કિજીએ મેં બેગ ચેક કરકે લાયા હું. રૂપયે પૂરે દસ કરોડ હૈ.'

'ઠીક હૈ, મેં ઉપર જાકે બેગ દેખતા હું...મેં ઉપરસે આવાજ દુંગા તબ યે લોગકો જાને દેના...ચોકીદાર સે કહના અપની સરહદ તક ઉનકો છોડકે આયે તાકિ યે લોગ કોઈ ચાલાકી કર ના સકે. અગર કોઈ ચાલાકી કરે તો સાલ્લોંકો જિન્દા જલા દેના...' કહીને તેણે અદમ્ય આવેગથી વજનદાર બેગ છાતી સાથે ઝકડી હતી અને ઝડપથી પોતાની ઓરડીમાં ગયો. તે દરમ્યાન જ ભીમસિંહનો ઇશારો થતાં વિજય અને શેખ બશીર દોડીને મેદાનની સામેની ઝાડીઓ તરફ ભાગ્યા હતા. તેમને આવતા જોતાં જ છુપાયેલા કમાન્ડો અને અફસરો સાવધ થઈ ગયા. દસબાર જણા તેમને કવર કરીને રોડ પર રોકેલી ટ્રકો તરફ દોડ્યા અને બાકીના

પોતાના મશીનગનોનાં નિશાન નોંધીને આક્રમણ માટે તૈયાર થઈ ગયા. પરંતુ વાતચીતના અવાજો અને દોડાદોડીની ચહલપહલથી સૂતેલા કેટલાક ગુંડાઓ બેહોશીમાંથી જાગી ઉઠ્યા હતા. તેમની સમજમાં કંઈ વાત આવે તે પહેલાં તો સરદારની ઓરડીમાંથી કોઈ વિસ્ફોટનો અવાજ આવ્યો. વિસ્ફોટનો આ અવાજ લડાઈની શરૂઆતના શંખધ્વનિ સમો સાબિત થયો. ઊંઘતા ત્રાસવાદીઓ પણ ધડાકાથી જાગી ઉઠ્યા. સૌ પોતપોતાનાં શસ્ત્રો સંભાળે તે પહેલાં ભીમસિંહ અને તેના સાથીઓએ ફાયરિંગ શરૂ કરીને ગોળીઓની રમઝટથી એક પછી એકને ધરતી ઉપર ઢાળવા માંડ્યા.

શેખ બશીરે લાવેલી બેગમાં બોમ્બ ગોઠવવામાં આવ્યો હતો. બેગની સ્વિચો દબાવતાં ઢાંકણ ખૂલવા સાથે તે ફાટ્યો હતો. પરંતુ સરદારે છઠ્ઠી ઇન્દ્રિયની અગમ્ય પ્રેરણાથી બેગનો ખૂણામાં ઘા કરી દીધો. સમગ્ર ઓરડો ધુમાડાના ગોટાથી ભરાઈ ગયો. ઊડેલા પથ્થરો સરદારને માથામાં અને શરીરના અન્ય ભાગોમાં વાગ્યા હતા. તે ભયાનક વેગથી દોડીને બહાર નીકળ્યો. માથામાંથી દદડતું લોહી તેના ચહેરા પર રેલાતું હતું. ત્યાં તો બહારથી એક સામટા ગોળીબારના અવાજો તેના કાનના પડદા તોડી નાખતા હોય તેમ સંભળાયા હતા. તેણે સાવચેતીથી એક ખડકની આડશ લઈ લીધી. ધુમાડાના ગોટા વચ્ચે તેણે પોતાના ઢળી પડેલા સાથીઓની લોહીલુહાણ લાશો જોઈ. 'ગદ્દારી' તેણે દાંત કચકચાવીને માથું ધુણાવ્યું. કોણ છે ગદ્દાર ? તે વધુ વિચારે તે પહેલાં ડઝનબંધ અજાણ્યા લાગતાં લોકોને મશીનગનો સાથે ધસી આવતા જોયા. તેમને ભીમસિંહ દિશાસૂચન કરતો હતો. તેને સૂચવ્યા પ્રમાણે કેટલાક શસ્ત્રાગાર-દારૂગોળો ભરેલી જગ્યા તરફ દોડતા હતા. કેટલાક સૂતેલા-અર્ધજાગ્રત સાથીઓને કેદ પકડતા હતા. શસ્ત્રો સાથે સામા થતાઓને મશીનગનની ધણધણાટીથી શાંત કરી દેવાતા હતા. શું પોલીસ કે લશ્કર અહીં અડ્ડા સુધી આવી પહોંચ્યું હતું ? બાન છૂટી ગયું, રૂપિયા ના મળ્યા. અડ્ડો નકામો થયો. આવું અસહ્ય નુકસાન, આટલી મોટી બરબાદી કોના લીધે ? ભીમસિંહ ભીમસિંહ...તેની આંખોમાં લોહી ધસી આવ્યું. તેણે જીવ બચાવવા ભાગી છૂટવાનું નક્કી કર્યું. પાછળના છૂપા માર્ગથી બીજી બાજુની ખીણમાં ઊતરી શકાતું હતું. તેનાથી થોડે દૂર એક મૃત સાથીદારના શબ પાસે ઓટોમેટિક મશીનગન પડેલી જોઈ. તેણે નજીક જઈને બેઠા બેઠા જ હાથ લંબાવી તેને ઉપાડી.

'ભીમસિંહ...કુત્તા ! મારી સાથે આવી ભયંકર ગદ્દારી ?'

મશીનગનની નળી નોંધીને તેણે આખી સ્ટિક ભીમસિંહના પડછંદ દેહમાં ધરબી દીધી હતી.

'ર ટ્ ટ્ ટ્....!' મશીનગનનો કર્કશ અવાજ થોડીક ક્ષણો રણક્યો. ભીમસિંહનું શરીર ચાળણીની જેમ વિંધાઈને નીચે પડ્યું. કોઈની નજર પડે તે પહેલાં ઘવાયેલો પાશવી ત્રાસવાદી સરદાર અંધારામાં છુપાઈને ખીણનાં જંગલોમાં અથડાતો પછડાતો ભાગી છૂટ્યો અને આ બાજુ વિજયને છોડાવ્યાના સંતોષ સાથે વિચ્છિન્ન થયેલા શરીરમાંથી ભીમસિંહનો આખરી શ્વાસ નીકળી ગયો.

***

કાશ્મીરી ત્રાસવાદીઓના કબજા હેઠળનો, જંગલનો ખીણ અને પર્વતીય વિસ્તાર છોડીને શેખ બશીર, વિજય, દસેક સુરક્ષા ગાર્ડો અને એક પોલીસ ઇન્સ્પેક્ટર રોડ ઉપર પાર્ક કરેલી ટ્રકો પાસે આવી પહોંચ્યા. તેમની પાછળથી દૂર દૂર બોમ્બ ધડાકા ગોળીબારના અવાજો સંભળાતા હતા. ટ્રકમાં બેઠેલા સતર્ક ટ્રક ડ્રાઇવરોને પોલીસ ઓફિસરે ઇશારો કરતાં તેણે ટ્રક સ્ટાર્ટ કરી. ચાર સુરક્ષા ગાર્ડો સાથે વિજય અને શેખ બશીરને ઇન્સપેક્ટરે ટ્રકની આગળની કેબિનમાં મિલિટરી જાપ્તામાં જ બેસાડ્યા હતા. શેખ બશીરની મર્સીડીઝ ત્યાં જ પડી રહેવા

દેવાની હતી. એક લશ્કરી જીપમાં મિલિટરી કમાન્ડો સાથે પોલીસ મોબાઇલને ટ્રકની આગળ અને એકને ટ્રકની પાછળ રહીને અનુસરવાનું જણાવી, પોતે ટ્રકની આગળ થયો હતો. વહેલી પરોઢની શાંતિમાં ત્રણેય વાહનો ઝડપી ગતિથી શ્રીનગર તરફ આગળ વધી રહ્યાં હતાં. વિજયને ભીમસિંહની ચિંતા સતાવતી હતી. જાનના જોખમે તેણે દાખવેલા સાહસની કિંમત ક્યારેય ચૂકવી નહીં શકાય તેમ લાગતું હતું. તેણે શેખ બશીરને લાજુ અને ભીમસિંહના પોતાની સાથેના સંબંધોની વાત ટૂંકમાં કહેતાં શેખ બશીર આશ્ચર્ય પામ્યો હતો. સુમનને વડોદરા ટ્રંકકોલ કરીને જાણ કરી હોવાના સમાચાર તેણે વિજયને જણાવ્યા હતા. સુમન કાશ્મીર આવે તે પહેલાં લાજુ સાથેના સંબંધોની વાત તેને કઈ રીતે કરવી ? શું સુમન આવા સંબંધો સ્વીકારે ખરી ? બંને મિત્રો મોટી ગડમથલ અનુભવી રહ્યા હતા.

ત્રાસવાદીઓની એક ટોળી નેસ્તનાબૂદ થઈ જવાથી કાશ્મીરના ત્રાસવાદનો અંત આવવાનો નહોતો. આ સંજોગોમાં વિજયનું શ્રીનગરમાં રહેવું કે સુમનનું ત્યાં પાછા આવવું સલામત નહોતું. પોલીસ અધિક્ષકે પણ શેખ બશીરને સૂચના આપી હતી કે વિજયને તેના દિલ્હીના નિવાસસ્થાને જેમ બને તેમ જલદીથી પહોંચાડી દેવો. સવાર પડતાં સર્વે શેખ બશીરના નિવાસસ્થાને પહોંચી ગયા હતા. વિજયને જોઈને શેખના ઘરનાં સૌ અનહદ ખુશ થઈ ગયાં. પોલીસ અધિક્ષકે કમિશનરને ટેલિફોન કરીને ફતેહના સમાચાર આપ્યા કે ત્રાસવાદીઓના બાનમાંથી તેઓ વિજયને સહીસલામત છોડાવી લાવ્યા છે. બાકીની લશ્કરી ટુકડીઓએ ત્રાસવાદી અડ્ડા ઉપર આક્રમણ કર્યું છે. થોડા સમયમાં તેઓ પણ આવી પહોંચશે. કમિશનરે તેને અભિનંદન આપ્યા અને શેખ બશીરને વિજયને દિલ્હી મોકલી દેવા બંદોબસ્ત કરવા સૂચવી દીધું. આમેય શ્રીનગરનું વાતાવરણ સ્ફોટક બન્યા બાદ મોટાભાગની હિંદુ વસ્તી દિલ્હી તેમજ અન્યત્ર સુરક્ષિત સ્થળોએ ઘરબાર છોડીને હિજરત કરી ગઈ હતી. જમ્મુ-કાશ્મીરના દેશપ્રેમી લોકો તેનાથી ખૂબ જ વ્યથિત હતા. સ્થાનિક લોકોના ધંધારોજગાર રઝળી પડયા હતા. લોકો કરફ્યુની કેદથી ત્રાહિમામ પોકારી ગયા હતા. શેખ બશીરનો હોટલ ઉધોગ પણ પડી ભાંગ્યો હતો. અમુક હોટલોને બાદ કરતાં મોટા ભાગની હોટલો બંધ કરી દેવી પડી હતી. વિજયના અપહરણ બાદ તેને માનસિક આઘાત પણ લાગ્યો હતો. મિત્રની શોધમાં સતત ચિંતિત રહેતું મન તેના છુટકારા બાદ બેહદ આનંદિત બન્યું હતું. લાંબા સમય બાદ પુત્રને પરત આવેલો જોતાં વિજયના પિતાના આનંદનો પણ પાર રહ્યો નહોતો. તેઓ લાગણીના અતિરેકમાં રડતી આંખોએ પુત્રને ભેટી પડ્યા હતા. તેઓ પણ જલ્દીથી પુત્રને લઈને ઘેર પાછા ફરવા આતુર હતા. પરંતુ વિજય ભીમસિંહને મળ્યા વગર ક્યાંય પણ જવા તૈયાર નહોતો. શેખ બશીરે પણ વિજયની વાતને અનુમોદન આપીને ભીમસિંહ આવે ત્યાં સુધી તેમને રોકાઈ જવા આગ્રહ કર્યો હતો.

***

ત્રાસવાદી પરના આક્રમણમાં લગભગ મોટાભાગના ત્રાસવાદીઓ નાશ પામ્યા હતા. કેટલાક શરણે થતાં કેદ પકડાયા હતા. વિપુલ શસ્ત્રો, કેફી દ્રવ્યો અને દારૂગોળો લશ્કર અને પોલીસને હાથ લાગ્યો હતો પરંતુ જેના સાથ, સહકાર અને દોરવણીથી પોલીસ કે સુરક્ષા દળોની એક પણ વ્યક્તિનો જાન ગુમાવ્યા સિવાય સમગ્ર ઑપરેશન પાર પડ્યું હતું તે ભીમસિંહનો જીવ ગુમાવ્યાનો ઘેરો શોક પોલીસ અને લશ્કરી અધિકારીઓએ અનુભવ્યો. અસંખ્ય ગોળીઓથી વિંધાઈ ગયેલા તેના પડછંદ, લોહીથી લથપથ દેહને તેઓ જીપમાં શ્રીનગર પોલીસ સ્ટેશને લાવ્યા. કમિશનરે ટેલિફોનથી શેખ બશીરને આ દુઃખદ સમાચાર આપ્યા. શેખ બશીર અને વિજય પોલીસ ઇન્સ્પેક્ટર સાથે જીપકારમાં પોલીસ સ્ટેશને પહોંચી ગયા. ભીમસિંહના મૃતદેહ ઉપર ફૂલહાર ચઢાવતાં વિજય ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. શેખ બશીરે તેને

આશ્વાસન આપ્યું. ભાઈના મૃતદેહના અંતિમ દર્શન માટે તેણે લાજુને તેડાવવાનું જણાવતાં શેખ બશીર અને અન્ય પોલીસ ઓફિસરોએ તેને નાજુક સ્થિતિ અને બીમાર તબિયતના કારણે હમણાં આ આઘાતજનક સમાચાર ન આપવાની સલાહ આપી. ભીમસિંહના મૃતદેહને પૂરતા પોલીસ સન્માન સાથે અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા હતા. વિજયના વલોપાતનો પાર રહ્યો ન હતો. લાજુએ પોતાના રક્ષણ માટે, પોતાને છોડાવવા માટે સગા ભાઈનું બલિદાન આપ્યું હતું. પોતે લાજુને શું મોઢું બતાવશે તેની ચિંતા વિજયના હૃદયને કોરી ખાતી હતી. શેખ બશીરે તેને સાંત્વન આપીને કહ્યું કે તું બધી ચિંતા છોડીને પહેલાં પિતાજી સાથે દિલ્હી જતો રહે. ત્યાં ઘરનાંને શાંતિથી બધી વાત કરીને વ્યવસ્થા કરી શકાશે. હાલની અશાંત પરિસ્થિતિમાં કોઈ નિર્ણય લઈ શકાશે નહીં.

પોલીસ કમિશનરે મૃત ત્રાસવાદીઓ અને કેદ પકડાયેલા કેદીઓમાંથી ત્રાસવાદી સરદારને ઓળખી બતાવવાની જવાબદારી વિજયને સોંપી હતી. વિજયે મૃત વ્યક્તિઓના ચહેરા જોયા. વિકૃત થઈ ગયેલ લોહિયાળ ચહેરા પરંતુ તેઓમાં ખૂંખાર ત્રાસવાદી સરદાર અજગરનો ચહેરો નજરે ન પડતાં તેણે જણાવ્યું હતું કે આમાં ત્રાસવાદી અજગરખાન નથી. તે જરૂર નાસી છૂટ્યો હશે. સૌએ તે ખતરનાક મુજરીમના નાસી છૂટવા અંગે ભય અને ચિંતા અનુભવી હતી. આ વાત જાણ્યા પછી શેખ બશીર સૌથી વધુ ચિંતિત બન્યો. બીજી ત્રાસવાદી ગિરોહો સાથે ગઠબંધન ધરાવતો એ ભાગેડુ સરદાર ઘાયલ ચિત્તા જેવો ખૂંખાર થયો હશે. તે ક્યારે શું કરે તે કહી શકાય નહીં. બદલો લેવાનો તે ચોક્કસ પ્રયત્ન કરશે. શેખ બશીરે વિજયને વળતે દિવસે દિલ્હીની ફ્લાઇટમાં તેના પિતા સાથે મોકલી દેવાની ગોઠવણ કરી દીધી. જ્યાં સુધી ત્રાસવાદી સરદાર પકડાઈ ન જાય કે મોત ન પામે ત્યાં સુધી વિજય શ્રીનગર છોડવા ઇચ્છતો નહોતો. લાજુને વહેલી તકે મળીને દિલાસો આપવાની અદમ્ય ઝંખના તેના મનમાં ઉછળી રહી હતી. ભીંમસિંહના મોતનો બદલો લેવા અને તેનું ઋણ ચૂકવવામાંથી તે પાછીપાની કરવા માગતો નહોતો પણ પોલીસ અને લશ્કરી અધિકારીઓએ તેની ભાવનાની કદર કરીને અજગરખાનને પકડી તેના નાશ માટે ખાતરી આપી હતી અને તે પોલીસની ફરજ છે તેમ સમજાવ્યું. શેખ બશીરે તેને સુમન પ્રત્યેની અને લાજુ પ્રત્યેની જવાબદારી સમજાવીને હાલ પૂરતા સહીસલામત દિલ્હી પહોંચી જવાની અગત્યતા સમજાવી. તેના પિતા કે ઘરનાં કોઈ આ બધી વાતોથી અજ્ઞાત હતાં. તેમને તો ફક્ત વિજયની જ ચિંતા હતી. તેના પાછા ફરવાથી તેઓ કેટલાં ચિંતામુક્ત અને આનંદિત થશે તે વિચારીને પ્રથમ દિલ્હી પહોંચ્યા પછી સૌ કાંઈ ગોઠવણ અને વાતચીત કરવાનું સમજાવીને શેખ બશીરે વિજયને દિલ્હી જતા ચાર્ટર પ્લેનમાં બેસાડ્યો. વિખૂટા પડતાં આર્દ્રસ્વરે વિજયે કહ્યું હતું :

‘દોસ્ત બશીર, મારા પ્રત્યેની તારી લાગણીઓ અને ચિંતા હું સમજું છું. તારા અહેસાનનું ઋણ હું ક્યારેય નહીં ચૂકવી શકું. તું જે કંઈ કહે છે તે મારા ભલા માટે છે. પરંતુ એકવાર લાજુને મળીને, મારી ફૂલસમી કોમળ કેસરનું મુખ જોવાની મારી ઇચ્છા પૂરી થઈ હોત તો ઘણું સારું થાત ભાઈ...ભીમસિંહના મોત પછી તેનું કોણ...ભાઈના મોતનો આઘાત લાજુ કઈ રીતે બર્દાશ્ત કરશે ?’

‘ઐસી ચિંતા ક્યું કરતા હૈ વિજય, અબ તો સારી જિંદગી પડી હૈ સામને...મૈં જાકર લાજુકો સબ હકીકત સમજા દુંગા, ભીમસિંહ નહીં હૈં તો ક્યા હુઆ ? મેં જો હું... મેં લાજુકી દેખભાલ ઉનસે ભી બઢકર કરુંગા...તું ફિકર મત કર...’

આખરે બંને છૂટા પડ્યા. વિમાન ટેક ઓફ કરીને શ્રીનગરની ધરતી ઉપરથી ઊપડ્યું. શેખ બશીર ભારે હૈયે ઘેર પાછો ફર્યો પણ ભીમસિંહે ત્રાસવાદી ટોળકીમાંથી વિજયને છોડાવ્યાનો મનમાં સંતોષ હતો.



૨૩

શેખ બશીરનો ટેલિગ્રામ મળ્યા બાદ સુમનનું હૈયું વિજયને મળવા ખૂબ આતુર બની ગયું હતું. ખરા સમયે જ બીમાર પડવાથી તેને પોતાની જાત ઉપર ચીડ ચઢતી હતી. તે ગમે તેવી હાલતમાં શ્રીનગર પહોંચી જવા માગતી હતી. પરંતુ અનંતરાયે તેને સમજાવીને રોકી રાખી હતી, છતાં તેમની સમજાવટ લાંબો સમય ટકી નહિ. થોડીક હરતી ફરતી થતાં જ તેણે અનંતરાય આગળ લગભગ ત્રાગું કરીને તેમને શ્રીનગર જવા તૈયાર કરી લીધા છેવટે નોકરાણી પુષ્પાને પણ સાથે લઈને બંગલાને તાળું મારી સુમન અને અનંતરાયે દિલ્હીથી શ્રીનગર જતી એક લકઝરી કોચમાં બેઠક લીધી હતી.

જમ્મુ સુધી પહોંચ્યા બાદ જમ્મુથી શ્રીનગરનો રસ્તો ઘણો વિકટ હતો. કાશ્મીરની અશાંતિને લીધે સામાન્ય વાહનવ્યવહાર નહિવત્ હતો. ઠેર ઠેર સશસ્ત્ર જવાનોના કેમ્પ નજરે પડતા હતા. બજારો અને વેપાર રોજગાર ઠપ થઈ જવાથી ટ્રકોની હેરફેર પણ ઓછી નજરે પડતી હતી. ટુરિસ્ટ ધંધો ભાંગી પડવાથી લકઝરી બસો તો રડીખડી જ નજરે પડતી હતી અને જમ્મુથી શ્રીનગર જવા નીકળતી જમ્મુ-કાશ્મીર રાજ્યની બસોમાં અને ખાનગી લકઝરી બસોમાં ચારપાંચ પોલીસ કે અર્ધલશ્કરી જવાનોનું રક્ષણ પૂરું પાડવામાં આવતું હતું. વહેલી સવારથી ઉપડેલી બસ વિકટ ઢોળાવો ચઢતી ઉતરતી જમ્મુ થી શ્રીનગર તરફ આગળ વધતી હતી. મનોહર ખીણો અને લીલોતરીભરી પહાડીઓનું કુદરતી સૌંદર્ય આતંકવાદીઓના કોઈ ડર વગર ખુશીમાં ઝૂમતું હતું. કુદરતી સૌંદર્યના સથવારે જીવતા નિર્દોષ માનવજીવનને આતંકના ઓથાર નીચે દબાવતા કાળા માથાના દેશદ્રોહી અને ઘૂસણખોર તત્ત્વો જ કુદરતના ગુનેગાર હતા. અગિયાર કલાકનો પંથ ખેડીને બસ શ્રીનગર પહોંચી ત્યારે સાંજ ઢળી ચૂકી હતી.

*

તે દિવસે સૂર્યસિંહ રાઠોડના ઘેર ખુશીનો પાર નહોતો. આખુંય ઘર સગાંવહાલાં અને સ્નેહીજનોની ચહલપહલથી ધમધમી ઊઠ્યું હતું. બે વર્ષ બાદ વિજય સહીસલામત ઘેર પાછો ફર્યો હતો. માતા શણગારબા તો આનંદથી જાણે અર્ધપાગલ જ થઈ ઉઠ્યાં હતાં. તે વારંવાર વિજયના માથા પર હાથ ફેરવતાં હતાં અને તેને હૈયે ચાંપી દેતાં હતાં. વહાલા પુત્રના વિરહે બે વર્ષના તેમના શરીર પર જાણે કે બે દાયકાનો ફેર પડ્યો હોય તેમ તેમનું શરીર ખખડી ગયું હતું અને મન પણ નબળું પડી ગયું હતું. તેમાં વિજયના આગમનથી નવચેતનાનો સંચાર થયો હતો.

'બેટા, તને આટલો વખત માની યાદ પણ ના આવી ? ના કોઈ ખરખબર, ના કોઈ સંદેશો...'

'બા, હું કોઈને ક્ષણભર વિસર્યો નથી. પરંતુ એવી હાલતમાં ફસાઈ ગયો હતો કે ક્યાંયે છટકવા માટે કે કોઈ સમાચાર મોકલવા માટે પ્રયત્ન પણ ના કરી શકું. જો કંઈ એવું કરવા જાઉં તો જીવથી હાથ ધોઈ નાખવા પડે તેમ હતું. શેખ બશીર, ભીમસિંહ અને બીજા કેટલાક

મિત્રોએ મને બચાવવા માટે જીવ સાટે જોખમો ઉઠાવ્યાં છે તેથી જ તમે બધાં મને જીવતો જોવા પામ્યાં છો.' વિજયે પોતાને મદદગાર સૌનો અહેસાન માનતાં કહ્યું.

'એ બધી મારા રામજી અને મા જગદંબાની કૃપા છે. પરંતુ બેટા, હવે પારકા ઝઘડા માથે વહોરવાની તારી આદત છોડી દે. બહાર રખડવાની-ફરવાની ટેવ ઓછી કરીને ઘરમાં ઠરીઠામ થઈ જા. મારી ઉંમર સામે તો જો. તારા પિતાની તબિયતનો વિચાર કર. મોટોભાઈ અજય આવડા મોટા ધંધાનો કારોબાર એકલો સંભાળીને કંટાળી જાય છે. તું તેને સાથ આપ. કોઈ સારી કન્યા સાથે તારાં લગ્ન ધામધૂમથી કરીને અમારે અમારી ફરજ પૂરી કરવાની છે. મોટાભાઈને લગ્ન થયાના પાંચ વર્ષથી કોઈ સંતતિ નથી. તારી વિલાસભાભી ઘરની જવાબદારી અને કામથી થાકી જાય છે અને તેમાં પાછી તારી ચિંતા...આ બધી જળોજથામાં અમારી માનસિક તથા કૌટુંબિક શાંતિ હણાઈ ગઈ હતી. વિજય, પ્રભુની દયાથી તું હેમખેમ આવી ગયો છે, ત્યારે હવે આ બધી બાબતો તારે સમજવાની છે.' શણગારબાએ વિજયને સમજાવતાં કહ્યું હતું.

'બા તમે કાંઈ ચિંતા ન કરો, બધું ઠીક થઈ જશે. હમણાં મારું મન બેચેન છે. મને સહાયભૂત થયેલા મિત્રોની ચિંતામાં હું વિહ્વળ છું. જ્યાં સુધી સૌના ક્ષેમકુશળ સમાચાર નહીં સાંભળું ત્યાં સુધી મારૂં મન કશામાં ચોંટશે નહીં.' વિજયે કહ્યું.

'તારી બધી વાત સાચી બેટા, પણ હવે તું નાહકની ચિંતાઓ છોડ...ચિંતાઓમાં તારું શરીર કેવું થઈ ગયું તે તો જો.' શણગારબા ગદગદિત હૈયે બોલ્યાં.

'વિજય, તું હવે ભૂતકાળની બધી વાતો ભૂલવા પ્રયત્ન કર. તારો સમય આનંદ–પ્રમોદ અને અહીંના મિત્રો સાથે પસાર કર. તારું મન લાગે ત્યારે કામકાજમાં ધ્યાન આપજે. પરંતુ પહેલાં તારી તબિયત બનાવ. બીજું બધું પછી....' મોટાભાઈ અજયસિંહે કહ્યું.

'ભૂતકાળ મારા જીવન સાથે ખૂબ ગાઢ રીતે વણાઈ ગયો છે. મોટાભાઈ, આ જીવનમાં ભૂતકાળને ભૂલીને હું જીવી શકું તેમ નથી. વીતેલાં સમયમાં જાણે હું બે દાયકાઓનું અરે બે જન્મનું જીવન જીવી ચૂક્યો હોઉં તેવું લાગે છે. તેને કેમ વિસારે પાડું...?' વિજય વ્યથિત સ્વરે બોલ્યો. તેણે બે હાથે મસ્તક પકડી ખેદથી ધુણાવ્યું.

'તમે બધાં વાતો જ કર્યા કરશો કે તેને આરામ પણ કરવા દેશો ? ચાલો બધાં સૌ સૌના રૂમમાં કે કામે ચાલ્યા જાઓ. હમણાં તેને બધું યાદ કરાવવાનો કે કાંઈ કહેવાનો સમય નથી. તેને સૂઈ જવા દો...તું બધા વિચારો છોડી આરામ કર બેટા...' કાકા બલવંતસિંહે વિજયના રૂમમાંથી સૌને બહાર રવાના કર્યાં.

'મારો દીકરો કેવો હસમુખો હતો ને કેવો દુ:ખી થઈ ગયો છે.' કહેતાં માથે હાથ ફેરવીને શણગારબા પણ રૂમમાંથી બહાર નીકળ્યાં. સૂર્યસિંહ પણ તેમની સાથે જ રૂમમાંથી બહાર આવ્યા. તેમણે પોતાની પત્નીને કહ્યું :

'હમણાં તમે વિજય ઉપર કોઈ જાતની લાગણીનું દબાણ ના કરશો. લગ્નની વાત પણ નહીં...તેણે તેની પસંદગી કરી લીધી છે...'

'હેં ? તો પછી અત્યાર સુધી કંઈ કહેતા કેમ નથી ? તે સુખી થતો હોય તો ભલે ગમે તેની સાથે તેનું મન ગોઠ્યું હોય ત્યાં તેને ઠેકાણે પાડોને ભાઈસા'બ...જેથી તે ખીલે બંધાઈને ઘેર તો બેસે. દિલ્હીથી કાશ્મીરની દોડાદોડીમાં નાહકનું તેને કંઈ થઈ જશે તો હું ક્યાંયની નહીં રહું.' શણગારબા અડધી ચિંતા અને અડધી રાહતમાં બોલ્યાં.

'વખત આવ્યે બધું થશે. મને આ વખતે જ શેખ બશીરે આ ભાઈના પરાક્રમની વાત કરી ત્યારે ખબર પડી. છોકરી વડોદરાની છે. જમ્મુ બસ સ્ટૅન્ડ પર કોઈ ગુંડાઓએ તેની છેડતી કરી તેમાં આ છોકરો વચ્ચે કૂદી પડયો અને તે ગુંડાઓ કોઈ સામાન્ય નહીં પણ ત્રાસવાદ ફેલાવનાર

ભયંકર આતંકવાદીઓ નીકળ્યા. આ બધા તોફાનમાં બિચારો શેખ બશીર પણ હેરાન થઈ ગયો. આ તો કુદરતના ઋ ણાનુબંધ કહો કે એક મુસ્લિમ હોવા છતાં હિન્દુ મિત્ર સાથે તેણે ભાઈથી પણ આગળ વધીને જાનના જોખમે વિજયને એ કેદમાંથી છોડાવ્યો...' સૂર્યસિંહે સમગ્ર કહાનીની આછી રૂપરેખા પત્નીને આપી.

'બધી ઈશ્વરની મહેરબાની છે. તેમાં આપણે હવે વચ્ચે આવીને શું કરવાનું. બેય જણાંને ભેગાં કરીને લગ્નના બંધનમાં બાંધી દો. એટલે ગંગા નાહ્યા. શું નામ કહ્યું એ છોકરીનું તમે ?' શણગારબાએ પૂછ્યું.

'સુમન કે એવું કંઈ છે નામ તેનું અને જ્ઞાતિએ વાણિયા છે. કુટુંબમાં- ભાયાતોમાં થોડો ઘણો ઉહાપોહ તો થશે જ. જ્ઞાતિમાંથી કેટલાં માગાં આવતાં હતાં.' સૂર્યસિંહ સહેજ દુઃખી થઈને બોલ્યા.

'ભલે જેને જેમ કહેવું હોય તેમ કહે...વિજયનું મન ગાંઠ્યું હોય ત્યાંથી છોડાવવાનો કોઈ પ્રયત્ન આપણે કરવાનો નથી. એ બધું કરવામાં ક્યાંક મારે દીકરો ગુમાવવાનો વખત આવે. આજકાલનાં છોકરાંના મગજમાં ક્યારે શું ભરાઈ જાય તે કહેવાય નહીં...તમે તે સુમનનાં મા-બાપ સાથે વાતચીત કરીને જલ્દી બધું પાકું કરી દો.' શણગારબાએ માતૃસહજ અધીરાઈથી કહ્યું.

'હા ભાઈ હા. હજુ આજે તો તેણે ઘેર પગ માંડયો છે. હવે જરા બેચાર દિવસમાં બધું ગોઠવું છું.' કહેતાં સૂર્યસિંહ દીવાનખંડમાં બેસીને છાપાં ઉથલાવવા માંડ્યા અને શણગારબા રસોડા તરફ વળ્યાં. પુત્રવધૂ વિલાસ સાસુસસરાની વાતચીત સાંભળીને ઝડપથી રસોડામાં સરકી ગઈ. પોતાની નાની બહેનને દિયર સાથે ગોઠવવાના તેના વિચાર પર પાણી ફરી વળ્યું હતું.

***

વિજય તેના બેડરૂમમાં પાસાં ફેરવતો હતો. ઊંઘ આંખના પલકારે ચઢવાનુંયે નામ લેતી નહોતી. સુમન, લાજુ, ભીમસિંહ અને શેખ બશીરનાં વચિારચિત્રો વારાફરતી તેના મનનો કબજો લઈને જાણે ભીંસ વધારતાં હતાં. સુમન સાથેના પ્રણયસંવનન પછીનો વિયોગ, લાજુ સાથેની સંજોગવશાતની સ્નેહગાંઠ અને તેના તત્કાલીન ફલસ્વરૂપ લાજુને પુત્રીરત્નની પ્રાપ્તિ થઈ તો એકાદ સપ્તાહના પ્રગાઢ સાહચર્યથી સુમનની શું પરિસ્થિતિ થઈ હશે ? લાજુએ વગર લગ્ને પણ ભીમસિંહને સમજાવીને પોતાના પ્રેમના પ્રતીકને અવતારવાનું સાહસ કર્યું હતું. લાજુના ભાઈ ભીમસિંહે આખર સુધીનો સાથ આપી પોતાની જિંદગી સમર્પી દીધી હતી. તેની સાથેની છેલ્લી મુલાકાતના શબ્દો વિજયના મનમાં વારંવાર પડઘાતા હતા : 'વિજય...હું કદાચ પાછો ના આવું તો લાજુ અને કેસરને જીવની જેમ સાચવજો.' અને પોતે તો બધાંના કહેવાથી, ભીમસિંહના અવસાન બાદ પણ તેને મળવા જઈ શક્યો નહોતો. લાજુ મળશે તો શું કહેશે ? છૂટીને સીધા દિલ્હી જતા રહ્યા ? મારો ભાઈ પરલોક ગયો તેનું આશ્વાસન આપવા પણ ના આવી શક્યા ? તેની માનસિક પરિસ્થિતિ શું હશે ? સુમન ક્યાં હશે ? આટલા સમય સુધી તેણે વિરહવેદના કેમ કરીને વેઠી હશે ? તે તો ખૂબ જ લાગણીપ્રધાન હતી. તેનું નાજુક દિલ ઉપરાછાપરી આઘાત કેમ સહન કરી શક્યું હશે ? શેખ બશીરે તેને પોતાની ભાળ મળ્યાનો તાર મોકલ્યો હતો. ત્યારબાદ તેના કેવા પ્રત્યાઘાત પડયા હશે તેના સમાચાર જાણવા વિજયનું મન વ્યાકુળ થઈ ઊઠયું હતું. ત્યાં જ વિલાસ દૂધનો ગ્લાસ અને નાસ્તાની પ્લેટ સાથે રૂમમાં આવી પછી હળવેકથી માથે હાથ ફેરવીને વિજયના ગાલ થપથપાવ્યા. વિજય વિચારોમાંથી વાસ્તવિક ભૂમિ પર પાછો આવી ગયો. 'વિજયભાઈ...ઊઠો, થોડોક નાસ્તો કરીને પછી સૂઈ જાઓ. ભૂખ્યા પેટે ઊંઘ નહીં આવે...'

'વિલાસભાભી...મને કંઈ ભૂખ જેવું છે નહીં. મારા માટે ખોટી તકલીફ લીધી તમે.'

'હા, લુચ્ચાજી...હવે તમને ભાભીના હાથનો નાસ્તો નહીં ભાવે. અમને બધી ખબર પડી ગઈ છે. તમે કાશ્મીરમાં જઈને શું ધંધા કર્યા છે તે. અહીં અમારા જીવ પડીકે બંધાયા હતા કે વિજયભાઈનું શું થયું હશે. અને આ લાટસાહેબ તો ઇશ્કબાજીની રંગરેલિયામાંથી ઊંચા આવે તો ઘરે કંઈ સંદેશો મોકલે ને ?' વિલાસે મશ્કરીમાં કહ્યું.

'ઓહ ભાભી...આવું તમને કોણે કહ્યું ? ઇશ્કની રંગરેલી કે લોહીની હોળીઓ ? થોડા સમયમાં મેં ઘણા રંગ જોયા પરંતુ તમે કલ્પો છો તેવા કોઈ સુખસાગરમાં હું નહોતો. તમે આવી વાત ક્યાંથી જાણી ?'

'પ્રેમ કદી છાનો રહેતો નથી દિયરજી. પ્રેમ તો ગમે તેટલો છૂપાવો તોય છાપરે ચડીને પોકારે છે. કોઈ સુમન નામની છોકરી માટે તમે જાનની બાજી લગાવી તેમાંથી આ બધું મહાભારત થયું...બોલો, વાત સાચી કે ખોટી ?'

વિજય બે ઘડી વિચારમાં પડી ગયો. ઘેર આવ્યાને ગણતરીના કલાકોમાં, આવી વાત ભાભીના કાને ક્યાંથી પડી હશે ? જરૂર શેખ બશીરે પિતાજીને આ રામકહાણી કહી હશે ? તેમાંથી આ ચાલાક યુવતીએ શું પિતાજી પાસેથી વાત કઢાવી લીધી હશે ? તેણે સહેજ હસીને કહ્યું : 'તમારી વાત સાચી છે, વિલાસભાભી. એ સુમન નામની છોકરીમાં જ આ બધું મહાભારત થયું છે...'

'તે હેં વિજયભાઈ સુમન શું એટલી બધી ખૂબસુરત છે કે તેના માટે તમે જીવ હોડમાં મૂક્યો ?' વિલાસે કટાક્ષમય ઢબે પૂછ્યું. 'પણ એ સુમન અત્યારે છે ક્યાં ?' આ પ્રશ્નના ઉત્તરની તો ખુદ વિજયને તલાશ હતી, વિલાસને તે શું જવાબ આપે ?



૨૪

સુમન બસમાં શ્રીનગર પહોંચી ત્યારે સમગ્ર શહેરમાં કરફ્યુ હતો. અટવાઈ પડેલાં મુસાફરોથી બસસ્ટેશન ભરપૂર હતું અને જડબેસલાખ પોલીસ બંદોબસ્ત હતો. અનંતરાયે મુંઝવણભર્યા ચહેરે સુમન સામે જોયું. તેમની નજરમાં ઠપકાનો ભાવ વંચાતો હતો. 'જો સુમન હું નહોતો કહેતો કે આવા સમયે ઉતાવળ કરીને અહીં દોડી આવવામાં કોઈ ડહાપણ નથી. આખી રાત આમ બસસ્ટેશન પર કેવી રીતે વીતાવવી ? હું તો ગમે ત્યાં પડ્યો રહીશ પણ તારું અને આ ફૂલ જેવા બાળકનું શું ?' બસમાંથી ઉતરતાં બેગ એક બાજુ મૂકીને અનંતરાય બોલ્યા. ખોળામાં જ ઊંઘી ગયેલા પ્રિયેશને તેડીને તેમની પાછળ જ ઉતરેલી સુમને કહ્યું :

'તમે ચિંતા ના કરશો કાકા. તમે થોડીવાર પ્રિયેશને રાખો. હું ટેલિફોન કરીને શેખ બશીરનો કોન્ટેક કરવાનો પ્રયત્ન કરું છું.'

'ઠીક છે. લાવ પ્રિયેશને. ફોન લાગે તોય કરફ્યુમાં શેખ બશીર કઈ રીતે આવી શકવાનો છે. દોડાદોડીમાં મુસાફરીમાં છોકરું બિચારું હેરાન થઈ ગયું છે.' કહેતાં અનંતરાયે પ્રિયેશને પોતાની પાસે તેડી લીધો. સુમને પોતાની પર્સમાંથી શેખ બશીરના સરનામાવાળી ચિઠ્ઠી કાઢી. તેમાં તેનો રહેઠાણનો ફોન નંબર પણ લખેલો હતો. બસસ્ટેશનના ઇન્ક્વાયરી કાઉન્ટર પર જઈને તેણે પોતાને એક ટેલિફોન કરવા દેવાની વિનંતી કરી. સુમનનો ચહેરો જોઈને કાઉન્ટર પરના માણસને રસ પડયો હોય તેમ તેણે પૂછ્યું :

'કિસકો ફોન કરને કા હૈ ? લાઈએ નંબર...'

સુમને પોતાના હાથમાંની ચિઠ્ઠી પેલાના હાથમાં આપી. સુમનની આંગળીઓનો સ્પર્શ થાય તેમ તેણે ચિઠ્ઠી લીધી પરંતુ ચિઠ્ઠીમાંનું નામ વાંચીને જ એ માણસનો બધો રસ ગાયબ થઈ ગયો. શેખ બશીર અહેમદ. ચશ્મેશાહી, શ્રીનગર.

'અરે, આપકો શેખ સાહબ કા કામ હૈ ? અંદર આકે યે ખુર્શી પર બૈઠિયે. મૈં અભી ફોન જોડતા હું.' કહીને તેણે ડાયલ ઘુમાવવા માંડયું. ફોન એંગેજ ટોનનો આવતો હતો.

'ફોન એંગેજ આતા હૈ. આપ અંદર બૈઠિયે ના.' પેલાએ કહ્યું.

'મૈં અકેલી નહી હું મેરે સાથ મેરે અંકલ ભી હૈ. વો દૂર ખડે હૈ...'

'ઉનકો ભી યહાં અંદર લે આઈએ. બહાર ભીડ મેં હેરાન હોંગે. પ્લીઝ લે આઈએ ઉનકો. મૈં ફોન લગાને કી ફિરસે કોશિશ કરતા હું.'

સુમન ઝડપથી અનંતરાય પાસે પહોંચી.

'શું થયું બેટા, ફોન લાગ્યો કે નહીં ?' તેમણે પૂછ્યું.

'ફોન એંગેજ આવે છે. ચાલો ઇન્કવાયરી કાઉન્ટર પાસે અંદર જઈને બેસીએ. ત્યાં એક માણસ ફોન જોડવાની કોશિશ કરે છે. શેખ બશીરનું નામ સાંભળીને તે તરત જ સહૃદયી થઈ ગયો છે.' કહેતાં સુમને સૂટકેસ ઉપાડી અને અનંતરાય પ્રિયેશને તેડીને તેની પાછળ ચાલ્યા.

કાઉન્ટરની અંદર જઈને તેઓ ખુરશીમાં બેઠા. સુમને પ્રિયેશને પોતાની પાસે લીધો. તે જાગી ગયો હતો અને ઊંઘરેટી આંખો મસળતો હતો. આખરે ફોન લાગ્યો.

'હેલો શેખ બશીર સા'બ અસ્સલામો અલયકુમ, મૈં શ્રીનગર બસસ્ટેશનસે યાકુબ બોલતા હું. આપકે કોઈ ગેસ્ટ બાત કરના ચાહતે હૈ....ફોન ચાલુ રખના...' પેલા માણસે સુમનને ઉદ્દેશીને કહ્યું. 'લિજીએ બહનજી ફોન લગ ગયા. શેખ સાહબ ખુદ બાત કરતે હૈં...' સુમને ઝડપથી રિસીવર હાથમાં લીધું. અનંતરાય ખુરશીમાંથી ઊભા થઈને તેની પાસે આવી ગયા.

'હેલો બશીરભૈયા અસ્સલામો અલયકુમ. મૈં સુમન બોલ રહી હું...'

'અરે સુમન તુમ ? ઈસ વક્ત શ્રીનગરમેં ?' શેખનો અવાજ જાણે આશ્ચર્યથી ફાટી ગયો, 'સારે શહરમેં અનિશ્ચિત કાલ કા કરફ્યુ લગા હુઆ હૈ....ઈસ વક્ત યહાં આને સે પહેલે મુઝે ઇન્ફોર્મ તો કરના થા.'

'તુમ્હારા ટેલિગ્રામ મિલને કે બાદ ઇતની ધીરજ કહાં થી મુઝ મેં ? મૈં તો તુરંત ચલી આતી વહાં....લેકિન મૈં બિમાર પડ ગઈ થી. અંકલને બહોત મના કિયા લેકિન મેરા દિલ નહીં માના. પ્રિયેશ અૌર અંકલ કે સાથ મૈં આ ગઈ હું.'

'પ્રિયેશ ?' શેખે પ્રશ્નવાચક ઉદ્‌ગાર કાઢ્યો.

'હાં...પ્રિયેશ યાને તુમ્હારા ભતીજા...'

'યા પરવરદિગાર...મૈં યે સબ ક્યા સુન રહા હું...ઠીક હૈ આપ થોડા ઇન્તજાર કિજીયે. મૈં દસ મિનિટ મેં આ જાતા હું. વો આદમી કો ફોન દો...' સુમને પેલા માણસના હાથમાં ફોન આપી વાત કરવા કહ્યું.

'ફરમાઈયે શેખ સાહબ...હાં...હાં...ઉનકો કોઈ તકલીફ નહીં હોગી. મૈંને મહેમાનોં કો મેરી ઓફિસ મેં હી બિઠાયા હૈ. કોઈ ચિંતા કી બાત નહીં. ઠીક હૈ...આપ તશરીફ લાઈયે.' વાત પૂરી કરીને તેણે રિસીવર મૂક્યું.

'શેખ સાહબ ખુદ યહાં આ રહે હૈ આપકો લેને કો...આપ બૈઠીયે, મૈં આપકે લિયે ચાય-પાની મંગવાતા હું. અંદર સ્પેશ્યલ રેસ્ટરૂમ મેં બૈઠીયે. ચલિયે મૈં આપકા સામાન ઉઠા લેતા હું...'

'નહીં ભાઈજાન, યહાં ઠીક હૈ. દસ-પંદરાહ મિનિટ કા તો સવાલ હૈ...હમેં ચાય-પાની કુછ નહીં ચાહિયે...આપ આરામ સે અપના કામ કિજીયે...' સુમને કહ્યું. અનંતરાય આશ્ચર્યથી શેખ બશીરના નામનો જાદુ જોઈ રહ્યા.

શેખ બશીર સુમનના આગમનના સમાચાર જાણીને આશ્ચર્ય, આનંદ અને ચિંતાના ત્રિવેણી સંગમમાં પડી ગયો હતો. તેણે આ સમાચાર તરત જ શબનમને આપ્યા. પુત્રને લઈને આવેલી સુમનને મળવા તે પણ આતુર થઈ ગઈ હતી. શેખ બશીરે અબ્દુલને બોલાવી કરફ્યુ પરમીટવાળી ફોરચ્યુન કાર કાઢવાની સૂચના આપી દીધી.

'દેખો મૈં અભી ઉન લોગોં કો લે કર આતા હું...' કહીને શેખે પગરખાં પહેર્યાં અને ઝડપથી બહાર નીકળ્યો. અબ્દુલે કારને કમ્પાઉન્ડમાં લાવીને ઊભી રાખી હતી. શેખ બશીરે જઈને અબ્દુલની બાજુમાં બેઠક લીધી. એક સ્ટેનગનધારી ગાર્ડે તેની પાછળ બેસીને બારણું બંધ કર્યું.

'શ્રીનગર બસ અડ્ડે પે લે લો અબ્દુલ...સુમન આઈ હૈ...'

'વિજય સા'બ દિલ્લી ગયે અૌર વહ યહાં આ ગઈ ?' કહેતાં અબ્દુલે કારને ઝાંપા બહાર કાઢી ગતિમાં લીધી.

'અભી કશ્મીર કા માહૌલ અચ્છા નહીં હૈ...ઇસિલિયે તો વિજય કો ભેજ દિયા અૌર

ઉનકો મિલને કે લિયે સુમન યહાં આ ગઈ....અરે સાલા વિજય કો એક બેટા ભી ઉનસે હો ગયા હૈ...ખુદા કા કરિશ્મા તો દેખો, લાજુસે બેટી હો ગઈ અૌર સુમન સે બેટા...દો સાલ મેં દો બીવીયાં અૌર દો બચ્ચોં કા બાપ બન ગયા...લેકિન એક ભી બચ્ચે કા મુંહ વો દેખ નહીં સકા હૈ...' કહેતાં શેખે શ્રીનગરની સડક ઉપર નજર નાખી. કરફ્યુના ઓથાર નીચે સુંદર સંધ્યાઓને ત્રાસવાદી અશાંતિએ જાણે અભિસારિકાઓમાંથી વિધવાઓ બનાવી દીધી હતી. બે-ત્રણ જગ્યાએ કાર કરફ્યુ પરમીટ બતાવવા રોકવી પડી.

દાલ સરોવરનું ચક્કર મારીને અબ્દુલે કારને બસ અડ્ડાના રોડ પર લીધી. સૂની સડકો પર ઠેર ઠેર લશ્કરી તહેનાત દેખાતી હતી. સાતેક મિનિટમાં તો શેખની કાર શ્રીનગર બસ અડ્ડા પર પહોંચી ગઈ.

'ઇન્કવાયરી ઓફિસ કે પાસ ખડી રખો અબ્દુલ...' શેખે કહ્યું. ઇન્કવાયરી કાઉન્ટરમેન કાર આવેલી જોતાં ખુરશીમાંથી ઊભો થઈને બહાર આવી ગયો હતો.

'લિજીયે બહનજી શેખસાબ આ ગયે હૈ...' સુમન આ સાંભળી ઊભી થઈ ગઈ. તેનું મન રોમાંચથી ઉછળવા માંડ્યું. શેખની સાથે વિજય પણ આવ્યો જ હશે... સુમનના આવ્યાના સમાચાર સાંભળતાં તે ઘેર કેમ બેસી રહી શકે ? કારનું બારણું ખૂલતાં જ સ્ટેનગનધારી ગાર્ડ નીચે ઉતર્યો, પછી ઉતર્યો શેખ બશીર. બીજી બાજુથી અબ્દુલ પણ ડ્રાઇવર સીટમાંથી બહાર નીકળ્યો. સુમનની આંખો આતુરતાથી તાકી રહી હતી કે વિજય કેમ દેખાતો નહોતો ? સુમનના મનમાં કેટલાય સવાલો જાગ્યા. વિજય ક્ષેમકુશળ તો હશે ને ? એક હાથે પ્રિયેશની પીઠ થપથપાવતી સુમન પાસે શેખ બશીર જઈ પહોંચ્યો...

'કૈસી હો મેરી ભાભીજાન ?'

'બશીર ભૈયા...' સુમન લાગલી જ શેખને વળગીને મોં છુપાવી રહી... ઘણા સમયથી હૈયામાં ઘૂંટાયેલો ડૂમો વછૂટી ગયો. પ્રિયેશ અને સુમનને શેખે પોતાના બાહુપાશમાં હેતથી સમાવી લીધાં. એક હાથે સુમનનું માથું પસવારી તેની પીઠ થપથપાવી આશ્વાસન આપ્યું. અને તરત જ બે હાથે ફુલ સમા પ્રિયેશને ઉંચકીને ચુંબનોથી ગુંગળાવી નાખ્યો.

'મેરા...બાદશાહ બેટા ! બિલકુલ વિજય કી કાર્બનકોપી બનેગા...' અનંતરાય અહોભાવથી શેખ બશીરની સુમન અને વિજય તરફની લાગણીને જોઈ રહ્યા હતા.

'બશીરભૈયા...યે મેરે અંકલ હૈ...' સુમને ભીની થયેલી આંખો લૂછતાં કહ્યું.

'નમસ્કાર ચાચાજાન.' કહેતાં શેખ બશીરે હાથ જોડ્યા.

'જીતે રહો બેટા...ખુદા તુમ્હેં સલામત રખ્ખેં.' અનંતરાયે તેના બે હાથ પકડીને તેની પીઠ થાબડી. શેખ બશીરના આવવાના સમાચાર સાંભળીને બસ અડ્ડાના મુખ્ય ઓફિસર અને અન્ય કેટલાક માણસો તેને મળવા આવી પહોંચ્યા હતા.

'અસ્સલામો અલયકુમ શેખસહાબ' ડેપો ઓફિસર મલેકે કહ્યું.

'વાલેકુમ અસ્સલામ મલેક સાબ, ખૈરિયત તો હૈ ના ?' શેખ બશીરે પૂછ્યું.

'અરે ક્યા ખૈરિયત હૈ સાબ ! કુછ દિનોં પહલે બસ અડ્ડે પે બમ્બ ફેંકે ગયે, ખુદા કી રહેમત સે કિસી કી જાન નહીં ગઈ લેકિન કુછ માસૂમ પેસેન્જર્સ જખ્મી હો ગયે, કુછ બસેં અૌર બિલ્ડિંગ કો ભી નુક્સાન હુઆ, લોગોં મેં કિતના ખૌફ ફૈલ ગયા હૈ...કિતના ખુશહાલ થા કશ્મીર-શ્રીનગર, આજ બેહાલ સા હો ગયા હૈ...સબ કે ધંધે રોજગાર ભી ચૌપટ હો ગયે હૈ...'

'થોડે વક્ત મેં સબકુછ ઠીક હો જાયેગા...ખુદા પે ભરોસા રખ્ખો...'

'હાં સા'બ, અબ તો વોહી સબકુછ ઠીક કરેગા. વર્ના સબ અપને અપને મતલબ મેં ખેલ રહે હૈ, ચાહે રાજનીતિજ્ઞ હો, ચાહે પુલીસ...માસૂમ લોગોં કી કોઈ નહીં સોચતા...કિતની

દહેશત મેં હૈ સબ...'

'સબ કો અક્કલ આ જાયેગી કુછ વક્ત મેં. ક્યા ઠીક હૈ, ક્યા ગલત હૈ સબકુછ માલૂમ પડ જાયેગા...દંગેબાજી સે કુછ નહી મિલનેવાલા. દંગે કરવાકર અપની રોટી સેકનેવાલે લોગોં કો ભડકા રહે હૈ....ઉનકો અગર અકલ નહીં આઈ તો ખુદ તબાહ હો જાયેંગે અૌર દૂસરોં કો ભી તબાહ કર દેંગે...અચ્છા મલેકસા'બ ચલતા હું...મૈં મેરે ગેસ્ટ કો લેને કો આયા થા...ચલિયે ચાચાજાન, ચલો સુમન...સબકો ખુદાહાફીઝ...' કહેતાં શેખ બશીરે અનંતરાય અને સુમનને આગળ કરીને કારની પાછલી સીટમાં બેસાડી દીધાં. અબ્દુલે કાર ચાલુ કરી. શેખ બશીર તેની બાજુમાં સૌને સલામ કરીને બેઠો. ગાર્ડે કારનું બારણું બંધ કરીને અંદર બેઠક લેતાં જ અબ્દુલે કારને બસ અડ્ડામાંથી બહાર કાઢીને ચશ્મેશાહીના રસ્તે લીધી. ચાર-પાંચ જગ્યાએ કારનું રી-ચેકીંગ થયું. રાતના અંધારાં અવની ઉપર ઉતરવા માંડયાં હતાં. લશ્કરી જવાને હાથમાંની ટોર્ચનો પ્રકાશ કારમાં નાખી સૌને જોઈ લીધા. 'કરફ્યુ પરમીટ હૈ હમારે પાસ...' અબ્દુલે કહ્યું. લશ્કરી જવાને પરમીટ ચેક કરી અને જવાની અનુમતિ આપતાં કહ્યું :

'કરફ્યુ પરમીટ હૈ લેકિન રાત કો મત નિકલા કરો. કરફ્યુ પરમીટ દેખ કે હમ જાને દેંગે, આંતકવાદી કી ગોલી યા બમ્બ સે આપકો યે પરમીટ નહીં બચાયેગી સમજે ?'

'હાં સાબ સમજ ગયે.' કહીને મિલિટરીમેન સાથે માથાકુટ કર્યા વગર અબ્દુલે કારને ગતિ આપી.

'જુઓ કાકા, આ દાલ સરોવર...' સુમને દાલ લેક આવતાં અનંતરાયને બતાવ્યું. દાલ સરોવરની હાઉસબોટમાં વિજય સાથે રહેવાના કેટલાંક અરમાન હતા. પરંતુ સમયે બંનેને ક્યાંના ક્યાં પહોંચાડી દીધાં હતાં. પ્રવાસ સીઝનમાં સહેલાણીઓથી રાતદિવસ ધમધમતી રહેતી હાઉસબોટો અને શિકારાઓની ચહલપહલથી હર્યુંભર્યું રહેતું સરોવર જાણે શાપિત થઈને સાવ શાંત પડ્યું હતું. રોશની વગરની હાઉસબોટો નિર્જીવ ખોખાં જેવી ભાસતી હતી. વિજયના સમાચાર પૂછવા સુમન ઉત્સુક હતી. પરંતુ સૌ ઊંચા જીવે બેઠા હતા. ઘેર પહોંચ્યા પછી જ વાત થઈ શકશે તેવું સુમને ધારી લીધું.

ચશ્મેશાહીમાં આવેલા પિંકપેલેસના દરવાજે પહોંચેલી કારનું પરિચિત હોર્ન સાંભળતાં જ પહેરેગીરોએ દરવાજો ઉઘાડયો. કારમાંથી સૌ ઉતરીને બંગલામાં દાખલ થયા. શબનમ પોતાની બે જોડકી પુત્રીઓ અનાર-કલી સાથે સુમનને મળવા બંગલાના પોર્ચ સુધી દોડી આવી. સુમનને તે ભેટી પડી. સુમને અનાર-કલીને વહાલ કર્યું. સલમાએ અનંતરાયને નમસ્કાર કરીને તેમના હાથમાંથી પ્રીયેશને ઊંચકી લીધો. સમગ્ર બંગલામાં ખુશીનો માહોલ વ્યાપી ગયો. શબનમ, સુમન અને અનંતરાયને હાથપગ મોં ધોઈને સ્વસ્થ થવાની સૂચના આપી તેમના માટે ચા બનાવવા ગઈ. અનંતરાય બાથરૂમમાં ગયા એટલે સુમને શેખ બશીરને વિજયના સમાચાર પૂછ્યા.

શેખ બશીરે જણાવ્યું કે બસસ્ટેશન પરથી તમારો ફોન આવ્યો તે પહેલાં જ તે દિલ્હી વિજય સાથે કોલ ઉપર વાત કરતો હતો. વિજયને દિલ્હી મોકલ્યા પછી મેં બરોડા તમારા સરનામે પત્ર લખ્યો હતો પણ તેનો કોઈ જવાબ આવ્યો ન હોવાથી હું ચિંતામાં પડ્યો હતો. સુમને શેખ બશીરને ટૂંકમાં પોતાની કરમકહાણી સંભળાવી. કઈ વિવશતાભરી હાલતમાં પોતાને શાદી કરવી પડી, કેવા માણસ સાથે પોતાનું લગ્ન થયું હતું, કેવી પરિસ્થિતિમાં તેણે પ્રિયેશને જન્મ આપ્યો હતો, વિજયના પ્રેમની અમૂલ્ય નિશાનીને જાળવવા માટે જ તેણે મજબૂરીથી પણ કેવી બદતર જિંદગી જીવવી પડી હતી. તેનું બયાન સાંભળીને શેખ બશીર ગદ્ગદીત થઈ ગયો. તેણે સુમનને કહ્યું કે તમે બંને એકબીજા માટે જ સજાર્યા છો. તમને વિખૂટા પાડ્યા બાદ કુદરતે તમને આખરે મિલનના કિનારે લાવીને ફરી એકવાર ખડાં કરી દીધાં છે. જો

મને ખબર હોત કે તું દિલ્હીમાં છે તો હું વિજયને જાણ કરીને તમારું દિલ્હીમાં જ મિલન કરાવી દેત. એક શહેરમાં હોવા છતાં તમે એકબીજાંને અત્યાર સુધી મળી ન શક્યાં તેનું મને દુઃખ છે.' સુમને ઊંડો નિસાસો નાખીને શેખ બશીરને વસવસો ન કરવાનું કહીને જણાવ્યું કે આખરે જે કંઈ થાય છે તે સારા માટે થાય છે. જે ભૂમિ ઉપર અમારું પ્રથમ મિલન થયું, જ્યાંથી અચાનક, દર્દનાક રીતે છૂટા પડવાનું આવ્યું, તે જ ધરતી અને આસમાન વચ્ચે અમારા મિલનનો કુદરતી સંકેત હશે. તમે ફોન ઉપર વિજયનો સંપર્ક સાધી આપો. શેખ બશીરની ઇચ્છા તો સુમનને તરત જ દિલ્હી વિજય પાસે પાછી મોકલી દેવાની હતી પરંતુ સુમનની હકીકત જાણ્યા પછી વિજયને સંપૂર્ણ વાત કરવી જરૂરી હતી. થોડુંક જોખમ ઉઠાવીને પણ વિજય અહીં આવી જાય તો બધી ખાનગી બાબતની ચોખવટ કરી તેના જીવનનો માર્ગ નીકળે તેમ હતું. લાજુના પણ કંઈ સમાચાર નહોતા.

કુંવારી માતા બનેલી તે કાશ્મીરી કન્યા અને એક પુત્રની કહેવાતી વિધવા સુમનને સ્વીકારવા વિજયનું કુટુંબ તૈયાર થશે કે કેમ તે એક મોટો સવાલ હતો. પ્રેમના પાતાળકૂવામાં ફસાઈ પડેલાં આ નિર્દોષ પારેવાંને જિંદગી જીવવા માટે જીવતરના મુક્ત આકાશની જરૂરિયાત હતી. વિજય અને સુમનની જિંદગીને પાટે ચઢાવવા માટે શ્રીનગરમાં જ ચર્ચાવિચારણા કરવાની જરૂર હતી. તેણે ફરીથી દિલ્હી કોલ માગ્યો. અનંતરાય સ્વસ્થ થઈને આવી ગયા હતા. શબનમ ચાનાસ્તાની ટ્રે લઇને દીવાનખંડમાં આવી. સુમન ફ્રેશ થઈને બેડરૂમમાંથી પાછી આવે ત્યાં જ ફોનની ઘંટડી વાગી. શેખ બશીરે રિસીવર ઉઠાવીને વાત શરૂ કરી. શેખ બશીરનો પ્રથમ ફોન મૂક્યા પછી વિજય અડધા કલાકથી સચિંત મને ફોન પાસેની ખુરશીમાં જ બેઠો રહીને સુમનની ચિંતા કરતો હતો. ત્યાં જ ફરીથી ફોન રણક્યો અને વિજયે રિસીવર ઉપાડ્યું હતું. 'હેલ્લો વિજય. એક સબસે બડી ખુશખબરી દેના ચાહતા હું, બોલ ક્યા બક્ષીસ દેગા ?' બશીરનો ઉત્સાહી અવાજ કાને પડવાથી વિજય ખુશીથી ઉછળી ઉઠ્યો હતો.

'જાને બહાર બશીર, તું જાનતા હૈ કિ મેરે લિયે સુમન કી ખબર સે જ્યાદા કોઈ ખુશી કી બાત નહીં હૈ...રહી બાત બક્ષીસ કી તો મૈં તુઝે મેરી જાન ભી દે સકતા હું. બોલ ક્યા બાત હૈ ?'

'અચ્છા તો યે બાત હૈ...અબ યે જાન દેને કી બાત છોડ. મૈં તુઝે તેરી જાન દેતા હું. દિલ થામ કે સૂનના...' કહીને શેખ બશીરે ફોનનું રિસીવર સુમનના હાથમાં આપ્યું...કંપતા હાથે સુમને રિસીવર પકડ્યું. ફોનના સામે છેડેથી હેલ્લો હેલ્લોનો વિજયનો અવાજ સાંભળીને સુમનના કાનમાં જાણે અમૃતના કુંભ રેડાયા ! દિલની ધડકનો ધ્રૂજી ઊઠી. લાગણીથી રુંધાયેલા ગળામાંથી પરાણે ગદગદિત સ્વરોમાં શબ્દો નીકળી પડ્યા,-'વિજય...હું સુમન બોલું છું.'



૨૫

‘વિજય, હું સુમન બોલું છું.’નો અવાજ ટેલિફોન પર સાંભળતાં જ વિજયના બત્રીસે કોઠે જાણે દીવા પ્રગટી ઊઠ્યા હતા. હૈયું ધબકારા ચૂકી ગયું હતું. સુમનનો એ અપ્રતિમ અવાજ. પ્રણયભીની લઢણથી બોલવાની અદા, જાણે કે બધું જ વિજયના મનમાં તાદૃશ થઈ ગયું. વર્ષો સુધીના વિરહ પરનો પરદો હટવાની ક્ષણો આવી ગઈ હતી.

‘સુમન, ડાર્લિંગ, તું...ત્યાં...અત્યારે કેવી રીતે ?’ હજારો સવાલ વિજયના હૈયામાંથી ઊઠતા હતા પરંતુ ગળું લાગણીના આવેગથી ભરાઈ ઊઠ્યું હતું. સામે છેડે સુમનની પણ એ જ હાલત હતી. મિનિટો સુધી વગર બોલે જાણે કે હજારો વાતો કહેવાઈ ગઈ હતી. શ્રીનગરથી ઍરપોર્ટ જતાં થયેલી ભયાનક દુર્ઘટના અને ત્યારબાદની આટઆટલી મુશ્કેલીઓ સહેવા છતાં વિજયના મળવાના સમાચારથી સુમન ફરી પાછી કાકા સાથે શ્રીનગર પહોંચી ગઈ. તેને પોતાના જીવનના જોખમનો જરા પણ ડર ના લાગ્યો ? તે વિચારીને વિજયની સુમન પ્રત્યેની પ્રણયનિષ્ઠા વધુ ને વધુ મજબૂત થઈ ગઈ હતી. તેણે તત્કાલ પોતાનો નિર્ણય જણાવતાં કહ્યું :

‘સુમન, હવે તું બશીરના બંગલામાંથી એક ક્ષણ પણ ક્યાંય આઘીપાછી થઈશ નહીં. હું તારી પાસે અત્યારે જ આવી પહોંચું છું.’

વિજયને ટેલિફોન પર વાત કરતો સાંભળીને પોતપોતાના કામમાં ગૂંથાવા માગતા કુટુંબીજનો વિજયની લગોલગ આવી ગયાં. શણગારબા, બાપુજી, ભાઈભાભી સૌના ચહેરા પર આતુરતાભરી ઘેરી ચિંતા છવાઈ હતી કે વળી પાછું શું બન્યું છે. વિજયે હર્ષના આવેશમાં બધાંને સમાચાર આપ્યા કે ‘બા- બાપુજી, સુમનનો પત્તો મળી ગયો છે. મારા મળી આવ્યાના સમાચાર સુમનને મળતાં તે વળી પાછી તેના કાકા સાથે મને મળવા શ્રીનગર પહોંચી ગઈ છે. હવે મારે ત્યાં ગયા વગર ચાલશે નહીં. હું પ્લેનની ટિકિટ માટે જાઉં છું.’

‘અરે પણ બેટા હજુ હમણાં જ તું આવ્યો છે. કાશ્મીરનું વાતાવરણ અત્યારે સારું નથી. ત્યાં પ્રતિદિન અવિરત તોફાનો ચાલી રહ્યાં છે...તું માંડ માંડ સહીસલામત પાછો આવ્યો છે. હમણાં ત્યાં જવાનું જોખમ ઉઠાવવું શું જરૂરી છે ?’ વિજયના પિતાશ્રીએ ચિંતાજનક અવાજમાં કહ્યું.

‘પિતાજી, સુમન એક સ્ત્રી હોવા છતાં મારા સમાચાર જાણવાથી વડોદરાથી તાબડતોબ શ્રીનગર પહોંચી જવાની હિંમત કરતી હોય તો હું તેનો અવાજ સાંભળીને એક પળ પણ રોકાઈ શકું તેમ નથી. તમે ચિંતા ના કરો. હું જઈને સુમન સાથે તરત જ પાછો ફરીશ. ત્યાં એક દિવસ પણ રોકાઈશ નહીં... બસ ?’

‘બેટા, હમણાં તું ફોન પર જ સુમનને જણાવી દે કે ભલે થોડો સમય તે શ્રીનગરમાં બશીરભાઈના ત્યાં રહે. વાતાવરણ થોડુંક શાંત થાય પછી આપણે જઈને સુમનને તેડી લાવીશું.’ શણગારબાએ વિજયને વારવા પ્રયત્ન કર્યો.

'ના, બા. કાશ્મીરમાં તોફાનો તો ક્યારેય શાંત નહીં થાય. એવા વાતાવરણમાં હવે હું સુમનને ક્ષણભર પણ નહીં રાખું.'

'તો ભલે આપણે બેચાર જણા સાથે જવાની વ્યવસ્થા કરીએ', મોટાભાઈ અજયે વિજયને સલાહ આપતાં કહ્યું, 'જરૂર જણાય તો પોલીસ સુરક્ષાની પણ વ્યવસ્થા કરીએ, તું થોડોક સમય જાળવી જા...'

'ના, ભાઈ ના, હવે તમે બધાં મને કશી વાતે રોકશો નહીં. મારી ચિંતા ના કરશો. હવે મારી અને સુમન વચ્ચે વિલંબની એક એક ક્ષણ મને યુગ સમાન લાગે છે. તમારા બધાનો સ્નેહ અને લાગણી હું સમજું છું. પરંતુ મારા વિના સુમને જિંદગી કઈ રીતે પસાર કરી હશે, કેટલી વેદના વેઠી હશે તે હું જ જાણું છું. વળી તમારે કોઈએ સાથે આવવાની જરૂર નથી. હું એકલો જાઉં તે જ દરેક રીતે બરાબર છે. હું સુમનને લઈને તરત જ પાછો ફરીશ બસ ?' વિજયે સૌને દિલાસો આપતાં કહ્યું.

'સુમનને લઈને અહીં આવી જવાનું 'આપણે બશીરભાઈને કહીએ તો કેમ ?' સૂર્યસિંહે સૂચન કર્યું.

'ના, બાપુજી. તેણે મારા માટે ઘણું કર્યું છે. તેને હવે વધારે તકલીફ આપવી યોગ્ય નથી. હું આપને કહું છું ને કે સુમનને એકવાર મળીને તેને લઈન હું પાછો આવતો રહીશ પછી તમને શું ચિંતા છે ?'

'ના બેટા, હવે તારે નહીં, અમારે પણ તેને અહીં જ લાવવી છે. તું તેની સાથે સુખેથી જિંદગી પસાર કર અને ખાઈપીને લહેર કરજે પણ થોડુંક વિચારીને આપણે તેને લઈ આવીશું.' સૂર્યસિંહ બોલ્યા.

'બા-બાપુજી, સૌ મને ક્ષમા કરો, હું સુમનને લઈને તરત જ પાછો આવીશ. હવે મને રોકવાની કોશિશ કરશો નહીં. મારી સાથે બીજા કોઈએ આવવાની જરૂર નથી. મારે એકલાએ જ જવું પડશે.' કહીને વિજયે પોતાની એટેચીમાં બે જોડી કપડાં નાખ્યાં અને એરટ્રાવેલ્સની કંપની પર ફોન જોડીને શ્રીનગરની કોઈ અરજન્ટ ફ્લાઇટનો સમય પૂછવા ભાઈ અજયને જણાવ્યું. અજયે ટ્રાવેલ એજન્ટને પૂછીને શ્રીનગરની ફ્લાઇટ અને ટિકિટ માટે ઇન્કવાયરી કરી. શ્રીનગરનું વિમાન સવારે દસ વાગે ઉપડવાનું હતું. કાશ્મીરના વાતાવરણને લીધે પેસેન્જરનો ધસારો તો થતો જ નહોતો. ટિકિટ સહેલાઈથી મળી ગઈ. દિલ્હીથી એરપોર્ટ જતાં ટ્રાફિકમાં જ કલાકનો સમય તો નીકળી જાય તેમ હતું. વિજયે રાત્રીનો સમય જાણે કે પરાણે પસાર કર્યો. સવારે ઊઠીને તેણે તાબડતોડ જવાની તૈયારી કરી દીધી. સૌના આગ્રહથી ચાનાસ્તો કરીને મોટાભાઈ અજયને તત્કાળ કાર બહાર કાઢવા કહ્યું હતું.

'અરે બેટા હજુ તો તેં આવીને નથી પૂરતો આરામ કર્યો અને તરત જ દોડી જાય છે.' શણગારબા ચિંતિત થઈને બોલ્યાં. તેમની આંખમાંથી આંસુ આવવાની શરૂઆત થઈ ગઈ હતી.

'બા, હવે તમે કોઈ જ વાતની ફિકર ના કરો. હું સુમનને લઈને આવું જ છું પછી મારે અને તમારે બધાંને આરામ.' શણગારબાને સાંત્વના આપતાં વિજયે કહ્યું.

'હવે તમે કોઈ ચિંતા ના કરશો ભલે વિજય જઈને સુમનને લઈને આવે.' સૂર્યસિંહે કહ્યું, 'બશીરભાઈ, બંનેને સાથે જ મૂકી જાય તેવી હું વાત કરી લઉં છું.' અને તેમણે બશીરના ફોન પર વાત કરીને વિજય માટે ઢગલાબંધ સિફારસો કરી દીધી.

'બાપુજી, આપ કોઈ જાતની ફિકર ના કરના, મેરે હોતે હુએ કુછ નહીં હોગા, મૈં સુમન ઔર વિજય કો વાપિસ ભેજને કી પૂરી સુરક્ષા, પૂરા પ્રબંધ કરૂંગા...બહોત અરસે સે અલગ દો જાન કો મિલ લેને દો. મૈં વિજય કો લેને એરપોર્ટ પહુંચ જાઉંગા.' બશીરે શ્રીનગરથી બધાં સાથે વાત કરીને ખાતરી આપી. આ બાજુ અજયે કારને પાર્કિંગમાંથી બહાર કાઢતાં વિજય

તેની બાજુની સીટમાં ગોઠવાઈ ગયો. હતો. બંનેની કારને બંગલાની બહાર નીકળતી સૌ ચિંતાજનક નજરે જોઈ રહ્યાં હતાં.



૨૬

'વિજય આવે છે' તેવા સમાચાર સાંભળતાં જ સુમન ઉપર તો જાણે કે આનંદની વર્ષા મન ભરીને વરસી પડી હોય તેમ ચહેરો હર્ષથી ખીલી ઊઠ્યો. પ્રિયેશને તો તેણે વહાલથી તેડીને ચુંબનોથી નવડાવી નાખ્યો.

'બેટા પ્રિયેશ. જો તારા પપ્પા આવે છે. તને જોઈને કેટલા ખુશ થશે. મને ખાતરી હતી, મારા સમાચાર જાણતાં જ વિજય આકાશપાતાળ ફાડીને પણ આવ્યા વગર રહે નહીં. હે ભગવાન, હવે અમારા પ્રેમની કસોટી કરશો નહીં. મારી સાથે વિજયનો જલદીથી હેમખેમ મિલાપ કરાવો.' કહેતાં સુમન ખુશીની મારી જાણે પાગલ થઈ ઊઠી હતી.

બશીરે ફરી પાછું ચિંતિત હૃદયે વિજયને શ્રીનગર એરપોર્ટ પર રિસીવ કરવા જવાની તૈયારી શરૂ કરી દીધી. તેણે પોતાની કારના બદલે ભાડાની વ્હાઈટ સ્કોર્પિયો મંગાવી હતી અને ચાર સુરક્ષા ગાર્ડ સાદા વેશમાં હથિયાર સાથે લઈને વિજયને રિસીવ કરવા જવાની તૈયારી કરી હતી. વિજયના એરપોર્ટ પર ઉતર્યા પહેલાં તે પહોંચી ગયો હતો. દિલ્હીની ફ્લાઇટમાંથી બધાં પેસેન્જરો લોન્જમાંથી આવી ગયાં પણ વિજય ના દેખાતાં બશીર ચિંતામાં પડી ગયો. પરંતુ કાળી દાઢીમૂછ અને કાળી એટેચીવાળા પઠાણી પહેરવેશ ધરાવતા એક આદમીએ આવીને બશીર સાથે 'અસ્સલામ અલયકુમ ખાનસાબ...' કહીને હાથ લંબાવતાં જ બશીર અવાજ અને બદનની પરખથી વિજયને ઓળખી ગયો.

'અચ્છા બચ્ચુ, મેરી નજર કો ધોખા દેને કે લિયે વેશપરિવર્તન કિયા હૈ ક્યા ?' કહેતાં બશીરે વિજયનો હાથ પકડીને તેને હૈયે લગાવ્યો.

'અરે તુઝે નહીં યાર, થોડી સાવધાની કે ખાતિર યે સબ કરના જરૂરી હૈ ભાઈજાન.' વિજયે ધીમા અવાજે કહ્યું હતું.

'હાં ભાઈ યે ઠીક હૈ, જલ્દ સે ચલે ચલો, તુઝે તો વૈસે ફિલ્મ લાઈનમેં કામ કરના ઠીક થા, હીરોગીરી ઓર એક્ટિંગ મેં તુઝે કૌન પહુંચ સકતા હૈ...' કહીને બશીરે વિજયની મજાક કરી હતી. હળવાશભર્યા હૈયે બંને મિત્રો એરપોર્ટ પરથી નીકળીને કારમાં ગોઠવાઈ ગયા.

'ભાઈજાન આપ ભી અપની ફેવરિટ કાર મેં ક્યું નહીં આયે હો ? આપને ભી કુછ મૅનેજમૅન્ટ ચેન્જ કિયા હૈ ના ?' વિજયે બદલાયેલી કાર જોતાં કહ્યું હતું.

'અરે હા વિજય અબ હીરોહીરોઈન કો એક કરને કે લિયે કુછ ડ્રામે તો કરને હી પડેંગે...બાકી હાલાત અચ્છે નહીં હૈ દોસ્ત, મામલા યહાઁ કા તંગ હૈ. પોલિટિશ્યનોને પુલીસ, આર્મી અૌર પબ્લિક કા ઐસા ગજગ્રાહ પાલ રખ્ખા હૈ કિ મામલા સુલઝ નહીં રહા. વક્ત કા તકાઝા હૈ કિ સરકાર કો કુછ કડે કદમ ઉઠાકે ઇસકા ફૈસલા કરના હોગા. યે સબ બાતેં છોડો અબ ક્યા કરના હૈ વો બતાઓ...' બશીરે વિજયને સવાલ કર્યો.

'ભાઈજાન ! માહૌલ અચ્છે હોતે તો મૈં આપકે સાથ શ્રીનગર મેં હી બીબી કે સાથ મેરી

જિંદગી બસા લેતા, લેકિન મૈં તુમ્હેં અૌર તકલીફ નહીં દુંગા. મેં સુમન કો લેકર દિલ્હી લૌટ જાઉંગા...' વિજયે જવાબ વાળ્યો.

'મૈં ભી તુઝે બીબી-બચ્ચાં કે સાથ શ્રીનગર મેં હી રખ લેતા, લેકિન મૈં ગુજરે હુએ હાલાત સે ઇતના દુઃખી હું કિ તુમકો મુશ્કિલ મેં નહીં ડાલ સકતા. તુમ દોનોં કો મૈં સહીસલામત દિલ્હી પહુંચાકર હી દમ લુંગા. દોસ્તી રહેગી તો મિલતે રહેંગે...'

'દેખ બશીર મૈં તુઝે મારુંગા, ઐસા ક્યું બોલતા હૈ કિ દોસ્તી રહેંગી તો...યે દોસ્તી મરતે દમ તક નહીં ટૂટ સકતી. હમ મિલતે થે, મિલે હૈ અૌર હરદમ મિલતે રહેંગે ચાહે કુછ ભી હો ન હો...' કહેતાં વિજયની આંખો ભીની થઈ. વાતો વાતોમાં કાર બશીરના બંગલાના ગેટમાં પ્રવેશી ગઈ. ગાડીનું હોર્ન વાગતાં જ સૌથી પહેલી સહુની આગળ સુમને દોટ મૂકી. કાર અંદર આવતાં જ સિક્યોરિટી ગાર્ડે દરવાજો બંધ કર્યો. બશીર અને સુરક્ષાગાર્ડોના ઉતર્યા પછી છેલ્લે વિજય ઉતર્યો. દોડીને આવેલી સુમન એકદમ રોકાઈ ગઈ. 'બશીરભૈયા કહાં હૈ મેરા વિજય ? મેરે વિજય કો નહીં લાયે... ફોન પર બાત તો હુઈ હૈ મેરી કિ મૈં આ રહા હું.....વિજયને બોલા થા ઐસા ફિર ભી વો નહીં આયે ક્યા ?' સુમનના બેબાકળા અવાજથી બશીર અકળાઈ ગયો. વિજયને તેણે ઠપકાભર્યા અવાજમાં કહ્યું, 'અબે ઓ નૌટંકી, અબ તો તેરી નકલી દાઢીમૂછ ઉતાર દેતા હૈ કિ દો તીન ઝાપટ લગાઉં...' આ સાંભળતાં જ સુમને ગાડીમાંથી છેલ્લે ઉતરેલા દાઢીમુછધારી પઠાણી યુવક પર નજર નાખી. હા એ જ નાકનકશો. એ જ મારો વિજય...સુમન દોડીને વિજયની બાહુમાં સમાઈ ગઈ. વિજયે તેને બે હાથથી ઝકડીને હૈયા સરસી ચાંપી હતી.

'સુમન...સુમન તું ક્યાં હતી ? તને કેટલી શોધી ?' વિજયના હૈયામાંથી સ્વરો ફૂટ્યા હતા. બશીરના બંગલાના બંધ દરવાજાની અંદર ચિનારનાં વૃક્ષો અને ગુલાબના બગીચા વચ્ચેના રસ્તે વિજય અને સુમનના મિલનનું આહ્લાદક મિલન સર્જાયું હતું.



૨૭

સુમન અને વિજયના અવિસ્મરણીય પુનઃપ્રણયમિલનથી બંનેના જીવનન સુખદ સમીકરણ, શ્રીનગરમાં શેખ બશીરના બંગલામાં સર્જાયું હતું, જ્યારે ત્રાસવાદી અડ્ડામાંથી વિજયના છૂટકારા માટે મહત્ત્વનું પ્રદાન કરનાર ભીમસિંહનું ત્રાસવાદી મુઠભેડમાં મોત થયા બાદ કાશ્મીરના ગ્રામ્ય વિસ્તારમાં પનાહ લેતી લાજુએ પણ વિજયના સહવાસ થકી પેદા થયેલી એક સુંદર પુત્રીને જન્મ આપ્યો હતો. વિના લગ્ને ગર્ભવતી થઈને પુત્રવતી થનાર લાજુ પર ગ્રામ્ય પ્રજાએ સેંકડો પ્રશ્નોનો મારો ચલાવીને લાજુને પરેશાન કરવામાં કંઈ બાકી રાખ્યું નહોતું, પરંતુ પોતાના નીડર સ્વભાવ અને હાજરજવાબીથી લાજુએ બધા સામે ટક્કર ઝીલી હતી અને પોતાના ભાઈ ભીમસિંહના મિત્ર સાથેના લગ્ન થકી પુત્રી પેદા થઈ છે તેવા સધિયારાથી સૌ સાથે ત્રણેક માસ સુધી ટક્કર લીધી હતી. ભીમસિંહના અવસાન બાદ વિજયના કોઈ સમાચાર ના મળતાં લાજુએ આખરે વિજયના સગડ પામવા શેખ શેખ બશીરના સંપર્ક માટે શ્રીનગરની વાટ પકડી હતી. પોતાની શ્રમજીવી મહેનત થકી મેળવેલી મૂડી વાટખર્ચી માટે પૂરતી હતી. ભીમસિંહ અને વિજય સાથેની વાતચીતમાં લાજુને એટલી તો વિગત મળી હતી કે વિજયનો જાનિંસ્સાર દોસ્ત શેખ બશીર એક ખૂબ જ પહોંચવાળો માલેતુજાર વ્યક્તિ છે અને શ્રીનગરમાં ચશ્મેશાહી વિસ્તારમાં તે એક મોટા બંગલામા રહે છે. શેખ બશીરનું જાણીતું જાણીતું નામ અને ચશ્મેશાહી વિસ્તાર શોધવામાં લાજુને કોઈ મુશ્કેલી પડી નહોતી, પરંતુ શ્રીનગરના બસ અડ્ડા પર લાજુ જેવી કાશ્મીરી ગ્રામ્ય કન્યાને શેખ બશીરના સરનામાની પૂછપરછ કરતી જોઈને એક ભેદી વ્યક્તિએ લાજુને શેખ બશીરનો બંગલો બતાવવાની તૈયારી દાખવી હતી. શેખ બશીર અને વિજયની દોસ્તી, ભીમસિંહનું મોત અને અન્ય વાતોની લાજુ સાથેની વાતચીતમાંથી વિગતો મળતાં તે અજાણી વ્યક્તિની આંખના ખૂણામાંથી લોહીની ટશરો ફૂટી હતી. લાજુની મદદગારી કરવા તત્પર તેણે મનની ઘાતક લાગણી દબાવી દઈને સહજભાવે લાજુને શેખ બશીરના બંગલા સુધી મૂકી જવાની દરખાસ્ત કરી હતી. લાજુને જાણે કે પોતાને કુદરતે મદદ કરી હોય તેમ લાગ્યું હતું. અજાણી વ્યક્તિ ભગવાનના આશીવાર્દથી પોતાની વહારે આવી હોય તેમ લાગતાં લાજુ તે વ્યક્તિની સાથે ભાડૂતી ટેક્સીમાં શેખ બશીરના બંગલે પહોંચવા નીકળી ગઈ. ગુલાબના ગુલાબના ગોટા જેવી ત્રણ માસની કુમળી દીકરીને ગોદમાં લઈને લાજુ ટેક્સીની પાછલી સીટમાં બેઠી હતી. ટેક્સી ડ્રાઈવરની બાજુમાં તેના મદદગાર વ્યક્તિએ જગા લીધી હતી ટેકસી સ્ટેન્ડથી બહાર નીકળ્યા બાદ અન્ય એક વ્યક્તિએ રસ્તામાં ટેક્સીને હાથ કરતાં ટેક્સી ઉભી રહી. ટેક્સી ડ્રાઈવરની બાજુમાં બેઠેલી વ્યક્તિએ ટેક્સીવાળા સાથે વાતચીત કરી. ત્રણેયની આંખો અને ચહેરા પર રોષ અને ખંધાઈના ભાવો ઉપસ્યા હતા, પરંતુ લાજુ તો તેની બાળકીને સ્તનપાન કરાવવામાં અને વિજયના સમાચાર મેળવવાના વિચારોમાં મશગૂલ હતી. રસ્તામાં મળેલી વ્યક્તિ પણ ટેક્સીનો પાછલો દરવાજો ખોલીને લાજુની બાજુમાં બેસી ગઈ.

લાજુએ અજાણી અન્ય વ્યક્તિને જોતાં ગભરાઈને ડ્રાઈવર પાસે બેઠેલા મદદગાર સામે જોયું એટલે પેલાએ કહ્યું, 'ગભરાઓ નહીં, ઉસે ભી ચશ્મેશાહી જાના હૈ, મેરા હી આદમી હૈ...' લાજુએ હાશકારાથી પોતાના વિચારોમાં મનને પરોવ્યું. ટેક્સી ચશ્મેશાહીના માર્ગે પૂરપાટ ઉપડી હતી.

***

ડ્રોઇંગરૂમમાં પ્રિયેશને ખોળામાં લઈને સોફા પર બેઠેલા અનંતરાય પાસે, શેખ બશીર વિજય અને સુમનને લઈને આવ્યો.

સુમને વિજયને કાકાની ઓળખાણ આપતાં કહ્યું. વિજયે નીચા નમીને અનંતરાયના ચરણ સ્પર્શ કયાર્. અનંતરાયે વિજયને જોઈને આનંદથી આશીર્વાદ આપતાં કહ્યું હતું, 'ખૂબ ખૂબ સુખી થાઓ બેટા, સુમને તમારા ખૂબ વખાણ કર્યા છે. તમને જોઈને મને સુમનની પસંદગી પર ગર્વ થાય છે.'

'અૌર મુઝે ગર્વ હોતા હૈ યે મેરે બેમિસાલ બેટે પ્રિયેશ પર...' કહીને બશીરે પ્રિયેશને અનંતરાયના ખોળામાંથી ઊંચકી લીધો. વિજયની આંખોમાં અનેક પ્રશ્નાર્થ સર્જાયા હતા. તેણે સુમન સામે આશ્ચર્યથી જોયું.

'વિજય, તને મોટામાં મોટા સુખદ સમાચાર પહોંચાડી ના શકાયાનું મને પારાવાર દુઃખ છે. પરંતુ આ છે તમારો...આપણો પ્રીયેશ...આપણા પ્રેમનું એક અણમોલ પ્રતીક...વિજય તમે તેને-અમને સ્વીકારશો ને ?' આટલું કહેતાંમાં તો સુમન ગદ્ગદીત થઈ ગઈ અને આંખોમાં આંસુ સાથે તેનું ગળું રૂંધાઈ ગયું.

'અરે કૈસે સ્વીકાર નહીં કરેગા ? યે સબ કુછ ઇસીકી વજહ સે તો હુઆ હૈ...ઐસા લાખો મેં એક બેટા વિજય કે અલાવા કિસી કા હો સકતા હૈ ક્યા ? લો બેટા, અપને પાપા કે પાસ જાઓ...' કહીને શેખ બશીરે પ્રિયેશને વિજયના હાથમાં થમાવી દીધો. મોટી કાળી કાળી સુંદર આંખો, વાંકડીયા વાળ, ગોળમટોળ ચહેરો ધરાવતા અદ્દલ પોતાની નાનકડી તસવીર સમા પ્રિયેશને તેડતાં વિજયના હૈયામાંથી હેતની પારાવાર સરપાણીઓ છૂટવા માંડી. હાથપગ ઉછાળતો પ્રીયેશ વિજયના હૈયાસરસો ચંપાઈ ગયો હતો.

'ઓહ ભગવાન તેં મને દુઃખ અને વિરહની વેદનાની સજા પછી જે સુખની અનુભૂતિ કરાવી છે તે અમૂલ્ય છે...સુમન, સુમન...તેં મને પારાવાર પ્રેમ આપ્યા પછી વિરહના વચગાળા વિષમ સમય બાદ જે ઉપહાર આપ્યો છે તે હું કદાપિ ભૂલી નહીં શકું...તમે બધાએ મને જિંદગીનો અણમોલ સહારો આપ્યો છે, પત્ની, પુત્ર, મિત્રતા આ બધા સુખનો સરવાળો કરતાં હું મારી જાતને ધનભાગી માનું છું...' કહેતાં વિજયે પ્રીયેશને ચુંબનોથી નવરાવી નાખ્યો. શેખ બશીર, સુમન, અનંતરાય સૌ વિજયને આનંદિત જોઈને હર્ષમાં આવી ગયા હતા, ત્યાં જ ગેટ પરથી આવેલા સુરક્ષા ગાર્ડે શેખ બશીરને કોઈ લાજુ નામની યુવતી મળવા માગે છે તેવા સમાચાર આપ્યા.

*

શેખ બશીરના ચહેરા પર આશ્ચર્ય અને વિસ્મયના ભાવો ઉપસ્યા. વિજયના કાન ઉપર પણ લાજુ શબ્દ પડતાં તેણે પ્રિયેશને સુમનના હાથમાં સોંપ્યો અને કહ્યું, 'બશીર...ચાલ ભાઈ મારી જિંદગીને બચાવનાર લાજુ પણ જો આ ક્ષણે અહીં આવી ગઈ હોય તો જિંદગીના ઘણા રહસ્યોનું સુમન સામે ખુલ્લેઆમ સમાધાન થઈ જશે. આજે કુદરતનો કોઈ નવો જ કરિશ્મા કાશ્મીરની ધરતી પર મારા માટે સર્જાવાનું નક્કી થયું લાગે છે.' સુમનના ચહેરા પર મૂંઝવણના ભાવો તરી આવ્યા હતા. એ કંઈ સમજે તે પહેલાં તો વિજય અને બશીર એકબીજાનો હાથ

પકડીને બંગલાના ગેટ પર પહોંચી ગયા. ગેટની બહાર ટેક્સી ઉભી હતી. વિજય અને બશીર ગેટ પર આવતાં સુરક્ષા ગાર્ડોએ ગેટ ખોલ્યો.

'કિસ કો મિલના હૈ ?' કહેતાં શેખ બશીરે બહાર ઉભેલી યુવતી સામે જોયું. 'શેખ બશીર અને તેમના દોસ્ત વિજયને મળવું છે મારે...મારું નામ લાજુ છે.' કહેતાં લાજુ આગળ આવી. 'અરે લાજુ, તું અહીં ?' કહેતાં વિજય બશીરને બાજુ પર કરીને લાજુ સામે આગળ વધ્યો. કોઈ કાંઈ પણ સમજે તે પહેલાં ટેક્સીની આડશેથી અચાનક જ ગોળીબાર થયો. ગોળી વિજય પર નિશાન લઈને છોડવામાં આવી હતી, પરંતુ વિજયને ભેટવા આગળ વધેલી લાજુની પીઠ ગોળીથી વિંધાઈ ગઈ. લાજુએ એક કારમી ચીસ પાડી. ગોળીબારના અવાજથી ચોંકેલા શેખ બશીરના સિક્યોરીટી ગાર્ડોએ પોતાની મશીનગનોમાંથી હુમલાખોરો પર ગોળીઓ છોડી. ટેક્સીચાલકે પૂરઝડપે ટેક્સી ભગાવી પણ સુરક્ષાગાર્ડના અંધાધૂંધ ફાયરિંગથી ટેક્સી ડ્રાઈવરને કારના દરવાજાની બારીમાંથી ગોળીઓ વાગવાથી દરવાજા બહારના વળાંક પાસે ફૂલ સ્પીડમાં ટર્ન લેતાં ટેક્સીએ પલટી ખાધી. પલટી ખાધેલી ટેક્સીના બીજા દરવાજેથી બહાર ફેંકાયેલા આદમી પર ટેક્સી પાછળ દોડેલા સુરક્ષાગાર્ડોએ ગોળીબાર ચાલુ રાખતાં તે ચાળણીની જેમ વિંધાઈને જમીન પર પડ્યો. ત્રીજી ઘાયલ વ્યક્તિને સુરક્ષાગાર્ડોએ જીવતી જ પકડી લીધી. તેના કહેવા મુજબ આ ત્રણે જણામાં ત્રાસવાદી ગિરોહનો સરદાર હતો જે ઠાર થયો હતો. વેરની વસૂલાત કરવા તે લાગ શોધતો ફરતો હતો. જે લાજુના મળવાથી વિજય સુધી પહોંચી, તેને અને બશીરને ખતમ કરવા માગતો હતો.

લાજુ વિજયની બાહોમાં જ ગંભીરપણે ઘવાયેલી લથડી પડી હતી. તરત જ નજીક પહોંચીને શેખ બશીરે લાજુએ તેડેલી બાળકીને ઉઠાવી લીધી હતી. વિજય લાજુને બે હાથે ઊંચકીને દરવાજાની અંદર લાવી ડ્રોઈંગરૂમ તરફ દોડયો. સામેથી સુમન, અનંતરાય અને શેખ બશીરની બેગમ દોડતા આવ્યાં હતાં.

'જો સુમન, આ લાજુ છે...લાજુ, ભીમસિંહની બહેન. જેણે મને આતંકવાદી અડ્ડામાંથી છોડાવ્યો હતો.'

'વિજય બાબુ...આપણી દીકરીને સંભાળજો...તમારું મુખ જોઈને મને શાંતિ થઈ છે. જીવતાં નહીં તો મરતી ક્ષણે પણ તમને મળી શકી તેનો મને આનંદ છે.' લાજુએ રડતાં રડતાં કહ્યું. વિજયે લાજુને સોડમાં લેતાં કહ્યું, 'ગભરાઈશ નહીં લાજુ...તને કંઈ નહીં થાય. બશીરભાઈ લાજુકો હોસ્પિટલ લેકે ચલતે હૈ...'

'ના ના...હોસ્પિટલ જવાનો સમય નથી. મને તમારાથી અલગ ના કરશો. હું થોડા સમયની મહેમાન છું...' કહેતાં લાજુ વિજયને વળગી પડી. તેની પીઠ ગોળીઓના ઘાથી લોહીભીની થઈ ગઈ હતી. પીઠમાંથી ગોળી લાજુના હૈયાં સોંસરવી નીકળી ચૂકી હતી. વિજયે લાજુને હળવેથી બાથમાં લઈ લીધી હતી, પરંતુ લાજુનું શરીર ઢીલું થઈને વિજયના આગોશમાંથી સરતું જઈ રહ્યું હતું...

'લાજુ...' વિજયે રડતાં અવાજે બૂમ પાડી હતી, પરંતુ લાજુ તેનો પ્રત્યુત્તર આપવા હાજર ન હતી. તેનું શરીર નિર્જીવ બનીને વિજયના હાથમાંથી સરકી ગયું હતું અને આત્મા પ્રેમના પાતાળકૂવામાંથી બ્રહ્માંડના આકાશ તરફ ચાલી નીકળ્યો હતો. વિજય નતમસ્તક થઈને લાજુના નિર્જીવ શરીરને ચોધાર આંસુએ ભીંજવી રહ્યો...તેને સાથ આપવા લાજુની નાનકડી બાળકી પણ ઉંવા...ઉંવા...નું આક્રંદ કરી ઉઠી હતી. સુમને દોડીને રડતી બાળકીને ઉઠાવી લીધી હતી. બશીરની બેગમે સુમનને બે મિનિટના ટૂંકા સમયમાં વિજય-લાજુના સંબંધની વાત સમજાવી દીધી હતી. સુમન પણ લાજુના શરીરને વળગીને રડી ઊઠી હતી. 'અરે બહેન...વિજયને બચાવીને મને સોંપનાર તું છેલ્લી ઘડીએ પણ વિજયને મળવા આવી અને મરણને વહાલું કરી

ગઈ...! મળતાં મળતાં પણ મરીને તેં વિજયને બચાવ્યો...તું જીવતી રહી હોત તો તું અને હું સાથે રહીને વિજયને પ્રેમના પાતાળકૂવાનો અહેસાસ કરાવત...ઓહ ભગવાન ! તમે આ શું કર્યું...?' શેખ બશીર અને તેની બેગમે કલ્પાંત કરતાં સુમન-વિજયને લાજુના શરીરથી અળગા કર્યા અને ભેગા થયેલા સૌ કોઈએ લાજુની નશ્વર કાયાને ડ્રોઈંગરૂમના પલંગ પર સુવડાવી...

'વિજય મન કો મક્કમ બનાલે દોસ્ત, લાજુ કા ભાઈ બનકે મૈં લાજુકી અંતિમક્રિયા કરુંગા...તુઝે સુમન, પ્રિયેશ અૌર યૈ બચ્ચી કો લાજુ કા પ્યાર દેના હોગા...ખુદાને તુઝે પ્યારને જો તોહફા પેશ કિયા હૈ ઈસે કૂબૂલ કરના પડેગા...' વિજય શું બોલે ? સુમન, વિજય, અનંતરાય, શેખ બશીર તથા હાજર સૌ કોઈ લાજુના મૃત્યુની વેદનાના શોકસાગરમાં ડૂબી ગયાં હતાં.

*

એ રાત વિજય માટે અજંપાની મોટી રાત સાબિત થઈ હતી. વિચારોના તુમુલયુદ્ધ વચ્ચે તેનું મન જાણે કે સુમન સાથેની પ્રથમ સહરાત્રીની સાક્ષી સમી ગુલમર્ગની હોટલમાં પહોંચી ગયું હતું. સમગ્ર વિરહની વીતેલી યાદોનું ચલચિત્ર જાણે કે વિજયને સુમન... સુમન... તું ક્યાં છે ? લાજુ, લાજુ તું ક્યાં છે ?.... ના પોકારો પાડવા મજબૂર કરતું હતું. વિરહના દર્દની આગ મીટાવવા તેણે શરાબપાન કર્યું હતું. સિગારેટો ફૂંકી હતી. હોટલના વેઇટરને તેણે તુફાન તો કબ કા આ ચુકા મેરે દોસ્ત કહીને અચંબામાં નાખ્યો હતો. 'સુમન... સુમન... તું ક્યાં છે...'ની ચીસ સાંભળીને પરાણે નિંદ્રાધીન થયેલી સુમન બેબાકળી જાગી ઉઠી હતી. તેણે વિજય સમીપ જઈને આશ્લેષમાં લીધો હતો... 'શું થયું વિજય ? કોઈ ભયાનક સ્વપ્ન જોઈને ગભરાઈ ઉઠ્યા કે શું ? હું તો તમારી બાજુમાં પ્રીયેશ અને પુત્રી સાથે સુતી હતી.'

વિજયે ઉંઘમાં રડીને તેની લાલચોળ થયેલી આંખોથી સુમનને જોઈ હતી. 'ઓહ સુમન... મને લાગ્યું કે મેં સુમનને ગુમાવી દીધી છે.... હવે મને છોડીને ક્યાંય જતી નહીં હોં... નહિતર હું જીવી...' સુમને વિજયના વાક્યને અધવચ્ચે હોઠો પર હોઠો મૂકીને દબાવી દીધું હતું. થોડીવાર પછી એણે કહ્યું, 'વિજય તમારે કે મારે હવે જીવી નહીં શકવાની વાત કરવાની નથી. પ્રિયેશ તથા મારી નાજુક પોયણી માટે આપણે જિંદગીનો લાંબો પંથ પસાર કરવાનો છે. પ્રેમના પાતાળ કૂવામાંથી વિરહનાં વારિ હવે વહી ચૂક્યાં છે. આપણી જિંદગી આપણા પાતાળકૂવાના પ્રેમને અનંત રાખવા ઈશ્વરે નવેસરથી આપણને ધરેલી ભેટ છે... તેને ભરપૂર ન્યાય આપવાનો છે અને તે જ સ્વર્ગીય લાજુ અને ભીમસિંહને પરમ શ્રધ્ધાંજલિ છે.' આપણું પ્રણયપ્રાપ્તિનું મિશન પૂર્ણ થયું છે પરંતુ સાથે જીવવામરવાના પરસ્પરને આપેલા કોલ નિભાવવાના છે.

